# યુરોપના સુધારાનો ઇતિહાસ.

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી.

દી. બ. મણિભાઈ જશભાઈ સ્મારક ગ્રંથમાળા નં. ૭.

# યુરોપના સુધારાનો ઇતિહાસ,

( ગીઝોના અંગ્રેજી પુસ્તક પરથી )


તૈયાર કરનાર

અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી,

એમ. એ.; એલ્. એલ્. બી.

પ્રોફેસર, લૉજિક ઍન્ડ મૉરલ ફિલૉસૉફી,

બરોડા કૉલેજ, બરોડા.



ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી તરફથી

છપાવી પ્રસિદ્ધ કરનાર.

રા. રા. હીરાલાલ ત્રીભોવનદાસ પારેખ બી. એ,

આસિ. સેક્રેટરી—અમદાવાદ.

ઇ. સ. ૧૯૧૩ સંવત્ ૧૯૭૦

પ્રત ૧૦૦૦.

મૂલ્ય બાર આના.

( ૧૮૬૭ ના ૨૫ મા ઍક્ટ પ્રમાણે કૉપિરાઈટ માટે રજિસ્ટર્ડ
કરવામાં આવેલું. )

શ્રી જ્ઞાનમન્દિર પ્રિન્ટિંગ પ્રેસમાં શંકરરાય અમૃતરાયે છાપ્યું.
સાંકડી શેરી—**અમદાવાદ.**

# દીવાન બહાદુર મણિભાઈ જશભાઈ પુસ્તકોદ્ધારક ગ્રંથમાળાનો ઉપોદ્ઘાત

जैन आराधना केन्द्र, कोबा
गांधीनगर 382009

દીવાન બહાદુર મણિભાઇ જશભાઈ કચ્છના દીવાન હતા ત્યારે તેમણે જે ઉત્તમ કાર્યો કર્યાં તેનું સ્મરણ રહેવા માટે તે દેશના લોકોએ એક ફંડ ઉભુ કર્યું હતું તેની પ્રૉમિસરી નોટો રૂ. ૮૭૫૦) ની લઈ સન ૧૮૮૮ માં સોસાઈટીને સ્વાધીન કરવામાં આવી છે. તેની એવી શરત છે કે તેના વ્યાજમાંથી અર્ધી રકમ ગુજરાતી પુસ્તકો રચાવવા માટે ઇનામ આપવામાં વાપરવી અને બાકીની અર્ધી રકમમાંથી પુસ્તકો ખરીદ કરી અમુક લાઇબ્રેરીઓમાં આપવાં. આ સરત પ્રમાણે આજ સુધીમાં આ ફંડમાંથી નીચેનાં પુસ્તકો રચાવી સોસાઇટી તરફથી પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે.

| | |
|---|---|
| ૧ ઇંગ્લાંડની ઉન્નતિનો ઇતિહાસ... ... ... ... | ૪—૦—૦ |
| ૨ પ્રતિનિધિ રાજ્ય વિષે વિવેચન. ... ... ... | ૧—૦ ૦ |
| ૩ પ્રાચીન ભારત ભાગ ૧ લો... ... ... ... | ૦—૧૨—૦ |
| ૪ રૂશિયા. ... ... ... ... ... ... | ૦—૬—૦ |
| ૫ લોકોપયોગી શારીરવિદ્યા. ... ... ... ... | ૦—૪—૦ |
| ૬ અકબર.... ... ... ... ... ... | ૦—૮—૦ |
| ૭ યુરોપના સુધારાનો ઇતિહાસ... ... ... ... | ૦—૧૨—૦ |

**ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીની ઑફીસ.**

તા. ૬ ઠી જાન્યુઆરી સન ૧૯૧૪.

# પ્રસ્તાવના.

પ્રખ્યાત ઇતિહાસકાર ગીઝોનાં વ્યાખ્યાનો ફ્રેન્ચ ભાષામાંથી અંગ્રેજીમાં વિલ્યમ હૅઝ્લિટે ભાષાન્તરરૂપમાં મૂક્યાં છે. તે વ્યાખ્યાનોમાંથી યુરોપના સુધારા વિષેનાં શરૂઆતનાં વ્યાખ્યાનોનું સારરૂપ ભાષાન્તર ગુર્જરગિરામાં મુકવાનું કામ ગુ. વ. સોસાઇટિ તરફથી મને સોંપવામાં આવ્યું હતું. મૂળ પુસ્તકમાં જે ભાગોમાં ઇતિહાસના અટપટા બનાવો, ને યુરોપના લોકોનાં કેટલાંક અટપટાં નામો આવે છે તે ભાગો મેં મૂકી દીધા છે. તે સિવાય, સહેલી ભાષામાં ભાષાન્તર ને સાર રજુ કરવા મેં યથાશક્તિ પ્રયાસ કર્યો છે. યુરોપની પ્રજાની ઉન્નતિનો ઇતિહાસ કેવા સ્વરૂપનો છે એ વિષયમાં જેમને રસ હશે તે સર્વેને આ પુસ્તક ઉપયોગી થઇ પડશે એમ મારૂં દૃઢ માનવું છે.

અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી.

# અનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ. |
| --- | --- |
| વ્યાખ્યાન પહેલું ... ... ... ... ... | ૧—૨૦ |
| વ્યાખ્યાન બીજું ... ... ... ... ... | ૨૧—૪૨ |
| વ્યાખ્યાન ત્રીજું ... ... ... ... ... | ૪૩—૫૯ |
| વ્યાખ્યાન ચોથું ... ... ... ... ... | ૬૦—૭૭ |
| વ્યાખ્યાન પાંચમું ... ... ... ... ... | ૭૮—૯૮ |
| વ્યાખ્યાન છઠ્ઠું ... ... ... ... ... | ૯૯-૧૧૭ |
| વ્યાખ્યાન સાતમું ... ... ... ... ... | ૧૧૮-૧૩૭ |
| વ્યાખ્યાન આઠમું ... ... ... ... ... | ૧૩૮-૧૪૯ |
| વ્યાખ્યાન નવમું ... ... ... ... ... | ૧૫૦-૧૬૩ |
| વ્યાખ્યાન દસમું ... ... ... ... ... | ૧૬૪-૧૭૭ |
| વ્યાખ્યાન અગીઆરમું ... ... ... ... | ૧૭૮-૧૯૧ |
| વ્યાખ્યાન બારમું ... ... ... ... ... | ૧૯૨-૨૦૨ |
| વ્યાખ્યાન તેરમું ... ... ... ... ... | ૨૦૩-૨૧૯ |
| વ્યાખ્યાન ચૌદમું ... ... ... ... ... | ૨૨૦-૨૩ |

# ઉપોદ્‌ઘાત.

## ગીઝોનું ઓળખાણ.

યુરોપની ઉન્નતિના ઇતિહાસ પર પ્રખ્યાત ફ્રેન્ચ ઇતિહાસકાર ગીઝોએ ૧૮૨૮–૨૯–૩૦ એ વર્ષોમાં ઓલ્ડ સોર્બોનમાં આપેલાં વ્યાખ્યાનોનું સાર-રૂપ ભાષાંતર આ પુસ્તકમાં ગુજરાતી વાચકવર્ગ આગળ મૂકવામાં આવ્યું છે. ગીઝોની વાક્‌સરિતા એવી સ્વચ્છ ને નિર્મળ હતી, ને તેનો પ્રવાહ એવી સુંદરતાથી વહેતો હતો કે એના શ્રોતૃવર્ગ પર તે અજબ અસર કરી શકતો હતો. એ ઇતિહાસકારનું ઐહિક જીવન કેવા પ્રકારનું હતું તે જાણવાથી એના વિચારો પર વિશેષ પ્રકાશ પડે તેમ છે તેથી તે વિષે આપણે થોડુંઘણું જાણવા પ્રયત્ન કરીશું.

## ગીઝોનાં માબાપ.

ઇસુના અઢારમા સૈકાના ઉત્તરાર્ધમાં ફ્રાન્સ દેશની સ્થિતિ કેવી હતી તે ભાગ્યેજ કોઈ ઇતિહાસ જાણનારને અજાણ્યું હશે. એક મહાન્ રાજ્યપરિવર્તનનાં બી ફ્રાન્સની ભૂમિમાં વવાઈ ચૂકયાં હતાં, વવાઈ ચૂકયાં હતાં એટલુંજ નહિ, પણ તે વૃક્ષના સ્વરૂપમાં પ્રકાશમાં પણ આવવા માંડયાં હતાં. એ અરાજકતાના સમયમાં મતભેદને લીધે ઘણા નામાંકિત પુરુષોના પણ જાનમાલની સહીસલામતી નહોતી. ૧૭૯૪ના વર્ષની ૮મી એપ્રિલને દિવસે નાઇમ્સની શૂળી પર એક પ્રખ્યાત પુરુષને પ્રાણાર્પણ કર-વાનો પ્રસંગ આવ્યો હતો. રાજ્યમંડળની વિરુદ્ધના ને હાનિકારક વિચારો ધરાવનાર તરીકે તેને વિષે શંકા હતી, ને તે સબબે ફ્રાન્સના એક સારામાં સારા કુટુંબમાં શોકની વાદળી છવાઈ ગઈ હતી. એક ભયંકર વજ્રપાતનો ઘા સહન કરવાની ઈશ્વર મને શક્તિ આપો એમ એક અબળા ઈશ્વરની પ્રાર્થના કરતી હતી, કારણ કે તેને પોતાને વૈધવ્યપદ પ્રાપ્ત કરવાનું હતું, ને તેનાં બે બાળકોને અનાથપદ પ્રાપ્ત કરવાનું હતું. આ બેમાંનું મોટું

બાળક તે બીજું કોઈજ નહિ પણ "યુરોપના સુધારાના ઇતિહાસ"નો આપણો વ્યાખ્યાનકાર–ગીઝો. આ પ્રખ્યાત પુરુષના બાળપણ વિષે જાણતાં પહેલાં એક બીજી પણ શોકજનક વાત નોંધવા લાયક છે. ફ્રાન્સમાં મહાન્ રાજ્યપરિવર્તન થયું ત્યારપહેલાંના વખતમાં ધાર્મિક અસહિષ્ણુતા અત્યન્ત હાનિકારક પરિણામો આણતી હતી. ખ્રિસ્તિ ધર્મનાજ પ્રૉટેસ્ટંટ પંથના લોકો સામે કૅથોલિક લોકો બને તેટલી ક્રૂરતા વાપરવા તત્પર રહેતા હતા, ને વાપરતા પણ હતા. એ ક્રૂરતાના આવિર્ભાવના તે વખતના વર્તુલમાં ગીઝોનાં માબાપ સપડાઈ ગયાં હતાં. તેઓ પ્રૉટેસ્ટંટ હતાં, અને તેથી તેમની વચ્ચેનું લગ્ન ખુલ્લી રીતે થયું નહોતું, ને કાયદાપૂર્વક પણ ગણાયું નહોતું. આ પ્રમાણે નાના ગીઝોની માતાને શિરે બે આફત આવી પડી હતી; એક, પતિનું મૃત્યુ, ને બીજું પોતાનું લગ્ન કાયદાની વિરુદ્ધ ગણાયું.

## ગીઝોનું શૈશવ.

કટુ અનુભવોવાળું નાઇમ્સ નગર છોડી મૅ૦ ગીઝો જીનેવા ગઈ ને ત્યાં ગયા પછી બાળક ગીઝોનું વિદ્યાર્થીજીવન શરૂ થયું. મૅ. ગીઝો શિષ્ટ ને સ્વતંત્ર વિચારની સ્ત્રી હતી. પોતાના બાળકની કેળવણીને માટે તે ખાસ દરકાર રાખતી હતી. કેળવણીસંબંધી એના વિચાર જરા પણ સંકુચિત નહોતા. પ્રખ્યાત ફ્રેન્ચ ફિલસુફ રૂસોએ પોતાના ઇમાઈલ નામના પુસ્તકમાં એક અગત્યનો વિચાર એવો દર્શાવ્યો હતો કે હસ્તકળા અથવા શિલ્પકળાની કેળવણી, કેળવણીનું એક જરૂરનું અંગ છે, તે વિચારને મૅ. ગીઝો બરાબર અનુસરતી હતી. તે પ્રમાણે બાળક ગીઝોને બચપણમાં સુથારી કામ શિખવવામાં આવ્યું હતું. તે કામમાં તે એવો પ્રવીણ થયો કે એણે તે સમયે પોતાને હાથે એક ટેબલ તૈયાર કર્યું હતું, ને તે ટેબલ ગીઝોની બાળપણની શક્તિના સ્મરણ તરીકે હજી જાળવી રાખવામાં આવ્યું છે. બાળપણથીજ ગીઝોને વાચનનો એવો શોખ હતો કે આપણે એમ કહી

શકીએ કે વિદ્યાનું એને વ્યસન હતું. એનાં સૌથી પહેલાં ને એકલાં રમકડાં એનાં પુસ્તકોજ હતાં. ચારજ વર્ષના અભ્યાસને અન્તે થ્યુસિડિડિસ ને ડિમૉસ્થેનિસ, સિસેરો ને ટૅસિટસ, ડૅન્ટિ ને ઑલ્ફિએરિ, શિલર ને ગેથે, ગિબન ને શેક્સ્પીઅર જેવા મહાન્ લેખકોનાં પુસ્તકો તેમની મૂળ ભાષામાં એ વાંચી શકતો થયો હતો. ઇતિહાસ ને તત્ત્વજ્ઞાન તરફ એનું ખાસ વળણ હતું. ઉમ્મરના પ્રમાણમાં એની શક્તિ ને એના જ્ઞાનનો વિકાસ ઘણો વધારે થએલો હતો, અરાઢ વર્ષની કાચી ઉમ્મરે તો એણે સામયિક પત્રોમાં લખાણ કરવાનું શરૂ કર્યું હતું.

## ગીઝોનું લગ્ન.

આ સંબંધે લખતાં એનો લગ્નપ્રસંગ કેવી રીતે અસ્તિત્વમાં આવ્યો તેની ખાસ નોંધ લેવા લાયક છે; કારણ કે એ પ્રસંગમાં કંઇક અલૌકિકતા છે. એક પ્રખ્યાત કુટુંબમાં અવતરેલી પણ રાજ્યપરિવર્તનને લીધે નિર્ધન અવસ્થામાં આવી પડેલી, અને તે માટેજ ઉદરનિર્વાહાર્થે લેખક તરીકે કામ કરતી એક સ્ત્રી, નામે મૅ. પોલિન મ્યુલન એક સામયિક પત્ર ચલાવતી હતી. કામના બોજાને લીધે—પોતે જેને ચહાતી હતી એવાં પોતાના કુટુંબીજનોના સુખને અર્થે નહિ, પણ જીવનના નિર્વાહને અર્થે કરવા પડતા લેખક તરીકેના કામના શ્રમને લીધે આ સ્ત્રી એક વાર ભયંકર મંદવાડમાં આવી પડી. એની સ્થિતિ દિવસે દિવસે ગંભીર થતી ગઈ. શું કરવું તેનો માર્ગ એને જડતો નહોતો. તેવામાં એકાએક એના અજાણતાં, કોઇક વીરપુરુષ એની શરણે આવ્યો. તેણે પોતાનું નામ જણાવ્યા વિના, એ સ્ત્રી પર એક પત્ર સાથે એક ઉત્તમ લેખ મોકલ્યો. તેના વિચારો ને શૈલી સંસ્કારમય હતાં ને તે સ્ત્રીના વિચારો ને શૈલીના અનુકરણમાંજ હતાં. આ લેખ તે સ્ત્રીએ સ્વીકાર્યો ને પ્રસિદ્ધ કર્યો. તે મંદવાડમાંથી સાજી થઈ ત્યાંસુધી આવી રીતે તે પુરુષે લેખો મોકલ્યા કર્યા. આ ઉપકારનાં કૃત્યોની સ્વાભાવિક રીતેજ તે સ્ત્રી પર ભારે ને અજબ અસર થઈ. એ લેખોના લેખકને શોધી કાઢવા

માટે પોતાના પત્રમાંજ પોતે કંઈ કંઈ તર્કો દર્શાવ્યા, પણ તેને જરાએ ખ્યાલ નહોતો કે આ લેખક કોઈ એક ફીક્કો, વિચારશીલ, પોતાને અગાઉ નહિ જાણીતો, એવો યુવાન્ માણસ હશે. તે લેખકને જાહેર થવા માટે તે સ્ત્રીએ આગ્રહપૂર્વક પોતાના પત્રમાં વિનંતિઓ કરી. તેને પરિણામે અજ્ઞાત રીતે સેવા કરનાર તે યુવક પ્રકાશમાં આવ્યો, ને તે બીજો કોઈજ નહિ પણ યુવાન્ ગીઝોજ માલૂમ પડયો. ઉપકારની લાગણીનો બદલો એવો થયો કે મૅ. મ્યુલને મૅ. ગીઝોનું નામ ધારણ કર્યું. મિત્રતા લગ્નની ગ્રન્થિથી દૃઢીભૂત થઈ. આ અલૌકિક દૃષ્ટાંત ગીઝોની સાહિત્ય પ્રતિ અભિરુચિ ને એનું સ્નેહાળ હૃદય દર્શાવી આપે છે.

## ગીઝોની સાહિત્યપ્રવૃત્તિ.

ગીઝોની સાહિત્યના ક્ષેત્રમાં પ્રવૃત્તિ ઉચ્ચ પ્રકારની હતી. તેથી આકર્ષાઈ ફ્રાન્સની યુનિવર્સિટિના તે સમયના અધ્યક્ષ, મૉ. દ. ફૉન્ટેને ૧૮૧૨ માં ગીઝોને સોર્બોનના આધુનિક ઇતિહાસના પ્રોફેસરનું પદ આપ્યું. ઇતિહાસમાં એના વિચારો સુધરેલી રીતે ચાલતી નૃપતંત્રની રાજ્યપદ્ધતિની તરફેણમાં હતા. પોતાની તીવ્ર બુદ્ધિ ને સુંદર વક્તૃત્વશક્તિને લીધે રાજ્યના કાર્યવહનમાં જુદા જુદા ભારે હોદ્દાઓ પર જુદે જુદે સમયે ગીઝોની ત્યાર પછી નીમણુક થઈ હતી. તે સંબંધીની વીગતોનું જ્ઞાન અત્ર અનાવશ્યક છે.

ગીઝોએ ઘણાં પુસ્તકો લખ્યાં છે. તે બધાંમાં " યુરોપના સુધારાનો ઇતિહાસ " અગ્ર સ્થાન ભોગવે છે. એ ઇતિહાસનાં વ્યાખ્યાનોમાં, ને સામાન્ય રીતે પણ, ગીઝોની ભાષાનો પ્રવાહ એવો સરલતાથી વહ્યો ચાલ્યો જાય છે કે ભાગ્યેજ તે કોઈપર અસર કર્યા વગર રહે. "As a writer, his style is one that may be recognised among a thousand. " લેખક તરીકે એની શૈલી એવી છે કે એક હજાર શૈલીઓમાં એ ઓળખી શકાય. ઇતિહાસકાર તરીકે એણે અમૂલ્ય સેવા

બજાવી છે. માત્ર વર્તમાનનાજ ધોરણથી ભૂતકાળના બનાવોની પરીક્ષા કરવાની પદ્ધતિનો સ્વીકાર ન કરતાં સ્વતંત્રતાથી પરીક્ષા કરવાની એણે આપણને નવી પદ્ધતિ શીખવી છે.

### ગ્રીકોનું વ્યક્તિત્વ.

ટુંકામાં ગ્રીકો વિષે આપણે શું જાણવાનું છે? સત્તા, અર્થાત્ રાજ્યસત્તાનો એ ચહાનાર છે. તેમ છતાં એ સ્વતંત્રમાં સ્વતંત્ર માણસ છે. ઉત્સાહથી ઘસડાઈ ન જતાં એ તર્કશક્તિનો હમેશ ઉપયોગ કરે છે. જનસમાજની એ વધારે દરકાર રાખે છે. અરાજકતાનો એ કટ્ટો દુસ્મન છે. તેથી ખરાબમાં ખરાબ પ્રસંગે બિલકુલ અચકાયા વગર, જરૂર પડે તો અનિયંત્રિત રાજસત્તાને શરણે જવું પણ એ વધારે બહેતર ધારે છે. આ પ્રમાણે ગ્રીકોના વ્યક્તિત્વનું આપણને સંક્ષિપ્ત આલેખન પ્રાપ્ત થાય છે.

## ઉન્નતિ.

ઉન્નતિ, સુધારો, શિષ્ટતા, પ્રગતિ—એ બધા શબ્દોના અર્થ લગભગ સરખાજ છે. એ શબ્દોના માત્ર ઉચ્ચારમાં કંઈક અજબ મધુરતા છે. એ મધુરતાનું એક લક્ષણ એ છે કે એ અસ્પષ્ટ છે, છતાં મોહક છે, અવ્યક્ત છે, છતાં આકર્ષક છે, અથવા વધારે ચોકસાઈથી કોઈ એમ પણ કહે કે અસ્પષ્ટ છે તેથીજ મોહક છે, અવ્યક્ત છે તેથીજ આકર્ષક છે. ઇતિહાસનો કોઈ પણ સમય એવો નથી કે જે વખતે પ્રજાની ઉન્નતિ સર્વથા થઈ ચૂકી હોય એમ જોવામાં આવે. સમાજ જેમ જેમ સુધરતો જાય છે તેમ તેમ ઉન્નતિના આદર્શો પણ વધારે ને વધારે વિકાસ પામતા જાય છે. મનુષ્ય જેમ જેમ આદર્શો સાધવાની વધારે ને વધારે નજીક જતો જાય છે તેમ તેમ ઉન્નતિનો આદર્શ વધારે વિસ્તીર્ણ ને વધારે પરિપૂર્ણ થતો જાય છે. માણસ ઉન્નતિને શિખરે કદાપિ પહોંચતો નથી. તેનું કારણ એક

જ છે—ઉન્નતિને શિખરજ નથી, અથવા છે તો તે મનુષ્યને અજ્ઞાત છે. તોપણ અમુક સમાજ અમુક બીજા સમાજના કરતાં ઓછો કે વત્તો ઉન્નત થયો હતો એવો શબ્દપ્રયોગ આપણે કરીએ છીએ, ને તે વાસ્તવિક રીતે. ઉન્નતિનું અન્તિમ બિન્દુ ન હોય કે ન જડે, તોપણ ઉન્નતિ કઈ દિશામાં છે એ સહેલથી જાણી શકાય.

'ઉન્નતિ,' એ શબ્દ આધુનિક સમયમાં કેટલીક વસ્તુઓ આપણી નજર આગળ એકદમ ખડી કરી દે છે. આગગાડી, તાર, મૉટરકાર, સ્ટીમરો મિલો, સંચાઓ, ગ્રામોફોનો, સિનેમેટોગ્રાફો, ઇત્યાદિ વસ્તુઓ 'ઉન્નતિ,' એ શબ્દ બોલતાં તરત આપણા મનમાં તરી આવે છે. સામાન્ય રીતે એમ કહેવામાં આવે છે કે આધુનિક સમય પ્રાચીન સમયના કરતાં વધારે ઉન્નત છે, અને એમ કહેવામાં આવે છે ત્યારે સામાન્ય રીતે એમ ધારવામાં આવે છે કે સુખસંપત્તિનાં સાધનો આપણા સમયમાં બહુ વધારે જોવામાં આવે છે. તે સ્વાભાવિક છે. ક્ષંતવ્ય છે. આ જડતાના જમાનામાં સ્થૂલ વસ્તુઓ તરફ સમાજનું લક્ષ જલદીથી જાય એ દેખીતું છે. પરંતુ ખરૂં જોતાં ઉન્નતિનું આ બાહ્ય ને એકદેશીય સ્વરૂપ છે. ભૌતિકનાં કરતાં નૈતિક ને માનસિક ઉન્નતિ વધારે અગત્યની છે. ઇમર્સન પોતાનો વિચાર દર્શાવે છે તે પ્રમાણે અગત્યના સુધારા બુદ્ધિ ને નીતિની કેળવણીના છે.

ગીઝો ઉન્નતિ વિષે શું વિચાર દર્શાવે છે? એ પ્રશ્નપદ્ધતિનો ઉપયોગ કરી ઉન્નતિનાં અગત્યનાં અંગો નિર્ણીત કરે છે. એ કહે છે કે ધારો કે કોઈ પ્રજા એવી હોય કે તેનું બાહ્ય જીવન સરળ ને રોગરહિત હોય. ધારો કે તે પ્રજાને રાજ્યમાં કર જેવું કશું આપવું પડતું ન હોય ને દુઃખમાંથી વિમુક્ત હોય. ધારો કે તેના વ્યવહારમાં ન્યાય રાજ્ય તરફથી બરાબર આપવામાં આવતો હોય. પણ તેનીજ સાથે ધારો કે તેનું માનસિક ને નૈતિક જીવન સુસ્ત ને નિરુદ્યમી હોય. આ પ્રજા ઉન્નત કે સુધરેલી છે એમ શું આપણે કહી શકીશું? નહિજ.

વળી ધારો કે બીજી કોઈ પ્રજાનું વ્યાવહારિક જીવન ઓછી સરલ-

તાથી ચાલતું હોય છે, છતાં જીવનનો નિર્વાહ નીભ્યો ચાલ્યો જતો હોય. પણ આ સાથે તેના માનસિક જીવનનો છેક અનાદર કરવામાં ન આવ્યો હોય. તેનામાં નીતિ ને ધર્મની ઉચ્ચ ભાવનાઓનાં બીજ રોપાયલાં હોય, છતાં તેની સ્વતંત્રતાના વાતાવરણમાં વૃદ્ધિ ન થવા દેવામાં આવી હોય. નીતિ ને ધર્મનાં સત્યો આ પ્રજાના દરેક માણસને જાણવામાં હોય, પણ તેનું જ્ઞાન સ્વતંત્રતાથી સંપાદન કરેલું નહિ પણ સંકુચિત ને અમુક પ્રકારનું હોય. જે જે પ્રજાના જીવનમાં ધાર્મિક તત્ત્વોની સત્તા પૂરી ઝામી છે તેમાં સ્વતંત્ર ચિંતનના વિકાસનો આ પ્રમાણે અભાવ હોય છે. શું આ સ્થિતિ ઉન્નત કહી શકીશું ? નહિજ.

હવે ધારો કે કોઈ પ્રજા એવી હોય કે તેમાં સ્વતંત્રતા હોય છતાં અવ્યવસ્થા જોવામાં આવતી હોય. આ સ્થિતિનું પરિણામ એ હોય કે નબળો માણસ દુ:ખિત થાય ને નાશ પામે. યુરોપ આવી સ્થિતિમાંથી પસાર થઈ ગયું છે તે વાતથી કોઈજ અજ્ઞાત નથી. શું આને ઉન્નતિ કહી શકાશે ? નહિજ.

ચોથી સ્થિતિ એવી ધારો કે પ્રજામાં સ્વતંત્રતા હોય, ન્યાય હોય, વ્યવસ્થા હોય. પણ ધારો કે પ્રજાવર્ગના ઘણા માણસો સામાન્ય રીતે ભાગ લઈ શકે એવી જનહિતની બાબતો તેમાં બહુ થોડી હોય. પરસ્પર એક બીજાની શક્તિનો લાભ તેથી સમાજમાં ન મળતો હોય. શું આ સ્થિતિ ઉન્નત છે ? નહિજ.

આ બધીમાંથી એકકે સ્થિતિ ઉન્નત નથી તેનું કારણ એ છે કે તેમાં વિકાસને માટે અવકાશ નથી. ઉન્નતિનું અગત્યનું તત્ત્વ પ્રગતિ, વિકાસ છે. પણ આ પ્રગતિ, આ વિકાસ તે શું છે તે જાણવુંજ વિકટ છે.

આ વિકાસનાં બે તત્ત્વો છે; એક, સામાજિક જીવનમાં સુધારો, ને બીજું, વ્યક્તિજીવનમાં સુધારો. ગીઝો કહે છે: “ Wherever the external condition of man extends itself, vivifies,

ameliorates itself; wherever the internal nature of man displays itself with lustre, with grandeur; at these two signs, and often despite the profound imperfection of the social state, mankind with loud applause proclaims civilization." માણસની બાહ્ય સ્થિતિ જ્યાં વિસ્તાર પામે છે, ઉત્સાહમય બને છે, ને સુધરે છે, અને એનું આન્તર જીવન જ્યાં પ્રકાશ ને ગાંભીર્ય ગ્રહણ કરે છે, ત્યાં ઉન્નતિનાં ચિહ્નો પણ દેખીતાંજ છે. આ પ્રમાણે ગીઝો સામાજિક પ્રગતિ ને વ્યક્તિની પ્રગતિ એ બન્ને બાબતો ઉન્નતિને માટે અગત્યની દર્શાવે છે; સમાજ ને વ્યક્તિ એ બન્નેમાં સુધારો આવશ્યક છે.

ઉન્નતિનો ઇતિહાસ લખનાર સામાજિક જીવન પ્રગતિશીલ કેવી રીતે બને છે ને ધીમે ધીમે કેવી રીતે બદલાય છે તે દર્શાવે, અથવા તો વ્યક્તિ-જીવન કેવી રીતે ઉન્નત થાય છે તે દર્શાવે. ગીઝો "યુરોપના સુધારાના ઇતિહાસ" માં સમાજજીવનના બહારના બનાવો, તેમાં થતા ફેરફારો, ને તેથી સૂચિત થતી ઉન્નતિને વિષે પોતાને જે કહેવાનું છે તે કહે છે. મનુષ્યના આન્તર જીવનનો વિકાસ ધીમે ધીમે કેવી રીતે થાય છે, વ્યક્તિ-જીવન કેમ ઉન્નત થાય છે તે બાબત પણ અગત્યની છે, તોપણ ગીઝો તે બાબતને અલગ રહેવા દે છે.

આ પ્રમાણે ગીઝોના વિચાર ને એની પદ્ધતિ વિષે આપણે નિરીક્ષણ કર્યું. પાશ્ચાત્ય ફિલસુફીનું આધુનિક કોઈ પણ પુસ્તક એવું નહિ હોય કે જેમાં ડાર્વિન, ને સ્પેન્સરના જીવનશાસ્ત્ર વિષેના ઉત્ક્રાન્તિવાદનો ઉપયોગ જરૂર પડે ત્યાં નહિ કરવામાં આવતો હોય. જીવનની દરેક બાબતને ઉત્ક્રાન્તિવાદનો નિયમ લાગુ પડે છે. તો પ્રગતિ કે ઉન્નતિ પણ કંઈ સ્થાયી વસ્તુ નથી. તેમાં હમેશ વૃદ્ધિ ને ફેરફાર થયાંજ ચાલ્યાં જાય છે. સામાજિક ને નૈતિક ઉન્નતિ પણ ક્રમશઃ આગળ વધે છે. એને પણ ઉત્ક્રાન્તિનો નિયમ લાગુ પડે છે. આ અગત્યના નિયમ તરફ ગીઝોના પુસ્તકમાં નામમાત્રએ

નથી; ને તે સ્વાભાવિક છે. પરંતુ આધુનિક સમયમાં ગ્રીઝોનું પુસ્તક ઐતિહાસિક દષ્ટિબિન્દુથી અગત્યનું ગણાય.

## યુરોપની પ્રાચીન ને અર્વાચીન ઉન્નતિ.

ગ્રીસ ને રોમના પ્રાચીન ઇતિહાસમાં એક બાબત દેખીતી છે: એ બન્ને દેશો એક વખત કીર્તિથી ચળકી રહ્યા હતા. એ બન્ને દેશોની ઉન્નતિએ આખા યુરોપના ઇતિહાસ પર સચોટ છાપ પાડી છે. એ બન્ને દેશની ઉન્નતિને વિષે એક બાબતમાં સામ્ય જોવામાં આવે છે. એ બન્ને દેશની ઉન્નતિનો આધાર તેમના સૈનિક બળ પર હતો, ને તેનો આધાર તેમના પ્રજાજીવનમાં ઓતપ્રોત થએલા નગરજન તરીકેના દરેક માણસના આદર્શો પર હતો. દરેક નગરજન રાજ્યનું અંગ ગણાતો, પણ નગરજન વિષેના તે પ્રજાઓના વિચારો એકદેશીય ને સંકુચિત હતા. છતાં આ વિચારો પરજ તેમની ઉન્નતિનો પાયો હતો. બેન્જામિન કિડ પાશ્ચાત્ય પ્રજાઓની ઉત્ક્રાન્તિ વિષેના પોતાના ઉત્તમ પુસ્તકમાં કહે છે કે "The deeper we get in the history of the Greek and Roman peoples the more clearly do we see how the whole fabric of the ancient civilizations, military and civil, legal and religious, is ultimately related to this institution." ગ્રીક ને રોમન લોકોના ઇતિહાસ વિષે આપણે જેમ જેમ વધારે ઉંડો વિચાર કરીએ છીએ તેમ તેમ સૈનિક, નાગરિક, કાયદાની, ને ધર્મની પ્રાચીન ઉન્નતિનો બધો પાયો અન્તે આ સંસ્થા સાથે કેવો (ગાઢ) સંબંધ ધરાવે છે તે આપણને માલૂમ પડે છે." અર્થાત્, તે પ્રજાઓની સર્વ પ્રકારની ઉન્નતિ તેમના નાગરિક જીવન ને તે વિષેના તેમના સ્વાભિમાન ઉપર આધાર રાખે છે. ગ્રીક લોકો Barbarian અથવા જંગલી એ શબ્દનો પ્રયોગ બહુ વિચિત્ર રીતે કરતા હતા. જે કોઈ પ્રજા ગ્રીક નહિ તે 'જંગલી'ના નામથી સંબોધાતી હતી. પરદેશી માત્ર 'જંગલી' નામથી ઓળખાતા, પછી ભલે તે ઈજીપ્ટ કે પર્શિઆના સુધરેલા લોકો હોય, કે

**સીધિયા** ને ગૅાલની અશિષ્ટ પ્રજાઓ હોય. છેક શરૂઆતમાં 'જંગલી' પ્રજા એટલે પરભાષા વાપરનારી પ્રજા એવો થતો હતો. પણ જેમ જેમ ગ્રીક લોકો બુદ્ધિમાં આગળ વધતા ગયા તેમ તેમ એ શબ્દના ભાવાર્થમાં તિરસ્કારનો વિચાર પણ ઘૂસતો ગયો. એક રાજ્યનો શહેરી તેજ દેશના અન્ય રાજ્યમાં જમીનનો માલીક થવાને કાયદાપૂર્વક રીતે નાલાયક ગણાતો હતો. એજ સંકુચિત ને એકદેશીય વિચારને પરિણામે જીતાયલી પ્રજાઓ માત્ર ગુલામગીરીમાંજ રહી શકે એ એક બીજો અગત્યનો વિચાર હતો. એટલુંજ નહિ, પણ ગુલામગીરીની સ્થિતિમાં પણ જીતાયલી પ્રજાને જીવવા દેવી એ એક મોટામાં મોટું દયાદાન ગણાતું. જસ્ટિનિઅન જેવો ઉદાર બુદ્ધિનો લેખક પણ ગુલામગીરીને વિષે આવો મત દર્શાવે છે. એના કાયદાઓમાં એટલી દલીલ તો જાણે માનીજ લીધેલી જણાય છે કે જીતાયલા આદમીને જીવવાનો હકજ નથી. તો પછી ગમે તેવી નીચ સ્થિતિમાં પણ તેને જીવવા દેવામાં આવે તો તે તેના પર શિક્ષા કરેલી ન ગણાય, પણ દયાજ ગણાય. ઘણાં **ગ્રીક** શહેરોમાં સ્વતંત્ર મનુષ્યોની સંખ્યાના કરતાં ગુલામોની સંખ્યા ઘણી વધારે થઈ ગઈ હોવી જોઈએ. રાજ્યના કારભારમાં આ ગુલામવર્ગના કોઈ પણ માણસનો હક નહોતો ગણાતો. **ફ્રીમૅન** કહે છે તે પ્રમાણે; " In no case could the freedman, the foreigner, or even the dependent ally obtain citizenship by residence or even by birth in the land. " મુક્ત કરવામાં આવેલો કોઈ પણ ગુલામ, કોઈ પણ પરદેશી કે હાથ નીચેના ને મૈત્રી ધરાવનાર રાજ્યનો માણસ સુદ્ધાં રહેઠાણ કે જન્મથી શહેરી તરીકેના હક કદાપિ મેળવી શકતો નહોતો. **ગ્રીસની** પ્રખ્યાત **પેલોપોન્નિસિઅન** લડાઈની શરૂઆતમાં **ઍટિકાની** ગુલામ પ્રજાની સંખ્યાની ગણતરી જ્યારે ૧,૦૦,૦૦૦ હતી, ત્યારે સ્વતંત્ર પ્રજાની સંખ્યાની ગણતરી ૧,૩૫,૦૦૦ હતી. **રોમમાં** પણ એવીજ સ્થિતિ હતી. **રોમનું** રાજ્ય પણ મ્યુનિસિપલ અથવા શહેરી જીવન ને શહેરીઓના હકોને આધારે ચાલતું હતું ત્યાં પણ શહેરી તરીકેનું

પદ બહુજ થોડાને મળતું હતું. પરદેશીઓને તે પ્રાપ્ત થાય નહિ તે વિષે ખાસ દરકાર રાખવામાં આવતી હતી; અને જ્યારે એ પદ અન્ય લોકોને આપવામાં આવતું થયું હતું ત્યારે રોમન મહારાજ્યની ઉન્નતિ પણ ઘટવા માંડી હતી. આખા રોમન મહારાજ્યની સ્વતંત્ર પ્રજા ઘણું કરીને કોઈ પણ વખત ગુલામ પ્રજાના કરતાં સંખ્યામાં વધારે નહોતી. ઈ. સ. ૬૮૪ના રોમના વસ્તીપત્રક પરથી સંખ્યા કાઢતાં મૉમ્સેન દર્શાવે છે કે જ્યારે સ્વતંત્ર પ્રજાની સંખ્યા ઇટાલી દેશમાં સાઠ કે સિત્તેર લાખની હતી ત્યારે ગુલામ પ્રજાની સંખ્યા એક કરોડ ત્રીસ કે ચાળીસ લાખની હતી; અને ગિબનની ગણતરી પ્રમાણે ક્લૉડિઅસના વખતમાં પણ એ બે પ્રજાવર્ગોની સંખ્યા આખી રોમન આલમમાં સરખી થતી હતી.

પ્રાચીન ગ્રીસ ને રોમની ઉન્નતિનો પાયો આ પ્રમાણે એક જાતના સંકુચિત નાગરિક જીવન પર રચાયો હતો. આ નાગરિક જીવન મૉમ્સેન એના રોમના ઇતિહાસમાં બતાવે છે તે પ્રમાણે નૈતિક–ધાર્મિક હતું. એ પ્રજાના લોકોના નૈતિક–ધાર્મિક સંબંધો શા પ્રકારના હતા? પ્રથમ એ પ્રજાઓનું ધાર્મિક ચેતન વર્તમાનકાળનાંજ હિતોના સંબંધમાં જાગ્રત હતું, તેઓ જે સમયમાં રહેતા તેમાંજ અર્થાત્ વર્તમાનમાંજ કોઈ પ્રકારનો સાંસારિક લાભ મેળવવા તરફ એ ચેતન પ્રવૃત્તિશીલ હતું. બીજું, એ ચેતન અમુક સંકુચિત પ્રકારના ભ્રાતૃભાવને આધારે રહેલું હતું. બહારના માણસો તેમાં ભાગ લઈ શકે તેમ નહોતું. આ મુખ્ય વિચારમાંથીજ ગ્રીસ ને રોમની ઉન્નતિનો પાયો તે દેશોના સંકુચિત નાગરિક જીવન પર રચાવવા પામ્યો હતો.

ઉત્ક્રાન્તિવાદના સિદ્ધાન્તો તરફ જેને પ્રેમ છે તેવા માણસને ઉપલાં તત્ત્વોમાં એક ખાસ લક્ષણ દૃષ્ટિગોચર થાય છે. બેન્જામિન કિડના મત પ્રમાણે ઉપરનાં તત્ત્વોમાં ઉત્તમમાં ઉત્તમ સૈનિક બળ પ્રજામાં વિકસિત કરવાની શક્તિ છે. કોઈ પણ બીજી સામાજિક સ્થિતિમાં સૈનિક બળની વૃદ્ધિ એવી ઉત્તમ થઈ શકશે નહિ, અને તે સ્વાભાવિક છે.

આવી રીતે જોતાં મનુષ્યજીવનની ઉન્નતિના ઇતિહાસમાં **ગ્રીસ** ને **રોમ**ની ઉન્નતિનો ઇતિહાસ સહેલથી સમજી શકાય છે. તે દેશોની ઉન્નતિ ઘણી થઈ હતી, પણ તેમાં આશ્ચર્યકારક કશું નથી તે હવે સમજાશે. કારણ એજ હતું કે સમાજની **વર્તમાન** સ્થિતિના હિતને અર્થે દરેક વ્યક્તિએ પોતાનું જીવન ગાળવું એ તે દેશોનો મુખ્ય સિદ્ધાન્ત હતો. રાજકીય ચેતન ને રાજકીય જીવનથી આગળ શું છે તે તરફ તે પ્રજાઓનું લક્ષ ગયુંજ નહોતું. પ્રથમ રાજ્યનું હિત ને પછી વ્યક્તિઓનું જીવન, ને તેમના હકો એજ એ દેશોની ઉન્નતિનું જાદુ હતું.

**ગ્રીસ** ને **રોમ**ની પ્રાચીન ઉન્નતિ સાથે આધુનિક **યુરોપ**ની ઉન્નતિ સરખાવીશું તો કેટલીક બાબતો એકદમ દૃષ્ટિગોચર થશે, આધુનિક સમયમાં સુખસંપત્તિનાં સાધનો વધ્યાં છે. મુદ્રણકળાની શોધ થયા પછી, ને તે ઉત્તમ સ્થિતિએ પહોંચી ત્યાર પછી જ્ઞાનના પ્રચારમાં દેખીતોજ વિસ્તાર થયો છે. પ્રથમ હોકાયંત્રની શોધ ને તેનો ઉપયોગ, ને આધુનિક સમયમાં નાવિક કળામાં થએલા અનેક ઉત્તમ સુધારાને લીધે દુનિયાના જુદા જુદા ભાગોના માણસોનો સમાગમ જલદીથી, સહેલાઈથી, ને વધારે મોટી સંખ્યામાં થયો છે. વરાળયંત્રોના અનેક ઉપયોગોને લીધે વ્યાપાર ને ઉદ્યોગ વધવા ને ખીલવા પામ્યાં છે. પ્રાચીન **ગ્રીસ** ને **રોમ**ની ઉન્નતિ વિષેનાં પુસ્તકોના વાંચને **યુરોપ**માં ધાર્મિક જાગૃતિ આણી હતી, ને તેની અસર પણ મધ્યકાલીન **યુરોપ** ને તે પછીના વખતમાં દેખીતીજ થઈ હતી. આ બધી બાબતો **યુરોપ**ની આધુનિક ઉન્નતિના સંબંધમાં અગત્યની છે, છતાં આધુનિક પાશ્ચાત્ય ઉન્નતિ જે દિશામાં જાય છે તેનાં મુખ્ય બળો હજી જુદાં છે. તે બળો પ્રાચીન **ગ્રીસ** ને **રોમ**ની ઉન્નતિના આધારભૂત બળથી તદ્દન જુદાંજ છે. **ગ્રીસ** ને **રોમ**માં જ્યારે દરેક પ્રવૃત્તિ રાજ્યનું વર્તમાન હિત સાચવવાના કામનું અંગ માત્ર ગણાતી હતી ત્યારે આધુનિક **યુરોપ**માં તેમ નથી. " The real secret of our Western world–the cause,......of all its extraordinary and ever-growing

efficiency in history consists, on the contrary, in the fact that the controlling centre of the evolutionary process therein has been at last projected altogether beyond the content of political consciousness. " અર્થાત્ આધુનિક યુરોપીઅન ઉન્નતિનો આધાર જે બળો પર છે તેને રાજકીય ચેતન સાથેજ કંઈ ખાસ સંબંધ નથી. રાજ્યના હિતના કરતાં પણ આગળ હિત કર્યું છે અને મનુષ્યનું ખરૂં બળ—એની ખરી ઉન્નતિ ભાવીમાં શેના પર છે તે જોવા તરફ ને તે સાધવા તરફ આધુનિક યુરોપના ખાસ પ્રયત્નો છે. એજ એની આધુનિક ઉન્નતિનું હાર્દ છે એમ બેન્જામિન કિડ માનવું છે. યુરોપની આધુનિક કળાઓ, નીતિ, સાહિત્ય, તત્ત્વજ્ઞાન, ધર્મ એ બધાંમાં આ બાબત સ્પષ્ટ જણાય છે. એ બધી બાબતોની પ્રવૃત્તિમાં સમાજના આદર્શો હવે સ્વતંત્ર થયા છે. તે આદર્શો રાજકીય ચેતનના માત્ર ગુણીભૂત ગણાતા હતા તે સ્થિતિ બદલાઈ ગઈ છે, ને તેથી ટુંકામાં એમ કહેવાય કે તે બધી બાબતોના સંબંધમાં પ્રવૃત્તિઓ **વર્તમાનને** નહિ પણ **ભવિષ્યનેજ** ધ્યાનમાં રાખી ચલાવવામાં આવે છે. " It is the world, therefore, in which all the imperiums in which the present had hitherto strangled the interests of the greater, future are in process of slow disintegration, and in which we have, in consequence, entered upon an era of such a free rivalry of forces as has never been before in the history of the race. " ( Kidd's, Principles of Western Civilization, p. 334. )

આ પ્રમાણે યુરોપની પ્રાચીન ને આધુનિક ઉન્નતિની પદ્ધતિઓ વિષે કેટલાક અગત્યના વિચારો આપણે જોયા. ડાર્વિનના સિદ્ધાન્ત પ્રમાણે જે શ્રેષ્ઠ વસ્તુઓ હોય છે તેનુંજ અતિજીવન થાય છે. આધુનિક સમયમાં જુદાં જુદાં નૈતિક ને ધાર્મિક તત્ત્વો વિષે આપણે કંઈક વિરોધ પણ જોઈએ

છીએ. છતાં તેમાં જે શ્રેષ્ઠ તત્ત્વો હશે તેજ ટકશે એવી વિજ્ઞાનને આધારે આપણે શ્રદ્ધા રાખી શકીએ. વળી એવી પણ શ્રદ્ધા યોગ્ય ગણાય કે સમાજ ઉત્તરોત્તર સારી ને સારી સ્થિતિમાં જતો જાય છે. ઉત્ક્રાન્તિવાદના સિદ્ધાન્તો પર આધાર લઈ ભવિષ્યની ઉન્નતિ વિષે હેન્રિ સ્મિથ વિલિઅમ્સ એવું શ્રદ્ધામય જ્યોતિષ કાઢે છે કે હાલનાં વલણો જોતાં પ્રગતિ ત્રણ દિશામાં થશે.—(૧) મનુષ્યની શારીરિક ઉન્નતિમાં, (૨) એકબીજી પ્રજાઓની માંહ્યોમાંહ્યની ઈર્ષ્યાઓમાં ઘટારો, તેમાં, ને(૩)દુનિયાની ઔદ્યોગિક ને આર્થિક એકતા તરફ હમેશ વધતી જતી પ્રવૃત્તિમાં. ( Article, Civilization, Encyclopœdia Britannica ). આ કેટલે અંશે સત્ય છે તેનો ખ્યાલ ભવિષ્યની પ્રજાઓજ કરી શકશે.

અતિસુખશંકર કમળાશંકર

ત્રિવેદી.

# યુરોપના સુધારાનો ઇતિહાસ.

## વ્યાખ્યાન પહેલું.

વ્યાખ્યાનમાળાનો વિષય—યુરોપના સુધારાનો ઇતિહાસ—યુરોપના સુધારામાં ફ્રાન્સે લીધેલો ભાગ—વર્ણન માટે સુધારાનો વિષય યોગ્ય છે—ઇતિહાસમાં સૌથી સામાન્યમાં સામાન્ય બનાવ સુધારાનો છે—**સુધારા** શબ્દનો સાધારણ ને પ્રચલિત અર્થ—બે મુખ્ય બાબતોમાં સુધારાનો સમાવેશ થાય છે: ૧, સમાજની ઉન્નતિ; ૨, વ્યક્તિની ઉન્નતિ—આ બે બાબતો એક બીજાની સાથે અવશ્યે સંબંધ ધરાવે છે, અને મોડી કે વહેલી એક બીજીની કારણભૂત થાય છે—જે અમુક સામાજિક પરિસ્થિતિમાં મનુષ્ય હોય છે તેથીજ શું એનું ભવિષ્ય પરિમિત રહે છે? સુધારાનો ઇતિહાસ બે દૃષ્ટિબિન્દુથી દર્શાવી ને વિચારી શકાય—વ્યાખ્યાનમાળાની ગોઠવણ વિષે બે બોલ—માણસોનાં મનની આધુનિક સ્થિતિ, ને સુધારાની ઉમેદ.

સદ્‌ગૃહસ્થો,

તમારો આવકાર મને ઘણો પિગળાવી નાંખે છે, અને આટલા દીર્ઘ કાળ સુધી નહિ મળ્યા હોવા છતાં તમે આ આવકાર આપો છો, તેને, આપણો પૂર્વનો ચાલુ સમભાવ રાખવાની પ્રતિજ્ઞા તરીકે હું સ્વીકારૂં છું. અરે! તમે સર્વે જે અહીં એકત્રિત થયા છો, તે, સાત વર્ષ પહેલાંના મારા તે વખતના પરિશ્રમનો લાભ લેવા એકઠા થનારાઓજ જાણે હો તેવી રીતે હું બોલું છું. હું જાતે અહીં ફરીથી આવ્યો છું તેથી મારો પૂર્વનો

સઘળો શ્રોતાવર્ગ પણ જાણે અહીં હોય એમ મન લાગે છે. પરંતુ તે મુદ્દતમાં તો સર્વે વસ્તુઓમાં મોટો ફેરફાર થઈ ગયો છે. સાત વર્ષ પૂર્વે આપણે ચિન્તાતુર શંકાઓ ને ભીતિમાં નિમગ્ન, અને ગમગીન વિચારો ને ધારણાઓથી નિરુત્સાહી સ્થિતિમાં સમ્મીલિત થયા હતા. મુસ્કેલી ને મુશીબતથી આપણે સંકડાયલા હતા, એક અનિષ્ટ વસ્તુ તરફ જાણે આકર્ષાતા હતા, અને શાન્તતા, ગમ્ભીરતા, ને સાવધાનતા રાખી તે અનિષ્ટથી દૂર રહેવા પ્રયત્ન કરતા હતા, પણ તેમાં વ્યર્થ નીવડયા. હવે આપણે નિર્ભયના ને આશાથી ઉત્સાહિત, સ્વસ્થ ચિત્ત સહિત, ને વિચારો સ્વતંત્રપણે કરી શકીએ તેવી સ્થિતિમાં એકઠા થઈએ છીએ. આ સુખદાયી ફેરફારને માટે આપણે માનપૂર્વક રીતે આપણો આભાર એકજ રીતે.પ્રદર્શિત કરી શકીએ: સાત વર્ષ પૂર્વે આપણા અભ્યાસો પર સખ્ત દેખરેખ રાખવામાં આવશે કે તેને ઓચીંતા મુલ્તવી રાખવામાં આવશે એવી વખતોવખત થતી ધાસ્તીને લીધે આપણું કામ કરવામાં જેવું શાન્ત મન, જેવો અડગ ઉદ્દેશ આપણે રાખતા હતા, તેવુંજ શાન્ત મન, તેવોજ અડગ ઉદ્દેશ આપણા હાલના સમ્મીલનોમાં, આપણા નવા અભ્યાસોમાં આપણે રાખવાં જોઈએ. સુભાગ્ય સરકણું, ચંચલ, ને અનિશ્ચિત છે; જેમ નિરાશાને સમયે તેમ આશાને સમયે પણ આપણે સાવધાન રહેવું જોઈએ; મંદવાડ આવતો હોય તે વખતે જેટલી સાચવણ, જેટલી સાવધાનતા રાખવી જોઈએ તેટલીજ, લગભગ તેટલીજ મંદવાડ જતો હોય તે વખતે પણ રાખવી જોઈએ. આ સાચવણ, આ સાવધાનતા, આ સમભાવતા મને ખાત્રી છે કે તમે દર્શાવશો. મુસ્કેલી ને મુશીબતના વખતમાં મતો, ભાવનાઓ, ને વિચારોની જે ગાઢ એકતાએ ને જે સમભાવે આપણને સંયુક્ત રાખ્યા, અને જેનાથી બીજું કંઈ નહિ તો મોટી ભૂલો કરતા તો આપણે અટક્યા, તે બધું આપણને તેવીજ રીતે વધારે શુભ દિવસોમાં એકમત રાખશે ને ફળદાયી નીવડશે. તમારી સહાયતાને માટે હું વિશ્વાસ રાખું છું, ને વિશેષ કંઈની મારે આવશ્યકતા નથી.

આપણા આ પહેલા મેળાપ ને વર્ષના અન્તની વચ્ચેનો વખત બહુ

ઓછો છે. મને લાગ્યું કે સુધારાની ઉન્નતિને ઉદ્દેશીને લેવાયલું યુરોપના આધુનિક ઇતિહાસનું સામાન્ય અવલોકન—યુરોપના સુધારા, તેમનો ઉદ્ભવ, તેમનો વિકાસ, તેમનો ઉદ્દેશ, ને તેમનો પ્રકાર એ સર્વ બાબતોના ઇતિહાસનું સિંહાવલોકન આપણા વખતનું ઠીક નિર્ગમન કરાવશે. તેથી કરીને આ વિષય વિષે હું વિવેચન કરવા માગું છું.

"યુરોપના સુધારા" એમ હું બોલ્યો તેનું કારણ એ છે કે યુરોપમાં સુધારા થયા છે એ સ્પષ્ટ છે, યુરોપનાં જુદાં જુદાં રાજ્યોના સુધારામાં અમુક એક જાતનાં તત્ત્વો દૃષ્ટિગોચર થાય છે, અને કાળ, સ્થળ, ને પરિસ્થિતિનું અગણિત વૈવિધ્ય હોવા છતાં આ સુધારા લગભગ ઘણે ભાગે મળતા આવતા બનાવોમાંથી જન્મ પામે છે, સર્વત્ર એકજ નિયમો પ્રમાણે વિકસિત થાય છે, ને સર્વત્ર લગભગ મળતા આવતા પરિણામો આણવાનો સંભવ દર્શાવે છે. ત્યારે "યુરોપના સુધારા" એવો એક વિષય તો છેજ, અને આ સુધારાઓના સમુદાયના વિષય તરફ હું તમને ધ્યાન આપવા વિનતિ કરૂં છું.

વળી એટલું પણ દેખીતું છે કે આ સુધારા ધીમે ધીમે કેવી રીતે અસ્તિત્વમાં આવ્યા તે બતાવી શકાય તેમ નથી, ને તેનો ઇતિહાસ યુરોપના કોઈ એક રાજ્યના ઇતિહાસ પરથી સાધિત થતો સાબીત કરી શકાય તેમ નથી. એ ઇતિહાસનાં તત્ત્વો કોઈ વાર ફ્રાન્સમાં તો કોઈ વાર ઇંગ્લન્ડમાં, કોઈ વાર જર્મનિમાં તો કોઈ વાર સ્પેનમાં આપણે શોધવાં જોઈએ.

યુરોપના સુધારાનો અભ્યાસ કરવો આપણને ફ્રાન્સના લોકોને સુગમ પડે તેમ છે. ખુશામદ, પછી તે અમુક માણસોની હો કે ભલે આપણા દેશની હો, તોપણ તે સર્વદા ત્યાજ્ય છે. પણ અસત્ય વદ્યા વગર હું ધારૂં છું આપણે કહી શકીએ કે ફ્રાન્સ યુરોપના સુધારાનું મધ્ય બિન્દુ, મુખ્ય સ્થળ છે. હું એમ નથી કહેવા માગતો, એમ કહેવું તો ઘણું ભૂલભરેલું ગણાય કે ફ્રાન્સની પ્રજા સર્વદા ને સર્વ બાબતોમાં પ્રથમ પદ ભોગવતી આવી છે. જુદી જુદી વખતે કળાઓમાં ઈટલિ ચઢીઆતું ગણાયું છે, રાજકીય સંસ્થાઓમાં ઇંગ્લન્ડ, ને બીજી બાબતો એવી પણ હશે કે જેમાં

યુરોપની બીજી પ્રજાઓ ફ્રાન્સની પ્રજાના કરતાં ઉચ્ચતર આલેખાઈ હોય. પણ જ્યારે જ્યારે સુધારાની ગતિમાં બીજી પ્રજાઓને આગળ વધી ગએલી ફ્રાન્સની પ્રજાએ જોઈ છે, ત્યારે ત્યારે એણે નૂતન ચેતનનું આવાહન કર્યું છે, નવીન ઉત્સાહથી એ જાગ્રત્ થઈ છે, ને તરતજ બીજી પ્રજાઓને પકડી કાઢતી કે તેથી આગળ જતી એ પ્રજાએ પોતાને જોઈ છે એમ આપણે કબૂલ કરવું પડશે. ફ્રાન્સનું આ ખાસ સદ્‌ભાગ્ય છે એટલુંજ નહિ, પણ આપણે જાણીએ છીએ કે જોકે અન્ય સ્થળોમાં જન્મ પામેલા સુધારાના વિચારો ને સંસ્થાઓ યુરોપના સુધારાના સામાન્ય લાભને માટે વિસ્તીર્ણ પ્રદેશમાં ફેલાવવા માંડે તોએ કેટલેક દરજ્જે કંઈક જુદી સામગ્રી સાથેજ તે સર્વ ફ્રાન્સમાં દાખલ થવા પામે છે; ને ફ્રાન્સમાં આવ્યા પછીજ, જાણે એક બીજી જન્મભૂમિમાંથી નીકળી તે સુધારાના વિચારો ને સંસ્થાઓ યુરોપમાં પ્રચાર પામવા માંડે છે. ભાગ્યેજ સુધારાનો એકે મોટો વિચાર, એકે મોટો નિયમ એવો હશે કે જે તેના પ્રચાર પામતા પહેલાં આવી રીતે ફ્રાન્સમાં નહિ આવી ગયો હોય. કારણ આ છે: ફ્રેન્ચ લોકોમાં કંઈક એવું મળતાવડાપણું, કંઈક એવો સમભાવ, કંઈક એવું વૈચિત્ર્ય છે કે જે બીજી કોઈ પણ પ્રજાના વલણ કરતાં એ પ્રજાના વલણને વધારે સુગમ, વધારે અસરકારક નીવડે છે. ક્યાંતો આપણી ભાષાને લીધે, ક્યાંતો આપણા મનના અમુક વલણને લીધે, કે ક્યાંતો આપણી રીતભાતના પ્રકારને લીધે, એટલું તો નક્કીજ છે કે બીજા લોકોના વિચારો કરતાં આપણા વિચારો વધારે લોકપ્રિય છે, જનસમાજને વધારે સ્પષ્ટ ને સુગમ થઈ પડે છે, ને સમાજમાં વધારે જલદીથી દાખલ થઈ શકે છે. સંક્ષેપમાં સ્પષ્ટતા, મિલન-સારપણું, ને સમભાવ ફ્રાન્સના લોકોના ખાસ ગુણો છે, ને આ ગુણોને લીધેજ યુરોપના સુધારામાં તેઓ અગ્રસ્થાને દીપવાને યોગ્ય ઠર્યા છે.

તેથી આ મોટા બનાવનો અભ્યાસ શરૂ કરવામાં, ફ્રાન્સ વિષે આપણે મુખ્ય ધ્યાન આપીશું તો તેમાં કંઈ સ્વચ્છંદ કે રૂઢ નિયમ પ્રમાણે આપણે ચાલ્યા નહિ કહેવાઈએ; સુધારાનું હાર્દ સમજવું હોય, આપણે જે બનાવ વિષે વિચાર કરવાના છીએ તેનું રહસ્ય જાણવું હોય તો આપણે

અવશ્યે એમ કરવું જોઈએ.

**બનાવ** એ શબ્દ હું વાપરૂં છું, ને તે જાણી જોઈને હું વાપરૂં છું; સુધારો, બીજા કોઈ પણ બનાવો જેવો એક બનાવ છે, બીજા કોઈ પણ બનાવની પેઠે તેનો પણ અભ્યાસ થાય તેમ છે, તેને પણ વર્ણવી શકાય તેમ છે, ને તેને વિષે પણ વિવેચન કરી શકાય તેમ છે.

કેટલોક વખત થયાં ઈતિહાસની અંદર બનાવોનું વર્ણનજ આવે એવો એ વિષયનો અર્થ સંકુચિત રાખવો આવશ્યક છે એવી બૂમો ચાલી રહી છે, એ યોગ્યજ છે. પણ આપણે હમેશ યાદ રાખવું જોઈએ કે લોકો પ્રથમ માનવાને તૈયાર હોય છે તેના કરતાં વર્ણન કરવાના બનાવો ઘણાજ વધારે હોય છે, અને તે બનાવો પણ ઘણા વધારે જાતજાતના હોય છે. બનાવોમાં સ્થૂલ, દૃષ્ટિગોચર થાય એવા બનાવો હોય છે, જેવા કે મહાન્ સંગ્રામો, યુદ્ધો, ને રાજ્યોનાં સરકારી કાર્યો; બહારથી નહિ દેખી શકાતા હોવા છતાં તેટલાજ ખરા બનાવો નીતિની દૃષ્ટિથી જોવાતા બનાવો હોય છે; જુદા જુદા નામથી ઓળખાતા છૂટક બનાવો પણ હોય છે; અને વળી કંઈ અમુક નામ વગરના સામાન્ય બનાવો હોય છે, તે એવા હોય છે કે કઈ સાલમાં તે થયા તે કહી શકાતું નથી, ને અમુક હદમાં તેમને આણી શકાતા નથી, છતાં બીજા બનાવોની પેઠેજ એ પણ બનાવો, ઐતિહાસિક બનાવો, ઇતિહાસને ખંડિત કર્યા સિવાય જેનો ઇતિહાસના વિષયમાંથી બહિષ્કાર નહિ કરી શકાય એવા બનાવો હોય છે.

ઐતિહાસિક તત્ત્વજ્ઞાન એ નામથી ઓળખાતો ઇતિહાસનોજ એક ભાગ, બનાવોનો એકબીજા સાથે સંબંધ, તેમને જોડનારી શૃંખલાઓ, તેમનાં કારણો, તેમનાં પરિણામો—યુદ્ધોના ને દૃષ્ટિગોચર થાય એવા બીજા બનાવોના જેવાજ આ બધા પણ બનાવો છે, આ બધા પણ ઇતિહાસ છે. નિઃશંક આ પ્રકારના બનાવો છૂટા પાડવા ને સમજાવવા વધારે અઘરા છે, તેમની હકીકત પૂરી પાડવામાં આપણે ભૂલ કરવાનો વધારે સંભવ રહે છે, અને તેમનામાં જીવ મુકી, ચેતન આણી, સાક્ષાત્, આબેહુબ તેમનું ચિત્ર ખડું કરવું તે કંઈ સહેલું કામ નથી. પણ આ મુસ્કેલીને લીધે કંઈ તે

બનાવો કહેવાતા મટી જતા નથી; તેઓ ઇતિહાસનો અગત્યનો ભાગ તો છેજ.

સુધારા એટલે અહીં દર્શાવેલી આ બધી વસ્તુઓમાંની એક વસ્તુ. એ એક સામાન્ય, ગૂઢ, ગુંચવણભરેલો બનાવ છે. હું કબૂલ કરૂં છું કે એનું વર્ણન કરવું, એનો ચિતાર આપવો, ઘણો કઠણ છે, તોએ એ અસ્તિત્વ તો ધરાવે છેજ, એનું વર્ણન થવું તો ઘટે છેજ, એનો ચિતાર તો અપાવવો જોઈએ ખરોજ. આ બનાવ વિષે આપણે કંઈ કંઈ સવાલો ઉભા કરી શકીએ; આપણે પૂછી શકીએ, એ પૂછાઇ ચૂક્યું પણ છે, કે એ શું ઇષ્ટ છે કે અનિષ્ટ. કેટલાક એનાથી અતિખિન્ન થાય છે, કેટલાક અતિપ્રસન્ન થાય છે. આપણે પૂછી શકીએ કે શું એ બનાવ સર્વત્ર વ્યાપક છે? શું મનુષ્યજાતિનો સાર્વત્રિક સુધારો એવું કંઈ છે ખરૂં ? શું તે સુધારા તરફ આપણે પ્રયાણ કરીએ છીએ ? કદાપિ નાશ નહિ પામેલો, જે વૃદ્ધિંગત થવો જોઈએ, જે વિસ્તારમાં વધારે ને વધારે થવો જોઈએ, ને જે આવી રીતે કાળના અન્ત સુધી વિકાસ પામ્યો જવો જોઈએ એવો સુધારો પ્રજાઓમાં શું એક યુગથી બીજા યુગમાં ચાલ્યો આવ્યો છે ? મને પોતાને તો ખાત્રી થઈ છે કે મનુષ્ય જાતિને માટે સામાન્યતઃ અમુક ભાવી, અમુક નિર્માણ, સર્વ સુધારાની ઉત્ક્રાન્તિ વસ્તુતઃ છે ખરી. તેથીજ સુધારાનો સામાન્ય ઇતિહાસ લખી શકાય એમ હું માનું છું. પણ આવા મોટા ને કઠણ વિષયોને અડકયા સિવાય અમુક કાળ ને સ્થળને સંબોધીને આપણે બોલીએ, અમુક સૈકાઓના ઇતિહાસ વિષે આપણે વિચાર કરીએ, ને અમુક પ્રજાના ઇતિહાસ વિષે આપણે મનન કરીએ તો એટલું દેખીતુંજ છે કે આટલી મર્યાદાઓમાં સુધારો વર્ણવી શકાય એવો એક ઐતિહાસિક બનાવ છે. વધારામાં હું તરત કહીશ કે આ ઇતિહાસ સર્વે ઇતિહાસોમાં મોટો છે, ને તેમાં સર્વે ઇતિહાસોનો સમાવેશ થાય છે

વળી, ખરેખર, બનાવોમાં ઉત્તમમાં ઉત્તમ બનાવ સુધારાનો બનાવ શું તમને નથી લાગતો ? બીજા બધા બનાવો શું એ સામાન્ય બનાવમાંજ પરિણામ નથી પામતા ? કોઈ એક પ્રજાના ઇતિહાસમાં આવતા બધા

બનાવો તપાસો; એની સંસ્થાઓ, એનો વ્યાપાર, એનો ઉદ્યોગ, એના સંગ્રામો, એની રાજ્યની સર્વે વીગતો વિષે વિચારો. જ્યારે આ સર્વે વિષે સામટો વિચાર કરીશું, સર્વેનો સંબંધ જોઈશું, તેમની તુલના કરીશું, ત્યારે પ્રજાના સુધારામાં આ બધી બાબતોએ શો ભાગ લીધો છે, ને તેના પર શી અસર કરી છે તે આપણે જોવું પડશે. આ પદ્ધતિથી આપણે એ બનાવો વિષે માત્ર સંપૂર્ણ વિચાર કરી શકીએ છીએ એટલુંજ નહિ પણ તેમની ખરી અગત્ય જાણી શકીએ છીએ; આ બનાવો જાણે નદીઓ છે, ને તેને વિષે આપણે પૂછીએ છીએ કે સમુદ્રમાં એ નદીઓ કેટલું પાણી પૂરૂં પાડે છે ? કારણ કે સુધારો એ એક જાતનો ઉદધિ છે, એમાંજ પ્રજાની સંપત્તિ છુપાયલી હોય છે, અને એ સમુદ્રના મોજાંઓ ઉપરજ પ્રજાના જીવનનાં તત્ત્વો, ને તે જીવનને ટકવી રાખનારી શક્તિઓ એકઠી થાય છે. આમાં એટલું તો સત્ય છે કે તિરસ્કારને પાત્ર, હાનિકર, ને પ્રજાઓને દુઃખદાયી બનાવો, ઉદાહરણ તરીકે આપખુદી રાજ્યસત્તા, જો સુધારાના કામમાં કંઈ પણ હિસ્સો આપે ને તેને એક પગલું આગળ ભરાવે, તો અમુક હદ સુધી આપણે તેમને ક્ષન્તવ્ય ગણીએ છીએ, તેમનાથી થએલી હાનિ વિસરી જઈએ છીએ, ને તે ખરાબ છે એમ ભૂલી જઈએ છીએ; સંક્ષેપમાં, જ્યાં જ્યાં સુધારો થએલો આપણે જોઈએ છીએ, પછી તે ગમે તે પ્રકારના બનાવોમાંથી જન્મ પામ્યો હોય, ત્યાં ત્યાં તેને માટે આપવો પડેલો ભોગ ભૂલી જવાને આપણે લલચાઈએ છીએ.

વળી કેટલાક બનાવો એવા હોય છે કે તેમને આપણે સામાજિક કહી ન શકીએ. એ બનાવો છૂટક હોય છે, ને સામાજિક કરતાં આત્મિક ઉન્નતિને ઉદ્દેશીને તે વધારે હોય છે, જેવા કે ધાર્મિક પન્થો, તાત્ત્વિક વિચારો, વિજ્ઞાન, સાહિત્ય, ને કળાઓ. આ બધી બાબતો મનુષ્યની નૈતિક ઉન્નતિ ને એની માનસિક અભિરુચિને અનુકૂળ પડે તેવી છે, અને એમનો ઉદ્દેશ મનુષ્યની સામાજિક ઉન્નતિ કરતાં આત્મિક ઉન્નતિ આણવાનો વધારે હોય છે. પણ આ બધી બાબતોનો એ વિચાર સુધારાના સંબંધમાં વારંવાર કરાય છે.

બધા કાળોમાં, બધા દેશોમાં, લોકોને સુધારવાનું માન ધર્મને મળ્યું છે. વિજ્ઞાન, સાહિત્ય, કળાઓ, ને માનસિક ને નૈતિક આનન્દોએ આ માનમાં હિસ્સો મેળવવા પ્રયત્ન કર્યો છે, અને તે હિસ્સો કબૂલ રાખી આપણે તે બધી બાબતોને ઉચ્ચ સ્થાન અર્પ્યું છે.

ત્યારે એ સુધારાના ઇતિહાસ વિષે બોલવાનું શરૂ કરતાં પહેલાં હું તમને પૂછીશ એવો ગહન, એવો વિસ્તીર્ણ, એવો અમૂલ્ય બનાવ, એવી અમૂલ્ય બાબત શી છે કે જે પ્રજાઓના સમગ્ર જીવનનું સંક્ષિપ્ત ચિત્ર ગણી શકાય ?

**સુધારો** એ શબ્દ ચિર કાળથી ને ઘણા દેશોમાં વપરાતો આવ્યો છે. થોડીવત્તી સ્પષ્ટતાથી, થોડીવત્તી પૂર્ણતાથી એ શબ્દને લોકોએ સમજાવ્યો છે. ગમે તેમ પણ એ વપરાયો જાય છે, અને જેઓ એને વાપરે છે તેઓ એને એક કે બીજો અર્થ લાગુ પાડે છે. આપણે આપણા અભ્યાસના કામમાં એ શબ્દનો સામાન્ય, લૌકિક, ને પ્રચલિત અર્થ લઈશું. વિજ્ઞાનના પારિભાષિક શબ્દોના દેખીતા વધારે યથાર્થ વધારે ચોક્કસ લક્ષણોના કરતાં સામાન્ય શબ્દોના પ્રચલિત અર્થોમાં ઘણુંખરૂં હમેશ વધારે ચોકસાઈ હોય છે. શબ્દોના સાધારણ અર્થ સામાન્ય બુદ્ધિથી નિર્ણીત થાય છે, ને સામાન્ય બુદ્ધિ તે મનુષ્યત્વનો ખાસ ગુણ છે. શબ્દોનો સાધારણ અર્થ ધીમે ધીમે ને જુદી જુદી સ્થિતિમાં જુદી જુદી વખતે નિર્ણીત થાય છેઃ તેથી કોઈ પણ જાણીતા શબ્દના અર્થમાં સમાય એવી કોઈ પણ હકીકત કે કોઈ પણ બીના જયારે બને છે ત્યારે સ્વાભાવિક રીતે તે અર્થ જાણે એટલો વ્યાપક થાય છે, વિસ્તીર્ણ થાય છે, કે ધીમે ધીમે એ શબ્દના અર્થની અંદર આવી જવી જોઈતી જુદી જુદી બીનાઓ ને જુદા જુદા વિચારો અન્તે સમાવેશ પામે છે.

આથી ઉલટું, જો કોઈ શબ્દનો અર્થ પારિભાષિક હોય તો તેને અમુક એક માણસે અથવા કેટલાકજ માણસોએ નક્કી કરેલો હોવાને લીધે તે અર્થ તે માણસોની માનસિક મર્યાદામાં આવેલી અમુક હકીકતોનેજ આધારે નિર્ણીત થએલો હોય છે. આથી વિજ્ઞાનનાં લક્ષણો સાધારણ રીતે

ઘણા વધારે સંકુચિત હોય છે, ને શબ્દોના પ્રચલિત અર્થો કરતાં ઘણા ઓછા યથાર્થ હોય છે. સમાજની સામાન્ય બુદ્ધિએ સ્વીકારેલો સુધારા શબ્દના અર્થનો અભ્યાસ કરવાથી સુધારાનું આપણને વધારે જ્ઞાન પ્રાપ્ત થશે. એ શબ્દનું વૈજ્ઞાનિક લક્ષણ આપવાના પ્રયાસથી ગમે તેટલો વધારે ચોક્કસ અર્થ આપણે જાણીશું, તોએ એટલું જ્ઞાન આપણને નહિ પ્રાપ્ત થાય.

પહેલેથી અમુક સિદ્ધાન્તો તમારી સમક્ષ રજુ કરવાનો યત્ન કરી આ અન્વેષણ હું શરૂ કરીશ. અમુક જાતની કેટલીક સામાજિક સ્થિતિઓ હું વર્ણવીશ, ને તે સ્થિતિઓ એક સુધરતી પ્રજાની હોઈ શકે કે કેમ તે વિષે સ્વાભાવિક રીતેજ આપણને શું માલૂમ પડે છે તે આપણે જોઈશું, ને લોકો જેને સુધારો કહે છે તે સ્થિતિ એ સમાજમાં છે કે નહિ તેની ખાત્રી કરીશું.

પ્રથમ જેનું બાહ્ય જીવન સરળ હોય ને શારીરિક સંપત્તિઓમાંજ જેઓ નિમગ્ન હોય એવા લોકોનું ઉદાહરણ લો; તેઓ કર બહુ ઓછા આપે છે, તેઓ મુશ્કેલીઓમાંથી મુક્ત છે, ને તેમની ખાનગી બાબતોમાં તેમને યોગ્ય ન્યાય આપવામાં આવે છે. સંક્ષેપમાં તેમનું ઐહિક જીવન તદ્દન સુખી ને સુખથી નિયમિત છે. પણ તેનીજ સાથે આ લોકોનું માનસિક ને નૈતિક ચેતન ખાસ નિર્બલ ને શિથિલ અવસ્થામાં રાખવામાં આવ્યું છે; એ ચેતન પીડિત રાખવામાં આવ્યું છે એમ તો હું નહિ કહું, કારણ કે પીડાની લાગણી એ લોકો સમજી શકે તેમ નથી, પણ મનોવિકાસજ નહિ થવા દેવામાં આવ્યો હોવાથી સંકુચિત રાખવામાં આવ્યું છે એમ કહીશું. આવી વસ્તુસ્થિતિના દાખલા ન મળે તેમ નથી. અમીરોના હાથમાં રાજ્યતંત્ર હોય એવાં ઘણાંએ ઉચ્ચવર્ગસત્તાક રાજ્યો થઈ ગયાં છે, તેમાં લોકોને ઘેટાંનાં ટોળાં જેવાં ગણવામાં આવ્યા છે, ને તેમનું સારૂં રક્ષણ કરી તેમને સંસારમાં સુખી કરવામાં આવ્યા છે, પણ નૈતિક કે માનસિક પ્રવૃત્તિમાં તેમને ઉત્તેજિત કરવામાં આવ્યા નથી. શું આ સુધારો છે ? શું આવા લોકો સુધરતા ગણાશે ?

વળી બીજો એક કલ્પિત સિદ્ધાન્ત તપાસો. એક પ્રજા એવી ધારો કે

જેનું ઐહિક જીવન ઓછું સરળ, ઓછું સુખી હોય, છતાં નભી શકે તેવું હોય. તેનીજ સાથે ઉલટી માનસિક ને નૈતિક બાબતોમાં તે પ્રજા કેળવાઈ હોય એમ ધારો. વળી ધારો કે ઉચ્ચ, શુદ્ધ, સાત્ત્વિક ભાવનાઓ તેનામાં રોપાએલી હોય, તેના ધાર્મિક ને નૈતિક વિચારો કંઈક વિકાસ પામેલા હોય, છતાં સ્વતંત્રતાનો વિચાર તેનામાં ઉગતોજ ડામી દેવામાં આવ્યો હોય. જેટલી આગલી પ્રજામાં સાંસારિક સંપત્તિઓની તૃપ્તિ હતી તેટલીજ આ પ્રજામાં માનસિક ને નૈતિક સંપત્તિઓની તૃપ્તિ છે. આ પ્રજાના દરેક મનુષ્યને કામ જેટલા સત્યનો ખ્યાલ આપવામાં આવ્યો છે, પરંતુ કોઈનેએ સ્વતંત્ર બુદ્ધિથી તે સત્યનું અન્વેષણ કરવા દેવામાં આવ્યું નથી. આ પ્રકારનું જીવન, આવું નૈતિક જીવન ઉત્સાહરહિત જોવામાં આવે છે; એશિઆની ઘણીખરી પ્રજાઓએ એવી સ્થિતિ અનુભવી છે. જ્યાં જ્યાં ધાર્મિક તત્ત્વો જીવનની પ્રવૃત્તિઓ પર પૂર સત્તા ભોગવે છે ત્યાં ત્યાં આમજ થાય છે. ઉદાહરણ તરીકે હિંદુઓની સ્થિતિ તપાસો. આગળ પૂછ્યો હતો તેજ પ્રશ્ન હું અહીં પણ પૂછીશ, શું આ પ્રજા સુધરતી આલેખાય?

આપણો કલ્પિત સિદ્ધાન્ત હું જુદી રીતે રજુ કરૂં છું: ધારો કે એક પ્રજા એવી છે કે જેમાં વ્યક્તિસ્વાતંત્ર્યનું પ્રાબલ્ય દૃષ્ટિગોચર થતું હોય, છતાં અવ્યવસ્થા ને અસમાનતા અતિશય હોય બળ ને અનિયમિતતાનું તેમાં સામ્રાજ્ય છે. બળવાન્ ન હોય તેવો પ્રત્યેક મનુષ્ય પીડા પામે છે, દુઃખી થાય છે, નાશ પામે છે, ને આખા સમાજમાં બળાત્કાર ખાસ જોવામાં આવે છે. યુરોપ આવી સ્થિતિમાં એક વાર આવી ગયું છે એ કોઈને અજ્ઞાત નથી. શું આ સુધરેલો સમય કહેવાય? બેશક સુધારાના અંશો એમાં હોય ને તે શનૈઃ શનૈઃ ઉત્ક્રાન્તિ પામે, પણ આવા સમાજમાં જે બાબતો પ્રધાન પદ ભોગવે છે તેને વિષે છાતી ઠોકીને આપણે કહી શકીએ કે સામાન્ય બુદ્ધિથી તપાસતાં તે સુધરેલો નજ ગણાય.

ચોથો ને છેલ્લો એક કલ્પિત સિદ્ધાન્ત આપણે વિચારીએ: ધારો કે એક પ્રજાના દરેક મનુષ્યની સ્વતંત્રતા ઘણી હોય, અને અન્યાય, અસમાનતા ક્વચિતજ થતાં હોય, ને હોય તોએ ચિરસ્થાયી ન હોય; પ્રત્યેક

મનુષ્ય પોતાના દિલને ચાહે તેમ કરી શકતો હોય, ને તેના સમાજના અન્ય બન્ધુઓના કરતાં સત્તા પણ વિશેષ ન ભોગવતો હોય; છતાં એ સમાજમાં સામાન્યતઃ રસ પડે એવી થોડીજ વસ્તુઓ હોય, થોડાજ પ્રજાકીય વિચારો હોય, થોડીજ સામાજિક પ્રવૃત્તિઓ હોય. સંક્ષેપમાં ધારો કે અન્યોન્યના પર બીલકુલ અસર કર્યા વગર, અન્યોન્યની સહાયતાની બીલકુલ મદદ લીધા વગર, મનુષ્યો માત્ર જન્મે ને ચાલ્યા જાય ને તેમની શક્તિઓ સમાજને કંઈ લાભ કર્યા વગર ક્ષય પામતી જાય. આ સ્થિતિ જંગલી લોકોની સ્થિતિ છે. આમાં સ્વતંત્રતા ને સમાનતા છે, પણ સુધારો તો ખરેખર નથીજ.

આવા સિદ્ધાન્તો આપણે ઉપરાઉપરી કલ્પી શકીએ. પણ હું ધારૂં છું કે સુધારાનો સાધારણ રીતે રૂઢ ને સ્વાભાવિક અર્થ શું છે તે સમજાવવાને આપણે ઠીક વિચારો એકઠા કર્યા છે.

મારી દર્શાવેલી સ્થિતિઓમાંથી એકે સ્થિતિ જનસમાજની સાધારણ બુદ્ધિને સુધરેલી લાગતી નથી. કારણ? મને એમ ભાસે છે કે સુધારામાં અગત્યનું તત્ત્વ પ્રગતિનું કે ઉન્નતિનું છે. સુધારાના વિચાર સાથે ઉન્નતિના માર્ગમાં આગળ પ્રયાણ કરતા, પોતાની સ્થિતિ બદલવાને મથી રહેતા સમાજનો વિચાર આવે છે. મને લાગે છે કે સુધારાના વિચારમાં પ્રગતિનો કે ઉન્નતિનો વિચાર મુખ્ય છે. આ પ્રગતિ તે શું છે? આ ઉન્નતિ તે શું છે? આ સમજવુંજ અઘરામાં અઘરૂં છે.

સુધારાના વિચારમાં નાગરિક જીવનની પરિપૂર્ણતાનો ને સામાજિક ઉન્નતિનો વિચાર સ્પષ્ટતાથી માલૂમ પડે છે. પણ શું આટલુંજ બસ છે? શું સુધારામાં આથી વધારેનો સમાવેશ નથી થતો? અથવા જુદી રીતે પૂછીએ તો મનુષ્યો વ્યવસ્થા ને શારીરિક સંપત્તિ પ્રાપ્ત કરે એટલે શું થયું? આવો સંકુચિત વિચાર આપણે તિરસ્કારને પાત્ર ગણીએ છીએ. સહેજ વિચારતાંજ લાગે છે કે સુધારાનો અર્થ આથી વધારે વિસ્તીર્ણ છે, વધારે ગુંચવણભરેલો છે, માત્ર સામાજિક સંબંધોની પરિપૂર્ણતા ને સામાજિક સુખસંબંધના કરતાં એમાં વિશેષ અર્થ સમાયલો હોય છે. ઇતિહાસ, લોકમત, ને સામાન્યતઃ પ્રચલિત અર્થ આ નૈસર્ગિક બુદ્ધિની તરફેણમાં છે.

બીજી પ્યુનિક લડાઈ પછીના વખતનું, એના ઉત્તમમાં ઉત્તમ સદ્‌ગુણોવાળું, દુનિયાનું સામ્રાજ્ય મેળવવાના પ્રયત્નમાં વધ્યું જતું, ને જ્યારે એની સામાજિક સ્થિતિ દેખીતી રીતેજ સુધરતી જતી હતી તેવા પ્રજાસત્તાક રાજ્ય વખતનુ ઝળકતું રોમ ઉદાહરણ તરીકે વિચારો. પછી એની પડતીનો વખત શરૂ થયો ત્યારનું, એની સામાજિક ઉન્નતિ થતી અટકી ગઈ હતી તે વખતનું, ને દુર્વ્યવસ્થા પ્રવર્તમાન થવાની તૈયારીનો કાળ હતો ત્યારનું, ઑગસ્ટસના રાજ્ય નીચેનું રોમ વિચારો. આ વખતે પડતી હતી, છતાં કોઈ પણ મનુષ્ય એવો નહિ હોય કે જે એમ નહિ વિચારે ને કહે કે ઑગસ્ટસના વખતનું રોમ, ફૅબ્રિકસ કે સિન્સિન્નેટસના વખતના રોમ કરતાં વધારે સુધરેલું હતું.

હવે આલ્પ્સ પર્વતની આ પાસે આવો, ને સત્તર કે અરાઢમા સૈકાના ફ્રાન્સનો વિચાર કરો. એટલું દેખીતુંજ છે કે સામાજિક દૃષ્ટિબિન્દુથી જોતાં, હૉલન્ડ ને ઇંગ્લન્ડ જેવા યુરોપના બાજા દેશોના કરતાં, સત્તર ને અરાઢમા સૈકાનું ફ્રાન્સ ઉતરતું હતું. હું ધારૂં છું કે હૉલન્ડ ને ઇંગ્લન્ડમાં સામાજિક પ્રવૃત્તિઓ વધારે હતી, વધારે જલદીથી વધી જતી હતી, ને તેનાં ફળ વધારે ફેલાતાં હતાં, છતાં સામાન્ય બુદ્ધિથી વિચારો તો માલૂમ પડશે કે સત્તર ને અરાઢમા સૈકાનું ફ્રાન્સ યુરોપમાં સૌથી વધારેમાં વધારે સુધરેલું હતું. યુરોપના લોકોનો આજ મત છે, ને યુરોપના સાહિત્યમાં પણ એ મત માન્ય થએલો છે.

આનીજ રીતે બીજા ઘણા રાજ્યોના એવા દાખલા આપી શકાય કે જેમાં સંપત્તિ વધારે હોય, વધારે જલદીથી વધતી જતી હોય, અન્ય સ્થળોના કરતાં વધારે સારી રીતે વહેંચાઈ ગએલી હોય, છતાં, નૈસર્ગિક બુદ્ધિથીજ જોતાં, જનસમાજની સાધારણ બુદ્ધિથીજ વિચારતાં, સામાજિક વ્યવસ્થામાં કંઈક ઉતરતાં અન્ય સ્થળોનાં કરતાં જેમાં સુધારો ઓછો થયો છે એમ માન્ય રાખવામાં આવ્યું હોય.

આનો અર્થ શું ? આ અન્ય સ્થળો કઈ બાબતમાં ચઢી જાય છે ? સામાજિક જીવન સિવાયનું અન્ય જીવન તે સ્થળોમાં વિકાસ પામેલું

જોવામાં આવે છે. એ વિકાસ વ્યક્તિ તરીકેના જીવનનો, આન્તર જીવનનો, મનુષ્યત્વનો, મનુષ્યની શક્તિઓનો, એની ભાવનાઓનો, એના વિચારોનો વિકાસ છે. જો અન્ય સ્થળોના કરતાં ત્યાં સમાજ કંઈ ઓછો ઉન્નત હોય છે, તો ઉલટું મનુષ્યત્વ વધારે ભવ્યતાથી પ્રાદુર્ભૂત હોય છે. નિઃશંક ત્યાં સામાજિક વિજયો મેળવવાના ઘણા બાકી હોય છે, પણ માનસિક ને નૈતિક વિજયો ઘણા મેળવાઈ ચૂકેલા હોય છે; સાંસારિક સંપત્તિઓ ને સામાજિક હકો ઘણા માણસોને મળ્યાં નથી હોતાં, પણ ઘણા મહાપુરુષો જન્મીને દુનિયામાં દીપી નીકળ્યા હોય છે. સાહિત્ય, વિજ્ઞાન, કળાઓ તેમના પૂર્ણ પ્રકાશમાં હોય છે. જ્યાં જ્યાં મનુષ્યો આ બધી મોટી બાબતો જોય છે, જ્યાં જ્યાં ભવ્ય આનંદ આપનારા આવા ખજાનાઓ સરજાયલા તેઓ નીરખે છે, ત્યાં ત્યાં સુધારો થયો છે એમ તેઓ સમજે છે ને કહે છે.

ત્યારે આ મોટી બાબતમાં બે બાબતોનો સમાવેશ જોવામાં આવે છે; સમાજની પ્રવૃત્તિઓનો વિકાસ, ને વ્યક્તિઓની પ્રવૃત્તિઓનો વિકાસ; સમાજની ઉન્નતિ, ને મનુષ્યત્વની ઉન્નતિ. હું ભૂલથાપ ન ખાતો હોઉં તો આ બાબત વિષે સરળ ને સાધારણ અન્વેષણ ને લોકમતના વિચારને પરિણામે આપણે આજ અનુમાન પર આવીએ છીએ. જો આપણે ઇતિહાસ તપાસીશું, જો આપણે સુધારાના અણીના ને ઉત્કર્ષક બનાવો જોઈશું તો ઉપર દર્શાવેલી બેમાંથી એક બાબત આપણને તેમાં મળી આવશે. વ્યક્તિની કે સમાજની ઉન્નતિના હમેશ કેટલાક અણીના વખતો હોય છે, તે વખતે મનુષ્યનું આન્તર જીવન, એના પન્થ, એની રીતભાત, એની બાહ્ય પરિસ્થિતિ, એના અન્ય મનુષ્યો પ્રતિ માંહોમાંહ્યના સમ્બન્ધ એ સર્વ બાબતોમાં પરિવર્તન થઈ જાય છે. ઉદાહરણ તરીકે ખ્રિસ્તિ ધર્મ માત્ર શરૂ થયો ત્યારેજ નહિ પણ સ્થપાયા પછીના તરતના વખતમાં પણ એ ધર્મે સામાજિક સ્થિતિ સુધારવાનો કંઈ પ્રયત્ન કર્યો નથી. એમ જાહેર કરવામાં આવ્યું હતું કે એ ધર્મ સામાજિક સ્થિતિને બીલકુલ છેડશે નહિ. ગુલામે પોતાના શેઠને બરાબર તાબે રહેવું એમ એ ધર્મમાં કહેવામાં આવ્યું, અર્થાત્ ગુલામગિરિની સામાજિક સ્થિતિ દૂર કરવાનો એ ધર્મનો યત્ન નહોતો. તે

વખતની સામાજિક સ્થિતિના રોગો કાઢી નાખવા માટે એ ધર્મે કંઈપણ મન્થન કર્યું નહોતું. છતાં કોણ નહિ કહે કે ખ્રિસ્તિ ધર્મ શરૂ થયો તે વખત, સુધારાનો એક અણીનો વખત હતો ? એમ હતું તેનું કારણ શું ? કારણ એ હતું કે એ ધર્મે મનુષ્યનું આન્તર જીવન, એના મતો, એની ભાવનાઓ બદલી નાંખ્યાં; કારણ એ હતું કે એ ધર્મે મનુષ્યની નૈતિક ને માનસિક બાબતોને નવુ જીવન અર્પ્યું.

એક બીજી જાતનો પણ અણીનો વખત આપણે જોયો છે. એ અણીના વખતે મનુષ્યનું આન્તર જીવન નહિ પણ મનુષ્યની બાહ્ય સ્થિતિમાં પરિવર્તન થાય છે, એ વખતે સમાજમાં ફેરફાર થઈ તેમાં નવું ચેતન આવે છે. ઇતિહાસ તપાસો ને તમને માલૂમ પડશે કે સુધારાની ઉન્નતિમાં મેં દર્શાવેલી બે બાબતોમાંથી એક કે બીજીએ અસર નહિ કરી હોય એવો એકકે અગત્યનો બનાવ જોવામાં નહિ આવે.

પણ બીજો પ્રશ્ન એ ઉદ્ભવે છે કે સુધારાને માટે વ્યક્તિઓની ઉન્નતિ ને સમાજની ઉન્નતિ એ બન્ને આવશ્યક છે, કે શું બેમાંથી એક હશે તો- એ સુધારો થયો ગણાશે ?

આ સવાલનું નિરાકરણ કરવામાં ત્રણ જુદાં જુદાં દૃષ્ટિબિન્દુઓથી જોઈ શકાય. આપણે સુધારાનાં બન્ને તત્ત્વો વિષે ઉંડો વિચાર કરીએ, ને તેથીજ જોઈએ કે એ તત્ત્વો ગાઢ સમ્બન્ધ ધરાવે છે કે નહિ,ને એક બીજાને માટે આવશ્યક છે કે નહિ. ઇતિહાસમાં અન્વેષણ કરી આપણે શોધી શકીએ કે એ તત્ત્વો એક બીજાથી ન્યારાળાં પ્રાદુર્ભૂત થયાં છે કે નહિ, કે હમેશ એ તત્ત્વો વચ્ચે કાર્યકારણ સમ્બન્ધ છે કે કેમ. છેવટે આ બાબતમાં લોકોનું સાધારણ માનવું શું છે, સામાન્ય બુદ્ધિથી આપણને શું લાગે છે તે આપણે તપાસી શકીએ. સૌથી પહેલો હું સામાન્ય બુદ્ધિ વિષે બોલીશ.

કોઈ પણ દેશની સ્થિતિમાં જ્યારે કંઈ મોટો ફેરફાર થાય છે, સંપત્તિ ને શક્તિનો જ્યારે મોટો વિકાસ થાય છે, સમાજસંપત્તિના ફેલાવામાં મોટું પરિવર્તન થાય છે, ત્યારે એ સર્વેનો એક વિરોધી પક્ષ ઉભો થાય છે, કેટલાક લોકો એને સામે થનારા નીકળે છે; આવી સ્થિતિ અનિવાર્ય

છે. થતા ફેરફારોના વિરોધીઓની સામાન્ય ફરિયાદ શુ હોય છે? તેઓ કહે છે કે જેટલે અંશે એ ફેરથી સામાજિક ઉન્નતિ થાય છે તેટલે અંશે નૈતિક ને માનસિક ઉન્નતિ સધાતી નથી. એ ઉન્નતિ ખોટી છે, આભાસ છે, ને પરિણામે નીતિને ને મનુષ્યને હાનિકર છે. સામાજિક ઉન્નતિની તરફેણ-વાળાઓ આ વિરોધનો ઉત્સાહથી પ્રતિવિરોધ કરે છે. તેઓ ઉલટું એમ માને છે કે સમાજની ઉન્નતિની સાથે નીતિની ઉન્નતિ થવીજ જોઈએ, બાહ્ય જીવન વધારે સુનિયમિત થવાની સાથે આન્તર જીવનનું પણ વિશુદ્ધીકરણ થવું જોઈએ. નવી સ્થિતિના પક્ષીઓ ને વિરોધીઓની વચ્ચેની તકરાર આ પ્રકારનું સ્વરૂપ ધારણ કરે છે.

ઉલટીજ સ્થિતિ તપાસોઃ નૈતિક ઉન્નતિ વિકાસ પામતી ધારો. આ ઉન્નતિ માટે મન્થન કરનારાઓ શો અન્તિમ ઉદ્દેશ દર્શાવે છે? જુદા જુદા સમાજોના જન્મ વખતે ધર્મગુરુઓ, સન્તસાધુઓ, ને કવિઓએ પોતાના આદર્શોથી સમાજમાં શો ઉદ્દેશ સાધવા ઇચ્છા દર્શાવી છે? તેઓએ સામા-જિક સ્થિતિમાં સુધારો કરવાનો ઉદ્દેશ રાખ્યો છે. ત્યારે આ તકરારોનો ભાવાર્થ શું છે? તેમાંથી શું સૂચિત થાય છે?

આમાંથી એવું સૂચિત થાય છે કે સામાજિક ઉન્નતિ ને નૈતિક ઉન્નતિ એ બન્ને સુધારાનાં તત્ત્વો ગાઢ સમ્બન્ધ ધરાવે છે, ને જ્યાં એક નજરે પડે છે, ત્યાં બીજાની પણ માણસ આશા રાખે છે.

જો આપણે ઇતિહાસ તપાસીશું તોએ આપણે આજ નિર્ણય પર આવીશું. આપણને માલૂમ પડશે કે મનુષ્યજીવનના મહાન્ આન્તર વિકાસો સામાજિક જીવનને લાભદાયી નીવડ્યા છે, ને સામાજિક જીવનના મહાન્ વિકાસથી મનુષ્યના આન્તર જીવનને લાભ થયા છે. આ બેમાંથી એક બાબત આપણે આગળ પડતી જોઈએ છીએ, તે સ્પષ્ટ રીતે પ્રાદુર્ભૂત હોય છે, ને સુધારાના જે ફેરફારો થતા હોય છે તેના પર અમુક જાતની છાપ પાડતી હોય છે. કેટલીક વાર સામાજિક સુધારા ગઈ ગયા પછી ઘણે લાંબે વખત-ને અંતરેજ, હજારો વિઘ્નોને અન્તે, હજારો ફેરફારો પછી માનસિક ને નૈતિક સુધારા થાય છે, પણ સૂક્ષ્મ નિરીક્ષણથી માલૂમ પડશે કે એએ સુધા-

રાઓ એક બીજા સાથે સમ્બન્ધ ધરાવે છે.

ઇતિહાસદૃષ્ટિથી જોવાનું કોરે મૂકી સુધારાની બાબતોના ખાસ લક્ષણ વિષેજ વિચાર કરીએ તોએ આપણે પરિણામે એજ અનુમાન પર આવીએ છીએ. એવો કોઈએ માણસ નથી કે જેને આનો અનુભવ નહિ થયો હોય. મનુષ્યમાં જ્યારે નૈતિક સુધારો થાય છે, પોતાનામાં અગાઉ ન હોય એવો કોઈ વિચાર, કોઈ સદ્ગુણ, કે કોઈ શક્તિપ્રભાવ મનુષ્યને જ્યારે પ્રાપ્ત થાય છે, સારાંશમાં મનુષ્યના આન્તર જીવનની જ્યારે ઉન્નતિ થાય છે, ત્યારે તેજ સમયે એની શી અભિલાષા હોય છે, એ શું સાધવા ઇચ્છે છે? એની અભિલાષા, એની ઇચ્છા એની આસપાસની દુનિયામાં એના નવા વિચારો પ્રવર્તાવવાની હોય છે. મનુષ્યને કંઈ પણ પ્રાપ્ત થાય છે કે તરત, એના જીવનમાં કંઈ પણ ચોક્કસ વિકાસ થાય છે કે તરત, આ નવો, વિકાસ એનો પોતાનો છે એમ એને વિચાર થાય છે; પોતાની નૈસર્ગિક બુદ્ધિથી, પોતાના આન્તર પ્રોત્સાહનથી પ્રોત્સાહિત, પોતાને સધાયલા ફેરફારો ને સુધારા અન્યને સાધિત કરવા મનુષ્ય દોરવાય છે. મોટા સુધારકો આવીજ લાગણીને પરિણામે સુધારકો થયા છે; પોતાને સુધારીને પછી આખી દુનિયાને સુધારી ફેરવી નાખનારા મહાપુરુષો પોતાનું કાર્ય સાધવામાં આવીજ જરૂરીઆતથી દોરવાયા હતા. આન્તર જીવનમાં થતા ફેરફાર વિષે આટલુંજ. હવે હું સામાજિક સુધારા વિષે કહીશ. સામાજિક સ્થિતિમાં પરિવર્તન થવાથી સમાજ સુવ્યવસ્થિત થાય છે, ને તેના અંગોમાં હકો ને મિલ્કતની વધારે યોગ્ય વહેંચણી થાય છે, અર્થાત્ દુનિયાનો દેખાવ વધારે શોભીતો ને વધારે સુંદર થાય છે, રાજ્યનાં કામો ને માણસોનાં પરસ્પર વર્તનો વધારે ન્યાયયુક્ત, ને વધારે ઉપકારશીલ બને છે. શું તમે એમ માનો છો કે આ બાહ્ય સુધારા આન્તર જીવનના સુધારા પર કંઈજ અસર કરતા નથી? સારા દાખલાઓ, સારી રૂઢિઓ, ઉચ્ચ આદર્શો—એ સર્વેના મહત્ત્વ વિષે જે જે કહેવામાં આવ્યું છે તેનો આધાર એ છે કે કોઈ પણ સારો ને સુવ્યવસ્થિત બહારનો બનાવ મોડોવહેલો, ઓછીવત્તી પૂર્ણતાથી એવાજ પ્રકારનું, એવીજ અગત્યનું આન્તર પ્રતિબિંબ પાડી એવી આન્તર પ્રવૃત્તિ ઉત્તેજિત કરે છે;

વધારે સુવ્યવસ્થિત ને વધારે ન્યાયી દુનિયા મનુષ્યને પોતાનેજ વધારે ન્યાયી બનાવે છે; જેમ બાહ્ય જીવન આન્તર જીવનથી સુધરે છે તેમ આન્તર જીવન બાહ્ય જીવનથી સુધરે છે; સુધારાનાં બન્ને તત્ત્વો એક બીજાની સાથે ગાઢ સમ્બન્ધ ધરાવે છે; એ બેની વચ્ચે સૈકાઓના સૈકાઓ ને સર્વ પ્રકારનાં વિઘ્નો કદાચ આવે ને તેથી બન્ને સાથે સાથે ન જોવામાં આવે; આમ સાથે સાથે થતાં પહેલાં હજારો ફેરફારો થઈ જવાનો સંભવ રહે. છતાં મોડાંવહેલાં બન્ને તત્ત્વો સાથે સાથે થવાનાંજ. વસ્તુસ્થિતિનોજ આ નિયમ છે, ઇતિહાસ પણ સામાન્યતઃ એ નિયમની તરફેણમાં છે, મનુષ્યને નૈસર્ગિક બુદ્ધિથી સુદ્ધાં એ નિયમ માન્ય લાગે છે.

એમ આપણે કહ્યું કે સુધારામાં બે પ્રકારની ઉન્નતિનો સમાવેશ થાય છે; સામાજિક ને નૈતિક. હવે આ બેમાં અન્તિમ વસ્તુ શી છે ને તેની સાધક વસ્તુ કઈ છે ? માણસ પોતાની નીતિની, પોતાની શક્તિઓની, પોતાની ભાવનાઓની, પોતાના વિચારોની, પોતાના જીવનની ઉન્નતિ કરે છે તે શું એની સામાજિક સ્થિતિ સુધારવાને માટે, શું એના ઐહિક જીવનને ઉચ્ચતર કરવાને માટે કરે છે ? વધારે સારૂં શું એમ નથી કે સામાજિક ઉન્નતિ નૈતિક ઉન્નતિની રંગભૂમિ, નૈતિક ઉન્નતિની સાધક, ને નૈતિક ઉન્નતિની પ્રોત્સાહક શક્તિ છે ? સંક્ષેપમાં, સમાજ વ્યક્તિઓને અર્થે છે કે વ્યક્તિઓ સમાજને અર્થે ?

**પ્રો. રોયર કોલ્લાર્ડે** આ પ્રશ્નોનું સમાધાન કર્યું છે. એના વ્યાખ્યાનમાં બે વાક્યો આ પ્રમાણે નજરે પડે છે. "આ દુનિયામાં સમાજો જન્મે છે, જીવે છે, જાય છે; તેટલાથીજ તેમની ઉન્નતિની યાત્રા પૂરી થાય છે. પણ સમાજજીવનમાં સર્વ મનુષ્યજીવન પુરૂં થતું નથી. સમાજમાં જોડાયા પછી પણ માણસનું ઉત્તમ મનુષ્યત્વ, ઈશ્વર પ્રતિ ઉચ્ચ આકર્ષણ કરનારી એની ઉચ્ચ શક્તિઓ, ભવિષ્ય જીવનને અદૃશ્ય સંસારના અનનુભૂત સુખના માર્ગમાં લઈ જનારી ઉચ્ચ શક્તિઓનો વિકાસ થવાનો બાકી રહે છે.... જેમના આત્માઓ અમર છે એવી અમુક વ્યક્તિઓ, એવા અમુક માણસો,

એવા અમુક આપણા જીવોનું ભાવિ રાજ્યોના ભાવિની પેઠે માત્ર ઐહિક નથી પણ જુદું છે, પારમાર્થિક છે."

આથી વિશેષ હું નહિ કહું. આ વિષયનું વિવેચન કરવાનું હું માથે નહિ લઉં. હું માત્ર આ વિષય આપના સમક્ષ રજુ કરીનેજ સંતોષ પામીશ. સુધારાનો ઇતિહાસ તપાસતાં એ સમુપસ્થિત થાય છે. સુધારાનો ઇતિહાસ જ્યારે પૂરો થાય છે, આપણા ઐહિક જીવન વિષે કહેવાનું જ્યારે સમાપ્ત થાય છે ત્યારે મનુષ્ય અવશ્યે પૂછે છે કે શું સુધારાનું કાર્ય બધું થઈ રહ્યું, શું અન્તિમ વસ્તુ પ્રાપ્ત થઈ ચૂકી છે? સુધારાનો ઇતિહાસ જે જે વિષયો સમુપસ્થિત કરે છે તેમાં સૌથી ચઢીઆતો આ બાબતનો વિષય છે. એ વિષયની સ્થિતિ ને એની પ્રૌઢતા દર્શાવી હું કૃતકૃત્ય થાઉં છું.

જે બધું કહ્યું તે પરથી એટલું દેખીતું છે કે સુધારાનો ઇતિહાસ બે જુદી જુદી રીતોએ વર્ણવી શકાય, બે જુદી જુદી બાબતોથી શરૂ કરી શકાય, ને બે જુદા જુદા દૃષ્ટિબિન્દુઓથી જોઈ શકાય. ઇતિહાસકર્તા મનુષ્યના આન્તર જીવનનું નિરીક્ષણ કરે, તેનો અભ્યાસ કરી, તેમાં થએલા ફેરફારો વર્ણવે, ને તેને અન્તે સુધારાનો ઇતિહાસ પણ પૂરો કરે; અથવા તો એ જુદી પદ્ધતિએ ચાલે. મનુષ્યના આન્તર જીવનનો પટ ન ખોલતાં એ તેનું માત્ર બાહ્ય જીવન જુએ, મનુષ્યના વિચારો, મનુષ્યની ભાવનાઓ, મનુષ્યનું નૈતિક જીવન ન તપાસતાં સામાજિક બાબતો, સામાજિક બનાવો, ને સામાજિક ફેરફારોજ એ વર્ણવે. સુધારાના ઇતિહાસના આ બે ભાગ, સુધારાના આ બે ઇતિહાસો એક બીજા સાથે ગાઢ સમ્બન્ધ ધરાવે છે; તેઓ એક બીજાના પ્રતિબિમ્બરૂપ છે, એક બીજાનાં છાયાસ્વરૂપ છે. છતાં તે બે જુદા પાડી શકાય તેવા છે; બન્ને વિષે વીગતવાર ને સ્પષ્ટતાથી વિવેચન થાય તે હેતુથી કદાચ તેમને જુદા પાડવા જોઈએ પણ ખરા. હું જાતે તો મનુષ્યના આન્તર જીવનસમ્બન્ધી સુધારાના ઇતિહાસનો તમારી સાથે અભ્યાસ કરવા નથી માગતો; હું તો બાહ્ય બનાવો, દૃષ્ટિગોચર થતી ને સમાજને લગતી બાબતો વિષે વિવેચન કરીશ. સુધારાની બધી બાબતો તમારા

આગળ રજુ કરવાની મારી ઇચ્છા હતી ખરી, પણ હાલમાં હું વિષય સંકુચિત રાખું છું, સામાજિક સ્થિતિના ઇતિહાસ વિષેજ હું અન્વેષણ કરવા ચાહું છું.

રોમન સત્તાની પડતી થઈ તે વખતે યુરોપના સુધારાનો અરુણોદય હતો, એ સુધારાનાં તે વખતનાં તત્ત્વોના અન્વેષણથી આપણે આપણા વિચારનું કામ શરૂ કરીશું. તે પ્રખ્યાત પડતીના વખતની સામાજિક સ્થિતિનો આપણે અભ્યાસ કરીશું. તે વખતના સમાજનું ચિત્ર આપી તેને માત્ર આબેહુબ આપણે ખડો નહિ કરીએ, પણ તે વખતના સુધારાનાં તત્ત્વોને સાથે સાથે મુકી જોઈશું, અને તે કહી રહ્યા પછી તે તત્ત્વો ત્યાર પછીના પંદર સૈકામાં ધીમે ધીમે કેવી રીતે વિકસિત થયાં તે આપણે તપાસીશું.

હું ધારૂં છું કે આ બાબતનો આપણે થોડોજ અભ્યાસ કરીશું તો આપણને માલૂમ પડશે કે સુધારા હજી પરિપક્વ સ્થિતિમાં નથી, દુનિયાને જે જે ઉદ્દેશો સાધવાના છે તે તે હજી સાધિત થયા નથી. ઉન્નતિના માર્ગમાં સમાજ ને સુધારા જોકે ઘણા આગળ વધ્યા છે તોએ હજી તેમને ઘણું બાકી રહ્યું છે. પણ આ વિચારથી આપણી આધુનિક સ્થિતિ વિષે મનનથી જે આનંદ, જે શાન્તિ આપણને મળે છે તે કંઈ ઘટશે નહિ. છેલ્લા પંદર સૈકાઓના યુરોપના સુધારાના અણીના વખતો વિષે હું જેમ જેમ સમજાવવાનો પ્રયાસ કરતો જઈશ તેમ તેમ છેક આપણા વખત સુધી મનુષ્યની સ્થિતિ બાહ્ય તેમજ આન્તર બાબતોમાં કેવી દુઃખી, કેવી કષ્ટજનક થઈ છે તે તમને માલૂમ પડશે. આ બધા યુગોમાં જેટલું બહારથી તેટલું અંદરથી મનુષ્યના આન્તર જીવનને દુઃખ સહેવું પડયું છે; તમે જોશો કે કદાચ પહેલીજ વાર હાલના વખતમાં મનુષ્યના આન્તર જીવનમાં શાન્તિનું સામ્રાજ્ય સ્થપાયું છે. સામાજિક જીવન વિષે પણ એજ સ્થિતિ જોવામાં આવે છે. છતાં આપણા સુખ ને આપણા સુધારાના વિચારમાં મશગુલ ન થઈ જઈએ તે વિષે આપણે સાવચેત રહેવું જોઈએ; તેમ નહિ કરીએ તો અભિમાન ને આલસ્યને શરણે જવાની આપણે બે ગંભીર ભૂલો કરીશું.

મનુષ્યનું માનસિક બળ ને તેની ફત્તેહ, અને આપણી ઉન્નતિને વિષે આપણે જોઈએ તેથી વધારે વિશ્વાસ રાખીએ, ને તેનીજ સાથે આપણી સ્થિતિમાં અત્યન્ત સુખ માની અવનત થતા જઈએ. મને લાગે છે કે ક્યાં તો જરા જરામાં બૂમ મારવાના ને કારણ વગર સંતોષમાં રહેવાના બે વલણોની વચમાં આપણે વારંવાર ઝોલાં ખાયા કરીએ છીએ. આપણી મનોવૃત્તિઓ બળવતી હોય છે, આપણે મોટા મોટા વિચારો કરીએ છીએ, આપણે મોટી મોટી કલ્પનાઓ ઉઠાવીએ છીએ, પણ જ્યારે ખરેખરૂં કામ કરવાનો વખત આવે છે, જ્યારે કંઈ પણ તસ્દી લેવાનો સમય આવે છે, જ્યારે કંઈ પણ આપણે ભોગ આપવો પડે છે, જ્યારે કંઈ પણ કામ કરવાના આપણે પ્રયત્ન કરવા પડે છે ત્યારે આપણે શિથિલ બની જઈએ છીએ, આપણે નિરાશ બની જે પ્રમાણેની અધીરાઈથી આપણે આપણું કામ હાથ ધર્યું હોય છે તેટલીજ સ્હેલાઈથી તેને પડતું મુકીએ છીએ. આ બે દોષોને ન શરણે જવાની આપણે સાચવણ રાખવી જોઈએ. આપણી શક્તિ, આપણું બળ, આપણું જ્ઞાન કેટલું છે તેની પ્રથમથી ખાત્રી કરવાની આપણે ટેવ પાડવી જોઈએ; ને જે કંઈ કામ બ્યાજબી રીતે, નિયમિત રીતે, ને આપણો સુધારો જે નિયમે સધાતો હોય તે નિયમોનેજ હમેશ વળગી રહીને ન થતું હોય તે કરવામાં આપણે મન ન ઘાલવું જોઈએ. ન્યાય, વ્યવહાર, પ્રસિદ્ધિ, સ્વતંત્રતા—એ આપણા સુધારાના નિયમોને આપણે દૃઢતાથી, આકીનથી, નિશ્ચિતતાથી વળગી રહેવું જોઈએ. વળી આપણે ભૂલવું નહિ કે જેમ દરેક વસ્તુને આપણે પરીક્ષકદૃષ્ટિથી જોઈ શકીએ છીએ, અને તે વ્યાજબી રીતે, તેમ આપણને પણ જોનાર દુનિયા છે, આપણાં કૃત્યો પણ તે ચર્ચશે, તેને વિષે પણ તે અભિપ્રાય બાંધશે.

# વ્યાખ્યાન બીજું.

વ્યાખ્યાનનો વિષય—પ્રાચીન સુધારાઓની સરળતા—આધુનિક સુધારાઓનું વૈવિધ્ય—તેનું ચઢીઆતાપણું—રોમન સત્તાની પડતીની વખતે યુરોપની સ્થિતિ—શહેરોનું પ્રાધાન્ય—રાજાઓએ કરેલા રાજકીય સુધારાના પ્રયત્ન—ઓનોરિયસ ને બીજા થિઓડોસિયસની આજ્ઞાપત્રિકા—રોમન રાજ્યના નામની સત્તા—ખ્રિસ્તિ સમાજ—પાંચમા સૈકામાં એની થએલી જુદી જુદી સ્થિતિઓ—પાદરીઓનો રાજ્ય વહીવટ—સમાજની સારીમાઠી અસર—વૈદેશિક અથવા પરદેશી લોકો—વ્યક્તિઓનું સ્વાતંત્ર્ય ને મનુષ્યોની અન્યોન્ય ફરજનું તેઓ ભાન કરાવી આધુનિક સમાજમાં તે દાખલ કરે છે—પાંચમા સૈકાના સુધારાનાં તત્ત્વો વિષે સાર.

મારી વ્યાખ્યાનમાળાની ગોઠવણ વિષે વિચાર કરતાં મને ધાસ્તી રહે છે કે થોડામાં ઘણાનો સમાવેશ કરવાની આવશ્યકતાને લીધે ક્યાંતો મારે બહુ લંબાણથી બોલવું પડશે, કે ક્યાંતો બહુ ટુંકાણથી બોલવું પડશે.

વળી એવાજ કારણથી ઉભી થતી એક બીજી મુશ્કેલીનો મને ભય રહે છે; તે ભય એ છે કે કેટલીક વાર સમર્થન કર્યા વગર અમુક સિદ્ધાન્તો મારે રજુ કરવા પડશે. થોડામાં ઘણું કહેવું પડતું હોવાથી તેનું આ પરિણામ છે. કેટલાક વિચારો, કેટલાક સિદ્ધાન્તો એવા સૂઝશે કે તેનું સમર્થન પાછળથી આપવું પડશે. હું આશા રાખું છું કે કેટલીક વાર મારા માત્ર શબ્દ પર શ્રદ્ધા રાખી મને માની લેવાની હું તમને જરૂર પાડીશ તેની તમે મને ક્ષમા આપશો. અમણાજ આવી જરૂરનો પ્રસંગ આવે છે.

આગલા વ્યાખ્યાનમાં સુધારાની સામાન્ય બાબત વિષે સમજુતી આપવાને મેં પ્રયાસ કર્યો છે. કોઈ ખાસ સુધારા વિષે હું બોલ્યો નથી, કારણ કે

સ્થળની પરિસ્થિતિને હું વળગી રહ્યો નથી, પણ માત્ર તાત્ત્વિક દૃષ્ટિબિન્દુથી સુધારો તે શું તેનોજ મેં વિચાર દર્શાવ્યો છે. યુરોપના સુધારાના ઇતિહાસ વિષે હું આજે બોલીશ; પણ વ્યાખ્યાન કરતાં પહેલાં, આ સુધારાના અમુક બાહ્ય લક્ષણો વિષે હું તમને સામાન્ય માહીતી આપવા ઇચ્છું છું. એ લક્ષણો હું તમને એવાં સ્પષ્ટ આપવા માગું છું કે આ સુધારો દુનિયાના બીજા સુધારાઓથી તદ્દન જુદોજ પડી જાય. આટલો હું પ્રયાસ કરીશ, આથી વિશેષનું હું કરી શકું તેમ નથી; પણ એ પ્રયત્ન વિષે હું નિશ્ચયપૂર્વક કહી શકું. બાકી વધારેને માટે તો યુરોપના સમાજની સ્થિતિનો મારે એવો આબેહુબ ખ્યાલ આપવો જોઈએ કે તમે તરતજ તે વર્ણન તે વખતનું ખરેખરૂં ચિત્ર છે એમ કબૂલ કરો. પણ આવી ફત્તેહ મને મળશે એમ હું ફુલાતો નથી.

યુરોપના આધુનિક સુધારાઓની પૂર્વે થઈ ગએલા એશિઆ કે ગ્રીસ કે રોમ આદિ અન્ય સ્થળોના સુધારા વિષે વિચાર કરીશું ત્યારે તે સુધારાઓમાં જોવામાં આવતી સરળતા ભાગ્યેજ આપણું લક્ષ નહીં ખેંચે. એ સુધારાઓ એકજ બનાવ, એકજ વિચારમાંથી ઉદ્ભવેલા જોવામાં આવે છે. કોઈ એમ પણ કહી શકે કે સમાજ એકજ મુખ્ય નિયમને વળગી રહ્યો છે, ને તે નિયમથીજ તે સમાજની સંસ્થાઓ, તેના રીતરિવાજો, તેના જુદા જુદા પન્થો, તેની સર્વ પ્રકારની ઉન્નતિ નિર્ણીત થાય છે.

ઉદાહરણ તરીકે ઈજીપ્ટમાં આખા સમાજમાં ધાર્મિક નિયમો પ્રધાનપદ ભોગવતા હતા. ઈજીપ્ટના રિવાજો, ઇજીપ્ટની સ્મરણીય બાબતો, ને ઇજીપ્ટના સુધારાનો જે કંઈ શેષ ભાગ જોવામાં આવે છે તે બધામાં એ નિયમોનું રાજ્ય ચાલતું હતું. હિંદુસ્થાનમાં પણ એજ બનાવ તમારા જોવામાં આવશે; ધાર્મિક નિયમોનું એકલાનુંજ ત્યાં પણ હજી લગભગ સામ્રાજ્ય છે. અન્ય સ્થળે તમને બીજાં નિયામક તત્ત્વ માલૂમ પડશે—જેમકે સર્વોપરિ જ્ઞાતિનું બળ; અહીંઆં આગળ સમાજ પર બળનોજ નિયમ કાબુ રાખશે. અન્ય સ્થળે સામાજિક સુધારામાં પ્રજાસત્તાક બળનું તમને પ્રાધાન્ય જણાશે; એશિઆ

માઇનોર ને સીરિયાને કિનારે આવેલાં આયોનિયા ને ફિનિશિયાના વ્યાપારિક પ્રજાસત્તાક રાજ્યોમાં આજ સ્થિતિ થઈ છે. ટુંકામાં પ્રાચીન સુધારાઓ વિષે વિચાર કરીએ છીએ ત્યારે આપણને માલૂમ પડે છે કે તેમની સંસ્થાઓ, તેમના વિચારો, તેમના રીતરિવાજો—એ સર્વ બાબતોમાં કોઈ સરળ ને એક નિયમ વ્યાપી રહેલો હોય છે; એ સર્વ બાબતોમાં એકજ, અથવા તો ઘણુંખરૂં પ્રાધાન્ય ભોગવતું કોઈ બળ સામ્રાજ્ય ભોગવે છે.

હું એમ નથી કહેવા માગતો કે આ રાજ્યોના સુધારાઓમાં એક સ્વરૂપ હમેશાં પ્રબળ રહ્યું છે. એ રાજ્યોની જ્યારે આપણે વધારે પ્રાચીન હકીકત મેળવીએ છીએ ત્યારે આપણને માલૂમ પડે છે કે અનેક જુદાં જુદાં તત્ત્વોએ સામ્રાજ્યને માટે યુદ્ધ મચાવ્યું છે. ઉદાહરણ તરીકે ઇજીપ્શિઅન, ઇટ્રસ્કન, ગ્રીક વગેરે લોકોમાંજ યોદ્ધાવર્ગે ધર્મગુરુવર્ગની વિરુદ્ધ સત્તા મેળવવા રસાકસી કરી છે; અન્ય સ્થળે જાત્યભિમાનનો પવન સ્વતંત્ર રીતે એકત્રિત થવાના પવનના વિરોધમાં આવ્યો છે; ઉચ્ચ વર્ગના હાથમાં સત્તા રાખવાનો પવન પ્રજાવર્ગના હાથમાં સત્તા રાખવાના પવનની સામે આવ્યો છે, વગેરે વગેરે. પણ સાધારણ રીતે આવી રસાકસી ઐતિહાસિક કાળના પૂર્વના સમયમાં થઈ છે, ને તેથી કરીને તેનું માત્ર અનિશ્ચિત સ્મરણ ટકી રહ્યું છે.

આ રસાકસી કેટલીક વાર જુદી જુદી પ્રજાઓના સમયમાં ફરી ફરીને અસ્તિત્વમાં આવી છે, પણ ઘણુંખરૂં હમેશાં એનો ત્વરાથી અન્ત આવ્યો છે; સર્વોપરિ થવાને મથતાં તત્ત્વોમાંથી એકાદ તત્ત્વ જલદીથી સામ્રાજ્ય મેળવી શકે છે, ને સમાજમાં સર્વશક્તિમાન્ થાય છે. મોટે ભાગે પ્રાચીન સુધારાઓમાં અજબ પમાડે એવી સરળતા જોવામાં આવે છે તે આનું પરિણામ છે. આ સરળતાનાં જુદાં જુદાં પરિણામો આવ્યાં છે. કેટલીક વાર, જેમકે ગ્રીસમાં, સામાજિક નિયમોની સરળતાને લીધે અદ્દ્ભુત પમાડે એટલી ત્વરાથી પ્રજાકીય ઉન્નતિ થઈ છે. એટલી ત્વરાથી કોઈ પણ પ્રજાનો આવો ઝંખવી નાંખે એવો વિકાસ કદાપિ થયો નથી. પણ આ ચમત્કારિ ઉડ્ડયનને અન્તે ગ્રીસ એકદમ થાકી ગયું જણાયું; જોકે જેટલી ત્વરાથી એની ઉન્નતિ થઈ

હતી એટલી ત્વરાથી નહિ, તોએ કંઇક વિચિત્ર ત્વરાથી, એની અવનતિ થઈ. એમ લાગે છે કે ગ્રીસના સુધારાઓની ઉત્પાદક શક્તિ શિથિલ, બળહીન થઈ હતી ને સુધારાઓને જાગ્રત્ કરવાને તેના જેવી અન્ય શક્તિ અસ્તિત્વમાં આવી નથી.

અન્ય સ્થળે, ઉદાહરણ તરીકે ઈજીપ્ટ ને હિંદુસ્થાનમાં, એકજ નિયમથી નિર્ણીત થતા આવા સુધારાની સરળતાનું જુદું પરિણામ આવ્યું છે; સમાજની સ્થિતિ સ્થાયી થઈ ગઈ છે. સરળતાએ શુષ્ક સમાનરૂપતા આણી છે; દેશનો કંઈ નાશ નથી થયો, સમાજ કંઈ નાશ નથી પામ્યો, પણ તે ઉત્સાહરહિત, સ્થાયી, ને જાણે ઠરી કે ઠીંગરાઈ ગયો હોય તેવો થયો છે.

સર્વ પ્રાચીન સુધારાઓના વખતમાં નિયમને બાને, ને જુદા જુદા રૂપમાં જે જુલમ થએલો જોવામાં આવે છે તેનું કારણ પણ ઉપલુંજ છે. સમાજ પર એકજ સુધારાનું સર્વ શક્તિમાન્ રહેતું, ને તે તત્ત્વ બીજા કોઈ પણ તત્ત્વને હરીફાઈમાં ટકવા નહોતું દેતું. જુદી જાતનું દરેક વલણ દબાવી દેવામાં આવતું હતું.

આ પ્રકારની સુધારાની એકતત્ત્વપ્રધાનતા, આ પ્રકારની સુધારાની સરળતા સાહિત્ય અને બુદ્ધિના ક્ષેત્રમાં પણ સરખીજ રીતે પ્રવર્તમાન છે. થોડો સમય પહેલાં યુરોપમાં ફેલાવવામાં આવેલા હિંદુસ્થાનના સાહિત્યના સ્મારક ભંડારોથી કોણ અજ્ઞાત છે? તે બધામાં એકસરખાપણું ન જોવામાં આવે એ અશક્ય છે; એકજ બાબતનાં તે બધાં પરિણામરૂપ છે, એકજ વિચારના આવિર્ભાવરૂપ છે. ધર્મ કે નીતિનાં પુસ્તકો, ઐતિહાસિક પુરાણો, નાટકો ને વર્ણનાત્મક કાવ્યો, એ સર્વેમાં એકસરખાપણું જોવામાં આવે છે. બનાવો ને સંસ્થાઓમાં જે પ્રકારની શુષ્ક સમાનરૂપતા જોવામાં આવે છે તેજ પ્રકારની માનસિક કૃતિઓમાં પણ જોવામાં આવે છે. ગ્રીસમાં પણ, મનુષ્યબુદ્ધિના પરિપૂર્ણ ખીલવટના સમયમાં સુદ્ધાં, સાહિત્ય બળવાન્ રહે છે.

આધુનિક યુરોપના સુધારાની સ્થિતિ તદ્દન જુદીજ છે. વીગતોમાં ઉતર્યા વગર, એ તપાસી જુઓ, તે વિષેનાં તમારાં સ્મરણો એકઠાં કરો. તરતજ તમને એ સુધારામાં વિવિધતા, અનિયમિતતા, અશાંતતા માલૂમ

પડશે. સામાજિક બંધારણના સર્વે પ્રકારો, સર્વે નિયમો સાથે સાથે માલૂમ પડશે. ધાર્મિક ને લૌકિક સત્તાઓ ધર્મસત્તાક, નૃપસત્તાક, ઉચ્ચવર્ગસત્તાક, ને પ્રજાસત્તાક તત્ત્વો; સર્વે સામાજિક વર્ગો, સામાજિક વ્યવસ્થાઓ ગુંચવઈ જતાં ને સર્વોપરિ પદ મેળવવા મથતાં જણાશે. સ્વતંત્રતા, સંપત્તિ, ને સામર્થ્યની અગણિત કોટિઓ જોવામાં આવશે. આ ભિન્ન ભિન્ન તત્ત્વો વારંવાર સર્વોપરિતાને માટે રસાકસીમાં આવે છે, છતાં સમાજ પર એકેનું સામ્રાજ્ય થતું નથી. પ્રાચીન કાળોમાં દરેક મોટા યુગમાં સર્વે સમાજો એકજ પ્રકારનું રૂપ ધારણ કરતા. કેટલીક વાર માત્ર સ્વતંત્ર એક ભૂપતિની સત્તા, કેટલીક વાર ધર્મગુરુઓની સત્તા કે કેટલીક વાર પ્રજાવર્ગની સત્તા પ્રવર્તતી; પરંતુ વારાફરતી દરેક સર્વોપરિ રહેતી. આધુનિક યુરોપમાં સર્વે પદ્ધતિઓના દૃષ્ટાન્તો, સામાજિક બંધારણના સર્વે પ્રયોગો જડી આવે છે. સ્વતંત્ર કે મિશ્રિત પ્રકારની નૃપસત્તા, ધર્મગુરુસત્તા, ઉચ્ચ વર્ગોની વધારેઓછી સત્તાવાળી પ્રજાસત્તા—એ સર્વે એક બીજાની સાથે સાથે પ્રવર્ત્યાં છે; અને તે સર્વેમાં વિવિધતા હોવા છતાં, કંઈક સમતા, કંઈક જાતિની સરખામણી એવી છે કે તે પારખ્યા સિવાય રહેવાય તેમ નથી.

યુરોપના વિચારો ને યુરોપની ભાવનાઓમાં એજ પ્રકારની વિવિધતા, એજ પ્રકારની કસાકસી છે. ધર્મગુરુઓ, ભૂપતિઓ, ઉચ્ચ વર્ગો, ને પ્રજાના વિચારો પરસ્પર વિરોધમાં આવે છે, પરસ્પર સંઘટ્ટન પામે છે, પરસ્પરને સંકુચિત કરે છે, ને પરસ્પર રૂપાંતર કરાવે છે. માધ્યમિક યુગના યુરોપનાં પ્રખરમાં પ્રખર લખાણો વાંચો; એક પણ વિચાર પહેલેથી છેલ્લે સુધી પકડી રાખેલો કદી જોવામાં નથી આવતો. આપખુદ સત્તાના પન્થના માણસો પોતાના મતનું પ્રતિપાદન કરતાં તેના પરિણામના ભયથી એકદમ ને અજાણતાંજ તેમના મુખ્ય સિદ્ધાન્તો આગળથી પાછા ફરે છે. તેમના વિચારો ને તે વિચારોનાં પરિણામો તેમને આગળ વધતાં ખંચાવે છે, ને હદ પર જતાં અટકાવે છે. પ્રજાસત્તાક પન્થના માણસો પણ આવીજ રીતે વર્તે છે. જે અડગ આગ્રહ, ન્યાયબુદ્ધિથીજ નક્કી થએલો જે અન્ધ નિશ્ચય પ્રાચીન

સુધારાઓના સમયમાં જોવામાં આવે છે તેવો અન્ધ નિશ્ચય કોઈ પણ પન્થના માણસમાં જોવામાં આવતો નથી. ભાવનાઓમાં પણ એટલુંજ વૈવિધ્ય, એટલુંજ ભિન્નત્વ માલૂમ પડે છે. સ્વતંત્રતાનું ઝોમ, ને સ્હેલાઇથી નમી પડવાની વૃત્તિ સાથે સાથે જોવામાં આવે છે. જેવો ક્ષોભ સમાજમાં હોય છે ને તેથી સમાજમાં જેવું વૈવિધ્ય હોય છે તેટલુંજ વૈવિધ્ય મનુષ્યોના આત્મામાં, આત્માના વિકાસમાં હોય છે.

આધુનિક સાહિત્યોમાં પણ ઉપલાજ પ્રકારની સ્થિતિ નજરે પડે છે. આપણે એટલું તો કબુલ કરવુંજ પડશે કે સૌંદર્ય ને કળાના સ્વરૂપમાં પ્રાચીન સાહિત્ય કરતાં તે ઘણાં ઉતરતાં છે, પણ ભાવના ને વિચારોના ગાંભીર્યમાં તે ઘણાં વધારે પરિપૂર્ણ ને જોસ્સાવાળાં છે; ઘણા વધારે વિષયોમાં ને ઘણી વધારે ઉંડાઈ સુધી મનુષ્યહૃદયને આપણું સાહિત્ય હચમાવી શક્યું છે, ને તેમાં કળાની જે ખામી જોવામાં આવે છે તે આનેજ પરિણામે છે. સાહિત્યમાં વિષયો જેમ વધારે પરિપૂર્ણ ને સંખ્યામાં વધારે, તેમ શુદ્ધ ને સરળ રૂપમાં તેમને રજુ કરવાં વધારે દુષ્કર છે. કોઈ પણ લેખની રચના અથવા કળાની કૃતિમાં જે સૌંદર્ય હોય છે તે તેની સ્પષ્ટતા, સરળતા, ને આબેહુબ ચીતારની કળાને લીધે હોય છે. યુરોપના સુધારાના સમયની ભાવનાઓ ને વિચારોની વિચિત્ર વિવિધતાને લીધે આ પ્રકારની સરળતા, આ પ્રકારની સ્પષ્ટતા સાધવી અતિશય વધારે દુષ્કર થઈ છે.

આધુનિક સુધારાઓનું આ મુખ્ય લક્ષણ સર્વે દિશાઓમાં માલૂમ પડે છે. આધુનિક સુધારાઓના સમયનાં સાહિત્ય, કળા, વગેરે અન્ય ક્ષેત્રોમાં મનુષ્યના માનસિક વિકાસના અમુક અમુક દૃષ્ટાન્તો લઈ તેની પરીક્ષા કરીશું તો પ્રાચીન સુધારાઓના સમયના તે તે દૃષ્ટાન્તો કરતાં આપણને એ ઉતરતી પંક્તિના લાગશે; પણ જ્યારે આધુનિક બાબતોનો સમુદાય આપણે વિચારી જોઈએ છીએ ત્યારે યુરોપના સુધારા બીજા કોઈ પણ સુધારાઓ કરતાં અનહદ ચઢીઆતા માલૂમ પડે છે; યુરોપના સુધારાઓમાં

ભિન્ન ભિન્ન પ્રકારની ઉન્નતિ વિકસિત થઈ છે. તેથીજ તમને સમજાશે કે પંદર સૈકા સુધી એ સુધારો ટકી રહ્યો છે, ને હજી પણ પ્રતિદિન પ્રગતિશીલજ છે. ગ્રીસના સુધારાઓની લગભગ સરખી ત્વરાથી એ વૃદ્ધિંગત થયો નથી પણ એની વૃદ્ધિ થતી અટકી નથી. અન્યોન્યનું ઉચ્છેદન કરવાને શક્તિમાન્ નહિ હોવાથી આધુનિક સુધારાના ભિન્ન ભિન્ન વિચારો, ભિન્ન ભિન્ન તત્ત્વો સાથે સાથે પ્રવર્તે એ આવશ્યક થયું છે. દરેક વિચારે દરેક તત્ત્વે સધાય તેટલી ઉન્નતિ સાધવાનું કામ શિરે ધર્યું છે; અને અન્ય સ્થળે અમુક એક વિચાર કે એક તત્ત્વ સર્વોપરિ થતાં જ્યારે અન્ય વિચારો કે તત્ત્વો પર જુલમ થયો છે, અન્ય વિચારો કે તત્ત્વોને દબાવી દેવામાં આવ્યાં છે, ત્યારે યુરોપમાં સુધારાનાં તત્ત્વો ભિન્ન ભિન્ન હોવાને લીધે સ્વતંત્રતા પ્રાપ્ત થઈ છે, ને જુદા જુદા વિચારો ને તત્ત્વો સાથે સાથે પ્રવર્તી શક્યાં છે.

યુરોપના સુધારાઓનું આ ખરેખરૂં અને મોટું ચઢીઆતાપણું છે, અને વસ્તુસ્થિતિનું સૂક્ષ્મ નિરીક્ષણ કરીશું તો માલૂમ પડશે કે આ ચઢીઆતાપણું જેમ ઇતિહાસથી સિદ્ધ થાય છે તેમ ન્યાય્ય છે, બુદ્ધિને પણ યોગ્ય લાગે છે. યુરોપના સુધારા વિષેના વિચાર જરા વીસરી જઈ, દુનિયાની સામાન્ય વસ્તુસ્થિતિ વિષે આપણે મનન કરીએ. આપણને શું ધ્યાન ખેંચતું માલૂમ પડે છે ? દુનિયા કેમ ચાલે છે ? જે પ્રકારની રસાકસી યુરોપમાં વારંવાર ચાલ્યા કરે છે તે પ્રકારની રસાકસી દુનિયાના ભિન્ન ભિન્ન ને વિવિધ પ્રકારનાં તત્ત્વો વચ્ચે ચાલ્યાજ કરે છે. દેખીતુંજ છે કે કોઈ પણ એક અમુક તત્ત્વ, અમુક બંધારણ, અમુક વિચાર, અમુક બળ દુનિયા પર સામ્રાજ્ય ચલાવી શક્યું નથી, દુનિયાને અમુકજ એક દિશામાં દોરવી શક્યું નથી, દુનિયા પર અસર કરતાં અન્ય તત્ત્વો કે બળોનો નાશ કરી શક્યું નથી.

ભિન્ન ભિન્ન શક્તિઓ, ભિન્ન ભિન્ન તત્ત્વો, ને ભિન્ન ભિન્ન પદ્ધતિઓ માંહોમાંહ્ય ગુંચવાઈ, એક બીજાનું બળ દબાવી દઈ, વારાફરતી સામ્રાજ્ય ભોગવે છે કે અન્યના સામ્રાજ્યને શરણે રહે છે. વિવિધ પ્રકારના વિચારો ને તત્ત્વો અમુક જાતનો, કદાચ ન સધાય એવો, એક ઉદ્દેશ સાધવા મથે છે;

દુનિયાની સામાન્ય સ્થિતિજ આ પ્રકારની છે, તેથી યુરોપના સુધારાની સ્થિતિ દુનિયાની સ્થિતિનું આબેહુબ પ્રતિબિંબ છે; દુનિયાની વસ્તુસ્થિતિની પેઠેજ એ સંકુચિત, પ્રતિબંધક, કે સ્થાયી નથી, પરંતુ જેમ દુનિયામાં એકે એક તત્ત્વ બીજાં તત્ત્વોની સાથે સાથે ને તેથી પ્રગતિ પામતું જોવામાં આવે છે તેમ આ સુધારાનાં તત્ત્વોને વિષે પણ છે. અમુકજ એક તત્ત્વનો સંપૂર્ણ સુધારો જોવામાં આવે એવી સ્થિતિ યુરોપના સુધારામાંજ પ્રથમ દૂર થઈ; કારણ કે આ સૃષ્ટિની રંગભૂમિના ખેલમાં જેવી છે તેવી વિવિધતા પરિપૂર્ણતા, પરિપક્વતા આ સુધારામાંજ પ્રથમ વિકાસ પામી.

યુરોપના સુધારા, જો કહી શકીએ તો સનાતન સત્ય કે ઇશ્વરેચ્છાને અનુલક્ષીને થયા છે; એની વૃદ્ધિ પણ દૈવેચ્છાનુસાર થાય છે. એના ચઢીઆતાપણાનું આજ વ્યાજબી કારણ છે.

રોમન મહારાજ્યની પડતીની વખતે યુરોપની સ્થિતિ કેવી હતી તે તપાસી, તે સમયની સંસ્થાઓ, પંથો, વિચારો ને ભાવનાઓ તપાસી પ્રાચીન સમયમાંથી અર્વાચીન સમયના લોકોને વારસારૂપે કયાં કયાં તત્ત્વો પ્રાપ્ત થયાં છે તેનું આપણે શોધન કરીશું.

સૌથી પહેલાં રોમન મહારાજ્ય કેવું હતું ને તેનું બંધારણ કેવી રીતે થયું હતું તે આપણે બરાબર નજર આગળ લાવવું જોઈએ.

આરંભમાં રોમ શહેરીઓના એક મહામંડળ સમાન હતું. શહેરની અંદર વસનારા લોકોને ઉપયોગી સંસ્થાઓના સમુદાયના હાથમાંજ રોમની રાજસત્તા હતી.

માત્ર રોમમાંજ આવી વસ્તુસ્થિતિ નહોતી. આ સમયના ઈટાલી તરફ આપણું ધ્યાન ફેરવીશું તો રોમની આસપાસ શહેરો સિવાય, અર્થાત્ શહેરીઓનાં મંડળોની સત્તા સિવાય, બીજું કશુંજ જોવામાં આવતું નથી. તે વખતની પ્રજા માત્ર શહેરોનો સમુદાયજ હતી. લૅટિન પ્રજા તે લૅટિન શહેરોનો સમુદાય હતી. એજ પ્રમાણે અન્ય પ્રજાઓને વિષે હતું.

શહેર બહારનો મુલક આ વખતે કંઈ હતોજ નહીં; અર્થાત્ હાલમાં

હોય છે તેથી જુદીજ જાતનો શહેર બહારનો મુલક હતો. ખેતી આવશ્યક હોવાથી ખેડાયલો એ મુલક હતો પણ વસ્તી તેમાં નહોતી. જમીનદારો શહેરોના નિવાસી હતા. તેઓ તેમની જમીન પર દેખરેખ રાખવા જતા, ને વારંવાર તેમની સાથે કેટલાક ગુલામોને લેતા જતા; પણ શહેરોની બહારનો અત્યારે જે આપણે મુલક કહીએ છીએ, જે આછી લોકોની વસ્તી, કેટલીક વાર છૂટાછવાયા રહેઠાણોમાં, કેટલીક વાર ગામડાઓમાં, દરેક સ્થળે શહેરોની બહારના મુલકની ભૂમિને આચ્છાદિત કરે છે તેના જેવું તો બધું પ્રાચીન ઈટાલીમાં લગભગ અજ્ઞાત હતું, જોવામાંજ નહોતું આવતું.

જ્યારે રોમની સત્તા ફેલાઈ ત્યારે તે કેવી રીતે? ઇતિહાસ તપાસો ને તમને માલૂમ પડશે કે રોમન લોકોએ શહેરોનો પરાજય કર્યો અથવા તો શહેરો સ્થાપ્યાં, શહેરોનીજ વિરુદ્ધ તેઓ લઢતા ને શહેરોનીજ સાથે તેઓ સલાહસંધિઓ કરતા, ને સંસ્થાનો સ્થાપતા તે પણ તેઓ શહેરોમાંજ સ્થાપતા. રોમનોએ કરેલો દુનિયાના પરાજયનો ઇતિહાસ તે માત્ર સંખ્યાબંધ શહેરોના પરાજયનો ને સ્થાપનાઓનો ઇતિહાસ છે. રોમન સત્તાનો ફેલાવો પૂર્વ તરફના દેશો પર થયો ત્યાં આવું બરાબર નથી જોવામાં આવતું, પણ આપણે યુરોપના સુધારા વિષે વિચાર કરવાનો હોવાથી પૂર્વ તરફ શું બન્યું તે તપાસવાની આપણી અભિલાષા નથી.

પશ્ચિમ વિષેજ વિચાર કરીશું તો જે બાબત વિષે મેં તમારૂં ધ્યાન ખેંચ્યું તે આપણને સર્વત્ર દૃષ્ટિગોચર થાય છે. ગૉલ (ફ્રાન્સ) માં ને સ્પેનમાં શહેરો સિવાય બીજું ભાગ્યેજ તમે જોશો, શહેરોથી જરા દૂર જશો કે મુલક બધો ભેજ ને જંગલોથી ઢંકાયલો જોશો. રોમન સત્તાની સ્મારક વસ્તુઓ, રોમનોએ બંધાવેલા રસ્તાઓ વિષે વિચાર કરો. આપણને એક શહેર ને બીજા શહેર સાથે જોડતા મોટા રસ્તાઓ બાંધેલા માલૂમ પડે છે, દેશની અંદરની જુદી જુદી દિશાઓમાં જે નાના નાના રસ્તાઓ ગામડાંઓને જોડી દેનારા હાલમાં જોવામાં આવે છે, તે તે વખતે જાણવામાં નહોતા, મધ્યકાલીન યુગો પછી દેશમાં ફેલાવવામાં આવેલા અસંખ્ય ગામ-

ડાંઓ, કસબાઓ, ને ખ્રિસ્તિ દેવલો જેવું કશુંજ તે વખતે નહોતું. જેવી રીતે જોશો તેવી રીતે શહેરોનુંજ પ્રાધાન્ય ને શહેરો સિવાયના અન્ય મુલકનું સામાજિક રીતે નહિ જેવું અસ્તિત્વ, તમને માલૂમ પડશે.

રોમન સત્તા નીચેના દેશોમાં શહેરી સત્તાનું પ્રાધાન્ય હતું તેને લીધે ઐક્ય કરવું ને જાળવવું ઘણું મુસ્કેલ પડતું હતું. રોમના પ્રજામંડળની સત્તા આખી દુનિયા પર જય મેળવી શકી, પણ એ મંડળને કાબુમાં રાખવું ને તેનું બરાબર બંધારણ કરવું ઘણું ઓછું રહેલું હતું. આ પ્રમાણે જ્યારે પરાજયનું કાર્ય સમાપ્ત થયું ને પશ્ચિમનો બધોજ ને પૂર્વના મોટા ભાગનો પ્રદેશ રોમન રાજ્ય નીચે આવી રહ્યો ત્યારે આ અસંખ્ય શહેરો ને રજવાડાંઓ એક બીજાંથી નીરાળાં ને સ્વતંત્ર થવાને તૈયાર થએલાં માલૂમ પડે છે. સમાજનાં જુદાં જુદાં અંગો આવી રીતે છૂટાં પડી જતાં હતાં તેને એક સર્વોપરિ બળના કાબુમાં આણવાને રોમન મહારાજ્યના સમયમાં પ્રયત્ન કરવામાં આવ્યો. કેટલેક અંશે આ પ્રયત્ન ફળીભૂત થયો. ઑગસ્ટસ ને ડાયોક્લિશિયનના રાજ્યની વચ્ચેના સમયમાં જેમ એક તરફથી શહેરી કાયદાઓ સુધર્યા તેમ બીજી તરફથી રાજ્યવ્યવસ્થામાં આપખુદ સત્તાનું બળ વધ્યું ને ચઢતાઉતરતી પદવીના અધિકારીઓ દ્વારા ઠેઠ ઉપરથી નીચે સુધી બળની સર્વોપરિતા સમાજ પર સ્થાપિત થઈ.

આ પદ્ધતિ માત્ર રોમના રાજ્યની સત્તા જાળવી રાખવામાંજ સફળ થઈ એમ નહિ, પણ આ સર્વોપરિ મુખ્ય આપખુદ સત્તાનો વિચાર લોકોના મનમાં કંઈક અજબ સુગમતાથી ગ્રાહ્ય થઈ પડયો. આ સમયના નાના નાના પ્રજામંડળોના સમુદાયમાં માત્ર રોમન શહેનશાહને એકલાને માટે મહાન્ ને પવિત્ર પૂજ્યબુદ્ધિ જલદીથી પ્રસરતી જતી હતી તે જોઈ આપણે વિસ્મિત થઈએ છીએ. આનું કારણ એજ કે રોમન રાજ્યના જુદા જુદા વિભાગોની વચ્ચે ઐક્ય જાળવી રાખવું ઘણુંજ આવશ્યક લાગ્યું હોવું જોઈએ, નહિતર આવી આપખુદ સત્તાનો સ્વીકાર થાય નહિ.

આવા વિચારો, આવી રાજ્યવ્યવસ્થા ને તે સાથેની લશ્કરી બંધા-

રણની મદદથી રોમન મહારાજ્ય અંદરથી થતા ઐક્યના શિથિલીકરણ ને બહારથી થતા પરદેશીઓના હુમલાઓની વિરુદ્ધના યુદ્ધમાં મથી રહ્યું. દિવસે દિવસે થતી પડતીની સ્થિતિમાં ઘણા દીર્ઘ કાળ સુધી એ મચ્યું રહ્યું, પણ હમેશાં રક્ષક પદ્ધતિથીજ છેવટે ઐક્યનો અન્ત આવ્યો; આપખુદ સત્તાને અંગે વપરાએલું ચાતુર્ય કે દાસત્વને અંગે સ્વીકારાએલી બેદરકારી એ બેમાંથી એકકે આ મહાન્ રાજ્યસત્તાનું ઐક્ય ટેકવવા શક્તિવાળું ન થયું. ચોથા સૈકામાં રાજ્યના વિભાગો ને અંગો સર્વત્ર વીખૂટા થઈ ગયા, સર્વદા જુદા જુદા પડી ગયા, ને પરદેશીઓની સત્તા સર્વે દિશાઓ તરફથી દાખલ થવા માંડી. આ વખતે કેટલાક શહેનશાહોને એક નવીન વિચાર સૂઝ્યો; આપખુદ સત્તાના કરતાં કંઈક પ્રજાસત્તાક રાજ્યના જેવી યુક્તિથી ઐક્યનું રક્ષણ વધારે થશે એમ ધારી તે અજમાવવાની તેમની ઇચ્છા થઈ પણ આ પ્રકારની રાજ્યપદ્ધતિ સ્થાપવામાં શહેનશાહને પ્રજા તરફથી સંમતિ ન મળી, આ લાભ પ્રજાએ વધાવી ન લીધો. રાજ્યની સત્તા એકત્રિક કરી એક મુખ્ય સ્થળે તે સર્વોપરિ રહે ને ઐક્ય થાય એ વાત તે વખતના સમાજની આરંભક સ્થિતિને અનુકૂળ નહોતી પણ વિરુદ્ધ હતી, સ્થાનિક સત્તા બળવાન્ રાખવાનો પવન ફરીથી જણાવવા માંડયો, અને એક સામાન્ય સમાજ, એક સમસ્ત પ્રજા પુનઃસ્થાપિત કરવાની અશક્તિ દેખીતી જણાઈ આવી. દરેક શહેર પોતાના કિલ્લાની અંદરની, પોતાની સ્થાનિક બાબતોમાંજ ગુંથાએલું રહેતું થયું, અને એ મહારાજ્યની પડતી થઈ, કારણ કે એ સમસ્ત મહારાજ્યના અંગ તરીકે કોઈ ને પણ થવું નહોતું, ને લોકો માત્ર પોતાના શહેરનાજ વતની તરીકે ગણાવવાની ઇચ્છા રાખતા હતા. આવી રીતે જે સ્થિતિ *રોમન સત્તાની બાલ્યાવસ્થામાં આપણે શોધી કાઢી છે તેજ સ્થિતિ આપણે રોમની પડતીને સમયે જોઈએ છીએ: બન્ને વખતે શહેરોનું પ્રાધાન્ય,* સ્થાનિક સત્તાનું અભિમાન માલૂમ પડે છે. રોમન દુનિયા તેની પ્રથમની સ્થિતિએ પાછી ગઈ હતી; શહેરોએ એને સ્થાપી હતી; એની પડતી થઈ, એ દુનિયા નાશ પામી, ને બાકી પણ શહેરોજ રહ્યાં.

આ શહેરોની સત્તા, આ સ્થાનિક સત્તાના પ્રાધાન્યની પદ્ધતિ વિષે વિચારતાં આધુનિક યુરોપને પ્રાચીન રોમના સુધારાઓમાંથી વારસારૂપે શું મળ્યું છે તે આપણને માલૂમ પડે છે. છેક પ્રાચીન–પ્રાચીનતર કાળોમાં હતી તેનાં કરતાં એ પદ્ધતિ ઘણી અનિયમિત, વધારે નરમ, ને ઘણી ઉતરતા પ્રકારની હતી એ નિર્વિવાદ છે; પણ તોએ રોમન સમયનાં સર્વે તત્ત્વોમાંથી, તે સમયની સર્વે બાબતોમાંથી નાશ નહિ પામેલું ને હયાત રહેલું તત્ત્વ એજ પદ્ધતિ છે.

જ્યારે એજ તત્ત્વ નાશ નથી પામ્યું એમ હું કહું છું ત્યારે હું એક ભૂલ કરૂં છું. એક બીજી બાબત, એક બીજા વિચારનું પણ અતિજીવન થયું છે. એ વિચાર તે મહારાજ્ય અથવા શહેનશાહતનો વિચાર, શહેનશાહના નામનો વિચાર, શહેનશાહની સર્વોપરિ સત્તાનો વિચાર, શહેનશાહની સર્વ શક્તિમાન્ ને પૂજ્ય સત્તાનો વિચાર છે. આ તત્ત્વો, આ વિચારો રોમ તરફથી યુરોપના સુધારાને વારસારૂપે પ્રાપ્ત થયાં છે. એક તરફ પ્રજામંડળના રાજ્યતંત્રની પદ્ધતિ, તેના નિયમો, દાખલાઓ ને સ્વતંત્રતાનો નિયમ, અને બીજી તરફ શહેરી કાયદાઓના સાધારણ બંધારણનો વિચાર, શહેનશાહની અનિયંત્રિત ને પવિત્ર સત્તાનો વિચાર, ને નિયમ ને નિયમવશતાનો વિચાર યુરોપમાં રોમમાંથી ઉતરી આવ્યા છે.

પણ એજ વખતે રોમન પ્રજામાં એક ઘણી જુદીજ જાતનો સમાજ, તદ્દન જુદા નિયમો પ્રમાણે સ્થપાયલો, જુદીજ ભાવનાઓથી ઉત્સાહ પામતો ને યુરોપની આધુનિક પ્રજામાં તદ્દન જુદીજ જાતનાં તત્ત્વો દાખલ કરવાને મથતો એક નવો સમાજ સ્થપાયો હતો; ને આ સમાજ તે ખ્રિસ્તિ સમાજ. હું ખ્રિસ્તિ સમાજ વિષે કહું છું, ખ્રિસ્તિ ધર્મ વિષે નહીં. ચોથા સૈકાને અન્તે ને પાંચમા સૈકાના આરમ્ભમાં ખ્રિસ્તિ ધર્મ માત્ર વ્યક્તિઓનોજ ધર્મ નહોતો પણ એક સંસ્થારૂપ થયો હતો: એ ધર્મનું બરાબર બંધારણ થયું હતું, એમાં પાદરીઓ ને પાદરીઓના ધર્મ બજાવે એવા ચઢતાઉતરતી ધર્મગુરુઓની યોજના, નાણાંની આવકો, સ્વતંત્ર કામ કરવાનાં સાધનો,

સ્થાનિક ને સામાન્ય સભાઓ, ને સમાજના વિષયો પર સામાન્ય ચર્ચાઓ કરવાની પદ્ધતિ–એ સર્વે હતું. ટુંકામાં આ યુગનો ખ્રિસ્તિ ધર્મ માત્ર ધર્મ નહોતો, પણ એક સમાજ હતો, ખ્રિસ્તિ ધર્મ ખ્રિસ્તિ સમાજ સાથે સંલગ્ન હતો.

એ જો સમાજ ન હોત તો રોમન મહારાજ્યની અવનતિકાળે ખ્રિસ્તિ ધર્મની દશા શી થઈ હત તે હું કહી શકતો નથી. જેમ પ્રાચીનતર કાળોમાં હતો તેમ તે સમયે પણ ખ્રિસ્તિ ધર્મ માત્ર એક ધર્મની શ્રદ્ધા, એક ધાર્મિક ભાવના, વ્યક્તિઓના એક માત્ર મતરૂપ હોત તો આપણે એમ માની શકીએ કે એ મહારાજ્યની પડતીની ને પરદેશીઓના હુમલાની સાથેજ એનો પણ નાશ થાત. પછીના વખતોમાં એશિયામાં ને ઉત્તર આફ્રિકામાં એવાજ પ્રકારના હુમલાથી, મુસલમાન પરદેશીઓના હુમલાથી એ ધર્મનો તે વખતે નાશ થયો, તોપણ ખ્રિસ્તિ સમાજ ટકી રહ્યો. રોમન મહારાજ્યની પડતી-ને વખતે તેથી પણ વધારે વાસ્તવિકતાથી આ પ્રકારનો બનાવ બનેત. કારણ કે હાલના સમયમાં સમાજો કે સંસ્થાઓથી જુદાંજ જે પ્રકારનાં નૈતિક બળો ધર્મનો નાશ થતો અટકાવી શકે છે તેવાં સ્વતંત્ર નૈતિક બળો તે સમયે હતાં નહીં. શુદ્ધ સત્ય કે શુદ્ધ વિચાર જે નૈતિક સાધનોથી મનુષ્યોનાં મન પર સામ્રાજ્ય મેળવે છે, તેમનાં કર્મ પર સત્તા ભોગવે છે, ને બનાવોને અમુક નિયમોને વશ રાખે છે તેવાં સાધનોમાંનું કશું તે વખતે હતું નહીં. એટલું સ્પષ્ટ છે કે આવા નાશ, આવા તોફાનમાંથી બચવાને માટે ઘણાજ જબરા બંધારણ ને ઘણાજ જબરા શાસનવાળા સમાજની જરૂર હતી. ચોથા સૈકાને અન્તે ને પાંચમાના આરમ્ભમાં ખ્રિસ્તિ ધર્મ ટકી રહ્યો એમ કહેવામાં હું નથી ધારતો કે સત્ય બોલવામાં હું જરાએ અતિશયોક્તિ કરૂં છું. રોમન મહારાજ્યની અંદરની પડતીને સમયે પરદેશી હુમલાઓની વિરુદ્ધ ખ્રિસ્તિ સમાજ, તેને અંગે ચાલતી સંસ્થાઓ, ને ધર્મગુરુઓ ને તેમની સત્તાનું બળજ રોમન પ્રજાને ટકાવી શક્યાં. આ બળજ પરદેશીઓને જીતી શક્યું, આ બળજ રોમનોને પરદેશીઓના સમાગમથી થએલા સુધારાનું સાધન નીવડયું, ને આ

બળજ ઐક્યનું પણ સાધન નીવડ્યું. ખ્રિસ્તિ ધર્મ તરફથી આધુનિક સુધારાઓમાં કયાં તત્ત્વો આવ્યાં તે જોવાને માટે તે વખતના ખ્રિસ્તિ ધર્મની નહિ પણ ખ્રિસ્તિ સમાજની સ્થિતિનું અવલોકન કરવું જોઈએ. ત્યારે ખ્રિસ્તિ સમાજ તે વખતે શી સ્થિતિમાં હતો તે જોવું જોઈએ.

જ્યારે હમેશ લૌકિક દૃષ્ટિબિન્દુથી આપણે વિચારીએ છીએ, ને જ્યારે ખ્રિસ્તિઓના ધાર્મિક પન્થ તરીકે નહિ, પણ માત્ર એક સમાજ તરીકે આપણે ખ્રિસ્તિ ધર્મ તરફ વિચારીએ છીએ, ત્યારે ખ્રિસ્તિ ધર્મના આરમ્ભથી તે પાંચમા સૈકા સુધી એ ધર્મમાં થએલાં પરિવર્તનોની ખુદ ત્રણ અવસ્થા એક પછી એક આપણી નજરે પડે છે.

છેક શરૂઆતમાં ખ્રિસ્તિ સમાજ એકસરખા વિચારો, ને એકસરખી ભાવનાઓ ધરાવનારા લોકોના એક સમુદાય તરીકે આપણી નજરે પડે છે. છેક શરૂઆતના ખ્રિસ્તિઓ એકસરખા ધાર્મિક વિચારો ને મતોમાં આનંદ લેવાને એકચિત્ત થએલા માલૂમ પડે છે. તેમનામાં અમુક ચોક્કસ મતો, અમુક નિયમો, અમુક પ્રકારનું શાસન, કે અમુક શાસન કરનારા ધર્મગુરુઓની વ્યવસ્થા આપણે જોતા નથી.

અલબત કોઈ પણ સમાજ ગમે તેટલો બાલ્યાવસ્થામાં હોય, ગમે તેવા નબળા બંધારણવાળો હોય તોએ તે નીતિના પ્રોત્સાહક બળ વિના રહી શકતો નથી. જુદા જુદા ખ્રિસ્તિ સમુદાયમાં ધર્મ સમજાવવાનું, શિખવવાનું, ને ફેલાવવાનું કામ કરનારા માણસો હતા ખરા. પણ અમુક પ્રદ્ધતિ સર કામ કરનારા ધર્મ**શાસ**કો નહોતા ને અમુક પ્રકારનું નિશ્ચિત ધર્મશાસન નહોતું. ખ્રિસ્તિ સમાજની આરમ્ભક સ્થિતિમાં માત્ર એક પન્થ ને અમુક ભાવનાઓ ધરાવનારા મનુષ્યોનો સમાજજ અસ્તિત્વમાં હતો.

જેમ જેમ એ સમાજની વૃદ્ધિ થતી ગઈ તેમ તેમ તેમાં અમુક પ્રકારના મતો, અમુક નિયમો, અમુક શાસનો, અમુક શાસનગુરુઓ થતાં ગયાં. શાસનગુરુઓમાં કેટલાક માત્ર ધર્મગુરુઓ બનતા, કેટલાક અનાથોના સેવકો; આ છેલ્લા ગુરુઓ ગરીબોને મદદ કરવાનું ને તેમને સદાવ્રત આપવાનું કામ કરતા.

આ જુદા જુદા શાસનગુરુઓનું બરાબર કામ શું તે નક્કી કરવું ભાગ્યેજ સંભવિત છે. એ લોકોનાં જુદાં જુદાં કામોની હદ ઘણું કરીને ઝાંખી ને બદલાતી હતી, પણ એટલું નક્કી છે કે એવાં કામોને માટેની સંસ્થાની યોજના હતી ખરી. તોપણ ખ્રિસ્તિ ધર્મની આ દ્વિતીય અવસ્થામાં અથવા ધર્મના આ દ્વિતીય યુગમાં એક વાત ખાસ જોવામાં આવે છે. ખ્રિસ્તિ ધર્મનું શાસન ખ્રિસ્તિ સમાજથી હજી જુદું નહોતું પડયું. તે બેનું એક બીજાથી નીરાળું, સ્વતંત્ર અસ્તિત્વ નહોતું, ને ખ્રિસ્તિ લોકોજ સમાજમાં મુખ્ય સત્તા ભોગવતા હતા. ધાર્મિક મતોની સ્વતંત્ર સત્તા નહોતી.

તૃતીય યુગમાં બધુંજ જુદું જોવામાં આવે છે. જનસમાજથી તદ્દન નીરાળા, તદ્દન સ્વતંત્ર સંપત્તિ, શાસન, ને બંધારણ ધરાવનારા ધર્મગુરુઓ અસ્તિત્વમાં આવ્યા. સારાંશમાં જે જનસમાજ પર સત્તા ભોગવતો હતો તે જનસમાજથી તદ્દન નીરાળોજ ખ્રિસ્તિ ધર્મસમાજ અસ્તિત્વમાં આવ્યો. પાંચમા સૈકાના આરમ્ભકાળમાં ખ્રિસ્તિ સમાજની આ સ્થિતિ હતી. ધર્મનું શાસન જનસમાજથી તદ્દન જુદુંજ હતું, ને મુમુક્ષુ જનો પર ધર્મગુરુઓ લગભગ નિરંકુશ સત્તા ભોગવતા હતા.

વળી ખ્રિસ્તિ પાદરીઓ એક બીજી રીતે પણ સમાજ પર સત્તા ભોગવતા. ધર્મગુરુઓ શહેરોમાં મુખ્ય શાસનકર્તાઓ થયા. તમે જોયું છે કે રોમન મહારાજ્યની પડતી પછી તે રાજ્યના પ્રજાસત્તાક તંત્ર સિવાયનું બીજું કશું રહ્યું નહિ. આપખુદ સત્તા ને શહેરોની પડતીને લીધે પરિણામ એ આવ્યું હતું કે પ્રજાસત્તાક રાજ્યતંત્રના અગ્રણીઓ નિરુત્સાહી ને ઉદાસીન થઈ ગયા હતા, ને તેની વિરુદ્ધ ચેતન ને ઉત્સાહપૂર્ણ ધર્મગુરુઓ સ્વાભાવિક રીતેજ સર્વે બાબતો પર અધ્યક્ષ થવાને તૈયાર થયા. આ બાબતમાં તેમને નિંદાપાત્ર ગણવા કે તેઓને હક નહોતો એમ કહેવું ભૂલભરેલું છે. એ બધું સ્વાભાવિકજ હતું. ધર્મગુરુઓમાંજ નીતિબળ ને ઉત્સાહ હતાં; તેઓ સર્વત્ર બળવાળા થયા. સૃષ્ટિનો એવોજ નિયમ છે.

આ પરિવર્તનનાં ચિહ્ન આ સમયના શહેનશાહોના કાયદાઓમાં

માલૂમ પડે છે. થિઓડોસિઅસ કે જસ્ટિનિઅનના નિયમસંગ્રહો જો ઉઘાડી જોશો તો તમને જણાશે કે ધર્મગુરુઓને શહેરી કામકાજને સોંપવાની ઘણી આજ્ઞાપત્રિકાઓ કાઢવામાં આવી હતી. શહેરોની સાધારણ ઉપજો, ઈજનેરી કામો, રસ્તાઓ, નહેરો વગેરે સર્વે પ્રકારનાં કામો પર ધર્મગુરુઓની દેખરેખ રાખવા આજ્ઞાપત્રિકા હતી. પાલ્યપાલક સંસ્થામાં પણ ધર્મગુરુઓની મદદ લેવાની આજ્ઞાપત્રિકા હતી. નગરરક્ષકોની પસંદગી ને તેમના પર દેખરેખનું કામ ધર્મગુરુઓની સહાયતાથી કરવા આજ્ઞાપત્રિકા હતી. રોમન પ્રજાસત્તાક રાજ્યતંત્રની પદ્ધતિ ને મધ્યકાલીન પદ્ધતિના સમયની વચમાં પ્રજાસત્તાક ને ધર્મગુરુસત્તાક શાસનની મિશ્રિત રાજ્યપદ્ધતિ અમલમાં હતી.

ખ્રિસ્તિ સમાજના બંધારણથી, ખ્રિસ્તિ લોકો પર તેની થએલી અસરથી, ને શહેરી બાબતોમાં તેણે લીધેલા ભાગથી એ સમાજે કેટલી બધી સત્તા ભોગવી તે તમે જોયું. આ પ્રમાણે એ સમયથી આધુનિક સુધારાને અમુક પ્રકારનું વલણ આપવામાં, ને તેની વૃદ્ધિ કરવામાં એ સમાજે સબળ સાહાય્ય આપ્યું. કયાં કયાં તત્ત્વો એને લીધે દાખલ થયાં તેનો આપણે ખ્યાલ કરી જોઈએ.

સૌથી પહેલું, આ સમયે જ્યારે સમાજમાં નીતિબળનો અભાવ પથરાઈ રહ્યો હતો, ત્યારે નીતિની અસર, નીતિની સત્તા, ને નીતિની ભાવનાઓ અને અમુક દૃઢ મતો પર સ્થપાયલી સત્તા અસ્તિત્વમાં આવી તે એક મોટી લાભની વાત હતી. જો ખ્રિસ્તિ સમાજ અસ્તિત્વમાં ન આવ્યો હોત, તો આખી દુનિયા માત્ર જડ શક્તિને અધીન થઈ હોત. સમાજેજ નૈતિક સત્તા ભોગવી. એણે વિશેષ પણ કર્યું; મનુષ્યના બનાવેલા કાયદાઓથી ચઢીઆતો નિયમ, એવા કંઈક નિયમનો વિચાર એણે ટકાવી રાખ્યો ને સર્વત્ર ફેલાવ્યો. મનુષ્યોના બનાવેલા નિયમોથી પણ ચઢીઆતો, જુદા જુદા યુગો, ને જુદા જુદા રિવાજો પ્રમાણે કેટલીક વાર ન્યાયબુદ્ધિ, કેટલીક વાર ઈશ્વરી નિયમ એમ જુદી જુદી રીતે કહેવાતો, પણ સર્વત્ર ને સર્વદા જોવાતો એક નિયમ મનુષ્ય માત્રના ઉદ્ધારને માટે અસ્તિત્વમાં છે એવો

અગત્યનો વિચાર એ સમાજે રજુ કર્યો.

સંક્ષેપમાં ખ્રિસ્તિ સમાજનો આરમ્ભ થયો ત્યારથી પારમાર્થિક ને લૌકિક સત્તાઓ જુદી પડી; તેનીજ સાથે આત્મિક સ્વતંત્રતા થઈ. લૌકિક ને શારીરિક બળનો મનુષ્યના આત્માઓ પર, દૃઢ મતો પર, સત્ય પર હક કે અમલ નથી એ વિચારજ લૌકિક ને પારમાર્થિક સત્તાઓને છૂટી પાડવામાં આધારભૂત હતો. વળી આ સત્તાઓ છૂટી પડી તેનો આધાર વિચાર ને કર્મની ભૂમિના ભિન્નભાવ, આન્તર ને બાહ્ય વિષયોના ભેદભાવ પર પણ હતો. આ પ્રમાણે યુરોપ જેને માટે આટલું બધું મથી રહ્યું હતું એવો આત્મિક સ્વતંત્રતાનો આ નિયમ, આટલો બધો મોડો ને વારંવાર ધર્મગુરુઓના વલણોની વિરુદ્ધ પ્રવર્તેલો, યુરોપના સુધારાના આરમ્ભકાળમાં લૌકિક ને પારમાર્થિક સત્તાઓને જુદી પાડવાના કાર્યથી સ્થાપિત કરવામાં આવ્યો હતો.

આ પરથી સમજાશે કે ખ્રિસ્તિ સમાજે પાંચમા સૈકામાં યુરોપને ત્રણ મોટા સુધારા બક્ષ્યા; નીતિની અસરનું બળ હોવા વિષેની ભાવના, ઇશ્વરના કાયદા સાચવવાના વિચારો, ને લૌકિક ને પારમાર્થિક સત્તાઓ જુદી છે એવી ભેદબુદ્ધિ.

પણ એ સમયે પણ એ સમાજની બધી સત્તા સરખી હિતકારક રીતે વપરાતી નહોતી. છેક એ પાંચમા સૈકામાં પણ એ સમાજના કેટલાક હાનિકારક સિદ્ધાન્તો પ્રકાશમાં આવ્યા હતા, ને આપણા સુધારાના વિકાસની બાબતોમાં એ સિદ્ધાન્તોનું ઘણું બળ જોવામાં આવ્યું છે. દાખલા તરીકે, આજ સમયે, અધિકારી અને અધિકૃત, જેઓ અધિકાર ભોગવતા હતા ને જેમના પર અધિકાર ભોગવાતો હતો તે બે વર્ગ વચ્ચે ઘણું અન્તર જોવામાં આવતું હતું. અધિકારી વર્ગ અધિકૃત વર્ગ પર સત્તા ભોગવી પોતાની સ્વતંત્રતા સ્થાપવા પ્રયત્ન કરતો હતો, ને આ સત્તા વાપરતા પહેલાં અધિકૃત વર્ગની ઇચ્છા શી છે તેની દરકાર રાખતો નહોતો. આ ઉપરાંત ખ્રિસ્તિ સમાજ લોકો પર ધાર્મિક શાસનની સર્વોપરિ સત્તા સ્થાપિત કરવા

ને લૌકિક સત્તાને પચાવી બેસવાને પ્રયત્ન કરતો હતો, અને જ્યારે આમ કરવામાં તે ન ફાવ્યો ત્યારે એ રાજસત્તાધિકારીઓ સાથે મળી ગયો, અને સર્વોપરિ સત્તાનો કંઇક અંશ મેળવવાના હેતુથી રાજાઓની આપખુદી સત્તાને એણે મદદ આપી ને લોકોની સ્વતંત્રતા પર તરાપ મારી.

પાંચમા સૈકામાં ખ્રિસ્તિ સમાજ ને રોમન મહારાજ્ય તરફથી યુરોપને આ પ્રકારનાં સુધારાનાં તત્ત્વો મળ્યાં. વૈદેશિક પ્રજાઓ જ્યારે રોમન રાજ્યમાં આવી, ને તેણે તેના પર સત્તા મેળવી ત્યારે આજ પ્રકારની સ્થિતિ હતી. આપણા સુધારાના આરમ્ભકાળમાં જે તત્ત્વો એકઠાં થએલાં ને મળી ગએલાં જોવામાં આવે છે તેની બરાબર સમજુતી મેળવવી હોય, તો આપણે આ વૈદેશિક પ્રજાઓને વિષે અભ્યાસ કરવો જોઈએ.

હું જ્યારે વૈદેશિક પ્રજાઓને વિષે બોલું છું ત્યારે તમે સમજશોજ કે તેમના ઇતિહાસનું આપણે કંઈ કામ નથી. તમે જાણોજ છો કે આ સમયે રોમન મહારાજ્યના જેતાઓ જે જે યોદ્ધાઓ હતા તે બધાજ ઘણું કરીને એક જાતિમાંથી ઉત્પન્ન થએલા હતા; તે બધા જર્મન પ્રજાના હતા, માત્ર કેટલાક સ્લેવૉનિક હતા. વળી આપણે એ પણ જાણીએ છીએ કે તે બધાજ ઘણુંખરૂં સરખી રીતે સુધરેલા હતા. અલબત સુધારાની બાબતમાં આ વૈદેશિક પ્રજાઓમાં થોડોવત્તો ફેરફાર હશે ખરો. જેઓ રોમ સાથે વધારે સંબંધમાં આવ્યા હશે તે લોકો વધારે સુધરેલા હશે; જેમકે ફ્રૅંક લોકોના કરતાં ગૅાથ લોકો વધારે સુધરેલા હતા ને રીતભાતમાં વધારે મુલાયમ હતા. પણ સામાન્ય દૃષ્ટિબિન્દુથી જોતાં ને યુરોપના સુધારાના સંબંધમાં આ બધીજ પ્રજાઓ સરખી રીતે સુધરેલી હતી એમ કહી શકાય, તેમનો સુધારો અમુકજ હદ સુધીનો હતો એમ ગણી શકાય.

આ વૈદેશિક પ્રજાઓનો સ્વભાવ બરાબર સમજવો હોય તો એક બાબત વિષે આપણે સૌથી પહેલાં વાકેફ થવું જોઇએ. એમનામાં દરેક જણને સ્વતંત્રતા ભોગવાની તીવ્ર ઇચ્છા હોય છે, સંસાર ને જીવનની અનિશ્ચિતતાને નહિ ગણકારતાં પૂર્ણ ઉત્સાહથી ને તદ્દન સ્વતંત્રતાથી આનંદ પ્રાપ્ત

કરવાનું એમને મન હોય છે, ને અનિશ્ચિતતા, અસમાનતા, ને અનિષ્ટતાથી પરિપૂર્ણ સાહસિક જીવન ગુજારવામાં તેઓ રસ લે છે. હાલના વખતમાં આપણે નિયમિત જીવનમાં ગુંથાએલા હોવાથી આ પ્રકારની ભાવનાઓનુ બળ માપી શકવાને અસમર્થ છીએ.

યુરોપના સુધારાઓમાં આ પ્રકારની ભાવનાઓ જર્મન વૈદેશિક પ્રજાઓની દાખલ થઈ હતી. રોમન મહારાજ્યમાં કે ખ્રિસ્તિ સમાજમાં, કે ઘણુંખરૂં બધાજ પ્રાચીન સુધરેલા દેશોમાં એ અજ્ઞાત હતી. પ્રાચીન સુધરેલા દેશોમાં જ્યારે જ્યારે તમે સ્વતંત્રતા જોશો ત્યારે તે રાજકીય સ્વતંત્રતા અથવા શહેરી તરીકેની સ્વતંત્રતા જોઈ શકશો. તે સમયે મનુષ્ય પોતાના વ્યક્તિસ્વાતંત્ર્યને માટે નહિ પણ શહેરી તરીકેના સ્વાતંત્ર્યને માટે પ્રયાસ કરતો હતો. *અમુક સમાજમાંજ તેનું અસ્તિત્વ હતું, તેનેજ એ વળગેલો રહેતો, અને તેને અર્થે પોતાનું સર્વસ્વ અર્પણ કરવા એ તૈયાર રહેતો.* ખ્રિસ્તિ સમાજને વિષે પણ એવુંજ હતું; દરેક મનુષ્ય સમાજ તરફ ઘણો ખેંચાતો, તેના કાયદાને વળગી રહેતો, ને તેની સત્તા વધારવાને ઉત્કટ ઇચ્છા ધરાવતો, અથવા તો એમ કહીએ તોપણ ચાલે કે ધાર્મિક ભાવનાઓને લીધે મનુષ્યના આત્મા પર એક જાતની પ્રતિક્રિયા થતી હતી, ને તેને લીધે મનુષ્ય પોતાના સ્વાતંત્ર્ય પર અંકુશ મુકવા ને પોતાના સમાજની ઇચ્છાનુસાર વર્તવા અંદરખાને પ્રયત્નશીલ થતો. પણ વ્યક્તિસ્વાતંત્ર્યની ભાવના, કોઈ પણ જાતના બીજા હેતુથી નહિ પણ માત્ર સ્વતઃ સંતોષની લાગણીથી રાખવામાં આવતી, ને ગમે તેટલી મુશીબતોમાં પણ પ્રાદુર્ભૂત કરી શકાતી. સ્વતંત્રતાની ભાવના રોમ ને ખ્રિસ્તિ સમાજમાં તદ્દન અજ્ઞાતજ હતી. એ ભાવના યુરોપને વૈદેશિક પ્રજાઓ તરફથીજ મળી હતી; આધુનિક સુધારાઓના આરમ્ભકાળમાં ને તેની બાલ્યાવસ્થામાં એ ભાવના એ પ્રજાઓ તરફથીજ આવી હતી. યુરોપના આધુનિક સુધારામાં એ ભાવનાએ ઘણો આગળ પડતો ભાગ લીધો છે, ને તેનાં પરિણામો એવાં નોંધવા લાયક આવ્યાં છે કે એ સુધારાનાં મુખ્ય તત્ત્વોમાં આ ભાવનાને ગણ્યા વગર ચાલી શકે તેમ નથી.

સુધારાની એક બીજી બાબત, સુધારાનું એક બીજું તત્ત્વ પણ આપણે એવીજ રીતે વૈદેશિક પ્રજાઓ તરફથી મેળવ્યું છે; આ ક્ષાત્ર ધર્મની બાબત છે. એકબીજાનું સ્વાતંત્ર્ય ને સરખા હકો જાળવી રાખી લશ્કરી માણસોએ અન્યોન્ય પ્રતિ સંબંધ કેમ જાળવી રાખવો તે આપણે એ પ્રજાઓની પાસેથી શીખ્યા છીએ. વળી અમુક હદ સુધી સરખાપણું હોય છતાં ક્રમિક ગૌણતા હોય, ક્રમે ક્રમે એકની બીજાના કરતાં ઉતરતી પદવી ને સત્તા હોય ત્યાં સંબંધ કેમ જાળવવો એ બાબતનો પણ ઉપલી વાતમાંજ સમાવેશ થાય છે. ઉચ્ચવર્ગસત્તાક રાજ્યશાસનપદ્ધતિ પણ આમાંથીજ ઉત્પન્ન થવા પામી છે, ને આ પદ્ધતિએ ફ્યુડલ સિસ્ટમ × અથવા તો સૈનિક-સેવાંજલિની પદ્ધતિને જન્મ આપ્યો છે. પ્રાચીન પ્રજાસત્તાક રાજ્યોમાં તમે જોશો તો માલૂમ પડશે કે એક મનુષ્યને બીજા મનુષ્ય સાથે કોઈ પણ જાતનો સ્વતંત્ર સંબંધ નહોતો; માણસો માત્ર એક શહેર સાથે જોડાએલા હતા ને તેટલા પૂરતોજ તેમનો અન્યોન્ય પ્રતિનો સંબંધ હતો. વૈદેશિક પ્રજાઓમાં સામાજિક સંબંધ સ્વતંત્ર મનુષ્યોનો અન્યોન્ય પ્રતિનો આન્તર સંબંધ હતો; આ સંબંધ, પ્રથમ, તેઓ ટોળામાં યુરોપમાં ભટકતા હતા તેવી સ્થિતિમાં ટોળાના મુખી ને ટોળાના અન્ય માણસો અથવા તેના સોબતીઓની વચ્ચેના સંબંધથી ઉદ્દ્ભવ્યો હતો; ને પાછળથી, રાજા કે સરદાર અને તેના આશ્રિતોની વચ્ચેના સંબંધથી ઉત્પન્ન થયો હતો. આ આશ્રિત-ધર્મની ભાવના આપણે વૈદેશિક પ્રજાઓની પાસેથી પ્રાપ્ત કરી છે.

હવે હું તમને પૂછું છું કે સુધારા વિષેનું મેં તમને શરૂઆતમાં ચિત્ર

---

×આ પદ્ધતિ પ્રમાણે રાજા જમીનની જાગીર આપતો તે એક શરતે. એ શરત લશ્કરમાં ચાકરી કરવાની ને રાજાની તરફ વફાદાર રહેવાની શરત હતી. એવીજ શરતે જાગીરદાર પેટાજાગીરો પણ આપી શકતો. મતલબ કે જરૂરની વખતે સેનામાં જોડાઈ રાજાને મદદ આપવાની શરતથી જમીન આપવાની પદ્ધતિ–તે ફ્યુડલ સિસ્ટમ તરીકે પ્રખ્યાત છે. ગુજરાતીમાં આપણે એને સૈનિકસેવાંજલિની પદ્ધતિ કહીશું.

આપ્યું હતું તેજ પ્રમાણે છેક એના આરમ્ભના કાળમાં પણ આધુનિક સુધારાનાં ભિન્ન ભિન્ન, છિન્ન ભિન્ન, ને અવ્યસ્થિત તત્ત્વો હતાં એમ કહેવામાં શું હું ખોટો હતો? ધીમે ધીમે વિકાસ પામતા આપણા સુધારામાં જે તત્ત્વો મળતાં જોવામાં આવે છે તે શું ઘણાખરાં બધાંજ રોમન મહારાજ્યની પડતી થઈ તે વખતે અસ્તિત્વમાં હતાંજ એમ આપણે હવે શોધી કાઢયું છે એ શું ખરૂં નથી ? તે સમયે આપણે એક બીજાથી જુદા ત્રણ સમાજો હતા એમ જોયું છે. રોમન મહારાજ્યની છેલ્લી ઝાંખી, શહેરી તરીકે મનુષ્યોની શી ફરજ છે તે જાણનાર ને તે ફરજ બજાવનારો સમાજ; ખ્રિસ્તિ સમાજ; ને જંગલી લોકોનો સમાજ. આ ત્રણે સમાજોનાં બંધારણ જુદા જુદા પ્રકારનાં હતાં, ત્રણે જુદા જુદા નિયમો પ્રમાણે સ્થપાયા હતા, ને ત્રણે મનુષ્યોને જુદી જુદી ભાવનાઓથી પ્રોત્સાહિત કરતા હતા. તદ્દન સંપૂર્ણ સ્વતંત્રતા, ને તદ્દન સંપૂર્ણ પરતંત્રતાને માટે સાથે સાથે આકાંક્ષા થતી હતી એમ આપણને માલૂમ પડે છે, લશ્કરી ને ધાર્મિક સત્તાઓનું પ્રાબલ્ય પણ સાથે સાથે માલૂમ પડે છે, સર્વત્ર ધાર્મિક ને લૌકિક સત્તાઓ બન્ને જોવામાં આવે છે, ખ્રિસ્તિ સમાજના નિયમો, રોમનોના વિદ્વત્તાભરેલા કાયદાઓ, ને (વૈદેશિક) જંગલી પ્રજાઓના અલિખિત આચારો પણ તેવીજ રીતે માલૂમ પડે છે, ને લગભગ દરેક ઠેકાણે સૌથી વધારે જુદી પડતી પ્રજાઓ, ભાષાઓ, સામાજિક સ્થિતિઓ, રિવાજો, વિચારો ને સંસ્કારો એકઠાં થઈ ગએલાં, અથવા સાથે સાથે રહેલાં દૃષ્ટિગોચર થાય છે.

નિઃશંક, આ ગુંચવણ, આ વૈવિધ્ય, આ ઝગડાને લીધે આપણે ઘણું ખમવું પડયું છે; યુરોપની ધીમે ધીમે થતી પ્રગતિ, ને યુરોપને વેઠવાં પડેલાં તોફાનો ને દુઃખોનાં કારણોજ આ બધાં છે. છતાં હું નથી ધારતો કે આપણે તેથી દિલગીર થવાનું કારણ છે. જેમ લોકોને તેમજ પ્રજાને આ બધાનો બદલો માત્ર સંપૂર્ણ ને ભિન્ન ભિન્ન પ્રકારની ઉન્નતિની વકીથી વળી રહે છે. બધી બાબતોનો વિચાર કરતાં જે કંઈ લાભ મળ્યો છે તે વધારે છે.

રોમન મહારાજ્યની પડતીને વખતે દુનિયાની શી સ્થિતિ હતી તેના સામાન્ય ચિત્રથી હવે આપણે જાણીતા થયા છીએ. યુરોપના સુધારાને જન્મ આપનારા જે જે ભિન્ન ભિન્ન તત્ત્વો હચમચી રહ્યાં હતાં ને એકઠાં થયાં હતાં તેની પણ આપણે માહીતી મેળવી છે. હવે પછીથી એજ તત્ત્વો આપણી નજર આગળ વિકાસ પામતાં આપણે જોઈશું. આવતા ભાષણમાં એ તત્ત્વોનો કેવો વિકાસ થયો, ને આપણે જે યુગને જંગલી વખત ગણવાને ટેવાયા છીએ તેમાં, અર્થાત્ હુમલાઓથી ઉત્પન્ન થએલી અવ્યવસ્થા હયાતી ધરાવતી હતી તે વખતે એ તત્ત્વો શું સાધી શક્યાં તે દર્શાવવાનો હું પ્રયત્ન કરીશ.

# વ્યાખ્યાન ત્રીજું.

વ્યાખ્યાનનો વિષય-જુદી જુદી બધી રાજ્યપદ્ધતિઓ ન્યાય્ય હોવાનો દાવો -રાજકીય બાબતોમાં ન્યાય્ય એટલે શું? પાંચમા સૈકામાં બધી રાજ્યપદ્ધતિઓનું સાહચર્ય-મનુષ્ય, માલ, ને સંસ્થાઓની સ્થિતિ વિષે અસ્થિરતા-આનાં બે કારણો, એક, ભૌતિક કારણ, હુમલાઓ ચાલુ રહ્યા તે, ને બીજું, નૈતિક કારણ. વૈદેશિક લોકોમાં ખાસ જોવામાં આવતી સ્વાર્થી વ્યક્તિત્વની ભાવના-સુધારાનાં બીજો ચાર છે; (૧) વ્યવસ્થાની આવશ્યકતા, (૨) રોમન મહારાજ્યનાં સ્મરણો, (૩) ખ્રિસ્તિ સમાજના સંસ્કારો, (૪) વૈદેશિક પ્રજાઓની સહવાસની અસર —વૈદેશિક પ્રજાઓ, શહેરસમાજો, સ્પેનના ખ્રિસ્તિ સમાજ, શાર્લામેન રાજા, ને ઑલ્ફ્રેડે વ્યવસ્થા આણવાને કરેલા પ્રયત્નો--જર્મન ને આરબ હુમલાઓ થંભે છે--ફ્યુડલ પદ્ધતિની શરૂઆત થાય છે.

રોમન મહારાજ્યની પડતી થઈ તે વખતનાં, યુરોપના સુધારાના છેક આરમ્ભકાળનાં મુખ્ય તત્ત્વો મેં તમને દર્શાવ્યાં છે. તેમાં રહેલી ભિન્નતા ને વિવિધતા, ને તેમાં વારંવાર ઉત્પન્ન થતા વિગ્રહનું મેં તમને ચિત્ર આપવા પ્રયાસ કર્યો છે. એ તત્ત્વોમાંનું એક પણ તત્ત્વ સર્વોપરિ બળ ધરાવવા અસમર્થ નીવડ્યું, અથવા એટલું બધું નહિ તો અંદર અંદર સર્વોપરિ સત્તા ભોગવી શકવાને અસમર્થ નીવડ્યું એવું બતાવવાને મેં પ્રયત્ન કર્યો છે. યુરોપના સુધારાનું ખાસ લક્ષણજ આ છે તે આપણે જોયું છે. હવે, જે સમય જંગલીના નામથી ઓળખાય છે તે સમયે શરૂ થતા એ સુધારાના ઇતિહાસ વિષે આપણે વિચાર કરીશું.

એ સંબંધી એક બાબત આપણું તરતજ ધ્યાન ખેંચે છે. આધુનિક

યુરોપમાંનાં પ્રાચીન તત્ત્વો વિષે વિચાર કરીએ છીએ ત્યારે આપણા સુધારાનાં જુદાં જુદાં તત્ત્વો બધાંજ મૂળથી આવેલાં છે એમ દાવો કરવામાં આવતો આપણે જોઈએ છીએ. નૃપતંત્રની રાજ્યશાસનપદ્ધતિ, ઇશ્વરશાસિત રાજ્યશાસનપદ્ધતિ, ઉચ્ચવર્ગસત્તાક રાજ્યશાસનપદ્ધતિ, ને પ્રજાસત્તાક રાજ્યશાસન પદ્ધતિ—આ દરેક પદ્ધતિના અનુયાયીઓ પોતાની દરેક પદ્ધતિ મૂળ યુરોપમાં હતી એમ આગ્રહ દર્શાવે છે. દરેક પદ્ધતિની સર્વોપરિ સત્તા સામેના પક્ષવાળાઓએ પચાવી લીધી છે એમ કહી પોતાના મતનું તેઓ સમર્થન કરે છે.

આમ એક મત પ્રમાણે રોમન મહારાજ્યની પડતીને વખતે બધી સત્તા જીત મેળવનારી પ્રજા કે જેણે પાછળથી અમીરવર્ગની પદવી મેળવી હતી તેણે ભોગવી હતી. રાજા ને પ્રજાએ આ વર્ગની સત્તા છીનવી લીધી છે, ને ઉચ્ચવર્ગસત્તાક રાજ્યશાસનપદ્ધતિજ યુરોપની મૂળ ને ખરી રાજ્યપદ્ધતિ હતી એમ આ મત પ્રતિપાદન કરે છે.

નૃપતંત્ર બીજા મત પ્રમાણે યુરોપમાં મૂળ હતું. જર્મન રાજાઓએ રોમન શહેનશાહોના બધાજ હકોનો વારસો મેળવ્યો હતો, ને ખરૂં જોતાં સર્વોપરિ સત્તા તેમનીજ ખરી હતી. અમીરી વર્ગોએ સત્તા ભોગવી તે માત્ર રાજાઓની સત્તા પર તરાપ મારીને ભોગવી છે, ન્યાય્ય રીતિએ નહિ.

ત્રીજા મત પ્રમાણે પ્રજાસત્તાક રાજ્યશાસનપદ્ધતિ ન્યાય્ય છે. આ મત પ્રમાણે પાંચમા સૈકા પછી જે સમાજ યુરોપમાં અસ્તિત્વમાં આવ્યો તે સ્વતંત્ર સમાજોનાજ વિકાસરૂપે હતો. આદિ સમયમાં જે સ્વતંત્રતા હતી તે પડી ભાગવાથી, અમીરો ને રાજાઓને તેનો લાભ મળ્યો. ખરૂં છે કે રાજાઓ ને અમીરોની સત્તાએ એ સ્વતંત્રતાને દબાવી દીધી, પણ એ સ્વતંત્રતાએ તેમનાએ પહેલાં સત્તા ભોગવી હતી.

આ બધા હકોથી જુદોજ ને તેથીએ ચઢતો હક ખ્રિસ્તિ સમાજનો છે એવો ચોથો એક મત છે. આ મત પ્રમાણે ધાર્મિક સત્તાજ ખરી ને ન્યાયી સત્તા છે; યુરોપમાં સુધારા ને સત્યને દાખલ કરવાનું ખરૂં માન ખ્રિસ્તિ સમાજને હોવાથી ધાર્મિક સત્તાજ આખા યુરોપમાં સર્વોપરિ હોવો જોઈએ એવો આ મત છે.

હવે જુઓ કે આપણે કેવા વિચારવમળમાં છીએ. યુરોપના સુધારાનાં તત્ત્વોમાં એકે તત્ત્વ સર્વોપરિ બળ ધરાવતું નહોતું એમ આપણે સાબીત કર્યું હોય એમ આપણે ધારતા હતા. પણ ઉપલા મતો આથી તદ્દન વિરુદ્ધનાજ છે. એ મતો પ્રમાણે યુરોપના સમાજ પર એકાદ તત્ત્વ સર્વોપરિ સત્તા ધરાવતું હતું.

સમાજ પર સત્તા ધરાવનારી રાજ્યપદ્ધતિઓની વિરુદ્ધતા, ને તેમાં ન્યાય્ય કઈ તે વિષેની મતભિન્નતાથી બે બાબત સ્પષ્ટ જણાય છે. એક બાબત, રાજકીય બાબતોમાં ન્યાય્ય શું તેનો વિચાર. યુરોપના સુધારા દરમ્યાન આ વિચારે ઘણો ભાગ લીધો છે. બીજી બાબત, યુરોપની વૈદેશિક * પ્રજાઓના ખરાં ને ખાસ લક્ષણોની છે, અને આ બાબત, આપણે જે યુગને વિષે અત્યારે વિચાર કરીએ છીએ તેની છે.

આ બે બાબતો સિદ્ધ કરવા, ને મેં અમણા વર્ણવ્યા તે મૂળના હકો વિષેની તકરારમાંથી તેને ધીમે ધીમે તારવી કાઢવા હું પ્રયત્ન કરીશ.

યુરોપના સુધારાનાં ભિન્ન ભિન્ન તત્ત્વો, ધાર્મિક સત્તાની રાજ્યશાસનપદ્ધતિ, નૃપતંત્રની રાજ્યશાસનપદ્ધતિ, ઉચ્ચવર્ગસત્તાક રાજ્યશાસનપદ્ધતિ, ને પ્રજાસત્તાક રાજ્યશાસનપદ્ધતિ—એ દરેકે યુરોપના સમાજ પર પ્રથમ સર્વોપરિ સત્તા ભોગવી એમ દરેક મતના અનુયાયીઓનો કહેવાનો આશય શું છે? શું તેઓ એમ કહેવા નથી માગતા કે આમાંની એકજ ન્યાય્ય છે? રાજકીય બાબતોમાં ન્યાય્યતાનો નિર્ણય માત્ર પ્રાચીનતા અથવા સ્થિરતાથીજ સાબીત થાય છે. કઈ સત્તા ન્યાય્ય છે તે નક્કી કરવું હોય તો પ્રથમ કઈ ઉદ્ભવી તેજ જોવામાં આવે છે. વળી જોજો કે આપણા સુધારાનાં તત્ત્વોમાંના

* Barbarian—એ શબ્દનો અર્થ જંગલી થાય છે. રોમ ને ગ્રીસના ઇતિહાસમાં રોમ ને ગ્રીસમાં બહારથી આવનારી પ્રજાઓ, અથવા ટુંકામાં કહીએ તો વૈદેશિક પ્રજાઓના સંબંધમાં આ શબ્દ વપરાય છે. બહારની જેટલી પ્રજાઓ તે જાણે જંગલી એમ તિરસ્કારનો મૂળ ભાવ હતો. આપણે વૈદેશિક ને જંગલી બન્ને શબ્દો કોઈ કોઈ વાર વાપરીશું.

માત્ર કોઈ એકજ તત્ત્વ, એકજ પદ્ધતિને માટે આ પ્રકારનો દાવો કરવામાં નથી આવતો; બધીજ પદ્ધતિઓને માટે એવો દાવો કરવામાં આવે છે. આધુનિક સમયમાં ન્યાય્યતાનો વિચાર માત્ર એકજ પદ્ધતિ—(નૃપતંત્ર)-ને વિષે આપણે કરવાને ટેવાયલા છીએ. પણ આમાં આપણી ભૂલ છે; એવું બધીજ રાજ્યપદ્ધતિઓને વિષે જોવામાં આવે છે. તમે જોયુંજ છે કે આપણા સુધારાનાં બધાં તત્ત્વોમાંનું એકેએક સર્વોપરિ બળ ધરાવતું હતું, ને ખરૂં હતું એમ દરેકને માટે કહેવામાં આવતું હતું. યુરોપના પછીના ઇતિહાસ વિષે આપણે વિચાર કરીશું તો તદ્દન જુદી જુદી સામાજિક પદ્ધતિઓમાંની દરેકને માટે તે ખરી હકદાર ને જૂની છે એમ મત અસ્તિત્વમાં આપણે જોઇશું. ઇટાલિ ને સ્વિટ્ઝર્લૅન્ડની ઉચ્ચવર્ગસત્તાક ને પ્રજાસત્તાક રાજ્યશાસનપદ્ધતિ, સૅન મરીનોની પ્રજાપક્ષનિર્ણીત રાજ્યશાસનપદ્ધતિ, તેમજ યુરોપની મોટામાં મોટી નૃપતંત્રની રાજ્યશાસનપદ્ધતિઓ—એ બધી ન્યાય્ય છે એમ દાવો કરવામાં આવ્યો છે, ને તે પ્રમાણે તેમ ગણાયું પણ છે; આમાંની છેલ્લીની પેઠે પહેલી સંસ્થાઓની ન્યાય્યતાને માટેનો દાવો પ્રાચીનતાને બળે કરવામાં આવ્યો છે. વળી જે રાજ્યપદ્ધતિ ઐતિહાસિક દૃષ્ટિથી પહેલી હતી ને વધારે ટકી રહી છે તે ન્યાય્ય એ પણ ધોરણ રાખવામાં આવ્યું છે.

યુરોપનો પૂર્વનો સમય મુકી દઈ અન્ય કાળ ને અન્ય દેશોને માટે તમે વિચાર કરશો તો તમને દરેક સ્થળે રાજકીય બાબતોમાં ન્યાય્ય કઈ એ વિચાર વિચારાયલો માલૂમ પડશે. રાજ્યની પદ્ધતિના અમુક ભાગ, કે કોઈક સંસ્થા, કે કોઈક નિયમને એ વિચાર લાગુ પાડેલો તમને માલૂમ પડશે. પ્રાચીનતા ને લાંબા ટકાવને બળે તેજ ન્યાય્ય છે એવો વિચાર જેને માટે ધરાવવામાં નહિ આવ્યો હોય એવી કંઈક સામાજિક પ્રદ્ધતિ વગરનો દેશ કે સમય થયો નથી.

આ શો વિચાર છે? આ નિયમના તત્ત્વો શાં છે? યુરોપના સુધારામાં એ કેવી રીતે પ્રવેશ મેળવી શક્યો છે?

બધાંજ રાજ્યોનો આરંભ શારીરિક બળથી થાય છે. હું એમ નથી કહેવા માગતો કે બધાં રાજ્યો શારીરિક બળને આધારે સ્થપાયાં છે. બળ સિવાય બીજી બાબતો પણ જરૂરની છે, છતાં એમ પણ વિચાર કર્યા વિના રહેવાતું નથી કે દુનિયાનાં બધાં રાજ્યોની શરૂઆતનો વખત શારીરિક બળની સત્તાનો હતો, પછી તે રાજ્યો ગમે તેવી પદ્ધતિ કે પ્રકારનાં હોય.

છતાં આ ઉત્પત્તિ કોઈ કબૂલ નહિ કરે. બધાં રાજ્યો આનો ઇનકાર કરે છે, કોઈ પણ રાજ્ય શારીરિક બળને આધારે ઉત્પન્ન-થયું છે એવું કબુલ નહિ કરે. બળથી હક સ્થાપિત થતો નથી, ને સત્તાનું ઉત્પત્તિકારણ જો બળ હોય તો હક કદાપિ સ્થાપિત થાય નહિ એવા પ્રકારની અડગ પ્રેરણા દરેક રાજ્યને સાવચેત રાખે છે. આપણે પ્રાચીન સમયનું અવલોકન કરીએ છીએ ને તે વખતે જુદી જુદી રાજ્યપદ્ધતિઓ ને જુદાં જુદાં રાજ્યો બળને શરણે જતાં આપણે જોઈએ છીએ, ત્યારે તે દરેક એમ દાવો કરે છે કે "હું આ બધાંથી પૂર્વે હતું, મારૂં અસ્તિત્વ જુદા હકને આધારે હતું. હાલમાં મારે વિષે બળ ને વિગ્રહ તમે જુઓ છો, તે પહેલાં, સમાજ પર મેં સર્વોપરિતા ભોગવી છે. હું હકદાર હતું, પણ બીજાંઓએ મારા હકો વિષે તકરાર ઉઠાવી ને તે છીનવી લીધા." આવી રીતે કહેવાનું કારણ આજ છે.

આટલાથીજ સિદ્ધ થાય છે કે બળ તે રાજકીય બાબતોમાં હક સ્થાપિત કરતું નથી. હકનો વિચાર જુદાજ વિચારોને આધારે રહેલો છે. બળના વિચારનો ઇનકાર કરવામાં આ બધી પદ્ધતિઓને માટે કેવા પ્રકારની માગણી કરવામાં આવે છે? એ કે જુદા જુદા હકો, બુદ્ધિ, ન્યાય, ને નીતિને આધારે સ્થપાયલા હોય છે, અને દરેક રાજ્ય કે પદ્ધતિ આવી જાતના હકને આધારેજ સ્થાપિત હોય છે એમ તેને માટે માગણી કરવામાં આવે છે. બળને આધારે તેમની ઉત્પત્તિ નથી એવું મનાવવાના હેતુથી તેમને વિષે પ્રાચીનતાનો વિચાર જોવામાં આવે છે, અને પ્રાચીનતાનો જુદો હક સ્થાપિત કરવામાં આવે છે. રાજકીય બાબતોમાં ન્યાય્ય શું તેના નિર્ણયમાં

પહેલી વાત, શારીરિક બળનો વિચાર દૂર કરી, નૈતિક બળનો વિચાર જરૂરનો ગણવાની છે. જે બુદ્ધિ, નીતિ, ને ન્યાયને આધારે સ્થપાય તે ખરૂં હકદાર. પ્રાચીનતા ને લાંબા ટકાવની મદદથી આ વિચાર સ્થાપિત થયો છે. અને તે આ પ્રમાણે:—

બધાંજ રાજ્યો, બધાજ સમાજો પર શારીરિક બળનું થોડો સમય સામ્રાજ્ય ચાલ્યા પછી વખત બદલાય છે. વખત જતો જાય છે તેમ તેમ સમાજના ને મનુષ્યના સ્વભાવને બળે સ્થિતિ બદલાય છે, ને શારીરિક બળથી થએલાં કામોમાં સુધારા થાય છે. માણસમાં વ્યવસ્થા, ન્યાય, ને યોગ્યતાના વિચારો સ્વભાવજન્ય હોય છે, ને તેને પ્રવર્તાવવાની ને પોતે જે પરિસ્થિતિમાં આવે તેમાં તે અમલમાં મુકવાની પણ તેને કંઇક એવીજ અમુક પ્રકારની ઇચ્છા હોય છે. આ ઇચ્છા સફળ કરવા પાછળ એ અથાગ શ્રમ લે છે, અને જે સામાજિક સ્થિતિમાં એ હોય છે તે જો એવીને એવી ચાલુ રહે છે તો કંઇક અસર પણ કરી શકે છે. પોતે જે દુનિયામાં જીવે છે તેમાં મનુષ્ય યોગ્યતા, નીતિ, ને ન્યાય્યતાના અંશો આણે છે.

માણસ પોતાની મહેનતથી જે હેતુઓ સાધે છે તે વિષેનો વિચાર ધ્યાનમાં ન લઇએ, તોએ આપણે અવશ્યે જોઇ શકીએ એવો કોઇ ઈશ્વરી નિયમ આપણને માલૂમ પડે છે, અને આ નિયમ પ્રમાણે, સમાજ ટકી રહેવાને માટે તેમાં અમુક પ્રમાણમાં વ્યવસ્થા, યોગ્યતા, ને ન્યાયબુદ્ધિ અવશ્યે હોવાંજ જોઇએ. સમાજ ટકી રહે એટલીજ બાબત પરથી આપણે અનુમાન કરી શકીએ કે એ તદ્દન અવ્યવસ્થિત, અચેતન, કે અન્યાયયુક્ત નથી. વળી જો એજ સમાજ વિકાસ પામે ને તેની વ્યવસ્થા વધારે ને વધારે લોકોને રુચે તો તેનું કારણ એ છે કે વખત જતાં એ બુદ્ધિ, ન્યાય, ને નીતિને વધારે ને વધારે ગ્રહણ કરે છે.

આ પ્રમાણે રાજકીય બાબતોમાં ન્યાય્ય શું છે તેની ભાવના પ્રથમ દુનિયામાં ને તેમાંથી પછી લોકોના મનમાં ઓતપ્રોત થાય છે. પ્રથમ આ ભાવનાનાં બીજ કેટલેક અંશે નૈતિક ન્યાય્યતા, યોગ્યતા, ને સત્યના

વિચારોમાં હોય છે, ને વખત જતાં જેમ જેમ એ દૃઢ થતી જાય છે તેમ તેમ બહારની દુનિયામાં પણ એ પ્રવેશ પામે છે, ને તેને વિષે પણ આપણે નીતિના દૃષ્ટિબિન્દુથી વિચારો કરીએ છીએ. જે યુગનો હવે આપણે અભ્યાસ કરવાનો છે તેમાં રાજ્યની જુદી જુદી પદ્ધતિઓ બળ ને અસત્યથી સ્થાપિત થઈ એવા વિચારો પ્રવર્તતા આપણે જોઈશું; તમે દરેક સ્થળે બળ ને અસત્ય ધીમે ધીમે સુધરતાં જોશો, ને તેને બદલે સુધરેલા સમયમાં તમને ન્યાય ને સત્ય માલૂમ પડશે.

બીજી બાબત, કહેવાતા વૈદેશિક પ્રજાઓના અમલ નીચે અથવા જંગલી યુગના લક્ષણ વિષેની છે. યુરોપના સુધારાનાં બધાં તત્ત્વો યુરોપમાં આ સમયે હતાં ખરાં, પણ તેમાનું એકે સર્વોપરિ નહોતું. દુનિયામાં કોઈ પણ સામાજિક સ્થિતિ આગળપડતી હોય છે, ત્યારે તેને ઓળખી કાઢવાનું કામ એવું અઘરૂં નથી. દશમા સૈકા આગળ આવી પહોંચતાં આપણને કોઈ પણ પ્રકારની શંકા વગર ફ્યુડલ પદ્ધતિ આગળ પડતો ભાગ લે છે એમ માલૂમ પડશે. સત્તરમા સૈકામાં નૃપતંત્રની પદ્ધતિ પ્રવર્તે છે એમ કહેતાં આપણે અચકાઈશું નહિ. ફ્લૅન્ડર્સ શહેરની શાસનપદ્ધતિ, ને ઇટાલિની લોકમતાનુયાયી રાજ્યશાસનપદ્ધતિ જોઈશું તો આપણે તરતજ તેમાં પ્રજાસત્તાક પદ્ધતિનું સામ્રાજ્ય દર્શાવી શકીશું. સમાજમાં કોઈ પણ એક તત્ત્વનું બળ આગળપડતું હોય તો તેને વિષે ભુલથાપ ખાવી એ અશક્ય છે.

જંગલી યુગનું ખાસ લક્ષણ એ છે કે તે સમયમાં બધાંજ સુધારાનાં તત્ત્વોનો ગુંચવાડો હતો, બધીજ પદ્ધતિઓની બાલ્યાવસ્થા હતી, ને એવી સામાન્ય અવ્યવસ્થા હતી કે તેમાં થતા વિગ્રહને વિષે પણ વ્યવસ્થા નહોતી કે તે પણ સ્થાયી નહોતો. આ સમયની સામાજિક સ્થિતિનાં જુદાં જુદાં રૂપો તપાસીને હું તમને બતાવી શકીશ કે કોઈ પણ સ્થળે સામાન્ય અથવા સ્થાપિત થએલી એકે પદ્ધતિ કે એકે નિયમ જડવો અશક્ય છે. બે બાબતોને વળગી રહીને આ વિષે હું કહીશ; લોકોની સ્થિતિ, ને સંસ્થાઓની સ્થિતિ. માત્ર આટલાથી આખા સમાજનું ચિત્ર ચીતરી શકાશે.

આ સમયે આપણે ચાર વર્ગના મનુષ્યો જોઈએ છીએ- (૧) સ્વતંત્ર મનુષ્યો. તેઓનો કોઈ પણ ઉપરી નહોતો, ને કોઈ પણ તેમનો આશ્રયદાતા નહોતો. તેઓ તેમની મિલ્કત ને જિંદગીની બાબતોની સ્વતંત્ર રીતે વ્યવસ્થા કરી શકતા હતા, ને તેમ કરવામાં તેઓ કોઈ પણ માણસના ઉપકારના દબાણમાં નહોતા. (૨) પ્રથમ સરદાર ને તેના મિત્રોનો સંબંધ ધરાવનારા, ને પાછળથી રાજા કે સરદાર પ્રતિ આશ્રિતોનો સંબંધ ધરાવનારા મનુષ્યો. જમીનની કે બીજી બક્ષીસો લીધેલી હોવાથી આ માણસો સેવા કરવાને બંધાયલા રહેતા. (૩) વિમુક્ત, અથવા એક વખત ગુલામ અથવા પરતંત્ર પણ પાછળથી સ્વતંત્ર કરવામાં આવેલા મનુષ્યો. (૪) ગુલામો.

પણ આ વર્ગો શું મુકરર હતા? અમુક વર્ગમાં આવેલા મનુષ્યો શું તે વર્ગમાંજ રહેતા હતા? જુદા જુદા વર્ગોના સંબંધમાં શું કોઈ પણ પ્રકારની નિયમિતતા કે જાથુપણું હતું? નહિજ. કોઈની સેવા કરી તેની તરફથી કંઈ બક્ષીસ કે બીજો કંઈ લાભ મેળવવાના હેતુથી પોતાનો વર્ગ છોડીને નીચલા વર્ગમાં જતા સ્વતંત્ર મનુષ્યો વારંવાર તમારા જોવામાં આવે છે; બીજા-વળી ગુલામોના વર્ગમાં જતા પણ તમે જુઓ છો. બીજા વર્ગના મનુષ્યો પહેલા વર્ગમાં આવી સ્વતંત્ર બનવાને પ્રયાસ કરતા પણ તમે જુઓ છો. સર્વત્ર એક જાતનો ફેરફાર, એક વર્ગના માણસોની બીજા વર્ગમાં થતી હમેશાં ગતિ તમે જુઓ છો. કોઈ પણ માણસ પોતાની સ્થિતિને વળગી રહેતો કે કોઈ પણ સ્થિતિ એકની એક તમે નથી જોતા.

સંસ્થાઓમાં પણ એવીજ અસ્થિરતા, એવીજ અવ્યવસ્થા જોવામાં આવે છે. સંસ્થાઓ ત્રણ પદ્ધતિની જોડે જોડે જોવામાં આવે છેઃ નૃપશાસિત સંસ્થાઓ, ઉચ્ચવર્ગસત્તાક સંસ્થાઓ, અને સ્વતંત્ર સંસ્થાઓ. આ ત્રણમાંથી એકકે સમાજ પર સર્વોપરી સત્તા ધરાવતી નહોતી; અંદર અંદર પણ એકકે સર્વોપરિ નહોતી. સ્વતંત્ર સંસ્થાઓ હતી ખરી પણ તેમાં ભાગ લેનારા માણસો ક્વચિતજ તેમાં હાજર રહેતા. અમીરી વર્ગની સત્તા

કંઈ એથી વધારે નિયમિત રીતે વપરાતી નહોતી. સરલમાં સરલ સંસ્થા નૃપશાસિત પદ્ધતિની હોય છે, તેમાં પણ સ્થિરતા નહોતી, ને તેના પ્રશ્નોનો પણ અમુક સ્થાયી નિયમો પ્રમાણે નીવેડો થતો નહોતો. રાજાની પસંદગી કેટલેક દરજ્જે ચુંટણીના ને કેટલેક દરજ્જે વંશપરંપરાના નિયમથી થતી હતી. કેટલીક વખતે પિતાની ગાદીએ પુત્ર આવતો, કેટલીક વખતે કુટુંબમાંથી પસંદગી કરવામાં આવતી, ને કેટલીક વખતે દૂરના કોઈ સગાની કે બહારના માણસની કેવળ ચુંટણીજ કરવામાં આવતી. કોઈ પણ પદ્ધતિમાં કંઈ પણ નિશ્ચિત જોવામાં નહિ આવે. બધી સંસ્થાઓ, બધી સામાજિક સ્થિતિઓ સાથે સાથે જોવામાં આવતી હતી, ગુંચવાતી, ને વારંવાર બદલાતી હતી.

રાજ્યોમાંએ એજ પ્રકારની અસ્થિરતા હતી. રાજ્યો સ્થપાતાં હતાં ને નાબૂદ થતાં હતાં, એકઠાં થતાં હતાં ને જુદાં પડતાં હતાં. જુદી હદો, જુદાં રાજ્યો, જુદા લોકો નહોતા, પણ જુદી જુદી સ્થિતિઓ, પદ્ધતિઓ, જાતભાત, ભાષાઓ એ બધાંનો સામાન્ય ગુંચવાડો હતો. જંગલી અથવા વૈદેશિક પ્રજાઓના હાથ નીચેનું યુરોપ આ પ્રકારનું હતું.

આ વિચિત્ર સમયની અવધિ શી છે? એની શરૂઆત બરાબર જુદી પડે છે. રોમન મહારાજ્યની પડતીના સમયમાંથી એનો આરમ્ભકાળ છે. પણ એનો અન્ત કયારે આવ્યો? આનો ઉત્તર આપવાને આવી સામાજિક સ્થિતિ શાથી ઉદ્ભવી, આ જંગલી સ્થિતિનાં કારણો શાં હતાં તેનો નિર્ણય કરવો જોઈએ.

હું ધારૂં છું બે કારણ મને સૂઝી શકે છે; એક વસ્તુસ્થિતિસંબંધી, ને બીજું નીતિસંબંધી.

હુમલાઓ જારૂ રહ્યા એ વસ્તુસ્થિતિસંબંધી કારણ હતું. જંગલી લોકોના હુમલાઓ પાંચમા સૈકામાં બંધ થઈ ગયા એમ આપણે નહિ ધારવું જોઈએ. રોમની સત્તા પડી ભાગી હતી તે પરથી આપણે એમ નહિ માનવું કે જંગલી પ્રજાઓ તરતજ રોમમાં સર્વોપરિ સત્તા ભોગવી શકી હતી. આ સત્તા સ્થાપતાં રોમની પડતી થયા પછી ઘણો વખત થયો હતો ને તેના પુરાવા દેખીતાજ છે.

પાંચમાથી નવમા સૈકાના અન્તરના સમયમાં યુરોપમાં દક્ષિણ તરફથી મુસલમાનોના ને ઉત્તર તરફથી જર્મન ને સ્લૅવાનિક પ્રજાઓના હુમલાઓ થયા કરતા હતા. આ બમણા હુમલાઓને પરિણામે યુરોપનો મધ્યનો ભાગ ચાલુ અવ્યવસ્થામાંજ રહે એ સિવાય બીજું કંઈ ભાગ્યે સંભવિત હતું. વસ્તીમાં વારંવાર ફેરબદલી થયા કરતી હતી ને એક પ્રજાને ઠેકાણે બીજી એમ વસ્તી બદલાઈ જતી હતી. કંઈ પણ સ્થાયી થઈ શકતું નહોતું. બધી દિશાઓમાં ભટકતી જિંદગી ફરીથી ગુજરાતી શરૂ થઈ. બેલાશક જુદાં જુદાં રાજ્યોમાં આ બાબત વિષે કંઈક ફેરફાર જોવામાં આવતો હતો; યુરોપમાં અન્ય સ્થળો કરતાં જર્મનીમાં વધારે અવ્યવસ્થા હતી, કારણ કે જર્મની તોફાનનું કેન્દ્રસ્થળ હતું, ને ઈટાલિનાં કરતાં ફ્રાન્સમાં વધારે ખળભળાટ હતો. આમ થોડાવત્તાનોજ ફેર હતો, કોઈ પણ સ્થળે લોકો શાંતિમાં નહોતા.

પણ છેવટે, બહારના બનાવો ગમે તેવા હોય, તોએ માણસ તેમને જે રૂપ આપે છે તેજ તે લે છે. માણસોના વિચારો, તેની ભાવનાઓ, ને તેની પ્રકૃતિને અનુસરીને દુનિયાના બનાવો નિયમિત થાય છે, ને વિકાસ પામે છે. સમાજની બાહ્ય સ્થિતિ મનુષ્યની અન્તર સ્થિતિ પર આધાર રાખે છે.

કોઈ પણ સ્થાયી ને નિયમિત સમાજ સ્થાપવાને શું અગત્યનું છે? એટલું તો દેખીતું છે કે સમાજને ખપજોગા ને તેની જરૂરીઆતો પુરી પાડે એટલા વિચારો તેની પાસે હોવા જોઈએ. વળી એટલું પણ જરૂરનું છે કે એ સમાજના મોટા ભાગના માણસોને એ વિચારો સામાન્ય જોઈએ. છેવટે એ વિચારો તેમની ઇચ્છા ને તેમનાં કૃત્યો પર અમુક સત્તા ધરાવતા હોવા જોઈએ.

એ દેખીતું છે કે માણસોને પોતાના સ્વાર્થ સિવાય અન્ય વિચારો ન આવતા હોય, તેમની બુદ્ધિની મર્યાદા માત્ર તેમને પોતાનેજ વિષે સંકોચાયલી હોય, તેમના રાગદ્વેષના તેઓ દાસ બનેલા હોય, ને કેટલાક વિચારો કે

કેટલીક ભાવનાઓ પણ તેમને સામાન્ય રીતે માન્ય ન હોય ને તેટલે અંશે પણ તેઓ એકત્રિત ન થઈ શકે તેમ હોય, તો તો તેમનો એક સમાજ થવો સંભવિત નથી. તેમનામાંનો દરેક માણસ કોઈ જાતના સંમીલિત ને એકત્રિત સમાજનો વિઘ્નકર્તા હોવો જોઈએ.

જ્યાં બહુધા માત્ર વ્યક્તિબળ આગળ પડતું હોય છે, ને માણસ માત્ર પોતે, પોતાના વિચારો ને પોતાની ઇચ્છાઓ પ્રમાણે ચાલવા ધારે છે, ત્યાં કંઈક વિસ્તારવાળો કે સ્થાયી સમાજ તેને માટે અસંભવિત બને છે. યુરોપ પર આ સમયે જીત મેળવનારાઓની નૈતિક સ્થિતિ આજ પ્રકારની હતી. મારા છેલ્લા વ્યાખ્યાનમાં મે કહ્યું હતું કે વ્યક્તિસ્વાતંત્ર્યની ઉત્સાહક ભાવના આપણે જર્મન લોકોની પાસેથી મેળવી છે પણ ઘણાજ જંગલી ને અસ્ત સમયમાં, આ ભાવના સર્વ પ્રકારની પાશવ વૃત્તિઓથી ભરપૂર ને એકત્ર થવાની ઇચ્છાને વિઘ્નરૂપ થાય એવી સ્વાર્થવૃત્તિને પોષે છે. પાંચમાથી આઠમા સૈકા સુધી જર્મન લોકોની સ્વાતંત્ર્યની સ્થિતિ આજ પ્રકારની હતી. તેઓ માત્ર પોતાનું હિત, પોતાનાજ રાગદ્વેષો, પોતાનીજ ઇચ્છાને માટે દરકાર રાખતા હતા. આવી સ્થિતિમાં એકત્ર સામાજિક ભાવના તો શું પણ તેનાથી ઉતરતી તેના જેવી બીજી ભાવના પણ તેમનામાં ક્યાંથી હોઈ શકે? એ સ્થિતિ પ્રાપ્ત કરવાને પ્રયત્નો કરવામાં આવ્યા હતા, પણ કંઈક બીનદરકાર, આવેશ, ને બુદ્ધિની ખામીને લીધે આ નિષ્ફળ ગયા. સમાજ એકત્ર બનવા વારંવાર જતો હતો; પણ નૈતિક બળની ખામીને લીધે એ એકત્ર થતો સમાજ માણસો વારંવાર તોડી નાંખતા.

જંગલી સ્થિતિનાં આ પ્રકારનાં બે કારણો હતાં. જ્યાંસુધી તે ટકી રહ્યાં ત્યાંસુધી જંગલી સ્થિતિ ચાલુ રહી. છેવટે કેવી રીતે ને ક્યારે એનો અન્ત આવ્યો તે આપણે જોઈએ.

આ સ્થિતિમાંથી બચવાને યુરોપના લોકોએ પ્રયત્ન કર્યા. આવી સ્થિતિમાં પોતાનીજ ભૂલને લીધે માણસ આવી પડયો હોય તોએ મનુષ્ય સ્વભાવજ એવો છે કે તેમાં રહેવાને એ ઇચ્છતો નથી. એ ગમે તેવો

જંગલી, ગમે તેવો અજ્ઞ, ગમે તેવો સ્વાર્થી ને આપમતલબી હોય તોએ એની જિંદગી ઉચ્ચતર કામો કરવાને છે, એની પાસે જુદી શક્તિઓ છે, જુદીજ વસ્તુને માટે એ નિર્મિત થયો છે એવો કંઇક અવાજ, એવી કંઇક પ્રેરણા અંદરથી એને સુધારવાને પ્રયત્ન કરે છે. સંપૂર્ણ અવ્યવસ્થામાંએ, વ્યવસ્થા ને પ્રગતિ વિષેનો એનો પ્રેમ એને વળગી રહે છે, ને એને સાલ્યા કરે છે. વસ્તુસ્થિતિને, સમાજને, ને પોતાને સુધારવાને એ પ્રેરાય છે, ને આ કરવાને એ મહેનત કરે છે, જો કે જે હેતુથી એ પ્રેરણા થાય છે તેનું એને અજ્ઞાન હોય છે. સુધારાને માટે તદ્દન અશક્ત હોવા છતાં, ને એથીએ વધારે, સુધારાની પદ્ધતિથી જાણીતા થયા ત્યારથી તેને ધિક્કારતા હતા છતાં જંગલી લોકો સુધારાને માટે લાલસા રાખતા હતા.

ઉપરાંત, રોમના સુધારાનાં પડયાંભાગ્યાં ઘણાં ચિહ્નો હજી રહ્યાં હતાં. લોકોનાં મનમાં, ને ખાસ કરી રોમનાં શહેરોના રાજ્યમંડળના સભાસદો, ધર્મગુરુઓ, ને રોમના અન્ય સર્વે વતનીઓના મનમાં એ મહારાજ્ય, તેની મોટઈ, ને તેના યશસ્વી નામનાં સ્મરણો હજી તાજાં હતાં.

રોમની મહત્તા જેણે જાતે જોઈ હોય એવા માણસો વૈદેશિક લોકોમાંજ કે તેમના પૂર્વજોમાં હજી ઘણા હતા. તેમણે રોમન લશ્કરમાં કામ કર્યું હતું; એ લશ્કર પર જય મેળવ્યો હતો, રોમના સુધારાનું ચિત્ર તેમના પર અજબ અસર કરતું હતું, ને તેનું અનુકરણ કરવા, તેને જાળવી રાખવા, તેને ગ્રહણ કરવાની તેમને ઇચ્છા થતી હતી. મેં વર્ણવી છે તેવી જંગલી સ્થિતિનો ત્યાગ કરવાનું તેમને મન થયું તેનું આ બીજું એક કારણ હતું.

દરેક માણસને વિચાર કરતાં એક ત્રીજું કારણ પણ સૂઝે છે: ખ્રિસ્તિ સમાજ. એ સમાજનું બંધારણ અમુક નિયમો પ્રમાણે થઈ ચુકયું હતું, ને એ સમાજ તેના નીતિબળથી જીતનાર પ્રજા પર જીત મેળવવા ઇચ્છતો હતો; તેને સુધારવા ધારતો હતો. આ સમયના ખ્રિસ્તિ પાદરીઓમાં કેટલાકો એવા હતા કે તેઓ રાજકીય ને નૈતિક વિષયો પર અમુક નિર્ણયો પર આવી ચૂકયા હતા, બધાજ વિષયો પર અમુક

અભિપ્રાયો ને વિચારો ધરાવતા હતા, ને તે બધાનો ફેલાવો કરવા ઉત્કટ ઇચ્છા રાખતા હતા, એ સમાજે જંગલી સ્થિતિ સુધારવાને ઘણો પ્રયત્ન કર્યો.

છેવટે, સુધરવાનું એક ચોથું કારણ છે. એ કારણનું મહત્ત્વ સારી રીતે સમજવું અશક્ય છે, છતાં એ કંઈ તેથી ઓછું અસરકારક નથી; મહાપુરુષોનું આગમન. મહાપુરુષ અમુક યુગમાં શા માટે અવતરે છે, ને તેથી દુનિયામાં શું ફેરફાર થાય છે તે કોઈ પણ માણસ કહી શકતો નથી. એ તો દૈવથી નિર્મિત થએલી ગુપ્ત વાત છે. તેમ છતાં એ વાત કંઈ ખરી ઓછી નથી. અમુક માણસો એવા હોય છે કે તેમને અવ્યવસ્થા ને સામાજિક મંદતાનો દેખાવ નજરે પડે છે, ને તે તેઓ ખમી શકતા નથી. તેમના મનમાં તેથી એવો કંટાળો ઉત્પન્ન થાય છે કે તે ન હોય તો સારૂં એમ તેમને લાગે છે, ને તેથી વસ્તુસ્થિતિ બદલવા તેમને ઇચ્છા થાય છે.

પાંચમાથી નવમા સૈકાની વચમાં યુરોપના લોકોને જંગલી સ્થિતિમાંથી દૂર કરવાને માટે આ બધાં કારણો ને બળોને આધારે જુદી જુદી રીતના પ્રયાસો કરવામાં આવ્યા.

પહેલો પ્રયાસ બહુ અસરકારક નહોતો, પણ વૈદેશિક પ્રજાઓએજ તે પ્રથમ આદર્યો હતો તેથી ગણાવવા લાયક છે. એ પ્રયાસ, વૈદેશિક લોકોએ કાયદાઓ ઘડીને તેને લિખિત રૂપમાં નક્કી કર્યા, તે હતો. છઠ્ઠા ને આઠમા સૈકાઓની વચમાં ઘણુંખરૂં બધીજ વૈદેશિક પ્રજાઓના કાયદાઓ લખાણમાં મૂકાયા. આ પહેલાં તે લખાયા નહોતા, વૈદેશિક પ્રજાઓએ રોમન મહારાજ્યમાં પોતાની સત્તા બરાબર સ્થાપી નહોતી ત્યાંસુધી તેઓ માત્ર રૂઢિનેજ કાયદાસમાન ગણતા હતા. કાયદાઓ લખાયા એ સુધારાનું પહેલું પગલું હતું. આ પ્રયત્નને ફત્તેહ બહુ મોટી નહોતી મળી. વૈદેશિક લોકોએ રોમન રાજ્ય પર સત્તા મેળવી ત્યાર પહેલાંની તેમની સ્થિતિને માટે એ કાયદાઓ લખાયા હતા. તેઓનું જીવન તે વખતે ભટકતું હતું; સ્થાયી જિંદગી તેઓ જીવતા નહોતા. જમીનના માલીક

તે વખતે તેઓ હતા નહિ, માત્ર ભટકતા લડવૈયા તરીકે તેઓ રહેતા હતા. જે કાયદાઓ લખી કાઢવામાં આવ્યા તેમાં છૂટીછવાયી કલમો તેમણે જીતેલી જમીન ને જીતાયલા દેશના જૂના વતનીઓ સાથેના તેમના સંબંધ વિષે હતી ખરી; પણ તે સિવાય જમીન વિષે બીજા કંઈ કાયદા લખાયા નહોતા, મોટે ભાગે એ કાયદાઓ તેમની જર્મન સ્થિતિ અથવા રોમમાં ગયા પહેલાંની સ્થિતિસંબંધીજ હતા. જે નવા સમાજમાં તેઓ દાખલ થયા તેને તે કાયદાઓ લાગુ પડતા નહોતા.

**સ્પેન** દેશમાં સુધારાને પુનર્જીવિત કરનાર બળ બીજું હતું–ખ્રિસ્તિ સમાજનું. જૂની યોદ્ધાઓની સભાઓને ઠેકાણે ધર્મગુરુઓની સભાઓ ત્યાં રાજ કરતી હતી. ત્યાંના કાયદાઓ ધર્મગુરુઓએ ઘડી કાઢ્યા હતા. તેમાં જે પદ્ધતિઓ સ્વીકારવામાં આવી હતી તે જંગલી જીવનથી તદ્દન જુદાજ પ્રકારની હતી. દાખલા તરીકે તમે જાણો છો કે વૈદેશિક લોકોના કાયદાઓ જાતકાયદાઓ હતા, ને તેથી અમુક જાતનાજ લોકોને લાગુ પડતા હતા, બીજી જાતનાઓને નહિ. એકજ રાજ્યના છત્ર નીચેની જુદી જુદી જાતોને તેમનો પોતાનો જાતકાયદોજ લાગુ પડતો હતો. આથી વિરુદ્ધનો કાયદો તે જમીનનો કાયદો, અને તે પ્રમાણે એક રાજછત્ર નીચે રહેનારી એક દેશની જુદી જુદી બધીજ જાતિઓને માત્ર તે દેશનોજ કાયદો લાગુ પડતો, જુદી જુદી જાતિઓનો નહિ. **સ્પેન** દેશના બધાજ રહેવાસીઓને આવો જમીનનો કાયદો લાગુ પાડવામાં આવ્યો હતો. તેઓને માટે માત્ર એકજ સામાન્ય કાયદો હતો. આ સુધારાનું ચિહ્ન છે. આ અન્વેષણ ચાલુ રાખશો તો તમને તેમના કાયદાઓમાં બુદ્ધિબળનાં બીજાં પણ ચિહ્નો જડશે. વૈદેશિક પ્રજાઓમાં ઉંચાનીચા દરજ્જા પ્રમાણે લોકોની અમુક કિંમત આંકવામાં આવતી હતી. પણ કાયદાની દૃષ્ટિથી બધા સામાન છે એ નિયમ **સ્પેનમાં વિસિગૉથ** લોકોના કાયદામાં માન્ય થઈ ચૂકયો હતો. વળી આ લોકોના કાયદામાં બીજાં પણ સુધારાનાં ચિહ્નો હતાં. ગુનેહગારના પક્ષના સાક્ષીઓ સોગન

પર તેને નિર્દોષ કહે તો તે પરથી તેને નિર્દોષ ઠેરવવાની કાયદાની પદ્ધતિ અથવા તો કાયદાસર ગુનેહગાર તે ફરિયાદી એ એની વચ્ચે દ્વન્દ્વયુદ્ધ કરાવી જે હારે તેની વિરુદ્ધ ચુકાદો આપવાની કાયદાની પદ્ધતિ આ લોકોએ મુકી દીધી હતી, ને તેને બદલે સાક્ષીઓની જુબાની પરથી ગુન્હો સાબીત કરવાની સુધરેલી પદ્ધતિ સ્વીકારી હતી.

આ પરથી જણાશે કે **આરબ** લોકોનો મોટો હુમલો થયો તેની પૂર્વના સમયમાં **સ્પેન** દેશમાં ધાર્મિક સત્તાને બળે સુધારાનું પુનરુજ્જીવન થયું હતું.

ફ્રાન્સ દેશમાં એવો પ્રયાસ જુદા બળને આધારે થયો હતો. ત્યાં શરૂઆત ત્યાંના મહાપુરુષોએ અને ખાસ કરી **શાર્લમેન** રાજાએ કરી હતી. એના રાજ્યની જુદી જુદી બાબતો તપાસો ને એનો મુખ્ય વિચાર એના લોકોને સુધારવાની એની યોજના હતી એ તમને માલૂમ પડશે. પ્રથમ એની લડાઈઓ વિષે વિચાર કરીએ. વારંવાર એ યુદ્ધમાં રોકાયલો રહેતો, શું એનાં યુદ્ધો માત્ર વિજય મેળવવાની ઇચ્છાથી શરૂ થતાં હતાં? નહિજ. એણે યુદ્ધો કર્યાં તેમાં એની ઇચ્છા જંગલી પ્રજાઓનું બળ દબાવી દેવાની ને સુધારવાની તરફેણની હતી. એના રાજ્યસમયમાં મોટા ભાગમાં બે પાસના હુમલાઓ દબાવવાને એ હમેશ યુદ્ધક્ષેત્રમાં ઉદ્યુક્ત રહેતો હતો:- દક્ષિણ તરફ **મુસલમાનોના** હુમલાઓ, ને ઉત્તર તરફ **જર્મન** ને **સ્લૅવૉનિક** પ્રજાઓના હુમલાઓ, એની લડાઈઓનો ઉદ્દેશ વૈદેશિક પ્રજાઓને દબાવવાનો હતો. **સૅક્સન** પ્રજાની વિરુદ્ધ એ યુદ્ધમાં પડયો તેનું પણ કારણ બીજું કશું નહોતું.

એની યુદ્ધપદ્ધતિ ન તપાસતાં એના રાજ્યની અંદરની વ્યવસ્થા તપાસશો તો પણ તમને આવીજ વાત નજરે પડશે. એના તાબાના બધા મુલકમાં વ્યવસ્થા ને ઐક્ય આણવા એ પ્રયત્ન કરતો હતો. એના તાબાના મુલકો પર એ રાજ્યદૂતો મોકલતો ને તે દ્વારા મુલકોની સ્થિતિ તપાસી સુધારા કરતો. પાછળથી એ સાધારણ સભાઓની મદદથી

કામ કરતો, ને તે સભાઓ એની પૂર્વેના રાજાઓ કરતાં વધારે નિયમસર બોલાવતો. એના મુલકના બધા આગેવાન માણસોને એ આ સભાઓમાં બોલાવતો. આ સભાઓ આપણે હાલમાં જોઈએ છીએ તેવી સ્વતંત્ર નહોતી કે તેમાં જોવામાં આવે છે તેવા વિષયો પણ તેમાં ચર્ચાતા નહોતા. એ સભાઓ દ્વારા શાર્લામેન માત્ર હકીકતની માહીતી મેળવતો ને લોકોમાં કંઈક વ્યવસ્થા ને ઐક્ય પ્રવર્તાવવા પ્રયત્ન કરતો.

કોઈ પણ દૃષ્ટિબિન્દુથી તમે શાર્લામેનનું રાજ્ય તપાસો તો તમને માત્ર એકજ વાત જણાશે—સુધારા કરવાનો એનો ઉત્સાહ. એની શાળાઓ સ્થાપવાની ઉત્કંઠા, વિદ્વજ્જનો માટે એનો પ્રેમ, ધાર્મિક સત્તા વપરાય તે તરફ એનું વળણ, ને બીજું જે કંઈ કરવું એને યોગ્ય લાગતું તે બધામાં તમને આવીજ વાત નજરે પડશે.

આથી કંઈક મોડો પણ એવાજ પ્રકારનો પ્રયત્ન ઇંગ્લંડમાં ઑલ્ફ્રેડ રાજાએ કર્યો હતો.

આ પ્રમાણે પાંચમાથી નવમા સૈકાની વચમાં જંગલી સ્થિતિ નાબુદ કરવાને જે કારણો તરફ મેં તમારૂં લક્ષ ખેંચ્યું છે, તે યુરોપના એક કે બીજા ભાગમાં સુધારાનું કાર્ય કરવામાં પ્રવૃત્તિમાન્ બન્યાં હતાં.

એકકે કારણ, એકકે બાબતને ફત્તેહ ન મળી. શાર્લામેનનું ધારેલું મોટું વ્યવસ્થિત રાજ્ય એ સ્થાપી ન શક્યો. સ્પેનમાં ધાર્મિક સત્તાનું ધાર્યા પ્રમાણે બળ કામમાં ન આવ્યું. ઇટાલિમાં પણ જંગલી સ્થિતિ અટકાવવાને આદરેલા પ્રયત્નો અત્યાર સુધી નિષ્ફળ ગયા. છતાં દશમા સૈકાની શરૂઆત સુધીમાં બે મોટાં કાર્ય સધાયાં હતાં:—

૧. ઉત્તર ને દક્ષિણમાં થતા હુમલાઓ અટકી શક્યા હતા.

૨. વળી, આ સમયે, યુરોપના મધ્યપ્રદેશોમાં ભટકતું જીવન જે ગુજરાતું હતું, તે અટકી ગયું હતું. વસ્તી સ્થાયી થઈ હતી, મિલ્કત નક્કી થઈ હતી, ને લોકોના સંબંધો દિવસે દિવસે બળ કે અકસ્માતથી બદલાતા

હતા, તે હવે તદ્દન અટકી ગયું હતું. લોકોની નૈતિક સ્થિતિ બદલાવવા મંડાઈ હતી. તેમના જીવનની પેઠે તેમના વિચારો ને તેમની ભાવનાઓ પણ સ્થાયી થયાં હતાં. જે ઠેકાણે તેઓ વસતા ત્યાં તેઓ હમેશના સંબંધ કરતા. દરેક સ્થળે નાના સમાજો, ને મનુષ્યની સ્વેચ્છાનુસાર નાના પાયા પર નાનાં રાજ્યો સ્થપાતાં હતાં. આ સમાજોની વચ્ચે એક જાતનો સંબંધ ને સ્નેહ સ્થપાયો તેનું બીજ જંગલી સ્થિતિમાંજ હતું; તે બીજ, વ્યક્તિ-સ્વાતંત્ર્ય ખોયા સિવાય એકત્ર થવાની વૃત્તિ, તેજ હતું. એક તરફથી દરેક મોટો માણસ એના નાના સરખા રાજ્યમાં કુટુંબના ને આશ્રિત જનોની સાથે જુદોજ એકલો રહેતો, ને બીજી તરફથી આ મોટા લડવૈયા ને જમીનદાર લોકોની અંદર અંદરજ ઉંચાનીચી પદવી પ્રમાણે ક્રમશઃ સેવા કરવાની કે હક પ્રમાણે સેવા માગવાની પદ્ધતિ સ્થાપિત થઈ. આનો અર્થ શું હતો? જંગલી સ્થિતિમાંથી ધીમે ધીમે ફ્યૂડલ પદ્ધતિનો વિકાસ થતો હતો. આપણા સુધારાનાં જુદાં જુદાં તત્ત્વોમાં જર્મન પ્રજા તરફથી મળેલાં તત્ત્વો સૌથી પહેલાં પ્રકાશમાં આવે, આગળ પડતાં રહે, ને ટકી રહે એ સ્વાભાવિક હતું. એ તત્ત્વનેજ આધારે યુરોપનું સૌથી પહેલું સામાજિક સ્વરૂપ ને તેની વ્યવસ્થા બંધાયાં. મારા આવતા વ્યાખ્યાનમાં ફ્યૂડલ પદ્ધતિ તેનું લક્ષણ, ને યુરોપના ઇતિહાસમાં તેણે લીધેલો ભાગ—એ વિષે હું કહેવા માગું છું. વિજય મેળવી, સર્વત્ર પ્રવર્તવા પામેલી એ ફ્યૂડલ પદ્ધતિની, સાથેજ ઠેકાણે ઠેકાણે આપણા સુધારાનાં બીજાં તત્ત્વો પણ આપણે જોઈશું; નૃપતંત્રપદ્ધતિ, ખ્રિસ્તિ સમાજ, ને શહેરની સભાઓ આ બીજાં તત્ત્વો ફ્યૂડલ પદ્ધતિની સાથે મળી જાય છે તે છતાં તેમનો નાશ થતો નથી.

# વ્યાખ્યાન ચોથું.

વ્યાખ્યાનનો વિષય--હકીકત ને સિદ્ધાન્તો વચ્ચેનો આવશ્યક સંબંધ--ફ્યૂડલ પદ્ધતિ પ્રમાણે એક નાના સમાજનું બંધારણ--વતનદાર ને તેના કુંટુંબ પર ફ્યૂડલ પદ્ધતિથી થતી અસર--ફ્યૂડલ પદ્ધતિ તરફ લોકોનો તિરસ્કાર--વતનદારોના દાસવર્ગને માટે કંઈ પણ કરી શકવાની ધર્મગુરુઓની અશક્તિ--ફ્યૂડલ પદ્ધતિને વ્યવસ્થિત કરવાની અશક્તિ: ૧. બળવાન્ સત્તાનો અભાવ: ૨. પ્રજાકીય સત્તાનો અભાવ: ૩. સ્વતંત્રતા જાળવી સત્તાને સંયુક્ત બનાવવાની મુશીબતો--ફ્યૂડલ પદ્ધતિમાં રહેલો વિરોધીભાવ--મનુષ્યના વ્યક્તિત્વના વિકાસને લાભકારક ને સામાજિક વ્યવસ્થાને હાનિકારક, ફ્યૂડલ પદ્ધતિની અસર.

રોમન મહારાજ્યની પડતી પછીની યુરોપની સ્થિતિનો આપણે અભ્યાસ કર્યો. આપણે જોયું કે આ સમયને અન્તે અને દશમા સૈકાની શરૂઆતમાં યુરોપમાં ફ્યૂડલ પદ્ધતિ દાખલ થઈ. હવે એ ફ્યૂડલ પદ્ધતિ, આપણા અભ્યાસનો વિષય થશે.

આપણે બનાવોના ઇતિહાસનો અભ્યાસ કરવાનો નથી. ફ્યૂડલ પદ્ધતિનો ઇતિહાસ વર્ણવી જવો એ મારૂં કામ નથી. આપણે કામનો સુધારાનો ઇતિહાસ છે. દેખીતા બહારના બનાવોની અંદર રહેલી આ સુધારાની સામાન્ય ને છુપી બાબત આપણને કામની છે. ફ્યૂડલ પદ્ધતિ વિષે પણ આપણે આ દૃષ્ટિબિન્દુથી જોવાનું છે.

આ વ્યાખ્યાનોની શરૂઆતમાં આપણે સુધારાનું લક્ષણ નક્કી કર્યું હતું. એનાં તત્ત્વો શાં છે તે શોધવા આપણે પ્રયત્ન કર્યો હતો. આપણે જોયું

હતું કે સુધારાનાં એ તત્ત્વો છે; દરેક મનુષ્યની નીતિનો ને બુદ્ધિનો, કે સમાજની નીતિનો ને બુદ્ધિનો વિકાસ. દુનિયાનો કોઈ પણ બનાવ આપણે તપાસતા હોઈએ ત્યારે આપણે તે માટે બેવડો પ્રશ્ન પૂછવાનો છે: માણસની નીતિના ને બુદ્ધિના વિકાસની તરફેણમાં કે તેની વિરુદ્ધ તે બનાવથી શું થયું છે? સમાજની નીતિના કે બુદ્ધિના વિકાસની તરફેણમાં કે તેની વિરુદ્ધનું તે બનાવથી શું થયું છે?

આપણી તપાસ દરમ્યાન નીતિશાસ્ત્રના ઘણા અગત્યના કેટલાક પ્રશ્નોનો નિર્ણય કર્યા વિના આપણને નહિ ચાલી શકે. જ્યારે કોઈ પણ બનાવથી સમાજના કે મનુષ્યના હિતમાં શો ઉમેરો થયો તે જાણવું હોય ત્યારે સમાજ ને મનુષ્યના ખરા વિકાસ વિષે આપણે જાણીતા હોવું જોઈએ.

આવા વિચારો કરવાની જરૂરનો આપણે ઇનકાર નહિ કરીએ. આ વિચાર નહિ કરવાથી આપણને આપણા વિચારો ને બનાવો વિષે ખોટો અભિપ્રાય આવે છે ને તેને આપણે દૂષિત કરીએ છીએ. એટલુંજ નહિ પણ દુનિયાની વસ્તુસ્થિતિ એવી છે કે તત્ત્વજ્ઞાન ને ઇતિહાસનો ગાઢ સંબંધ આપણે છૂટથી કબુલ કર્યા સિવાય ચાલે તેમ નથી.

તેથી, સામાન્ય વિચારના પ્રશ્નોનો આપણે ત્યાગ નહિ કરીએ. તેવા પ્રશ્નોની ખાસ શોધમાં આપણે નહિ પડીએ, પણ જ્યારે હકીકતો આપણને સામાન્ય વિચારો કરવાને લલચાવે એવી હોય ત્યારે અચકાયા વિના આવા વિચારો આપણે કરીશું. યુરોપના સુધારાના ઇતિહાસ સાથે ફ્યૂડલ પદ્ધતિનો શો સંબંધ છે તેનો વિચાર કરતાં આમ કરવાના આપણને એકથી વધારે પ્રસંગો મળશે.

દશમા સૈકામાં ફ્યૂડલ પદ્ધતિ આવશ્યક હતી તેની એક સારી સાબીતી એ છે કે તેનો સાર્વત્રિક પ્રચાર થયો હતો. જ્યાં જ્યાં જંગલી સ્થિતિનો અન્ત આવ્યો ત્યાં ત્યાં ફ્યૂડલ પદ્ધતિનો સ્વીકાર થએલો જોવામાં આવે છે. પ્રથમ તો એ પદ્ધતિથી અવ્યવસ્થાનો જય થશે એમ લોકોને લાગતું હતું; બધું ઐક્ય, બધા સામાન્ય સુધારા નાશ પામ્યા; બધી

દિશાઓમાં સમાજના ભાગલા થતા જોવામાં આવતા હતા; ને તેને બદલે નાના નાના, કોઈ દહાડો નહિ જોએલા, છૂટા છૂટા, ને સમજી ન શકાય તેવા નવા સમાજનાં બંધારણો થતાં જોવામાં આવતાં હતાં. તે વખતના લોકોને આનો અર્થ એવો લાગતો હતો કે સમાજમાં સામાન્ય અવ્યવસ્થા થશે. તે વખતના કવિઓ ને તવારીખ નોંધનારાઓનો આ સંબંધી મત તપાસો. તે બધા એમ માનતા હતા કે દુનિયાનો અન્ત આવતો હતો. છતાં એ તો એક નવા સમાજનો આરમ્ભકાળ હતો. એ સમાજ ફ્યૂડલ પદ્ધતિ પ્રમાણે બંધાવવાનો હતો. એ સમાજ એટલો બધો આવશ્યક હતો, એવો અનિવાર્ય હતો, ને પાછલા સમાજનો એવો પરિણામરૂપ હતો કે બધી વસ્તુઓ હવેથી એમાં ભળી ગઈ ને તેમણે નવું સ્વરૂપ ધારણ કર્યું. ખ્રિસ્તિ સમાજ, મ્યુનિસિપૅલિટિઓ અથવા શહેરની સભાઓ, નૃપતંત્રની પદ્ધતિ એ બધાં આ પદ્ધતિમાં ભળી ગયાં, ને આ પદ્ધતિને અનુસરે એવા તેમાં ફેરફાર થઈ ગયા. ખ્રિસ્તિ સમાજમાં પણ અમીર અથવા સરદાર ને આશ્રિત વર્ગ જેવા વર્ગો પડયા, શહેરોમાં પણ અમીર ને તેમના દાસોના વર્ગ પડયા, ને નૃપતંત્રની પદ્ધતિમાં પણ રાજાએ સરદારનું સ્વરૂપ ધારણ કર્યું. બધી વસ્તુઓ સેવાના બદલામાં આપવામાં આવતી હતી. માત્ર જમીનજ નહિ, પણ કેટલાક હકો, જેવા કે જંગલોમાંથી ઝાડ કાપવાનો હક, પાણીમાંનાં માછલાં પકડવાનો હક, સેવાના બદલામાં આપવામાં આવતા હતા. દેવળોની હકસાઈ પણ જમીનના પેઠે સેવાના બદલામાં આપવામાં આવતી હતી. પાણી ને પૈસો પણ સેવાના બદલામાં વાપરવા દેવામાં આવતાં હતાં. આમ જિંદગીની સામાન્ય ને નાની નાની બાબતોમાં સુદ્ધાં ફ્યૂડલ પદ્ધતિ પ્રમાણે કામ ચાલતું હતું.

જ્યારે આ પ્રમાણે દરેક બાબતમાં ફ્યૂડલ પદ્ધતિની અસર આપણે જોઈએ છીએ, ત્યારે પ્રથમ તો આપણે એમ માનવાને લોભાઈએ છીએ કે ફ્યૂડલ પદ્ધતિનો અગત્યનો ને અંન્તર્ગત નિયમ પણ સર્વત્ર પ્રવર્તમાન થયો હશે. પણ આમ માનવું તે ભૂલભરેલું છે. ફ્યૂડલ પદ્ધતિ દાખલ થતા પહેલા એ પદ્ધતિને મળતાં ન આવે એવાં સામાજિક તત્ત્વો જેવાં હતાં

તેવાંને તેવાંજ પાછળથી પણ રહ્યાં છે. ખ્રિસ્તિ સમાજમાં ફ્યૂડલ પદ્ધતિ દાખલ થયા પછી પણ તેમાંથી ધાર્મિક સત્તાનું બળ ઓછું થયું ને'તું, અને આ પદ્ધતિનો બહિષ્કાર કરવા માટે કેટલીક વાર રાજ્યસત્તાની સહાયતામાં, તો કેટલીક વાર પોપ—ખ્રિસ્તિઓના મોટામાં મોટા ધર્મગુરુની સહાયનામાં, ને કેટલીક વાર લોકોની સહાયતામાં રહીને એ સમાજે અથાગ શ્રમ લીધો છે. નૃપતંત્ર ને શહેરી સમાજો જ્યાં બળવાન્ હતાં ત્યાં પણ એ પદ્ધતિ દાખલ થઈ, છતાં સર્વોપરિ થઈ જવા પામી નથી.

ફ્યૂડલ પદ્ધતિ સર્વત્ર પ્રવર્તમાન હતી એ બતલાવી, ચઢતાઉતરતી જમીનદારોને ક્રમશઃ સેવાનો બદલો આપી જમીન રાખવાની સામાન્ય રીત વિષે આપણે પરીક્ષા કરીશું. યુરોપના મુલકો જીતી લેનાર પ્રજાઓએ લશ્કરી સેવાના બદલામાં જમીન આશ્રિતવર્ગને ખેડવા આપી હતી. ફ્યૂડલ પદ્ધતિ ખરેખરી એ વર્ગમાં દાખલ થઈ હતી; તેમને વિષે હવે આપણે પરીક્ષા કરવાની છે.

નૈતિક બાબતોની અગત્ય વિષે મેં અમણાંજ કહ્યું છે. પણ એક તદ્દન જુદીજ જાતના દૃષ્ટિબિન્દુ વિષે બીલકુલ ધ્યાન અપાતું નથી તે પણ અગત્યનું છે. કોઈ પણ નવો બનાવ, પરિવર્તન, કે નવી સામાજિક સ્થિતિથી થતા મનુષ્યની ભૌતિક સ્થિતિમાં ફેરફાર વિષે હું કહું છું. આ બાબતો પર હમેશ આપણે જોઈએ તેટલો વિચાર નથી કર્યો. ભૌતિક સ્થિતિના ફેરફારો, ધારવામાં આવે છે તેના કરતાં, આખા સમાજની સ્થિતિ પર ઘણી વધારે અસર કરે છે. આબોહવાની અસર વિષે કેટલો બધો અભ્યાસ થાય છે તે આપણને જાણીતી વાત છે. આબોહવાથી થતી તાત્કાલિક અસર વિષેજ વિચાર કરીશું તો તે કદાચ બહુ નહિ માલૂમ પડે. એ બાબત ઘણી અનિશ્ચિત છે ને એનો નિર્ણય કરવો અઘરો છે, પણ આબોહવાની આડકતરી અસર—જેમકે ઉષ્ણ પ્રદેશોમાં લોકો ખુલ્લી હવામાં રહે છે, ને શીત પ્રદેશોમાં તેઓ ઘરમાં ભરાઈ રહે છે, તેથી જે પરિણામ આવે છે તેથી મનુષ્યની ભૌતિક સ્થિતિમાં જુજ જેવા ફેરફાર થાય છે, પણ

સુધારાની બાબતમાં તેની ઘણી જબરી અસર થાય છે. બધા મોટા ફેરફારોથી સામાજિક સ્થિતિમાં આ પ્રકારના ફેરફાર થાય છે, ને આ બાબત ધ્યાનમાં લેવી જરૂરની છે.

ફ્યૂડલ પદ્ધતિ સ્થપાઈ તેથી આવો એક મોટો ફેરફાર થયો. આખા મુલકમાં વસ્તીની વહેંચણી બદલાઈ ગઈ. અત્યાર સુધી જમીનના માલીકો ક્યાં તો શહેરોમાં બેસી રહેતા કે ક્યાં તો દેશમાં અમુક અમુક ટુકડીઓમાં ભટકતા. ફ્યૂડલ પદ્ધતિને પરિણામે આ લોકો પોતપોતાના જુદા સ્થાનમાં ઘણે દૂર દૂરને અન્તરે જુદા જુદા રહેતા થયા. સુધારાની બાબતમાં આનાથી કેવો ફેરફાર થાય તે તમે તરત સમજી શકશો. શહેરની જિંદગી કરતાં ગામડાંઓની જિંદગીની અગત્ય વધી, પ્રજાકીય મિલ્કત કરતાં ખાનગી મિલ્કતની પણ અગત્ય વધી.

સુધારાના ઇતિહાસમાં આ પ્રકારના સમાજનો શો હિસ્સો છે તે આપણે તપાસીએ. પ્રથમ તો સાદામાં સાદી, શરૂઆતની ફ્યૂડલ પદ્ધતિનાં મૂળ તત્ત્વો વિષે આપણે વિચાર કરીએ. એકજ જમીનદાર એના નાના સરખા સંસ્થાનમાં એના આશ્રિતવર્ગ સાથે કેવો સંબંધ રાખતો તે આપણે જોઈએ.

એક છૂટીછવાયી ઉંચી જમીન પર એ એનો વાસ કરે છે, ને તે વાસ સહીસલામત ને મજબૂત બનાવવાની એ સાવચેતી રાખે છે. ત્યાં આગળ જેને એ એનો કિલ્લો કહે છે એવો બચાવ થાય તેવો એ પોતાનો મુકામ નાખે છે. અને એ કોની સાથે ત્યાં રહે છે? પોતાનાં બૈરાંછોકરાંઓ સાથે. જેઓ જમીનના માલીક થવા ન પામ્યા હોય તેવા કેટલાક સ્વતંત્ર માણસો પણ કદાચ એના મિત્રો થઈ એની સાથે ખાતાપીતા હોવાથી ત્યાં રહે છે. એના કિલ્લાની અંદર રહેનારાઓમાં આ બધા આવી જાય છે. એની આસપાસ એક નાનું સરખું આશ્રિતવર્ગનું સંસ્થાન વસે છે. એ આશ્રિતો એની જમીનની ખેતીનું કામ કરે છે. આ આશ્રિતવર્ગમાં એક ધાર્મિક સમાજ સ્થપાય છે. તેથી ત્યાં ધર્મગુરુની પણ આવશ્યકતા થાય છે. તેથી તે

મંડળમાં એક ધર્મગુરુ આવીને વસે છે. ફ્યૂડલ પદ્ધતિના આરમ્ભકાળમાં આ ધર્મગુરુ જમીનદારના ખુદ કિલ્લામાં વસનાર મંડળનો ઉપદેશગુરુ બનતો, ને ભક્તિનાં ઉપદેશવચનો વાંચવાનું કાર્ય કરતો. વળી આખા ગામનો પાદરી પણ એજ બનતો. વખત જતાં સંસ્થાનનો ધર્મગુરુ આ જુદાં જુદાં કામ કરતો તે સ્થિતિ અટકી ગઈ. ગામનો પાદરી જુદો માણસ બનતો, ને તે, ગામના દેવળ પાસે રહેતો. આ પ્રમાણે શરૂઆતના વખતમાં ફ્યૂડલ પદ્ધતિ પ્રમાણે સમાજ રહેતો. આને પરિણામે મનુષ્યનું પોતાનું ને સમાજનું હિત કેટલું વિકાસ પામ્યું છે એ પ્રશ્નો આપણે પૂછી શકીએ તેમ છે.

આવા બે પ્રશ્નો પૂછવાનો ને તેના ઉત્તરથી સંતુષ્ટ થવાનો આપણને સંપૂર્ણ હક છે; કારણ કે મેં જે ફ્યૂડલ પદ્ધતિ પ્રમાણે રહેતા સમાજનું ચિત્ર તમને આપ્યું તે યથાર્થ છે. જમીનદાર, સંસ્થાનના લોકો, ને ધર્મગુરુ; ફ્યૂડલ પદ્ધતિ પ્રમાણે રહેનાર સમાજનાં એ ત્રણ અંગો છે, પછી ભલે તે સમાજ મોટો હોય કે નાનો હોય.

આ નાનકડા સમાજ વિષે વિચાર કરતાં એક વાત આપણું ધ્યાન ખેંચે છે. જમીનદાર ઘણો મોટો માણસ ગણાતો હોવો જોઈએ. જંગલી લોકોમાં વ્યક્તિસ્વાતંત્ર્યની ભાવનાનું બળ જબરૂં હતું. પણ અહીં તો વસ્તુસ્થિતિ જુદી હતી. આ પદ્ધતિ પ્રમાણે માણસની—યોદ્ધાની સ્વતંત્રતાજ માત્ર જોવામાં આવતી નહોતી, પણ મોટી જમીનના માલીક, કુટુંબના વડીલ ને મુખ્ય પુરુષ, ને આશ્રિતજનોના શેઠ તરીકે એનું અગત્ય ગણાતું હતું. આવી સ્થિતિને લીધે એનામાં ઘણાજ ચઢીઆતાપણાની ભાવના ઉત્પન્ન થઈ હોવી જોઈએ. બીજા સુધારાના ઇતિહાસોમાં આપણે જોઈએ તેના કરતાં ઘણીજ જુદી જાતનું આ ચઢીઆતાપણું ગણાતું હોવું જોઈએ; કારણ કે આ જમીનદારનું મહત્ત્વ કંઈ પદવીને લીધે કે કોઈનું આપેલું નહોતું, પણ માત્ર પોતાનીજ સ્થિતિ, પોતાનીજ જમીનદાર તરીકેની મોટાઈને લીધે ઉત્પન્ન થએલું હતું. કેટલી અગરૂબી, કેટલો મહાગર્વ, કેટલી ઉદ્ધતાઈ

આ માણસના મનમાં ઉત્પન્ન થતી હોવી જોઈએ! એ કંઈ કોઈ પણ એના ઉપરીના પ્રતિનિધિ તરીકેની કે આપેલી સત્તા વાપરતો નહોતો. એના મંડળમાં એનો કોઈ બરોબરીઓ પણ નહોતો. એની ઇચ્છા પર કોઈ પણ બહારનો અંકુશ નહોતો. પોતાનું બળ પહોંચી શકે ને નિડરપણે વાપરી શકે તેટલી સત્તાવાપરવાને એને વાંધો નહોતો.

મહત્ત્વનું, છતાં બહુ ઓછું નજરમાં આવેલું, ફ્યૂડલ પદ્ધતિનું એક બીજું પરિણામ આપણે જોઈશું. ફ્યૂડલ પદ્ધતિ પ્રમાણે રહેનાર કુટુંબના ચેતનમાં શા પ્રકારના ફેરફાર થયા તે વિષેની એ વાત છે.

જુદી જુદી જાતની કુટુંબની પદ્ધતિઓ વિષે આપણે વિચાર કરીએ. પ્રથમ તો બાઈબલ ને પૂર્વ દેશોનાં પુસ્તકોમાં જેના દાખલા આપણે વાંચીએ છીએ એવી કુલપતિસત્તાક કુટુંબપદ્ધતિ અથવા કુટુંબના મુખ્ય વડીલની સર્વ સત્તા નીચે રહેનાર કુટુંબની પદ્ધતિ જુઓ. એ પદ્ધતિ પ્રમાણે રહેતું કુટુંબ ઘણું મોટું હોય છે. મુખ્ય પુરુષ—કુલપતિ એ કુટુંબમાં એનાં છોકરાંઓ, પાસેના સંબંધીઓ, એની સાથે રહેનારાં દૂરનાં બન્ધુઓ, ને બધા નોકરો સાથે રહેતો. માત્ર એ બધાંની સાથે એ રહેતો એટલુંજ નહિ પણ એનું કામકાજ, એનો ધંધો, ને એનું જીવન પણ તેમની બધાની સાથે સામાન્ય, એકજ પ્રકારનું હતું.

એક બીજા પ્રકારની કુટુંબપદ્ધતિ પણ જોવામાં આવે છે. સ્કૉટલૅન્ડ ને આયર્લૅન્ડમાં એ પ્રવર્તે છે। આ, ટોળીની અથવા સંઘની પદ્ધતિ છે. ઘણે ભાગે યુરોપના મોટા ભાગે આ પદ્ધતિ એક વાર અનુભવી છે. કુલ-પતિની સત્તા નીચે રહેનાર કુટુંબની પદ્ધતિથી આ પદ્ધતિ જુદી છે. સરદાર ને તેના હાથ નીચે વસનારાઓની સ્થિતિની વચમાં આ પદ્ધતિ પ્રમાણે ઘણો ફેર હોય છે. એ બધા એકજ પ્રકારનું જીવન જીવતા નથી, મોટો ભાગ ખેતી ખેડે છે ને સેવા કરે છે, ને સરદાર આળસુ ને યુદ્ધકુશળ હોય છે. પણ એ બધાની ઉત્પત્તિ એકજ હોય છે, એકજ નામ તેઓ ધારણ કરે છે, તેમના સંબન્ધિઓ, ને જૂના પરાક્રમોનાં સ્મરણો એકજ હોય છે, ને તેથી

એક જાતનું નીતિનું બન્ધન, અમુક સ્નેહબન્ધન ઉત્પન્ન થાય છે. તેને પરિણામે ટોળીના બધા માણસોમાં સમભાવ રહેવા પામે છે.

ઇતિહાસ જોતાં કૌટુમ્બિક પદ્ધતિઓના આપણને આ બે મુખ્ય નમુના મળી આવે છે. પણ આમાંથી એકેમાં ફ્યૂડલ પદ્ધતિનું ચિહ્ન છે? નહિજ. પ્રથમ એમ લાગે છે કે ટોળીમાં રહેનાર ઉપર દર્શાવ્યું તેવા કુટુંબને ફ્યૂડલ પદ્ધતિ પ્રમાણે રહેનાર કુટુંબ મળતું આવે છે. પણ સરખામણી કરતાં તફાવત ઘણો વધારે છે. જમીનદારની આસપાસ રહેનાર વર્ગ એની સાથે કોઈ પણ પ્રકારની સંબન્ધીની ગાંઠથી જોડાયલો નથી હોતો, તે લોકોનું ને એનું નામ એક નથી હોતું, ને તેમની ને એની વચમાં કોઈ પણ પ્રકારનો નૈતિક કે ઐતિહાસિક સંબંધ જોવામાં નથી આવતો, તેમજ કુલપતિની સત્તા નીચે રહેનાર કુટુંબની પદ્ધતિને પણ ફ્યૂડલ કુટુંબની પદ્ધતિ મળતી આવતી નથી. જમીનદાર એના આશ્રિત વર્ગની સાથે એકજ પ્રકારનું જીવન ગુજારતો નથી, ને એકજ પ્રકારનું કામકાજ કે ધંધો પણ કરતો નથી. એ આળસુ ને યુદ્ધકુશળ હોય છે ને આશ્રિતો વૈતરૂં કર્યા કરે છે. ફ્યૂડલ કુટુંબ બહુ મોટું નથી હોતું, એમાં માત્ર સ્ત્રી ને છોકરાંઓનોજ સમાવેશ થાય છે, ને એ કુટુંબ આશ્રિત વર્ગથી જુદુંજ, પોતાના નાના સરખા કિલ્લામાં વાસ કરે છે. એની આસપાસ રહેનારાઓ ને આશ્રિતજનો એ કુટુંબની બહાર રહે છે. આવા સમાજનું અસ્તિત્વ પણ જુદાં કારણોને લીધે થયું છે, ને તેથી કુલપતિની સત્તા નીચે રહેનાર કુટુંબ કરતાં આ કુટુંબ ઘણી જુદી જાતનું છે. સમાજથી ચઢીઆતી સ્થિતિમાં ને તેથી અળગા પાંચછ જોડે રહેનાર માણસોનું કુટુંબ તે ફ્યૂડલ કુટુંબ. એ ઘણું નાનું ને સંકુચિત રહેતું ને આશ્રિત વર્ગથી પણ જુદા પડી તે વર્ગનો પણ તેને વિશ્વાસ નહોતો રહેતો. આવા કુટુંબનું આન્તર જીવન ને એની ગૃહવ્યવસ્થાની બાબતો અગત્યની થવીજ જોઇએ. સરદારની સ્વેચ્છાનું બળ ને લડાઈમાં કે શિકારમાં વખત કાઢવાની એની ટેવ ગૃહજીવનની ઉન્નતિમાં વિઘ્નરૂપ હતાં. પણ આ બળ ને આ ટેવ ખસેડી શકાય તેવાં છે. લડાઈ કે

શિકારમાંથી છેવટે સરદાર ઘેર તો આવવાનોજ ને ત્યાં એની સ્ત્રી ને એનાં છોકરાંનાજ સહવાસમાં એને હમેશ રહેવું પડવાનું. એની મોજશોખોમાં ને એના ભવિષ્યમાં તે લોકો ભાગ ભોગવવાનાં. તેથી અવશ્યે કરીને ગૃહજીવનનું ઘણું અગત્ય વધ્યું. આ બાબતની જોઈએ તેટલી સાબીતી છે. શું ફ્યૂડલ પદ્ધતિ પ્રમાણે રહેનાર કુટુંબમાંજ સ્ત્રીસન્માન વધ્યું નહોતું? કૌટુમ્બિક જીવન ઘણું બળવાન્ હતું એવા બધા પ્રાચીન સમાજોમાં સૌથી વધારે સ્ત્રીસન્માન ફ્યૂડલ કુટુંબમાં હતું. ફ્યૂડલ પદ્ધતિ પ્રમાણે રહેનાર કુટુંબમાં ગૃહવર્તન કેળવાતું તેને લીધેજ આ દિશામાં ઉન્નતિ જોવામાં આવે છે. કેટલાકોનું માનવું એવું છે કે આ સ્ત્રીસન્માન પ્રાચીન જર્મન લોકોના ખાસ આચારોને લીધે ઉત્પન્ન થયું હતું. તેઓ જંગલમાં રહેતા ત્યાં પણ તેમને તેમની સ્ત્રીઓ પ્રતિ સન્માનનો ભાવ રહેતો. પણ આ મતને માટે સંગીન પાયો નથી. ગૃહવર્તનનું અગત્ય જ્યારથી વધ્યું ત્યારથીજ સ્ત્રીસન્માનનું અગત્ય પણ શરૂ થયું; અને ગૃહવર્તનનું અગત્ય તો છેક આરમ્ભકાળથીજ ફ્યૂડલ પદ્ધતિનું લક્ષણરૂપ હતું.

ગૃહજીવનના સામ્રાજ્યની બીજી એક સાબીતી મળે છે ને તે પણ ફ્યૂડલ પદ્ધતિનેજ અંગે છે. વંશપરંપરા હકો મેળવવાની પદ્ધતિ વિષે હું ધ્યાન ખેંચવા માગું છું. કુટુંબના જીવનની સાથેજ વંશપરંપરાની પદ્ધતિ સંલગ્ન છે. પણ ફ્યૂડલ પદ્ધતિમાં જેટલો એનો વિકાસ છે તેટલો અન્યત્ર થયો નથી.

હવે હું જમીનદારની રહેણીનો વિષય પડતો મુકી તેના સંસ્થાન વિષે, તેની આસપાસ રહેનાર લોકોને વિષે બોલીશ. અહીં બધું જુદુંજ જણાય છે. મનુષ્યનો સ્વભાવ એવો સરસ છે કે જ્યારે કોઈ પણ સામાજિક સ્થિતિ અમુક વખત સુધી ટકી રહે છે ત્યારે અમુક જાતનું સ્નેહબન્ધન ને અમુક નૈતિક ભાવનાઓ ઉત્પન્ન થાય છે. ગમે તે કારણસર જેઓ એકબીજાના સહવાસમાં રહે છે તેમની વચ્ચે અન્યોન્ય રક્ષણ, ઉપકાર, ને સ્નેહના ભાવ અવશ્ય થવા પામે છે. ફ્યૂડલ પદ્ધતિમાં પણ આ પ્રમાણે

બન્યું. જમીનદાર ને તેના સંસ્થાનના લોકોની વચ્ચે કેટલેક વખત પછી કેટલોક સ્નેહભાવ સ્થાપિત થયો. પણ તે ભાવ તેમના સમ્બન્ધને લીધે નહિ પણ તે વિરોધી હોવા છતાં ઉત્પન્ન થયો. આમ થાય એવું વસ્તુ-સ્થિતિમાં કંઈ નહોતું; ઉલટી તે તો આની વિરુદ્ધ હતી. જમીનદાર ને એના સંસ્થાનના વતનીઓને વિષે કશું સામાન્ય નહોતું કે જેથી સ્નેહ ઉત્પન્ન થાય, તે લોકો એના નાના સરખા રાજ્યનો અમુક ભાગ હતા, તે લોકો એની મિલ્કતરૂપ હતા. તેને લીધે તેમના પર અમુક કાયદાઓનું બંધારણ નાખવું, કે અમુક કર નાખવા, કે તેમને શિક્ષા કરવાનો, અરે એટલુંજ નહિ પણ તેમને વેચવાનો ને જેમ ચાહે તેમ કરવાનો તેને હક હતો. આ બેની વચ્ચે કોઈ પણ જાતના હકો, કબૂલાતો, કે સામાજિક સમ્બન્ધો નહોતા.

ફ્યૂડલ પદ્ધતિ, તેનાં સ્મરણો, તેનું નામ સુદ્ધાં લોકો હમેશાં ઘણાજ તિરસ્કારની દૃષ્ટિથી દે છે; તેનું કારણ હું ધારૂં છું તેજ છે. આવી જહાંગીરી સત્તાને લોકો શરણે થયાનો ને તેને ટેવાઈ ગયાનો આ માત્ર એકજ દાખલો નથી. લોકો ખુશીથી એવી સત્તાને તાબે રહ્યાના બીજા દાખલાઓ પણ છે. ધાર્મિક સત્તા ને નૃપસત્તાની જોહુકમી અનેક વાર લોકોએ ખુશીથી કબૂલ રાખી છે. પણ ફ્યૂડલ પદ્ધતિની જહાંગીરી હમેશાં કંટાળો આપે તેવી હતી. આનું કારણ એ છે કે ધાર્મિક સત્તા ને નૃપસત્તા, એક પ્રતિનિધિની સત્તા તરીકે વપરાય છે. ક્યાં તો ઈશ્વરના કે ક્યાં તો અમુક સામાન્ય સત્તાની આવશ્યક્તાના સામાન્ય નામ નીચે એ સત્તાઓ વાપર-વામાં આવે છે, માણુસ પોતાના નામમાં એ સત્તાઓ વાપરતો નથી. ફ્યૂડલ પદ્ધતિની જહાંગીરી તદ્દન જુદી જાતની હતી. એમાં તો માણુસ માણુસ પર સત્તા વાપરતો હતો; પોતાની સ્વેચ્છાના બળથી, નહિ કે કોઈ પ્રકારના પ્રતિનિધિત્વના બળથી, એ પોતાની સત્તા વાપરતો. માણુસને હમેશ પોતાને માટે એક પ્રકારના ગૌરવનો વિચાર હોય છે ને તેને લીધે તે આવી સત્તા કબૂલ નહિ કરે; કદાચ આજ જહાંગીરી એવી છે કે જે

માણસ ખુશીથી નહિ ખમે. જ્યારે સત્તા વાપરનાર માણસ પણ માત્ર એક માણસ તરીકે જહાંગીરી વાપરતો જણાય છે, ત્યારે કદાચ વેઠવી પડે તોએ તે સત્તા આવેશ સાથેજ કબૂલ રાખવામાં આવે છે. ફ્યૂડલ પદ્ધતિની સત્તા આ પ્રકારની હતી, અને એના પ્રતિ જે વૈરભાવની લાગણી હમેશ ઉત્પન્ન થતી તેનું કારણ પણ આ પ્રકારનું હતું.

આપણા નાના સરખા ફ્યૂડલ સમાજ પર ધર્મગુરુની શી અસર થઈ શકતી હતી તે તપાસીએ છીએ ત્યારે આપણને માલૂમ પડે છે કે તે નહિ જેવી હતી. ઘણુંખરૂં તો ધર્મગુરુ જાતેજ અસભ્ય ને આશ્રિત તરીકે દાસત્વમાં રહેતો, ને તેથી જમીનદારનો મદ દબાવી શકે એવું એનામાં બહુ થોડું જોવામાં આવતું. બેલાશક સંસ્થાનના આશ્રિતવર્ગનું નૈતિક જીવન પોષવા ને ઉન્નત કરવાનું એનું ખાસ કામ હોવાથી ને તે માટે એને સંસ્થાનમાં બોલાવવામાં આવેલો હોવાથી, એ ત્યાં તે હેતુથી પ્રિય ને ઉપયોગી થઈ પડતો. સંસ્થાનમાં એ કંઈક આરામ આપતો, કંઈક ચેતન મુકતો, પણ હું ધારૂં છું, તેમાં રહેનારા આશ્રિતવર્ગનું ભવિષ્ય વધારે ઉજળું બનાવવાને એ બહુ થોડું કરી શકતો કે કરતો હતો.

હવે ફ્યૂડલ પદ્ધતિ પ્રમાણે રહેનાર નાના સરખા મંડળનો દેશના સામાન્ય સમાજ તરફ કેવા પ્રકારનો સંબંધ હતો, ને સુધારાના વિકાસમાં આનું શું પરિણામ આવ્યું તે આપણે જોઈએ.

ફ્યૂડલ પદ્ધતિ પ્રમાણે લશ્કરી નોકરી કરવાના બદલામાં જમીન ખેડનારો આશ્રિતવર્ગ શા પ્રકારની સેવા કરવા બંધાયલો હતો ને તેને શા પ્રકારનું રક્ષણ મળતું હતું તે આપણે જાણ્યું. એમને શાં શાં કામ કરવાનાં હતાં તેની વિગતોમાં હું નહિ ઉતરૂં; તે વિષેનો માત્ર સામાન્ય વિચાર આપણને હોય તો બસ. આશ્રિતવર્ગના મનુષ્યોના મનમાં કર્ત્તવ્ય ને સ્નેહના કેટલાક નૈતિક વિચારો તેમના કામનેજ અંગે ઉદ્ભવતા.

આ કર્ત્તવ્યો ને આ ભાવનાઓના વિચારને પરિણામે અમુક હકો ને પદ્ધતિઓ અસ્તિત્વમાં આવ્યાં. દરેક માણસ જાણે છે કે ફ્યૂડલ પદ્ધતિનો

ઉદ્દેશ જમીનદાર ને આશ્રિતવર્ગની વચ્ચેના હકો નક્કી કરી આપવાનો હતો. વળી આશ્રિતવર્ગ જમીનદાર તરફ પૈસાનો કે લશ્કરી નોકરીનો કેવો બદલો આપવાને બંધાયલો હતો તે પણ નક્કી કરવાની ઇચ્છા હતી. જમીનને અંગે નોકરી કરવાને આશ્રિતવર્ગ બંધાયો હોય તે ઉપરાંત તેને કેવા પ્રકારની સેવા કરવી પડતી હતી તે પણ નક્કી કરવાનું હતું. આશ્રિતવર્ગના હકો જળવાય તે હેતુથી અમુક પદ્ધતિ પ્રમાણે તે નિર્ણીત કરવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. દાખલા તરીકે આશ્રિતવર્ગની માંહોમાંહ્યનો ન્યાય જમીનદાર પોતાની ઉપરીસત્તાથી કરતો. દરેક મોટો અમીર કે જમીનદાર પોતાના આશ્રિતવર્ગની સંમતિ જે બાબતમાં આવશ્યક હોય એવી બાબત નક્કી કરવાને આશ્રિતોની સભા મેળવતો. ટુંકામાં ફ્યૂડલ પદ્ધતિનું બંધારણ વ્યવસ્થિત કરવાને માટે જમીનદારના હાથમાં રાજકીય, ન્યાયસંબંધી, કે લશ્કરી સાધનો હતાં, ને તે સાધનોથી આશ્રિતોના હકો નક્કી થતા.

પણ આ હકોનું ને આ પદ્ધતિનું સ્થાયીપણું નહોતું, એ ટકી રહેશે એવી ખાત્રી નહોતી. કારણ કે એ ટકાવી રાખવાને કોઈ એક પણ પ્રકારની સ્થાયી સર્વોપરિસત્તા નહોતી.

બેલાશક નોકરી કરવાના બદલામાં જમીન ખેડનાર વર્ગમાં બધાજ કંઈ સમાનપદ ભોગવતા નહોતા; ઘણાની પાસે વધારે સત્તા પણ હતી ને તે સત્તાનો તેઓ નબળા માણસો પર ઉપયોગ કરતા હતા. પણ છેક રાજા સુધી જમીનદાર વર્ગમાં એક પણ માણસ એવો નહોતો કે જે પોતાના આશ્રિતજનો પર અમુક પ્રકારના કાયદા ચલાવી શકે ને બીજા બધાને તાબામાં રાખી શકે. સત્તા ને હુકમ ભોગવી શકવાને જોઈએ તેવાં બધાંજ સ્થાયી સાધનોનો અભાવ હતો. સ્થાયી લશ્કર નહોતું, સ્થાયી કરો નહોતા, સ્થાયી કચેરીઓ નહોતી. દરેક કામને માટે જરૂર પડે ત્યારે કચેરી ખાસ ભરવી પડતી, લડાઈનો વખત આવે ત્યારે લશ્કર ઉભું કરવું પડતું, ને નાણાંનો ખપ પડે ત્યારે કરો ઉઘરાવવા પડતા. દરેક વસ્તુ પ્રાસંગિક, આકસ્મિકને, ખાસ જોવામાં આવતી. કેન્દ્રભૂત, સ્થાયીની સ્વતંત્ર રાજ્યપદ્ધતિનાં

સાધનો તે વખતે નહોતાં. દેખીતુંજ છે કે એ પદ્ધતિ પ્રમાણે કોઈ માણસ પોતાની ઇચ્છા પ્રમાણે બીજાની પાસે ધાર્યા પ્રમાણે કરાવી શકે તેવું સાધન નહોતું, તેમજ બધાના હકો એકબીજા માણસો માંહોમાંહ્ય જાળવતા રહે તેમ કરાવી શકવાનું પણ સાધન નહોતું.

પણ નિગ્રહનું કામ જેટલું અઘરૂં હતું તેટલુંજ વિરોધનું કામ સહેલું હતું. પોતાના કિલ્લામાં ભરાઈ રહી જોઈએ તેટલી સહાયતાનાં સાધનો હોવાથી જમીનદારને પોતાનું રક્ષણ કરવાનું કાર્ય ઘણું સ્હેલું પડતું હતું.

આ પરથી જણાશે કે ફ્યૂડલ પદ્ધતિ પ્રમાણે કોઈ પણ સૌથી વધારે બળવાન્ માણસની જમીનદારોને સહાયતા નહોતી; દરેક પોતપોતાનું રક્ષણ કરી શકતો ને પોતપોતાના હકો જાળવી શકતો.

જેમ કોઈ પણ સૌથી બળવાન્ સત્તાની સહાયતા નહોતી તેમ સ્વતંત્ર પ્રજાકીય કે સામાન્ય લોકસત્તા પણ નહોતી. ફ્યૂડલ પદ્ધતિમાં આનો આવિર્ભાવજ અશક્ય હતો. કારણ દેખીતુંજ છે. જ્યારે આજના વખતમાં આપણે પ્રજાકીય સત્તા વિષે બોલીએ છીએ ત્યારે આપણે બધાજ એમ માનીએ છીએ કે એ સત્તા—કાયદા કરવાની, કર નાંખવાની, ને શિક્ષા ફરમાવવાની સત્તા કોઈ પણ અમુક માણસના હાથમાં હોતી નથી. આ પ્રકારની સત્તા લોકોના સામાન્ય સમુદાયના હાથમાં હોય છે, અને જનસમાજ પણ એ સત્તા પોતાના નામમાં નહિ પણ ઈશ્વરના પ્રતિનિધિ તરીકે ભોગવે છે. જ્યારે કોઈ પણ માણસ કોઈ એવા સત્તાધારી પુરુષ પાસે જાય છે ત્યારે એના મનમાં એને ખબર પણ ન હોય તેમ સ્વાભાવિક રીતેજ એવી ભાવના ઉત્પન્ન થાય છે કે એ એક પ્રજાકીય ને હકદાર સત્તાધારી પુરુષની સમક્ષ ઉભો છે, તે સત્તાધારીને સત્તા વાપરવાની ફરજ છે, ને તેથી પ્રથમથીજ એ પોતે અંદરખાનેથી આ સત્તાનું ઉપરીપણું સ્વીકારી લે છે. પણ ફ્યૂડલ પદ્ધતિ પ્રમાણે વસ્તુસ્થિતિ તદ્દન જુદીજ હતી. પોતાના નાના રાજ્યમાં જમીનદાર તેના આશ્રિતજનો પર સર્વોપરિ સત્તા ભોગવવાના હક ધરાવતો. એની જમીનની સાથેજ એ હકો એને પ્રાપ્ત થતા, ને એના ખાનગી હકોના

સમુદાયના એ એક ભાગ હતા. હાલમાં જે પ્રજાકીય હકો છે તે તે વખતે ખાનગી હકો હતા; હાલમાં જે પ્રજાકીય સત્તા છે તે તે વખતે ખાનગી સત્તા હતી.

ફ્યૂડલ પદ્ધતિ પ્રમાણે હકો માત્ર બળનેજ આધારે જાળવી શકાતા હતા. કોઈ સંસ્થાને આધારે તે જાળવી શકાતા નહોતા. જમીનદાર કચેરીઓ ભરતો ને આશ્રિતજનોની સભાઓ મેળવાતી તેની જો કંઈ અસર થઈ શકે તેમ હોત તો તે વિષે આપણે ઇતિહાસમાં વધારે વાર સાંભળ્યું હોત; પણ તે ક્વચિત્ ભરાતી તે પરથી એટલું સમજાય છે કે તેનામાં કંઈ બળ કે સત્તા નહોતાં.

આથી આપણે આશ્ચર્ય પામવાનું નથી. મેં દર્શાવ્યું છે તેના કરતાં તેને માટે વધારે અસરકારક ને વધારે ગંભીર પ્રકારનું એક કારણ છે.

બધીજ રાજ્યપદ્ધતિઓમાં એક પદ્ધતિ સ્થાપવી સૌથી વધારે અઘરી છે. એ પદ્ધતિ પ્રમાણે આન્તર વ્યવસ્થાના સંબંધમાં સ્થાનિક સ્વતંત્રતા જાળવી રાખી, દરેક પ્રજા કે સમાજનું પોતાનું સ્વાતંત્ર્ય ઓછું કરી એક જાતની સંધિથી રાજકીય બાબતોનો નિર્ણય કરવામાં આવે છે. આ સંધિગત શાસનપદ્ધતિનો વિચાર સુગમ છે પણ વ્યવહારમાં તે બહુજ ગુંચવણકારક છે. સામાન્ય વ્યવસ્થાને માટે જોઈએ તેટલી સ્વતંત્રતા ઓછી કરી તેના પ્રમાણમાં આપી શકાય તેટલી સ્થાનિક સ્વતંત્રતા રહેવા દેવી તેને માટે ઘણા ઉંચા પ્રકારની ઉન્નતિ સધાઈ હોવી જોઈએ.

સંધિની રાજ્યપદ્ધતિ સ્વીકારાવવાને માટે દેખીતી રીતેજ બુદ્ધિ, નીતિ, ને સુધારાનો સૌથી વધારે વિકાસ થયો હોવો જોઈએ. છતાં ફ્યૂડલ પદ્ધતિ પ્રમાણે આજ પદ્ધતિ સ્થાપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. ફ્યૂડલ પદ્ધતિ પ્રમાણે એક થવાનો સામાન્ય વિચાર સંધિની પદ્ધતિ પ્રમાણે એક થવાના વિચારને મળતો આવતો હતો. દાખલા તરીકે આપણાજ વખતમાં અમેરિકાનાં સંયુક્ત રાજ્યોમાં જેમ દરેકનું સ્થાનિક સ્વાતંત્ર્ય જળવાતાં છતાં કેટલાંક સામાન્ય કામોને માટે અમુક સંધિ સ્વીકારી સ્વતંત્રતા ઓછી કરવામાં આવી છે, તેજ પ્રમાણે ફ્યૂડલ પદ્ધતિમાં

પણ હતું. એ પદ્ધતિ પ્રમાણે દરેક અમીર કે જમીનદાર પોતાના સંસ્થાનો પર સ્વતંત્ર સત્તા ભોગવતો, માત્ર લડાઈ વગેરે ઘણાજ જરૂરના પ્રસંગોએ સરદાર, રાજા, કે અમીરોની સામાન્ય સભાના લાભ માટે પોતાની સત્તામાંથી કામ જેટલી થોડામાં થોડી સત્તાનો ત્યાગ કરતો. ફ્યૂડલ સમયમાં સુધારાની જે સ્થિતિ હતી તેવે વખતે, અજ્ઞાન ને આપમતલબનાજ વખતમાં એ પદ્ધતિ સ્વીકારાવવાની અસંભવિતતા તમે સમજી શકશો. અમુક રાજ્યવ્યવસ્થાનો મૂળ વિચારજ, તે સમયે જે લોકોને લાગુ પાડવાનો હતો,-તે તેમનામાં અગ્રાહ્ય હતો. તો પછી વ્યવસ્થાને માટેના પ્રયત્નો નિષ્ફળ જતા જોવામાં આવે એમાં કોને આશ્ચર્ય ઉત્પન્ન થશે?

ફ્યૂડલ પદ્ધતિને વિષે આપણે કરેલા વિચારોને પરિણામે આપણને નીચેની બે બાબતો માલૂમ પડી.

પ્રથમ સંધિની પદ્ધતિને લીધે માનસિક વિકાસને સારો લાભ થયો. લોકોના મનની અંદર પ્રોત્સાહક ભાવનાઓ, નૈતિક વિચારો, ને સદ્વર્તનની લાગણીઓ જાગ્રત્ થઈ.

બીજું, પ્રજાકીય દૃષ્ટિબિન્દુથી જોતાં એ પદ્ધતિ રાજકીય વ્યવસ્થા સ્થાપવાને અસમર્થ નીવડી હતી. ફ્યૂડલ પદ્ધતિ મૂળથીજ ખરાબ હોવાને લીધે એ સુવ્યવસ્થિત થઈ શકી નહિ; તેમજ એનો બહોળો વિસ્તાર પણ થવા પામ્યો નહિ. ફ્યૂડલ પદ્ધતિને લીધે યુરોપનો સમાજ, માત્ર એકજ હક દર્શાવતો થયો. એ હક વિરોધ કરી શકવાનો હક હતો. એ વિરોધ ન્યાયપુરઃસર હતો એમ હું નથી કહેતો, કારણ કે એટલા ઓછા ઉન્નત સમાજમાં એ સંભવિત નહોતું. સામાજિક પ્રગતિ માત્ર બે રીતની હોય છે. એક તો દરેક વ્યક્તિની સ્વેચ્છાને બદલે પ્રજાકીય સત્તાનું બળ વપરાતું કરવાની, ને બીજું, વ્યક્તિઓના વિરોધને બદલે ન્યાયપુરઃસર વિરોધ આપી શકવાની. સામાજિક વ્યવસ્થાની ઉત્તમતાનો આમાંજ મુખ્ય સમાવેશ થાય છે. દરેક માણસને જોઈએ તેટલી સ્વતંત્રતા આપવામાં આવે છે, પણ જ્યારે એ સ્વતંત્રતાનો દુરુપયોગ થતો જોવામાં આવે છે ત્યારે પ્રજાના

સામાન્ય મત પ્રમાણે જે યોગ્ય લાગે છે તે કરવામાં આવે છે. કાયદાપૂર્વક વિરોધ ને શાસનની પદ્ધતિ આ પ્રમાણેની હોય છે. તમે સ્હેલાઈથી જોઈ શકશો કે ફ્યૂડલ પદ્ધતિમાં આવું કશું નહોતું.

ઇતિહાસ તપાસતાં આપણને માલૂમ પડે છે કે ફ્યૂડલ પદ્ધતિથી જે પ્રકારનાં પરિણામ આવવાં જોઈએ તેવાંજ આવ્યાં છે. દશમા ને તેરમા સૈકાની વચમાંનો ફ્યૂડલ પદ્ધતિનો ઇતિહાસ જરા જુઓ. મનુષ્યની ભાવનાઓ, તેના વિચારો ને તેના વર્તન પર થએલી સારી અસર ભૂલી શકાય તેવી નથી. આ સમયના ઇતિહાસમાં જ્યાં ત્યાં આપણને ઉત્તમ ભાવનાઓ, મોટાં વખાણવા લાયક પરાક્રમો, મનુષ્યત્વના ઉત્તમ આવિર્ભાવના નમુનાઓ નજરે પડે છે, અને તે બધાંની ઉત્પત્તિ ફ્યૂડલ પદ્ધતિને પરિણામે થએલાં સદ્વર્તનમાંજ હતી. ખરૂં છે કે નારીસન્માનની ભાવના આ સમયે જોવામાં આવે છે ને તેને ફ્યૂડલ પદ્ધતિ સાથે કંઈ મળતાપણું નથી, છતાં એનુંએ બીજ એમાંજ છે. ફ્યૂડલ પદ્ધતિને પરિણામેજ આ ઉચ્ચ, ઉદાર, ને વફાદારીભરેલી ભાવનાઓની આદર્શરૂપ ભાવના આવિર્ભૂત થઈ. આ નારીસન્માનની ભાવના, એની બીજરૂપ ફ્યૂડલ પદ્ધતિમાં રહેલી ભાવનાઓ પ્રતિ આપણું સન્માન પેદા કરાવે છે.

વળી અન્ય દિશા તરફ તમારૂં લક્ષ ફેરવો. યુરોપમાં કલ્પનાશક્તિના પહેલા ઉભરાઓ, કાવ્ય ને સાહિત્ય ક્ષેત્રમાં પ્રથમના પ્રયત્નો, જંગલી સ્થિતિનો ત્યાગ કર્યા પછી યુરોપમાં અનુભવાયલો બુદ્ધિની ખીલવણીનો પ્રથમ આનન્દ—આ બધું ફ્યૂડલ પદ્ધતિના આશ્રય નીચે યુરોપ હતું ત્યારેજ ને ફ્યૂડલ પદ્ધતિ પ્રમાણે રહેનારા જમીનદારોના નાના નાના કિલ્લાઓમાંજ પ્રથમ જન્મ્યું હતું. મનુષ્યની આ પ્રકારની માનસિક ઉન્નતિ થવાને માટે મનુષ્યના આત્મામાં ને તેના જીવનમાં અમુક પ્રકારના ફેરફાર થવા જોઈએ; એક હજાર જાતના ફેરફાર થવા જોઈએ, અને તે, સામાન્ય લોકોના મહેનતુ, ઉદ્વિગ્ન, સ્થૂલ, ને કઠિન જીવનમાં થવા શક્ય નથી હોતા. યુરોપના સાહિત્યમાં પ્રથમ જે કંઈ લખાયું હોય તેનાં સ્મરણો ને પ્રથમનો માનસિક

આહ્લાદ, ફ્રાન્સ, ઇંગ્લંડ, ને જર્મનીમાં ફ્યૂડલ પદ્ધતિ સાથેજ જોડાયલાં છે.

બીજી તરફથી ફ્યૂડલ પદ્ધતિની સમાજ પર થએલી અસર વિષે ઇતિહાસનું આપણે અવલોકન કરીશું તો જણાશે કે તેમાંએ આપણી ધારણાઓ ખરી છે. ફ્યૂડલ પદ્ધતિ જેટલી સામાન્ય સ્વતંત્રતાની વિરુદ્ધ છે, તેટલીજ સામાન્ય વ્યવસ્થાની વિરોધી છે. સમાજની ગમે તે દિશાની પ્રગતિ તપાસશો તોએ તમને માલૂમ પડશે કે ફ્યૂડલ પદ્ધતિ વિઘ્નરૂપ થઈ પડે છે. તેટલા માટે ફ્યૂડલ પદ્ધતિના છેક શરૂઆતના વખતથી વ્યવસ્થા ને સ્વતંત્રતાનાં બે પ્રોત્સાહક બળો હમેશ એની વિરુદ્ધ થઈ એની સામે લડત કરતાં જોવામાં આવે છે; એક બળ નૃપતંત્રની પદ્ધતિનું, ને બીજું પ્રજાકીય સત્તાનું: રાજા ને લોકો. વ્યવસ્થા ને કાયદો—એ બે બાબતોને ફ્યૂડલ પદ્ધતિ સ્વભાવથીજ વિરુદ્ધ હતી, ને તેથી તે પદ્ધતિમાં આ બાબતોની સાથે બંધબેસતા ફેરફારો કરવાના પ્રયત્નો નિષ્ફળ નીવડયા છે. ઇંગ્લંડમાં પહેલા વિલિયમે, ફ્રાન્સમાં સેન્ટ લુઇએ, ને જર્મનીમાં ઘણાખરા શહેનશાહોએ આવા પ્રયત્નો કર્યા હતા, પણ તેનું ફળ કંઈ નીવડયું નહિ. આધુનિક સમયમાં કેટલાક બુધ્ધિશાળી લોકોએ ફ્યૂડલ પદ્ધતિ પ્રમાણે સમાજનું બંધારણ ફરી સ્થાપવાને પ્રયત્નો કર્યા છે. એવો સમાજ, કાયદો, નિયમ, ને સુધારો વધારે ચાહશે એમ તેમનું માનવું હતું. એ એક આદર્શરૂપ સમાજ તેમણે કલ્પ્યો છે. પણ એવો આદર્શરૂપ સમાજ જે અમુક કાળ કે સ્થળમાં થઈ ગયો હોય તે બતાવવા તેમને પ્રશ્ન કરશો તો તેમ કરવાને તેઓ અશક્ય માલૂમ પડશે. એવો સમાજ એક જાતનું મનોરાજ્ય છે, તેને કાળની અવધિ નથી; એ એક જાતનું નાટક છે, એવું નાટક કે જેને માટે પ્રાચીન સમયમાં આપણને નાટયગૃહ કે નાટયકારો જડી શકતા નથી. આ ભૂલનું કારણ સ્હેલાઇથી શોધી શકાય તેમ છે, અને ફ્યૂડલ પદ્ધતિના નામ માત્રને માટે પણ તિરસ્કાર રાખનારાઓની ભૂલ પણ એજ કારણને લીધે થવા પામે છે. બેમાંથી એકકે વર્ગમાંના લોકો ફ્યૂડલ પદ્ધતિની બન્ને બાજુઓ બરાબર જોવા પ્રયત્ન કરતા નથી. મનુષ્યની ભાવનાઓ, તેના વર્તન, ને તેની ઉન્નતિ

અને સામાજિક સ્થિતિ પર થતી અસર એ બન્ને બાજુનું નિરીક્ષણ થતું નથી. એક પક્ષ એવો છે કે તે સમજી નથી શકતો કે જે પદ્ધતિને લીધે સમાજમાં ઉન્નત ભાવનાઓ, સારા વિચારો, બધાં સાહિત્યોનો જન્મ થવા પામ્યો, તે, જેવી ચીતરવામાં આવે છે તેવી હાનિકારક કેમ હોઈ શકે. બીજો પક્ષ એવો છે કે તેણે ફ્યૂડલ પદ્ધતિથી ઉત્પન્ન થએલી માત્ર હાનિ, વ્યવસ્થા, ને સ્વતંત્રતા સ્થાપવામાં માત્ર વિઘ્નોજ જોયાં છે; અને તેથી એ પદ્ધતિને પરિણામે સદ્વર્તનના ઘણા ઉત્તમ નમુના, ચારિત્ર્યના ઉત્તમ દાખલા, કે પ્રગતિ અસ્તિત્વમાં આવી શકે, એવું એ પક્ષના હીમાયતીઓ માની શકતા નથી.

બાકીની બાબતોમાં ફ્યૂડલ પદ્ધતિ, જેવી વિચારમાં હતી તેવીજ આચારમાં હતી. જેવાં પરિણામો એ પદ્ધતિ પ્રમાણે ધારી શકાય તેવાં ખરેખરાં થયાં છે. રોમન રાજ્યના જેતાઓનાં મુખ્ય લક્ષણો વ્યક્તિસ્વાતંત્ર્ય ને વ્યક્તિજીવનને માટે ઉત્સાહ—એ હતાં. જે સામાજિક પદ્ધતિ તે લોકોએ પોતાને માટે સ્થાપી તેમાંથીજ વ્યક્તિસ્વાતંત્ર્યના વિચારનો વિકાસ થવા પામ્યો. મનુષ્ય ને એની પરિસ્થિતિ એક બીજા પર પરસ્પર અસર કરે છે. જર્મન પ્રજામાં વ્યક્તિત્વનું બળ ઘણું આગળ પડતું હતું, અને ફ્યૂડલ પદ્ધતિ, જેનાં બીજ જર્મન સમાજમાં હતાં તેણે તે વ્યક્તિબળનો વિકાસ કરવા પ્રયત્ન કર્યો. સુધારાનાં જુદાં જુદાં તત્ત્વોમાં એનીએજ હકીકત આપણે ફરીથી જોઈશું. આપણા આવતા વ્યાખ્યાનમાં પાંચમાથી બારમા સૈકાની વચમાંના યુરોપના સુધારા પર ખ્રિસ્તિ સમાજનો ઇતિહાસ ને તેણે કરેલું કામ, આજ બાબતનો વિચાર એક બીજો ને ધ્યાન ખેંચે એવો દાખલો પૂરો પાડશે.

# વ્યાખ્યાન પાંચમું.

વ્યાખ્યાનનો વિષય—ધર્મ તે ઐક્યનું એક કારણ છે—રાજ્યશાસન માટે દબાણની આવશ્યકતા નથી—ક્યારે રાજ્યસત્તા ન્યાય્ય ગણાય: (૧) સત્તા સૌથી લાયકમાં લાયક માણસોના હાથમાં હોવી જોઈએ: (૨) શાસિત વર્ગ અથવા પ્રજાની સ્વતંત્રતા જળવાવવી જોઈએ—ખ્રિસ્તિ સમાજ એક જાતનો સમાજ હતો, રક્ષણકર્ત્તાનું કામ એ નહોતો કરતો, તેથી આ બેમાંની પહેલી બાબત એણે સાધી હતી—એ સમાજમાં ચુંટણી વગેરેની જુદી જુદી પદ્ધતિઓ—બીજી બાબત એ સમાજ સાધી શક્યો નહિ, તેનાં કારણો સત્તાનો અયોગ્ય વિસ્તાર, ને બળનો હાનિકારક ઉપયોગ હતાં—એ સમાજમાં ચૈતન—રાજાઓ સાથે એના સમ્બન્ધ—ધાર્મિક સત્તાનું સ્વાતંત્ર્ય—લૌકિક સત્તા પચાવી પાડવાનો ધાર્મિક સમાજોનો દાવો.

ફ્યૂડલ પદ્ધતિના લક્ષણ ને અસર વિષે આપણે તપાસ કરી ગયા. હવે આપણે પાંચમાથી બારમા સૈકા સુધીના ખ્રિસ્તિ સમાજ વિષે વિચારમાં રોકાઈશું. હું **સમાજ** શબ્દ પર ભાર મુકું છું: કારણ કે ખ્રિસ્તિ ધર્મના પન્થ વિષે હું બોલવા માગતો નથી, પણ ખ્રિસ્તિ સમાજ વિષેજ હું તમારૂં ધ્યાન ખેંચવા માગું છું.

પાંચમા સૈકામાં આ સમાજનું બંધારણ ઘણુંખરૂં બધું પૂરૂં થઈ ચૂક્યું હતું; નહિ કે ત્યાર પછી. એમાં ઘણા ને અગત્યના ફેરફાર થયા નથી, પણ આપણે એમ કહી શકીએ કે તે વખતે ખ્રિસ્તિઓનું સમાજ તરીકેનું જુદું અસ્તિત્વ સ્થાપિત થઈ ચૂક્યું હતું.

સહજ વિચારથી જણાશે કે પાંચમા સૈકામાં ખ્રિસ્તિ સમાજ ને સુધારાનાં બીજાં તત્ત્વોની સ્થિતિમાં ઘણો તફાવત હતો. આપણા સુધારા-નાં મુખ્ય તત્ત્વો મેં ચાર ગણાવ્યાં છે; શહેરી સભાઓની પદ્ધતિ, ફ્યૂડલ

પદ્ધતિ, નૃપતંત્રની પદ્ધતિ, ને ખ્રિસ્તિ સમાજ. પાંચમા સૈકામાં શહેરી સભાઓની પદ્ધતિમાં કોઈ પ્રકારનું જીવન કે અમુક નિયમિત રૂપ નહોતું, માત્ર રોમન મહારાજ્યના રહ્યા સહ્યા ચિહ્ન તરીકે એ જોવામાં આવતી હતી. ફ્યૂડલ પદ્ધતિ હજી અસ્તિત્વમાં આવી નહોતી કારણ કે પાંચમા સૈકામાં અવ્યવસ્થા બહુ હતી. આધુનિક સમાજનાં બધાંજ શિષ્ટ તત્ત્વો ક્યાંતો નાશવંત સ્થિતિમાં હતાં કે ક્યાંતો આરમ્ભક સ્થિતિમાં હતાં. માત્ર ખ્રિસ્તિ સમાજંજ તે વખતે બાલ્યાવસ્થામાં ને અમુક રીતે નિર્ણીત હતો, માત્ર એણેજ અમુક ચોક્કસ રૂપ ધારણ કર્યું હતું ને આરમ્ભસમયનો પૂર્ણ ઉત્સાહ જાળવી રાખ્યો હતો, માત્ર એણેજ પ્રજાજીવનમાં અસર ઉત્પન્ન કરે એવાં બે સાધનો પ્રાપ્ત કર્યાં હતાં—ચેતન ને વ્યવસ્થા, શક્તિ ને નિયમિતતા. આ તત્ત્વોનેજ આધારે સમાજમાં અમુક સંસ્થાઓ રૂઢ થવા પામે છે. વળી મનુષ્યને ખપના બધાજ અગત્યના સવાલો ખ્રિસ્તિ સમાજે હચમચાવ્યા હતા, અને મનુષ્યસ્વભાવ ને મનુષ્યના ભાવી વિષેની બધી બાબતોના વિચારમાં એ નિમગ્ન રહેતો હતો. તેથી આધુનિક સુધારાઓ પર એની અસર ઘણી મોટી થઈ છે. એ અસર ધારવામાં આવે છે તેના કરતાં વધારે થઈ છે.

પાંચમા સૈકામાં ખ્રિસ્તિ સમાજ એક સ્વતંત્ર ને સ્થાપિત સમાજ તરીકે જોવામાં આવે છે. રાજા ને પ્રજાની વચ્ચે એ સમાજ સંબંધ જાળવી રાખવાનું કામ કરતો હતો.

એ સમાજે શી સેવા બજાવી ને શી અસર કરી તેનો બરોબર ખ્યાલ આણવાને માટે એ સમાજને આપણે ત્રણ દૃષ્ટિબિન્દુઓથી જોવો જોઈશે: પ્રથમ તો એ સમાજ પોતે કેવો હતો, એનું બંધારણ કેવા પ્રકારનું હતું, ને શા શા નિયમો એ અગત્યના ગણતો હતો એ બાબતનો વિચાર કરવો પડશે. પછી લૌકિક અધિકારી સત્તાઓ જેવી કે રાજા, અમીરો વગેરેની સાથે એનો કેવો સમ્બન્ધ હતો તેનો ખ્યાલ કરવો પડશે. છેવટે એ સમાજનો પ્રજા સાથેનો સમ્બન્ધ વિચારવો પડશે. જ્યારે આ ત્રણ પ્રકારની પરીક્ષા

કર્યા પછી ખ્રિસ્તિ સમાજ, તેના સિદ્ધાન્તો, તેની સ્થિતિ, તેની અસરો વિષેનું ચિત્ર આપણે જોયું હશે, ત્યારેજ, ને પછીજ, આપણું કહેવાનું, ઇતિહાસથી આપણે સાબીત કરીશું.

સૌથી પહેલાં ખ્રિસ્તિ સમાજ ને તેની સ્થિતિ કેવી હતી તે બાબતનો આપણે વિચાર કરીએ.

ધાર્મિક સત્તા, ધર્મગુરુઓ, ધાર્મિક સમાજ, ને પાદરીઓ એજ બધું સૌથી પહેલી આપણી નજર ખેંચે છે.

ઘણા સુશિક્ષિત પુરુષો તો ધર્મગુરુઓ ને ધાર્મિક સત્તા ને એવાતેવા શબ્દો સાંભળતાંજ અમુક પ્રકારનો મત બાંધી દેતા જણાય છે. તેઓ એમ માને છે કે જે ધર્મમાં ધર્મગુરુઓનો એક જુદો સમાજ બંધાય છે ને જેમાં ધાર્મિક સત્તાનું અમુક બંધારણ રચાયલું જોવામાં આવે છે તે ધર્મ બધી બાબત વિચારતાં લાભ કરતાં હાનિકારક વધારે હોવો જોઇએ. તેમના મત પ્રમાણે ધર્મ તે માત્ર દરેક માણસનો ઇશ્વર સાથેનો સંબંધ નક્કી કરતો હોવો જોઈએ, અને જ્યારે જ્યારે એ સંબંધ આ પ્રકારનો મટી જતાં મનુષ્ય ને ઇશ્વરની વચ્ચે કોઈ એક વચલી બહારની સત્તાથી સધાય છે ત્યારે ત્યારે ધર્મની અધોગતિ થાય છે, ને સમાજના હિતને તેથી ભય રહે છે.

આ સવાલનું નિરાકરણ કર્યા વગર આપણને ચાલે તેમ નથી. ખ્રિસ્તિ સમાજની કેવી અસર થઈ છે તે નક્કી કરવાને માટે સમાજ ને ધર્મગુરુઓ જે સંસ્થામાં હોય તેની સ્વાભાવિક રીતેજ શી અસર થાય તે આપણે જોવું જોઈએ. આ અસર કેવી થાય છે તે સમજવાને માટે પ્રથમ આપણે એક પ્રશ્નનો નિર્ણય કરવો જોઇએ. દરેક મનુષ્ય ને ઇશ્વરના ખાનગી સંબંધ સિવાય બીજા કોઈ સંબંધને ધર્મ છેડે છે ખરો કે કેમ? મનુષ્યનો અરસપરસનો સંબંધ કોઈ પણ રીતે ધર્મથી સંધાય છે કે નહિ?

ધર્મની બાબતમાં જે ભાવનાઓ માત્ર ખરેખરી ધાર્મિક ગણાય તેનોજ આપણે સમાવેશ કરીએ તો તેવી ભાવનાઓ જો કે તદ્દન ખરી જોસ્સાવાળી હોય છતાં કેટલીક અવ્યક્ત હોય છે ને તેનું લક્ષણ ન

આપતાં આપણે માત્ર તે ભાવનાઓનાં નામ ગણાવી શકીએ. એવી ભાવનાઓ કેટલીક વાર કુદરત ને સૃષ્ટિના પદાર્થો વિષે તો કેટલીક વાર હૃદયની ગૂઢમાં ગૂઢ બાબતો વિષે, કેટલીક વાર કાવ્યોમાં તો કેટલીક વાર ભવિષ્યની અજ્ઞાત વસ્તુઓના સંબંધમાં, એમ સર્વત્ર ભટકતી, કોઈ પણ સ્થળે ઠર્યા વિના જુદી જુદી અનિશ્ચિત વસ્તુઓમાં આવિર્ભૂત થાય છે. માત્ર આવી બધી ભાવનાઓનોજ આપણે ધર્મમાં સમાવેશ કરીએ તો મને એટલું સ્પષ્ટજ લાગે છે કે ધર્મ શબ્દ માત્ર વ્યક્તિવિષયકજ રહેશે. એવી ભાવનાઓથી મનુષ્યોમાં ક્ષણિક સાહચર્ય કે ક્ષણિક ઐક્ય થાય; પણ એ ભાવનાઓ ચંચલ ને અનિશ્ચિત હોવાથી, સ્થાયી ને બહોળા ફેલાવાવાળું ઐક્ય નહિ થાય, અને વ્યવસ્થિત ધાર્મિક સમાજની ઉત્પત્તિ પણ નહિ થાય.

પણ ક્યાંતો હું ભૂલ કરૂં છું કે ક્યાંતો આ ભાવનાઓ મનુષ્યના ધાર્મિક જીવનનો સંપૂર્ણ આવિર્ભાવ દર્શાવતી નથી. મારા માનવા પ્રમાણે ધર્મ તે કંઈ જુદીજ વસ્તુ છે; આ બધી ભાવનાઓ કરતાં વિશેષ ઘણી વસ્તુઓનો એમાં સમાવેશ થાય છે.

મનુષ્યના સ્વભાવમાં ને મનુષ્યના ભાવીમાં કેટલાક પ્રશ્નો એવા છે કે તેનું નિરાકરણ આ દુનિયાની બાબતોથી થઈ શકતું નથી. એ પ્રશ્નો દૃશ્ય વસ્તુઓથી અવર વસ્તુઓ સાથે સંબંધ ધરાવે છે, અને મનુષ્યના આત્માને પીડારૂપ થઈ પડે છે. માણસ તેનું નિરાકરણ કરવાને આગ્રહપૂર્વક ઉત્સુકતા રાખે છે. આ પ્રશ્નોનું નિરાકરણ, તેને અંગે ધાર્મિક પન્થો, મતો ને બીજી એવી બાબતો જે એ પ્રશ્નોનું નિરાકરણ કરે છે અથવા કરતી હોય તેમ સંતોષ રાખે છે—આ બધી બાબતો ધર્મની અંદર સમાય છે, ને ધર્મની પ્રથમ ઉત્પત્તિ આવી બાબતોમાંથી થાય છે.

બીજી બાબતોમાંથી પણ ધર્મની ઉત્પત્તિ થાય છે. તમારામાંના જેઓએ તત્ત્વજ્ઞાનમાં પ્રૌઢ અભ્યાસ કર્યો હશે તેમને, હું ધારૂં છું, એટલું ખુલ્લુંજ જણાશે કે નીતિના સિદ્ધાન્તોને ધાર્મિક વિચારો સાથે કંઈ સંબંધ નથી. એ બે એકબીજાથી નિરાળી ને જુદી વસ્તુઓ છે. વળી નીતિમાં સારા ને નર-

સાનો તફાવત, અસાધુ કૃત્યોનો ત્યાગ કરવો ને સાધુ કૃત્યો કરવાં—એવું આપણું કર્તવ્યભાન આપણને તર્કશાસ્ત્રના નિયમોની પેઠે આપણી પોતાની બુદ્ધિથીજ પ્રાપ્ત થાય છે, ને આપણેઆપણા પોતાના જીવનમાંજ તે વસ્તુઓ આચારમાં મુકવાની છે. પણ નીતિના સિદ્ધાન્તો આમ નિરાળીજ, સ્વતંત્ર રીતે નિર્ણીત થાય છે એમ નક્કી થયા પછી આપણા મનમાં એક સવાલ ઉભો થાય છે—નીતિની ઉત્પત્તિ શી છે? નીતિના વિચારો ઉદ્ભવ કેવી રીતે પામે છે? એનું પરિણામ શું આવે છે? સાધુ કૃત્યો કરવાની આવી નિરાળી ફરજ કર્તા કે ઉદ્દેશ વિનાની છે? આ ફરજ શું માણસનો અપર દુનિયા સાથેનો સંબંધ છુપાવતી, અથવા તો પ્રકાશમાં આણતી નથી? નીતિના આવા પ્રશ્નો પોતાની મેળેજ ને ન છૂટકે ઉત્પન્ન થાય છે, ધર્મના વિષય તરફ આપણને દોરવી જાય છે, ને નીતિનો આધાર જો કે ધર્મ પર નથી, છતાં ધર્મના વિષયની ઝાંખી કરાવે છે.

આવી રીતે જોતાં ધર્મમાં ત્રણ બાબતો આવે છે; (૧) મનુષ્યનો પોતાનો અન્તરાત્મા અમુક પ્રશ્નો ઉભા કરે છે ને તેને પરિણામે અમુક મતો બંધાય છે તેઃ (૨) આવી રીતે સ્વભાવજન્ય નીતિને દૃઢીભૂત કરે અને સમર્થજ બનાવે એવાં શિક્ષાવચનો; (૩) ને મનુષ્યત્વના ભાવીની આશાઓ ફળીભૂત થવા વિષે પ્રતિજ્ઞાવચનો. ખરૂં જોતાં ધર્મમાં આ બાબતોનો સમાવેશ થાય છે. ધર્મના ખરા સ્વરૂપમાં આ બાબતોજ આવે છે, નહિકે કલ્પના કે કાવ્યને અનુકૂળ કેટલીક ભાવનાઓ.

આવી રીતે ધર્મનાં તત્ત્વો ક્યાં છે તેનો વિચાર કરીએ છીએ ત્યારે ધર્મ માત્ર વ્યક્તિવિષયક બાબત મટી જઈ ઐક્ય સાધનાર એક બળ તરીકે માલૂમ પડે છે. ધર્મની બાબતમાં માત્ર ધાર્મિક મતો ને પન્થોજ આવે એમ ધારી એનો વિચાર કરો, તો સત્ય એકકેમાં નહિ જડે. સત્ય તો સાર્વત્રિક છે, કેવલ છે; એને શોધવું હોય ને રાખવું હોય તો મતપન્થોની જુદાઈ કાઢી નાખી મનુષ્યોએ સામાન્ય વિચારો ધારણ કરવા જોઈએ. જુદા જુદા મતોની સાથે રહેલાં શિક્ષાવચનો વિષે વિચાર કરો; એકને માટે જે બાબત

ફરજીઆત છે તે અન્યને માટે પણ રાખવામાં આવેલી હોય છે. તેનોજ પ્રચાર કરવો જોઈએ, ને તેનાજ તાબામાં જનસમાજને એકત્રિત કરવો જોઈએ. જુદા જુદા પન્થોના મનુષ્યને આપેલાં પ્રતિજ્ઞાવચનો, અથવા દ્વિતીય જન્મને વિષે આશા વગેરેના બોધો વિષે પણ તેમજ છે. એ બાબતોનો પણ પ્રચાર કરી જનસમાજને એકત્રિત કરવો જોઈએ.

જ્યારે આ પ્રમાણે ધાર્મિક સમાજનો જન્મ થાય છે ને કેટલાક લોકો સામાન્ય ધાર્મિક મતો, સામાન્ય ધાર્મિક શિક્ષાવચનો, ને સામાન્ય ધાર્મિક પ્રતિજ્ઞાવચનોને લીધે એકત્રિત બને છે, ત્યારે તેમના સમાજને માટે શાસનની જરૂર માલૂમ પડે છે. શાસન વિના એક અઠવાડીઉં કે એક કલાક પણ કોઈએ સમાજ ટકી શકે નહિ. વળી શાસન જરૂરનું છે એટલુંજ નહિ પણ એની મેળેજ સમાજ અસ્તિત્વમાં આવતાં તે શાસિત થાય છે. સમાજમાં શાસન કેવી રીતે જન્મ પામે છે ને સ્થપાય છે તેનું સામાન્ય નિરૂપણ કરવાનું કામ હું હાથ ધરી તમારો વખત રોકીશ નહિ. હું માત્ર એટલુંજ કહીશ કે જ્યારે વસ્તુઓ સ્વાભાવિક નિયમો પ્રમાણે બની ચાલી જાય છે ત્યારે સત્તા હમેશાં સૌથી વધારે લાયક, શક્તિમાન્, ને સમાજને ધારેલી દિશામાં લઈ જવાને સમર્થ હોય એવા મનુષ્યના હાથમાં જાય છે. યુદ્ધને પ્રસંગે સત્તા શૂરવીરમાં શૂરવીર માણસના હાથમાં જાય છે. કોઈ સમાજ જો કંઈ શોધમાં ગુંથાયલો હોય તો તેવે પ્રસંગે સત્તા સૌથી વધારે લાયક પુરુષના હાથમાં જાય છે. બધીજ બાબતોમાં દુનિયા જ્યારે સ્વાભાવિક નિયમોથી દોરવાય છે ત્યારે મનુષ્યોની સ્વાભાવિક વિષમતા પ્રાદુર્ભૂત થાય છે, ને તેથી દરેક મનુષ્યનામાં જેવી શક્તિ હોય છે તે પ્રમાણેનુંજ સ્થાન તે સમાજમાં લે છે. ઠીક, હવે જેમ બીજી બાબતોમાં તેમ ધર્મમાં પણ મનુષ્યોની બુદ્ધિ ને શક્તિ વિષે વિષમતા હોય છે. કોઈ એક માણસ બીજાઓના કરતાં ધર્મનું પ્રતિપાદન કરી તેનો ફેલાવો કરવાને વધારે લાયક હોય છે, તો કેટલાક બીજા માણસો ધાર્મિક શિક્ષાવચનો આચારમાં મુકાવવાની સત્તા વધારે ધરાવતા હોય છે, ને કેટલાક વળી લોકોના મનમાં ધાર્મિક ભાવનાઓ ને ધાર્મિક

આશાઓ સતેજ ને પરિપોષિત રખાવવા વધારે સમર્થ હોય છે. શક્તિ ને અધિકારની જે વિષમતાને લીધે લૌકિક સમાજમાં જુદી જુદી સત્તાઓ ભોગવાય છે, તેનેજ લીધે ધાર્મિક સમાજની સત્તાઓ પણ અસ્તિત્વમાં આવે છે. જેમ સરદારો ઉત્પન્ન થાય છે ને પોતાની મેળે પોતાની સત્તા સ્થાપિત કરે છે, તેમ ધર્મપ્રચારકોને વિષે પણ તેવુંજ છે. આમ એક બાજુ તરફ જેમ ધાર્મિક સમાજ ઉત્પન્ન થતાંજ ધાર્મિક શાસન પણ અસ્તિત્વમાં આવે છે તેમ બીજી બાજુ તરફ એ શાસન મનુષ્યશક્તિઓની વિષમતાને લીધે સંપૂર્ણ વિકાસ પામે છે. તેથી જે ક્ષણે ધર્મ અસ્તિત્વમાં આવે છે તેજ ક્ષણે ધાર્મિક સમાજ થવા પામે છે, ને જે ક્ષણે ધાર્મિક સમાજ થયો જોવામાં આવે છે તેજ ક્ષણે તેને જોઈએ તેવું શાસન પણ સ્થાપિત થાય છે.

પણ હવે એક મૂળ વાંધો ઉઠે છે. ઉપર દર્શાવી તેવી બાબતમાં નિયમન કરવાનું કંઈ રહેતું નથી; નિરોધને માટે અવકાશજ નથી. અકુંઠિત સ્વતંત્રતા રહેવા દેવામાં આવતી હોવાને લીધે શાસન કરવાનું રહેતુંજ નથી.

શાસન માત્ર નિરોધ હોય ત્યાંજ, માત્ર ખપને કે મુખ્યત્વે કરીને વાપરવા પડતા બળને અંગે રહે છે એમ ધારવું એ વિચાર તો મારા માનવા પ્રમાણે શાસન વિષે ઘણો જંગલી ને ક્ષુલ્લક, સામાન્ય વિચાર છે.

ધાર્મિક દૃષ્ટિબિન્દુ હું પડતું મુકું છું ને લૌકિક શાસન વિષેજ વિચાર કરૂં છું. સમાજ હોય તો તેને ખાતર ને તેના નામમાં કંઈક કરવાનું પણ હોય છે; ક્યાં તો કંઈ કાયદો કરવાનો હોય, કંઈક પગલું ભરવાનું હોય, કે કંઈક ન્યાય આપવાનો હોય. વળી તેવીજ રીતે સમાજની આ જરૂરીઆતો પૂરી પાડવાની કોઈ એક સારી રીત પણ હોય છે; કાયદો સારો પણ કરી શકાય, પગલું સારૂં પણ ભરાય, ન્યાય સારો પણ અપાય. ગમે તે વાત ધ્યાનમાં લેવામાં આવી હોય, ગમે તે વાત જરૂરની હોય, તેમાં ખરૂં કરવા લાયક શું છે તે જાણવું જોઈએ.

કોઈ પણ પ્રકારનું શાસન વાપરતા પહેલાં આ સત્યનું અન્વેષણ થવું જોઈએ, ને સમાજમાં શું ન્યાય્ય છે, શું યોગ્ય છે, શું હિતકર છે

તેનો નિર્ણય થવો જોઈએ. જ્યારે આ શોધી કઢાય છે ત્યારે જાહેર પણ કરવામાં આવે છે. શાસનકર્તાએ એ વાત લોકોના મન પર ઠસાવવી આવશ્યક છે ને તેમને તે પસંદ પડે એવી સાવચેતી રાખવી જોઈએ. આમાં દબાણ કે નિગ્રહ ક્યાં આવ્યો ? નિગ્રહ અહીં છેજ નહિ. હવે ધારો કે ખરૂં કરવા લાયક શું છે તેનો નિર્ણય થયે તે નિર્ણય પ્રમાણે શાસન બધાજ યોગ્ય તરીકે માને; તો પછી શાસનકર્તાને દબાણની જરૂર ન પડે. શું આવી વખતે શાસક બળ હતુંજ નહિ? શું શાસન પણ આ બાબતોમાં હતુંજ નહિ? શાસક બળ તો દેખીતી રીતેજ હતું ને તેણે તેનું કામ પણ કર્યું હતું. જ્યારે દરેક માણસ વિરોધ દર્શાવે, ને શાસનકર્તાને જે કરવું યોગ્ય લાગ્યું હોય તે સર્વેને માન્ય ને સર્વેને ઇષ્ટ ન થયું હોય, ત્યારેજ પોતાની આજ્ઞાઓ પળાવવાને માટે શાસનકર્તા બળનો ઉપયોગ કરે છે. માનુષી દોષોનું આ આવશ્યક પરિણામ છે; અને આ દોષો સમાજના શાસક ને શાસિત બન્ને વર્ગમાં જોવામાં આવે છે. આનો પૂરેપૂરો કદાપિ બહિષ્કાર કરી શકાય તેમ નથી; કેટલેક દરજ્જે લૌકિક સત્તામાં નિગ્રહની આવશ્યક્તા રહેવાની, પણ નિગ્રહથી કંઈ સત્તા પ્રાપ્ત થતી નથી. જ્યારે ચાલી શકે એમ હોય છે ત્યારે નિગ્રહને તિલાંજલિ આપવામાં આવે છે ને તેથી બધાનેજ ઘણો લાભ થાય છે. ખરેખર સત્તાની કે શાસનની ઉત્તમતા નિગ્રહ કાઢી નાખી માત્ર નૈતિક પદ્ધતિથીજ સમાજ પર શાસન કરવામાં છે. એટલે જેમ જેમ નિગ્રહ ઓછો કરવામાં આવે તેમ તેમ શાસન ઉચ્ચતર પ્રકારનું ગણાય છે. સાધારણ રીતે ધારવામાં આવે છે તેમ તેથી કંઈ સત્તાનું બળ ઘટતું નથી કે સત્તા સંકુચિત થતી નથી. માત્ર એટલુંજ કે જુદી રીતે એ અમલમાં મુકાય છે. આ રીત વધારે સામાન્ય ને વધારે બળવાળી છે. જે સત્તામાં નિગ્રહ નહિ જેવો વાપરવામાં આવે તેવી સત્તાના જેટલી ફત્તેહ જે સત્તામાં નિગ્રહનો સૌથી વધારે ઉપયોગ થાય તે સત્તાને મળતી નથી.

ધાર્મિક સમાજનું શાસન પણ આ પ્રકારનું છે. નિઃસંદેહ એને વિષે

પણ નિગ્રહનો પ્રતિષેધ કરવામાં આવ્યો છે. એમાં શાસનનો પ્રદેશ મનુષ્યનું અંતઃકરણ છે, તેથી નિગ્રહનો ઉપયોગ અયોગ્ય છે. પણ તેમ છતાં નિગ્રહ વપરાય છે ખરો, ને નિગ્રહથી શાસનનું કામ પૂરૂં કરવાનું હોય છે. બને ત્યાંસુધી નિગ્રહ ન હોવો જોઈએ. ધાર્મિક સત્તાઓનાં કર્ત્તવ્યોમાં ધાર્મિક સદ્‌ગુણોનું પરીક્ષણ કરવાનું, તેનો પ્રચાર કરવાનું, ને તેનું શિક્ષણ આપવાનું કામ છે; જરૂર પડે તો ઉપદેશ આપવાનું કે ટીકા કરવાનું કામ પણ તેને કરવાનું છે. નિગ્રહને જેટલો બને તેટલો દબાવી પાડો; તેમ છતાં કોઈ પણ જાતની સત્તાના સ્થાપનને માટે અગત્યના હોય એવા બધા બંધારણના મુખ્ય પ્રશ્નો ઉદ્‌ભવતા તમે જોશો, તો તેનું નિરાકરણ તમારે શોધવું પડશે. ઉદાહરણ તરીકે, ધાર્મિક સત્તાધિકારી વર્ગ જરૂરનો છે કે નહિ, ધર્મની બાબતમાં લોકો પોતાના અંતઃકરણ પ્રમાણે કરશેજ એવો વિશ્વાસ રાખી તેમના પર કોઈ પ્રકારની સત્તાની આવશ્યક્તા નથી એમ માની લેવાય કે કેમ એવો પ્રશ્ન હમેશ ચર્ચવો આવશ્યક લાગશે. વળી ધાર્મિક સત્તાધિકારીઓની આવશ્યક્તા કબૂલ રાખવામાં આવી હોય તો પછી તે અધિકારીઓમાં માંહોમાંહ્ય સમાનતા રાખવી કે ઉંચાનીચી ક્રમની સત્તા આપવી એ પ્રશ્ન ઉભો થશે. આ પ્રશ્નનો તો કદાપિ અન્ત નહિ આવે કારણ કે ધાર્મિક સત્તાધિકારીઓ ગમે તે દરજ્જાના હોય તોએ તેમણે નિગ્રહનો ઉપયોગ નહિ કરવો એમ પ્રથમ સ્વીકારવામાં આવ્યું છે.

હવે ખરો કામનો સવાલ એ છે કે આવી ધાર્મિક સત્તા શા નિયમો પ્રમાણે ને શી પરિસ્થિતિમાં ન્યાય્ય ગણાય છે.

જેમ બીજા કોઈ પણ સમાજમાં તેમ ધાર્મિક સમાજમાં ન્યાય્યતા અથવા યોગ્યતાનો આધાર બે બાબતો પર રહે છે. પ્રથમ તો બને ત્યાંસુધી સત્તા લાયકમાં લાયક માણસના હાથમાં જવી જોઈએઃ સમાજમાં છૂટાછવાયા રહેલા ઉત્તમ પુરુષોને શોધી કાઢી તેમને હાથે સામાજિક વ્યવસ્થાનું બંધારણ રચાવવું જોઈએ. બીજી બાબત એ છે કે આવી રીતની યોગ્ય સત્તાનો ઉપયોગ શાસિતવર્ગની યોગ્ય સ્વતંત્રતા જાળવીનેજ વપરાવવી જોઈએ.

ધાર્મિક કે લૌકિક એમ બધી જાતની સત્તાઓના સારાનરસાની કસોટી આ બે બાબતો છે.

આ બે બાબતોને લક્ષમાં રાખી ખ્રિસ્તિ સમાજનું આપણે પરીક્ષણ કરીએ. ખ્રિસ્તિ સમાજ એક જાતનું એકત્રિત મંડળ હતો, એક જ્ઞાતિ નહોતો, ને તેથી તેમાં સત્તા લાયકમાં લાયક પુરુષોના હાથમાં રહી શકી હતી. ધાર્મિક સત્તાધિકારીઓનું મંડળ એક જાતની **જ્ઞાતિના** નામથી ઘણી વાર સંબોધાય છે. આ એક ભૂલ છે. દુનિયામાં બધે જુઓ; તમે સર્વત્ર જોઈ શકશો કે જ્ઞાતિ જન્મપરંપરાનો ન્યાય પાળે છે. જ્ઞાતિમાં પિતાપુત્રની પરંપરામાં અમુકજ જાતની સ્થિતિ, અમુકજ સત્તા વારસામાં ચાલી આવે છે. જ્યાં વારસો નથી હોતો ત્યાં જ્ઞાતિ પણ નથી હોતી, પણ માત્ર એકત્રિત મંડળ અથવા એક જાતની સભાજ હોઈ શકે છે. એવા એકત્રિત મંડળમાં જાતજાતની જુદીજ મુશ્કેલીઓ નડે છે, પણ તે જ્ઞાતિની બાબતોથી જુદીજ હોય છે. ખ્રિસ્તિ સમાજને વિષે **જ્ઞાતિ** એ શબ્દ વાપરી શકાય તેમ નથી. ધર્મગુરુઓ બ્રહ્મચર્ય પાળતા હોવાને લીધે ખ્રિસ્તિ સમાજ કદાપિ જ્ઞાતિ થઈ શકતો નથી.

આ તફાવતનાં પરિણામો શાં આવે છે તે તમે સમજોજ છો. જ્યાં જ્ઞાતિ થઈ, જ્યાં વંશપરંપરાની પદ્ધતિ થઈ કે અધિકાર ને હકોનું અવશ્યે દાપું થવાનું. જ્ઞાતિ શબ્દના લક્ષણમાંથીજ આ વાત સ્થાપિત થાય છે. અમુક કુટુંબોનાં અમુકજ કર્ત્તવ્યો ને અમુકજ હકો જ્યારે વંશપરંપરાને ન્યાયે કબૂલ રાખવામાં આવે, ત્યારે દેખીતુંજ છે કે તે બાબતોમાં દાપાં ઉભાં થાય, ને એ અધિકારો આમ જન્મથી જેમને ન મળે તેમને ભોગવવાનો હક પછી ન રહે, વાસ્તવિક રીતે બન્યું પણ આ પ્રમાણેજ હતું. જ્યાં જ્યાં ધાર્મિક સત્તા અમુક જ્ઞાતિના હાથમાં આવી ત્યાં ત્યાં એ સત્તા જાણે એક દાપાં તરીકે ગણાવવામાં આવી. ખ્રિસ્તિ સમાજમાં આને મળતું કશું જોવામાં આવતું નથી. એટલુંજ નહિ પણ હક ને અધિકાર ભોગવવાની બાબતમાં ખ્રિસ્તિ સમાજમાં સમાનતાનો ન્યાય સ્વીકારાયો છે; પછી જન્મ ગમે તે પદવીમાં થયો હોય. પાંચમાથી અગીઆરમા સૈકા

સુધીમાં ધાર્મિક મંડળમાંના માણસ તરીકે કે ધર્મગુરુ તરીકે જીવન ગુજારવાનું સર્વેને શક્ય હતું. ધાર્મિક મંડળોમાં આમ સ્પર્ધા ને સમાનતાનો ન્યાય સ્વીકારવામાં આવ્યો હતો ને તેમાં હલકી પદવીના છતાં લાયક પુરુષોને સત્તા આપવામાં આવતી હતી, જ્યારે ધાર્મિક મંડળો સિવાયનાં બીજાં બધાં મંડળોમાં સમાનતા સ્વીકારવામાં આવી નહોતી ને અધિકાર જન્મ-પરંપરાના દાપાં જેવા લેખાતા હતા. ખ્રિસ્તિ સમાજ જ્ઞાતિ નહિ પણ એક એકત્રિત મંડળ હોવાને લીધેજ આ પ્રકારનું પરિણામ તેમાં જોવામાં આવતું હતું.

વળી જ્ઞાતિઓમાં એક બીજું લક્ષણ જોવામાં આવે છેઃ સ્થિરતા ને જડતા. આ બાબતની સાબીતીની જરૂર નથી. કોઈ પણ ઇતિહાસ તપાસો ને જ્યાં જ્ઞાતિનું સામ્રાજ્ય હશે ત્યાં સમાજની ધાર્મિક કે રાજકીય કોઈ પણ બાબતમાં તમને સ્થિરતા ને જડતા માલૂમ પડશે. ખરૂં છે કે કેટલેક દરજ્જે ખ્રિસ્તિ સમાજમાં પણ અમુક સમયે પ્રગતિની ભીતિ દાખલ થવા પામી હતી. પણ તે સ્થિર થવા પામી હોય એમ આપણે કહી શકીએ તેમ નથી. ખ્રિસ્તિ સમાજ સ્થિર ને જડ રહ્યો એમ કહી શકીએ તેમ નથી. ઘણા સમય સુધી એ સમાજ ચેતનવાળો ને પ્રગતિશીલ રહ્યો હતો. તેનું કારણ કેટલીક વાર બહારનો વિરોધ તો કેટલીક વાર ઉન્નતિને માટે અંદરનોજ ઉત્સાહ હતો. બધું જોતાં એ સમાજ વારંવાર બદલાતો ને પ્રગતિમાર્ગમાં પ્રયાણ કરતો જોવામાં આવે છે, ને એનો ઇતિહાસ પણ વિવિધતા ને પ્રગતિથી ભરેલો છે. ધાર્મિક મંડળોનાં જુદાં જુદાં કર્તવ્યો કરવાને જુદા જુદા બધા માણસોને સરખી રીતે હકો આપ્યાથી ખ્રિસ્તિ સમાજમાં સ્થિરતા ને જડતાનું ઘર થતું અટક્યું છે, ને તેથી ચેતન ને પ્રગતિ જળવાઈ રહ્યાં છે એમાં જરાએ શક લવાય તેમ નથી.

ખ્રિસ્તિ સમાજમાં સત્તાને માટે સમાનતાથી બધાને દાખલ થવા દેવામાં આવતા હતા, ત્યારે લાયકાતનો નિર્ણય કેવી રીતે કરવામાં આવતો હતો?

ખ્રિસ્તિ સમાજમાં બે નિયમો આગળ પડતા હતાઃ પ્રથમ, નીચલા

માણસની પસંદગી ઉપલો અધિકારી કરતો—એ પસંદગી અથવા નિમણુકનો નિયમ; બીજો, હાથ નિચેના માણસો ઉપલા અધિકારીની ચુંટણી કરતા—આ, જેને આપણે ચુંટણી કહીએ છીએ તેવી ખરેખરી ચુંટણીનો નિયમ.

દાખલા તરીકે, ધર્મગુરુ તરીકેની દીક્ષા આપવાનું કામ, માણસને ધર્મગુરુ બનાવવાનું કામ, માત્ર ઉપરીજ કરતો. ઉપરીજ પસંદગીનું કામ એ બાબતમાં કરતો હતો. તેમજ પાદરીઓને વૃત્તિઓ ઠેરવી આપવાનું કામ પણ રાજા, પોપ અથવા મુખ્ય ધર્માધ્યક્ષ, કે અમીર એમ કોઈ પણ ઉપરીનેજ હાથે થતું હતું. બાકીની બાબતોમાં ચુંટણીની પદ્ધતિથી કામ લેવાતું હતું. ઉપરી ધર્માધ્યક્ષો ઘણો વખત થયાં અને આપણે જે સમય વિષે બોલીએ છીએ ત્યારે પણ, ધર્મગુરુઓના સમસ્ત મંડળ તરફથી ચુંટી કઢાતા હતા; કેટલીક વાર તો લોકો પણ આ બાબતમાં વચમાં પડતા. મઠોની અંદર મહંતોની પસંદગી સાધુઓ કરતા હતા. રોમમાં પોપની પસંદગી એની મંત્રિસભામાં બેસનારા ધર્મગુરુઓજ કરતા હતા, અને એક વખત તો રોમના ધર્મગુરુઓના સમસ્ત મંડળે આ કામ કર્યું હતું. આ પ્રમાણે તમે બે નિયમો જુઓ છો: ઉપરીને હાથે નિચલા અધિકારીની પસંદગી ને નીચલા માણસોને હાથે ઉપરીની ચુંટણી—એ બે નિયમો આ વખતે ખ્રિસ્તિ સમાજમાં માન્ય થયા હતા. ધાર્મિક સત્તાનો ઉપયોગ આ બેમાંની એક રીતે પસંદ થએલા માણસો દ્વારા કરવામાં આવતો હતો.

આ બે નિયમોનો સાથે સાથે ઉપયોગ કરવામાં આવતો હતો એટલુંજ નહિ, પણ બન્ને જુદા હોવાથી કેટલીક વાર તેમાં વિરોધ ઉભો થતો હતો. ઘણાં વર્ષો પછી ને ઘણા ફેરફારો પછી ઉપરીને હાથે નીચલા ધર્મગુરુઓની પસંદગીની પદ્ધતિ હમેશ વપરાતી થઈ; પણ સાધારણ રીતે તો પાંચથી બારમા સૈકા સુધી બીજી પદ્ધતિ વપરાતી હતી. આ બન્ને પદ્ધતિ તદ્દન જુદીજ જાતની હોવા છતાં, સાથે સાથે પણ વપરાતી હતી; તે પણ કંઈ આશ્ચર્યકારક નથી. દરેક પદ્ધતિમાં સત્ય ને ઉપયોગિતા છે, અને બન્ને સાથે વાપરવાથી યોગ્ય પુરુષોના હાથમાં સત્તા જવાનો સંભવ વધારે રહેશે.

જે સમય વિષે આપણે અત્યારે વિચાર કરીએ છીએ તે સમયે ખ્રિસ્તિ સમાજે સમાનતા ને યોગ્યતાના બે નિયમોનો સ્વીકાર કરી ઘણું બળ પ્રાપ્ત કર્યું હતું. એ સૌથી વધારે લોકપ્રિય સમાજ હતો, બધી જાતની બુદ્ધિબળવાળા માણસો એમાં જોવામાં આવતા હતા, ને મનુષ્યસ્વભાવના બધા ઉમદામાં ઉમદા વિચારો એમાં ફળીભૂત કરી શકાતા એવો હતો. એ સમાજને જે સત્તા પ્રાપ્ત થઈ હતી, તે, એ સમાજની દ્રવ્યસંપત્તિ કે સત્તાને માટે લેવાતાં અન્યાય્ય પગલાં કરતાં વધારે તો આ બાબતોને લીધેજ હતી.

સારા શાસન માટે બીજી જે બાબત જોઈએ, તે, સ્વતંત્રતાને માટે માન. ખ્રિસ્તિ સમાજમાં આની ઘણી ખામી હતી.

એ સમાજમાં બે કુત્સિત નિયમો એકઠા થયા હતા; એક ખ્રિસ્તિ સમાજના સિદ્ધાન્તોને જાણે આધારેજ સ્વીકારવામાં આવેલો, અને બીજો સિદ્ધાન્તોને લીધે નહિ પણ મનુષ્યની સ્વાભાવિક દુર્બળતાને પરિણામે એ સમાજમાં દાખલ થએલો.

પ્રથમ નિયમ દરેક માણસના સ્વતંત્ર વિચારનો નિષેધ કરવાનો, ને ધર્મમતપંથો કોઈ પણ જાતના યોગ્યાયોગ્યના વિચાર કર્યા સિવાય પરંપરાન્યાયથી ચાલુ કર્યા કરવાનો હતો. આ નિયમ આચારમાં મુકાવવા કરતાં માત્ર વિચારમાં ઘડી કાઢવો વધારે સ્હેલો હતો. માણસની બુદ્ધિ જ્યાંસુધી અમુક બાબતનો સ્વીકાર કરતી નથી ત્યાંસુધી તેની ખાત્રી થઈ શકતી નથી. કોઈ પણ બાબત ગમે તે રીતે ને ગમે તે નામ સાથે રજુ કરવામાં આવી હોય તોપણ બુદ્ધિ તેને વિષે સ્વતંત્રતાથી વિચાર કરે છે અને જો તે બાબતોવાળા ધર્મપંથો ફત્તેહ પામે તો તે બુદ્ધિથી સ્વીકારાયા પછીજ તેમ થાય છે. આમ મગજને ગમે તે રૂપમાં રજુ કરવામાં આવે તેમ છતાં જે જે વિચારો ગ્રાહ્ય થાય છે તે બુદ્ધિએ સ્વીકાર્યા પછીજ થાય છે. ખરૂં છે કે બુદ્ધિમાં ફેરફાર થઈ શકે, કેટલેક દરજ્જે બુદ્ધિ જડ થઈ તેમાંજ ખામી આવે, તેનો દુરુપયોગ કરાવવામાં બીજાઓ ફાવી શકે અથવા તો તેની બધી શક્તિનો બરાબર ઉપયોગ થતો અટકાવી શકાવાય; ખ્રિસ્તિ સમાજે

સ્વીકારેલા કુત્સિત નિયમનું આવું પરિણામ પણ થયું છે; છતાં એ નિયમની કેવળ ને સંપૂર્ણ અસર તો કદાપિ થઈ નથી ને થઈ શકે તેમ પણ નથી.

બીજો કુત્સિત નિયમ દબાણ અથવા નિગ્રહનો ઉપયોગ કરી અમુક મતો સ્વીકારાવવાનો છે. ખ્રિસ્તિ સમાજનો આ નિયમ કોઈ પણ ધાર્મિક સમાજના સ્વભાવથીજ તદ્દન વિરુદ્ધ છે, ખ્રિસ્તિ સમાજની ઉત્પત્તિની વિરુદ્ધ છે, અને એના પ્રથમનાં સિદ્ધાન્તસૂત્રોની પણ વિરુદ્ધ છે. જોરજબરીથી કબૂલ કરાવવાનો હક એક જાતનો વદતોવ્યાઘાત છે; અથવા તો અમુક જુદા મતો ધરાવનારાઓને શારીરિક શિક્ષા કરવાનો હક, અશ્રદ્ધા અને પાખંડ મતો ધરાવનારાઓ પર જુલમ ગુજારવા ને મનુષ્યના વિચારસ્વાતંત્ર્ય માટે તિરસ્કારબુદ્ધિ દર્શાવવી—એ બાબતો ભૂલભરેલી છે, ને ખ્રિસ્તિ સમાજમાં પાંચમા સૈકાની પણ પૂર્વે તે દાખલ થવા પામી હતી; અને ખ્રિસ્તિ સમાજને તે માટે ઘણું વેઠવું પડયું છે.

ખ્રિસ્તિ સમાજના દરેક અંગને કેટલી સ્વતંત્રતા મળતી હતી તે બાબત ધ્યાનનાં લઈ એ સમાજનો આપણે વિચાર કરીશું તો આપણને માલૂમ પડશે કે ધાર્મિક સત્તાની સ્થાપનાના આરમ્ભક સમયના કરતાં આ સમયે એ સમાજના સિદ્ધાન્તો ઓછા લાભકારક ને ઓછા ન્યાય્ય હતા. છતાં આ પરથી એમ નહિ માનવું જોઈએ કે કોઈ પણ ખરાબ સિદ્ધાન્તથી કોઈ પણ સંસ્થા જડમૂળથી દૂષિત થાય છે, કે તેમાં વસ્તી બધીજ અનિષ્ટતાનું કારણ એ સિદ્ધાન્તજ છે. તર્કબુદ્ધિથી ઇતિહાસ જેટલો ખોટો રચાય છે તેટલો બીજા કશાથી થતો નથી. મનુષ્યના મનમાં જ્યારે અમુક વિચાર સ્થાયી થવા પામે છે, ત્યારે તે તેમાંથી દરેક જાતનાં અનુમાનો કાઢે છે, જે જે પરિણામો કલ્પી શકાય તે કલ્પે છે, ને એ બધું વિચાર પ્રમાણે વાસ્તવિક રીતે બનવું જોઈએ એમ ઐતિહાસિક ચિત્ર ખડું કરે છે. પણ વસ્તુઓ કંઈ આ પ્રમાણે બનતી નથી. મનુષ્યનું મન જેટલું શીઘ્રતાથી અનુમાન કરી શકે છે તેટલી શીઘ્રતાથી બનાવો કંઈ બનતા નથી. બધી વસ્તુઓમાં સારાં ને નરસાં તત્ત્વોનું એવું પ્રબળ સંમિશ્રણ હોય છે કે સમાજ

કે મનુષ્યના ગુપ્તમાં ગુપ્ત ને સૂક્ષ્મમાં સૂક્ષ્મ તત્ત્વોનું જ્યારે તમે શોધન કરો છો ત્યારે તમને સારાંનરસાં બન્ને તત્ત્વો સાથે સાથે રહેલાં ને એકબીજાને દબાવી નાખવા પ્રયત્ન કરતાં માલૂમ પડે છે. મનુષ્યસ્વભાવ સારા કે નરસા એમાંથી એકકેની સીમાએ કદાપિ પહોંચતો નથી; હમેશાં એ એકમાંથી બીજામાં બદલાયો જાય છે. જ્યારે પડતીનો સમય નજીક આવે છે ત્યારે એ સુધરે છે, ને સુધારો કંઇક સ્થાયી થયો હોય છે ત્યારે એ પાછો નબળી સ્થિતિમાં આવે છે. જે પ્રકારનો વિગ્રહ ને જે પ્રકારનું વૈવિધ્ય યુરોપના સુધારાના તત્ત્વોનું ખાસ લક્ષણ છે એમ મેં અગાઉ કહ્યું હતું તેજ પ્રકારનો વિગ્રહ ને તેજ પ્રકારનું વૈવિધ્ય આ બાબતમાં પણ આપણને માલૂમ પડશે. ખ્રિસ્તિ સમાજના શાસન વિષે એક બીજી પણ સામાન્ય બાબત લક્ષણરૂપ છે ને તેથી તેનું અવલોકન કરવું આવશ્યક છે.

આજના સમયમાં ગમે તે પ્રકારની રાજ્યસત્તા વિષે આપણે વિચાર કરીએ છીએ ત્યારે આપણે જોઈએ છીએ કે મનુષ્યના બાહ્ય કૃત્યો સિવાય બીજા કશા પર શાસન કરવાનો એનો દાવો હોતો નથી. રાજ્યો લોકોના નાગરિક જીવનના સમ્બન્ધો સિવાય બીજા કશા પર નિયમન કરતાં નથી. મનુષ્યના વિચાર, એના અન્તરાત્મા, એની ખરેખરી નીતિ, એના અંગત વિચારો ને ખાનગી રીતભાતો વિષે તે માથું ઘાલતાં નથી; આ બાબતો વિષે માણસને સ્વતંત્રતા હોય છે.

ખ્રિસ્તિસમાજે આથી જુદુંજ કર્યું, અથવા તો કરવાની ઇચ્છા રાખી. એ સમાજે મનુષ્યની સ્વતંત્રતા, એની ખાનગી રીતભાત, ને સ્વતંત્ર અભિપ્રાયો પર સત્તા ચલાવવાનું કામ હાથ ધર્યું. આપણા સમયના જેવો નિયમસંગ્રહ કંઈ એણે નિર્ણીત કર્યો નહોતો. તેથી નીતિને હાનિકારક ને સમાજને ભયંકર એવાંજ માત્ર જે કામો હોય તે પણ એણે નક્કી કર્યાં નહોતાં, ને આમ બન્ને રીતે જે પ્રમાણમાં દૂષિત હોય તે પ્રમાણમાં જુદાં જુદાં કામો વિષે એ કંઈ સજા કરતો નહોતો. જેટલાં કામો નીતિને હાનિકારક હોય તે બધાંને પાપ તરીકે ગણી માત્ર નિગ્રહ મુકવાનાજ હેતુથી એ સજાને પાત્ર

ગણુતો, અને સમાજમાં મનુષ્યોના અન્યોન્ય સંબંધનેજ જે હાનિકારક હોય એવાં નહિ પણ દરેક વ્યક્તિના સ્વતંત્ર વિચારો ને ખાનગી અભિપ્રાયો પર પણ તે અંકુશ રાખતો. આમ હોવાથી ખ્રિસ્તિ સમાજ આપખુદી હોવાનો ને અયોગ્ય સત્તા વાપરે તેનો સંભવ હતો. પણ તેનીજ સાથે એ પ્રકારની સત્તા વપરાય તેના સામો પણ વિરોધ થતો હતો, ને તે, તે દબાવી શકે તેવો નહોતો. મનુષ્યના વિચાર ને એની સ્વતંત્રતાને આચારમાં મુકાતાં ગમે તેટલો બાધ હોય ને તેનું ક્ષેત્ર પણ ગમે તેટલું સંકુચિત હોય, તોપણ તેમને દબાવી દેવાના પ્રયત્ન સામે તે બળ વાપરે છે, ને જે પ્રકારનું દબાણ તેમને સહેવું પડે છે તેને તિલાંજલિ આપવામાં ફળીભૂત થાય છે. ખ્રિસ્તિસમાજને વિષે પણ આવુંજ બન્યું. પાખંડમતોનો નિષેધ, અન્વેષણ કરવાના હકનો તિરસ્કાર, મનુષ્યની તર્કશક્તિનો નિગ્રહ, ને આધારભૂત મતોનો વિચાર કર્યા વિના વિચારોનો સ્વીકાર કરવાની પદ્ધતિ—એ બધું એ સમાજમાં તમે જોયું છે. ઠીક, તેમ છતાં, એક પણ સમાજ એવો બતાવો કે જેમાં ખ્રિસ્તિ સમાજમાં તર્કબુદ્ધિ વિકાસ પામી છે તેનાં કરતાં વધારે વિકાસ પામી હોય. પન્થો ને પાખંડમતો સ્વતંત્ર વિચારોનાં પરિણામ નહિ તો બીજું શું છે? ખ્રિસ્તિ સમાજનાં વિરોધનાં મૂળ ધર્મપન્થો ને પાખંડમતોજ એ સમાજમાં રહેલાં નૈતિક જીવન ને ચેતનનાં ખરેખરાં ચિહ્નો છે. આ વિરોધ વિષે વિચાર કરવાનું મુકી દઈ ધાર્મિક સત્તાનેજ વિષે વિચાર કરો. એના કેટલાક સિદ્ધાન્તો સૂચવતા લાગે છે તેનાથી જુદાજ પ્રકારનું એ સત્તાનું બંધારણ ને તેનું બળ તમને માલૂમ પડશે. સ્વતંત્ર વિચારનો એણે નિષેધ કર્યો હતો ને તેમ છતાં એને વારંવાર તર્કબુદ્ધિની મદદ લેવી પડે છે ને સ્વતંત્રતા એમાં મુખ્યત્વે કરીને જોવામાં આવે છે. એની સંસ્થાઓ ને એનાં કામ કરવાનાં સાધનો શાં છે? સ્થાનિક સભાઓ, પ્રજાકીય સભાઓ, સામાન્ય સભાઓ, સતતનો પત્રવ્યવહાર વગેરે વ્યવહારો, વારંવાર જોવામાં આવતી પત્રિકાઓની પ્રસિદ્ધિ, શાસક વચનો, ને જાતજાતનાં લખાણો. આમ દરેક બાબતમાં ને દરેક રીતે એજ સમાજમાં તર્કબુદ્ધિ ને સ્વતંત્રતા વપરાતાં જોવામાં આવે છે.

જે ખરાબ સિદ્ધાન્તો દર્શાવવાને મેં પ્રયત્ન કર્યો છે ને જે મારા ધારવા પ્રમાણે ખ્રિસ્તિ સમાજમાં હતા તેની કંઈ અસરજ થઈ નથી એવું અનુમાન હું જરાએ કરતો નથી. જે સમય વિષે આપણે વિચાર કરીએ છીએ તે સમયે એ બધાંનાં ઝેરી ને અનિષ્ટ ફળો આવી ચૂક્યાંજ હતાં. પણ થઈ શકે તેટલાં બધાં ખરાબ પરિણામો થવા પામ્યાં નથી ને તેજ સમાજમાં રહેલી બધી સારી વસ્તુઓ કંઈ તેથી દૂષિત પણ થઈ નથી. ખ્રિસ્તિ સમાજની આન્તર વ્યવસ્થા ને તેનું જીવન આ સમયે આ પ્રકારનું હતું. હવે રાજાઓ કે જેઓ લૌકિક સત્તાના અધિષ્ઠાતાઓ છે તેમના સંબંધમાં એ સમાજનો હું વિચાર કરીશ. હું અગાઉ કહી ગયો હતો, તે, આ બીજું દૃષ્ટિબિન્દુ છે.

રોમન મહારાજ્યની પડતી થયા પછી ખ્રિસ્તિ સમાજમાં એક વિચાર ઘણો બળવાન્ થયો. આ વિચાર નવી આવનારી વૈદેશિક પ્રજાઓને પોતાના પન્થમાં દાખલ કરી તેમને પોતાના ધર્મવાળી બનાવવાનો હતો. ખ્રિસ્તિ સમાજ ને વૈદેશિક પ્રજાઓ વચ્ચેનો સૌથી પહેલાંના સંબંધનો ભાગ્યેજ કંઈ જુદો ઉદ્દેશ હતો. વૈદેશિક પ્રજાઓ પર અસર કરતી વખતે તેમના વિચારો ને તેમની કલ્પનાને રુચે તેવી રીતે કામ કરવું આવશ્યક હતું. તે હેતુથી આ સમયે પ્રાર્થના કરવાની વિધિઓની સંખ્યા, દબદબા, ને વિવિધતામાં આપણે ઘણો વધારો થયો જોઈએ છીએ. તવારીખની નોંધોથી સાબીત થાય છે કે વૈદેશિક પ્રજાઓના મન પર અસર કરવાનાં મુખ્ય સાધનો આ હતાં. એ લોકોનું ધાર્મિક પરિવર્તન આડંબરયુક્ત દેખાવોથી કરવામાં આવતું હતું. જ્યારે આ પરિવર્તન થવા પામ્યું ને જ્યારે તેમની ને ખ્રિસ્તિ સમાજની વચ્ચે સ્થાયી સમ્બન્ધની કેટલીક સાંકળો બંધાઈ, ત્યારે પણ એ પ્રજાઓની તરફનો ભય કંઈ ખ્રિસ્તિ સમાજને ઓછો થયો નહોતો—વૈદેશિકોની બેદરકારી વૃત્તિઓ એવી હતી કે જે નવા પંથ ને વિચારોથી તેમને ચેતન મળ્યું હતું ને તેઓ પ્રોત્સાહિત થયા હતા તેમણે તેમના પર નહિ જેવી સત્તા ભોગવી. બળની સત્તા ફરીથી પાછી વધી પડી, ને જેમ બીજા બધા સમાજો તેમ ખ્રિસ્તિ સમાજ પણ તેને

શરણે થયો. પોતાના બચાવ ખાતર કંઈક અનિશ્ચિતપણે અગાઉ રોમન મહારાજ્યમાં અમલમાં મુકવામાં આવેલો એક સિદ્ધાન્ત એ ખ્રિસ્તિ સમાજે જાહેર કર્યો. આ સિદ્ધાન્ત ધાર્મિક ને લૌકિક સત્તાઓ જુદી પાડવા વિષેનો ને તે દરેકની સ્વતંત્રતા સ્થાપિત કરવાનો હતો. આ સિદ્ધાન્તનીજ મદદથી ખ્રિસ્તિ સમાજ વૈદેશિકોના સંબંધમાં સ્વતંત્રતાથી રહી શક્યો. પન્થો, શ્રદ્ધાઓ, ને ધાર્મિક આશાવચનો પર બળની સત્તા કંઈ નભી શકે નહિ ને ધાર્મિક ને લૌકિક બાબતો તદ્દન જુદીજ છે એમ એ સમાજે પ્રતિપાદન કર્યું. આ સિદ્ધાન્તનાં સારાં પરિણામો તમે એકદમ જોઈ શકો તેમ છે. ખ્રિસ્તિ સમાજને આની લૌકિક ઉપયોગિતા સાધિત થઇ, તે ઉપરાંત, ધાર્મિક ને લૌકિક એ બે સત્તાઓ આથી જુદી પડી ને તેથી એ સત્તાઓનો અન્યોન્ય પર અંકુશ રહેવા પામ્યો એ લાભ થયો. આ પ્રકારની સ્વતંત્રતા સ્થાપિત કરી આપવાથી ખ્રિસ્તિ સમાજે સામાન્ય રીતના વિચારસ્વાતંત્ર્યને માટે પણ રસ્તો ખુલ્લો કરી આપ્યો. ખ્રિસ્તિ સમાજે એવો મત દર્શાવ્યો કે ધાર્મિક પન્થો પર કોઈ પણ પ્રકારના બળનું સામ્રાજ્ય થઈ શકશે નહિ; ને તેથી દરેક માણસ પણ પોતાની વ્યક્તિને વિષે આ આ મત લાગુ પાડવાને દોરવાયો. લૌકિક સત્તાના સંબંધમાં સામાન્ય ધાર્મિક સત્તાનું જેમ સ્વાતંત્ર્ય છે તેમજ સત્યના અન્વેષણ ને વિચારોની બાબતમાં પણ મનુષ્યનું સ્વાતંત્ર્ય છે.

દિલગીરીની વાત એ છે કે જેમ સ્વતંત્રતાની ઇચ્છા વધે છે તેમ અધિકાર ભોગવવાની પણ ઇચ્છા વધે છે. ખ્રિસ્તિ સમાજને વિષે પણ આવુંજ બન્યું. સ્વાભાવિક રીતેજ તૃષ્ણા ને માનુષી અભિમાનની વૃત્તિ વધતાં ખ્રિસ્તિ સમાજે ધાર્મિક સત્તાની સ્વતંત્રતાજ માત્ર સ્થાપિત ન કરતાં એ સત્તાનો લૌકિક સત્તા પર અધિકાર સ્થાપ્યો. પણ એમ નહિ ધારવું જોઈએ કે આ ખોટી ઇચ્છાનું કારણ મનુષ્યસ્વભાવની માત્ર દુર્બલતાજ છે, બીજાં કેટલાંક ગંભીર કારણો છે ને તે જાણવું અગત્યનું છે.

બુદ્ધિના ક્ષેત્રમાં જ્યારે સ્વતંત્રતાનું સામ્રાજ્ય હોય છે, જ્યારે વિચાર

ને અંતઃકરણની સ્વેચ્છાનુસાર ગતિ પર કોઈ પણ જાતનો ખોટો અંકુશ મુકી ચર્ચા ને વિવેકબુદ્ધિનો હક છીનવી લેવામાં આવતો નથી, અને જ્યારે લોકમતના બંધારણ પર દબાણ મુકનાર દેખીતી રીતે કોઈ પણ ચોક્કસ પ્રકારની ધાર્મિક સત્તાનું બળ વાપરવામાં આવતું નથી હોતું, ત્યારે લૌકિક બાબતો પર ધાર્મિક બાબતોની સત્તાનો વિચાર અસંભવિત હોય છે. દુનિયાની આધુનિક સ્થિતિ લગભગ તેવીજ છે. પણ દશમા સૈકામાં જેમ હતી તેમ ધાર્મિક સત્તા જ્યારે અસ્તિત્વમાં હોય છે, વિચાર ને અંતઃકરણ પર અધિકાર ભોગવવા ને અંકુશ મુકવાનો દાવો રાખનારા કાયદાઓ, સંસ્થાઓ, ને સત્તાઓ જ્યારે તેના પર દબાણ મુકે છે, સારાંશમાં ધાર્મિક સત્તા જ્યારે પૂરેપૂરી સ્થાપિત થાય છે, ને હક ને શક્તિના નામથી જ્યારે મનુષ્યની તર્કશક્તિ ને અંતઃકરણ પર જ્યારે એ સંપૂર્ણ કાબુ મેળવે છે, ત્યારે લૌકિક બાબતો પર એ સામ્રાજ્ય ભોગવવા લલચાય એ સ્વાભાવિક છે. એ જાણે એવી જાતની દલીલ કરે છે કે—“ અહા! મનુષ્યમાં જે ઉચ્ચતમ ને સ્વતંત્ર છે, એના વિચાર, એની આન્તર શક્તિઓ, એના અંતઃકરણ, એ બધા પર હું હક ને સત્તા ભોગવું છું, તો શું મનુષ્યની બાહ્ય, ભૌતિક, ને ક્ષણિક વસ્તુઓ પર હું તેમ નહિ કરી શકું?” ન્યાય ને સત્યનો નિર્ણય હું કરૂં છું, ને શું ન્યાય ને સત્યને અનુસરીને લૌકિક વસ્તુઓ પર નિયમન મને કરવા દેવામાં નહિ આવે ? ” આવી દલીલને પરિણામેજ, લૌકિક વસ્તુઓના હક ધાર્મિક વસ્તુઓ છીનવી લેવા અવશ્યે પ્રયત્ન કરે તેમ હતું. વળી મનુષ્યના બધા વિચારોનો સમાવેશ ધર્મની બાબતના વિચારોમાં તે વખતે થઈ જતો હતો. તેથી આ પ્રકારની સત્તા ભોગવાય એ વધારે નક્કીની વાત હતી, કારણ કે તે વખતે માત્ર એકજ પ્રકારની વિદ્યા હતી—ધર્મશાસ્ત્ર; અન્ય સર્વે વિદ્યાઓ,–અલંકારશાસ્ત્ર, અંકગણિત, ને સંગીતશાસ્ત્ર સુદ્ધાં–ધર્મશાસ્ત્રમાં આવી જતી હતી.

આ પ્રમાણે મનુષ્યની સર્વ પ્રકારની વિચારપ્રવૃત્તિઓમાં ધાર્મિક બાબતો અગ્રસ્થાન ભોગવતી હોવાથી, ધાર્મિક સત્તાએ ઐહિક બાબતો પર

સામ્રાજ્યનું પદ ધારી લીધું. આ પરિણામ આવવામાં એક બીજું કારણ અંગભૂત બન્યું હતું. લૌકિક સમાજોમાં અન્યાય ને નિરંકુશિત બળ પ્રવર્તતાં હતાં ને તેથી તેમની સ્થિતિ ભયંકર હતી.

નીરાંતે બેઠા ઘણા સૈકાઓ સુધી લૌકિક સત્તાના હકો વિષે આપણે બોલતા આવ્યા છીએ. પણ જે સમયને વિષે આપણે વિચાર કરીએ છીએ તે સમયે લૌકિક સત્તાનું, એટલે માત્ર બળનું, જાણે અંકુશ વગરની મારફાડનું પ્રાબલ્ય હતું. નીતિ ને ન્યાય વિષેના ખ્રિસ્તિ સમાજના વિચારો હજી સુધી ગમે તેટલા અપૂર્ણ હતા તોએ આવી લૌકિક સત્તાના કરતાં એની સત્તા ઘણીજ ચઢીઆતી હતી, અને લૌકિકનું સ્થાન એ ભોગવે એવી મતલબની પ્રજાની પણ ઉત્કટ ઇચ્છા જોવામાં આવતી હતી. જ્યારે કોઈ પણ પોપ કે ધર્મગુરુઓ કોઈ રાજાના હક છીનવી લેતા, ને તેની પ્રજા વફાદારીના સોગનોમાંથી મુક્ત થાય છે એમ જાહેર કરતા, ત્યારે, આવી રીતે તે વચમાં પડતા તે વાત નિઃસંદેહ ઘણી હાનિકારક હતી, તોપણ ઘણી વાર અમુક અમુક ખાસ સંજોગોમાં ન્યાય્ય ને લાભકારક પણ થતી હતી. સાધારણ રીતે સ્વતંત્રતા જ્યારે મનુષ્ય ભોગવી શકતો નથી ત્યારે તેને તે ફરીથી પ્રાપ્ત કરાવી આપવાનું કામ ધર્મ હાથ ધરે છે. દશમા સૈકામાં લોકો જાતે પોતાનો બચાવ કરી શકે એવી સ્થિતિમાં નહોતા ને તેથી મારફાડ સામે પોતાના હકનું રક્ષણ કરી શકે તેવા નહોતા. ઈશ્વરના નામથી ધર્મ આ વખતે વ્હારે ધાયો. ધાર્મિક સત્તાનો જય થયો તેનાં ઘણાં કારણોમાંનું આ એક કારણ છે.

એક ત્રીજું કારણ છે, ને હું ધારૂં છું તેનું જવલ્લે વિવેચન કરવામાં આવે છે; ખ્રિસ્તિ સમાજના અધ્યક્ષોની જુદી જુદી સ્થિતિઓની વિચિત્ર સંમિશ્રિતતા, સમાજના જુદા જુદા અંગો તરીકે તેઓ જોવામાં આવે છે તે. એક તરફથી તેઓ ધાર્મિક સમાજનાજ અંગ તરીકે તદ્દન સ્વતંત્ર પદ ભોગવતા હતા, ને બીજી તરફથી, તેઓ ફ્યૂડલ પદ્ધતિ પ્રમાણે લૌકિક બાબતોમાં આશ્રિતપદ ધારણ કરતા હતા. વળી રાજ્યની સામાન્ય પ્રજાનાં પણ તેઓ અંગ હોવાથી તેઓ પ્રજા-

પદ પણ ધારણ કરતા હતા. ધર્માધ્યક્ષો આમ ત્રણ પ્રકારનાં પદ ધરાવતા હતા; એક ધાર્મિક ને તેથી તદ્દન સ્વતંત્ર; એક ફ્યૂડલ પદ્ધતિ પ્રમાણેનું આશ્રિતપદ ને તેથી તેઓ અમુક પ્રકારની સેવા કરવાને બંધાતા હતા; ને છેલ્લું એક સામાન્ય પ્રજા તરીકેનું પદ, ને તેથી સર્વોપરિ રાજસત્તાના તાબામાં રહેવાને તેઓ બંધાતા હતા. હવે આનું પરિણામ જુઓ. રાજાઓ, જેઓ ધર્માધ્યક્ષોના કરતાં સત્તા ભોગવવાની સ્પૃહા ઓછી રાખતા નહોતા, તેઓ પોતાના લૌકિક અધિકારી પદનો બને તેટલો ઉપયોગ કરતા, ધાર્મિક સ્વતંત્રતા પર તરાપ મારતા, ધાર્મિક વૃત્તિ ઉઘરાવાતી તે પચાવી પાડતા, ધર્માધ્યક્ષોની પસંદગી કરતા વગેરે વગેરે. ધર્માધ્યક્ષો વળી પોતાની આશ્રિત કે પ્રજા તરીકેની ફરજોમાંથી મુક્ત થવા ધાર્મિક સ્વતંત્રતાની મદદ લેતા. તેથી એવું બનતું કે રાજાઓ ધાર્મિક સ્વતંત્રતા છીનવી લેવા ને ધર્માધ્યક્ષો ધાર્મિક સ્વતંત્રતાનું સર્વત્ર અધિકારિત્વ સ્થાપવા હમેશ વળણ ધરાવતા.

પરિણામો બનાવોથી જણાયાં છે ને તે બધાથી કોઈ પણ અજ્ઞાત નથી. આ વાત રાજ્યાભિષેક ને ધર્મગુરુઓ અને રાજાઓના કલહોમાં દૃષ્ટિગોચર થાય છે.

છેવટે, ખ્રિસ્તિ સમાજનો રાજાઓ સાથે એક ત્રીજા પ્રકારનો સંબંધ હતો. અશ્રદ્ધા ને પાખંડ મતોને દબાવવાને ને તેને માટે શિક્ષા કરવાના હકનો એ દાવો કરતો, પણ આમ કરી શકવાનાં સાધન તેની પાસે કંઈ હતાં નહિ. શારીરિક બળની મદદ એ લઈ શકે તેમ હતું નહિ, કારણ કે તે એના તાબામાં નહોતું. અશ્રદ્ધાને માટે કોઈને તિરસ્કારપાત્ર ગણ્યા પછી તેને ફરમાવેલી શિક્ષા અમલમાં આણવાની એની શક્તિ નહોતી. તે શું કરી શકે તેમ હતું? લૌકિક સત્તાની એ સમાજ મદદ માગતો, ને તેથી એક રીતે લૌકિક સત્તા પર આધાર રાખતો. ને તેના કરતાં ઉતરતી સત્તાવાળો ગણાતો હતો.

ખ્રિસ્તિ સમાજ ને લોકોની વચ્ચે કેવા પ્રકારનો સંબંધ છે ને સુધારા પર એની શી અસર થઈ છે તે બતાવી આપવાનું હવે બાકી રહે છે.

# વ્યાખ્યાન છઠું.

વ્યાખ્યાનનો વિષય—ખ્રિસ્તિ સમાજમાં અધિકારી ને અધિકૃત વર્ગોનું જુદા પડવું—પ્રજાવર્ગની પાદરી વર્ગ પર થતી આડકતરી અસર—સમાજના જુદા જુદા વર્ગોમાંથી પાદરીઓ તરીકે માણસો લેવામાં આવ્યા—પ્રજામાં સામાન્ય વ્યવસ્થા ને કાયદા પર ખ્રિસ્તિ સમાજની અસર—પશ્ચાત્તાપની પદ્ધતિ—મનુષ્યના મનનો વિકાસ તદ્દન ધાર્મિક વલણ ધરાવે છે—ખ્રિસ્તિ સમાજ જે બાજુ તરફ સત્તા હોય છે તેમનો રહે છે—આશ્ચર્યકારક નથી; ધર્મનો ઉદ્દેશ મનુષ્યની સ્વતંત્રતાનું નિયમન કરવાનો છે—પાંચમાંથી બારમા સૈકા સુધી ખ્રિસ્તિ સમાજની જુદી જુદી સ્થિતિઓ—(૧) રોમન મહારાજ્યના સમયનો ખ્રિસ્તિ સમાજ; (૨) વૈદેશિક પ્રજાઓ આવી તે સમયનો ખ્રિસ્તિ સમાજ; (૩) ફયૂડલ પદ્ધતિ દાખલ થઈ તે વખતનો સમાજ—વ્યવસ્થા માટે પ્રયત્નો—સુધારાનો અભાવ—સાતમો ગ્રેગરી—સ્વતંત્ર વિચારનું પુનરુજ્જીવન; એબેલાર્ડ—ચુંટણીના હકો માટેનું ચેતન.

પાંચમાથી બારમા સૈકા સુધી ખ્રિસ્તિ સમાજની સ્થિતિ કેવી હતી તે વિષેની તપાસ ગયા વ્યાખ્યાનમાં આપણે પૂરી કરી શક્યા નહોતા. ત્રણ દૃષ્ટિબિન્દુઓથી આપણે અવલોકન કરવાનો વિચાર કર્યો હતો; એક તો સમાજની અંદરની સ્થિતિ કેવી છે તે જોવાનું, બીજું રાજસત્તા ને લૌકિક સત્તાના સંબંધમાં એ સમાજ કેવો હતો તે, ને ત્રીજું લોકોના સંબંધમાં એ કેવો હતો તે. આ ત્રણમાંના પહેલા બે વિષે આપણું પરીક્ષણ આપણે પૂરૂં કર્યું છે. ખ્રિસ્તિ સમાજનો લોકો સાથેનો સંબંધ શા પ્રકારનો હતો તે વિષેની તપાસ કરવાની હવે બાકી રહે છે. ત્યારપછી આ ત્રણે બાબતો પરથી યુરોપના સુધારા પર ખ્રિસ્તિસમાજની શા પ્રકારની સામાન્ય

અસર થાય તેનો આપણે વિચાર કરીશું, ને ઇતિહાસના બનાવોથી આ વિચારોને કેટલી સાબીતી મળે છે તેની આપણે પરીક્ષા કરીશું.

એક ખાસ બાબત–ખ્રિસ્તિ સમાજના લોકો સાથેના સંબંધમાં મૂળ દૂષણરૂપ એને ગણવી જોઈએ—અધિકારી ને અધિકૃત વર્ગોની જુદાઈ, અધિકૃત વર્ગના શાસનમાં તેમનું કંઈ ચલણ નહિ, શ્રદ્ધાશીલ લોકોને વિષે પણ ખ્રિસ્તિ ધર્મગુરુઓનું સ્વતંત્ર અથવા અલાહેદા રહેવાનું વર્તન છે.

માણસ ને સમાજની સામાન્ય સ્થિતિથીજ આ પ્રકારનું દૂષણ દાખલ થવા પામ્યું હશે, કારણ કે ખ્રિસ્તિ સમાજમાં ઘણા શરૂઆતના વખતથી આ વાત આપણે જોઈએ છીએ. આ જુદાઈ આપણે જે સમયને વિષે વિચાર કરીએ છીએ ત્યારે પૂરેપૂરી થઈ ચૂકી નહોતી; કેટલાક પ્રસંગોમાં—જેમકે ધર્માધ્યક્ષોની પસંદગીની વાતમાં–લોકો વચમાં ખુલ્લી રીતે પડી શકતા હતા, ને તેમનો અવાજ હતો. પણ આ અવાજ ધીમે ધીમે નબળો પડતો ગયો ને જવલ્લેજ સંભળાતો થયો. પાદરીવર્ગ લોકવર્ગથી જુદો પડવાનું વળણ ખ્રિસ્તિ સમાજના છેક આરમ્ભકાળથી ધરાવતો હતો. તે સમયથી સત્તાનો દુરુપયોગ, જે આ સમયે જોવામાં આવે છે, તે હવે પછીના સમયમાં બહુ વધારે થવા પામે છે, અને જેને લીધે આપણને આટલું બધું વેઠવું પડયું છે, તે થવા માંડયો. એ વાતની ના પાડી શકાય તેમ નથી. પણ આ બધા દુરુપયોગો માત્ર આ જુદાઈનેજ આધારે ઉદ્ભવ્યા હતા કે આ જુદાઈ કંઈ માત્ર ખ્રિસ્તિ પાદરીઓજ રાખતા હતા એવું આપણે ધારવું નહિ જોઈએ. અધિકૃત વર્ગ પર અધિકારી વર્ગની ઘણી ઉંચા પ્રકારની સત્તા સ્થાપિત કરવા તરફ, ને અધિકારી વર્ગ કંઈક જુદોજ ને દૈવી છે એમ ગણાવવા તરફનું જબરૂં વળણ ધાર્મિક સમાજના બંધારણમાંજ હોય છે. પાદરીઓએ હાથમાં લીધેલાં કર્ત્તવ્ય, ને જે પ્રકારની તેમના વિષેની છાપ લોકોના મન પર પડે છે તેનું એ પરિણામ છે, અને કોઈ પણ બીજા સમાજમાં હોય તેના કરતાં ધાર્મિક સમાજમાં આ પરિણામ વધારે દુખઃજનક છે. અધિકૃત વર્ગને આથી શું ખોવાનું છે? તેમની બુદ્ધિની સ્વતંત્રતા, તેમનું અંતઃકરણ, તેમનું ભાવી,

એટલે કે તેમની બધી નજીકની વસ્તુઓ, બધી વ્યક્તિવિષયક વસ્તુઓ, બધી સૌથી વધારે સ્વતંત્ર વસ્તુઓ. જોકે પરિણામ ઘણું અનિષ્ટ આવે તોએ કેટલીક હદ સુધી આપણે કલ્પી ને માની શકીએ કે માણસ પોતાની લૌકિક વસ્તુઓ પર કોઈ બાહ્ય સત્તાનો અધિકાર બેસવા દેશે. એક ફિલસુફનું ઘર જ્યારે સળગ્યું ને આ વિષેની એને ખબર આપવા લોકો ગયા ત્યારે એણે જવાબ દીધો કે "જાઓ, મારી સ્ત્રીને કહો; ઘરસંસારની બાબતોમાં હું માથું નથી ઘાલતો." આ ફિલસુફનું આવું વર્તન પણ આપણે સમજી શકીએ તેમ છે, કારણ કે માત્ર લૌકિક વસ્તુઓ પરનોજ પોતાનો અધિકાર એણે ઉઠાવી લઈ તેમને અન્યના હાથ નીચે એણે મુકી દીધી હતી. પણ જ્યારે અંતઃકરણ, વિચારો, આન્તર જીવન વિષે એ પ્રકારનું વર્તન થાય છે, ને પોતાના આત્મા પરનું પોતાનું શાસન ઉઠાવી લેવામાં આવે છે, અને કોઈ બાહ્ય સત્તાને શરણે કરવામાં આવે છે, ત્યારે તે તો ખરેખર એક નૈતિક આત્મઘાત થાય છે; શરીરના દાસત્વ કે રાજ્યના દાસત્વ કરતાં તે સોગણું વધારે ખરાબ છે. છતાં આજ પ્રકારની અનિષ્ટતા હું તરતજ બતાવીશ તેમ જો કે પૂરેપૂરી તો પ્રવર્તી નહિ, તોપણ ધીમે ધીમે શ્રદ્ધાશીલ મનુષ્ય તરફના ખ્રિસ્તિ-સમાજના સંબંધમાં ઘર ઘાલી બેઠી. તમે જોયુંજ છે કે ધર્મગુરુઓનાજ સ્વા-તંત્ર્યની કોઈ પ્રકારની ખાત્રી નહોતી. ખ્રિસ્તિ સમાજમાં ને સામાન્ય પ્રજા-વર્ગમાં સ્થિતિ આથીએ ઘણી વધારે ખરાબ હતી. પાદરીઓમાં બીજું કંઈ નહિ તો ચર્ચા અથવા ઊહાપોહ, મનન, ને માનસિક શક્તિઓનો પ્રાદુર્ભાવ જોવામાં આવતો હતો; સ્વતંત્રતાની જગ્યા તેમાં કલહથી ઉત્પન્ન થતા આવેશ ને ચેતનથી સચવાતી હતી. ધર્મગુરુઓ ને સામાન્ય પ્રજાની વચ્ચે આમાંનું કશું થતું નહોતું. પ્રજાવર્ગ તેમના પર ભોગવાતી સત્તા વિષે માત્ર પ્રેક્ષકો-નોજ ભાગ લેતો હતો. આમ ધર્મસંબંધી બાબતોનો નિર્ણય કરવાનો હક ધર્મગુરુઓનોજ છે ને સામાન્ય લોકોને તેમાં કંઈ બોલવાનો હક નથી, ને કોઈ પણ રીતે એ વર્ગ ધર્મની બાબતમાં વચમાં પડી શકે નહિ એવું ઘણા આરમ્ભના કાળથી મન્તવ્ય ઉભું થએલું ને પ્રવર્તેલું આપણે જોઈએ છીએ.

જે સમય વિષે આપણે વિચાર કરીએ છીએ તે સમયે આવું મન્તવ્ય સંપૂર્ણ સત્તા ભોગવતું હતું; એના પર જય મેળવવાને, ને ધાર્મિક બાબતો અને વિદ્યાના વિષયો લોકોના અધિકારમાં પણ છે એમ મનાવવાને સૈકાઓ ને પ્રચંડ પરિવર્તનો આવશ્યક હતાં. આમ જો કે વસ્તુસ્થિતિમાં જોતાં તો નહિ, પણ વિચારમાં, ધર્મગુરુઓ ને ખ્રિસ્તિ ધર્મ પાળનાર લોકો બારમા સૈકા પહેલાં ઘણુંખરૂં જુદા પડી ગયા હતા.

છતાં આ સમયે પણ ખ્રિસ્તિ લોકો પર જે ધાર્મિક શાસન થતું હતું તેમાં તેઓ જાતે કંઈ પણ કરી શકતા નહોતા એમ નહિ માનવું જોઈએ. કાયદાપૂર્વક વચમાં પડવાનો તેમનો હક નહોતો, તોપણ તેમનો અવાજ અસરકારક નીવડતો હતો. જ્યાં કોઈ પણ પ્રકારની સત્તા વપરાય ત્યાં અધિકારી ને અધિકૃત વર્ગની વચ્ચે એક જાતનો સંબંધ થાય છે, ને જેમના પર સત્તા ભોગવવામાં આવે છે તેમને બોલવાનો હક ન હોય તોપણ આડકતરી રીતે તેમનું કહેવું અધિકારી વર્ગને વિચારવું પડે છે. ફ્રાન્સ દેશમાં ચૌદમા ને પંદરમા લુઇના સમયમાં રાજ્યસત્તા આપખુદી હતી, છતાં તે વખતે પ્રજાનો અવાજ જેટલો બળવાન્ હતો તેટલો કોઈ વખતે નહોતો, ને લોકમત રાજ્યસત્તા પર જબરી અસર કરતો હતો; રાજ્યે લોકોના વિચારો પર લક્ષ ન આપવું એ તદ્દન અસંભવિત હતું. પાંચમાથી બારમા સૈકા સુધીના સમયમાં ખ્રિસ્તિ સમાજને વિષે પણ એવુંજ બન્યું; ખરૂં છે કે ખ્રિસ્તિ લોકોને કાયદાપૂર્વક રીતે બોલવાનો હક નહોતો, તોપણ ધાર્મિક બાબતોમાં લોકોના વિચારોમાં એક જબરૂં ચેતન જોવામાં આવતું હતું. આ ચેતનને લીધે ધર્મગુરુઓ ને લોકો અન્યોન્ય સહવાસમાં આવ્યા, અને આવી રીતે લોકોએ ધર્મગુરુઓ પર અસર કરી.

ઇતિહાસનો અભ્યાસ કરતાં દરેક બીનાના સંબંધમાં આડકતરી રીતે જે જે અસરો થઈ હોય તે ઘણી અગત્યની ગણવી જોઈએ. સાધારણ રીતે ધારવામાં આવે છે તેના કરતાં એવી અસરો ઘણું વધારે બળ ધરાવે છે, ને કેટલીક વાર વધારે લાભકારક હોય છે. માણસોને

પોતાને જે કંઈ કરવું હોય તેની અસર જલદીથી ને દેખીતી રીતે થાય, ને પોતાને ફત્તેહ ને સત્તા મળે તે ભોગવવાનો આનંદ અનુભવવાનું તેમને મન થાય એ સ્વાભાવિક છે. પણ આ હમેશ સંભવિત નથી, હમેશ ઉપયોગી પણ નથી. કેટલાક વખતો ને સંજોગો એવા હોય છે કે જ્યારે પરોક્ષ ને અદૃશ્ય અસરોજ ઇચ્છવા લાયક ને કરી શકાય તેવી હોય છે. આનું એક કારણ છે. પ્રત્યક્ષ રીતે કંઈ કામ કરવાનું હોય તેમાં તે કરનારમાં ઘણું વધારે જ્ઞાન, બુદ્ધિ, ને વિવેકશક્તિ હોવાં જોઈએ, કારણ કે કામ જલદીથી કરવાનું હોવાથી તેમાં ભૂલચૂક થવાનો સંભવ ન હોવો જોઈએ. પરોક્ષ અથવા અવ્યક્ત રીતે જે જે અસરો કરી શકાય છે તે ઘણાં વિઘ્નો ઓળંગ્યા પછીજ ને ઘણી કસોટીઓ સેવ્યા પછીજ થાય છે; ધીમે ધીમે ને અમુક હદમાંજ એવી અસર કરી શકાય છે. આ હેતુથી લોકો જ્ઞાનમાં ને અનુભવમાં બરાબર વધેલા ન હોય ને તેથી પ્રત્યક્ષ રીતે તેમને સત્તા આપવામાં ન આવે, ત્યારે પરોક્ષ રીતે તેમના બોલવાકરવાની જે અસર થાય છે તે સંતોષકારક તો નથી હોતી, તોપણ વધારે પસંદ કરવા જેવી હોય છે. ખ્રિસ્તિ લોકોએ તેમના અધિકારીઓ પર આવી રીતે અસર કરી; તે ઘણીજ ઓછી હતી, છતાં મને ખાત્રી છે કે હતી ખરી.

ખ્રિસ્તિ સમાજ ને લોકો વચ્ચેની જુદાઈ દૂર થઈ, ને તેઓ એકબીજાના સંબંધમાં આવતા તેનું એક બીજું કારણ પણ હતું. ખ્રિસ્તિ ધર્મગુરુઓ જુદી જુદી પંક્તિના બધા મનુષ્યોના સહવાસમાં વહેંચાયલા હતા, ને તેથી તેમના સંબંધમાં આવતા હતા. આશ્રિત જનોના કંગાલ રહેઠાણોથી શરૂ કરીને છેક રાજાના મહેલ સુધીના ચઢતાઉતરતી બધા આવાસોમાં પાદરી રહેતો જોવામાં આવતો હતો, ને તેથી તે બધીજ જાતની મનુષ્યની સ્થિતિઓ સાથે સંબંધમાં આવતો. ધર્મગુરુઓ ને પ્રજાવર્ગની વચ્ચેનો આ કારણને લીધે સંબંધ જળવાઈ રહેતો હતો. વળી ફ્યૂડલ પદ્ધતિ પ્રમાણેના સમાજના બંધારણમાં ધર્મગુરુઓ ને તેમના અધ્યક્ષો કેટલીક વાર ધાર્મિક સાથે લૌકિક પદ પણ ધારણ કરતા હતા. તેથીજ એકજ પ્રકારની બાબતો,

આચારો, ને રીતભાતો લૌકિક ને ધાર્મિક વર્ગોમાં સામાન્ય રીતે જોવામાં આવતી હતી. ધર્માધ્યક્ષો લડાઈમાં ગયા હોવા વિષે ને ધર્મગુરુઓ લૌકિક જીવન ગુજારતા હોવા વિષેની ઘણી ફરિયાદો થઈ છે. ખરેખર, આ ઘણી શોચનીય સ્થિતિ હતી, છતાં અન્ય સ્થળે ધર્મગુરુઓ પોતાના દેવળથી દૂર જતાજ નહિ ને તેથી પ્રજાવર્ગથી તદ્દન અલાહેદુંજ જીવન કાઢતા એવાઓના કરતાં આમની સ્થિતિ ઘણી ઓછી માઠા પ્રકારની હતી. પ્રજાવર્ગથી તદ્દન અતડા ને દૂર રહેનારા પાદરીઓ કરતાં જે ધર્માધ્યક્ષો લૌકિક કલહોમાં કેટલીક રીતે માથું મારતા તે ઘણા વધારે કામમાં આવતા. આવી રીતના સંબંધથી અધિકારી ને અધિકૃત વર્ગની ધર્મસમાજમાં જે જુદાઈ હતી તેનું માઠું પરિણામ બદલી શકાયું તો નહિ, તોપણ ઘણું ઓછું હાનિકારક નીવડ્યું.

હવે ખ્રિસ્તિ સમાજે મનુષ્યના આન્તર વિકાસ ને આત્માની ઉન્નતિને અર્થે શું કર્યું ને સામાજિક સુધારાને અર્થે શું કર્યું તેની આપણે તપાસ કરીએ.

જે સમય વિષે આપણે વિચાર કરીએ છીએ તે સમયે મનુષ્યના આત્માની ઉન્નતિને માટે ખ્રિસ્તિ સમાજે ઘણું કર્યું હોય એમ હું ધારતો નથી. દુનિયામાં જે બળવાન્ માણસો હતા તેમનામાં નરમાશની ભાવનાઓ, ને નબળા મનુષ્યો પ્રતિના તેમના સંબંધમાં ન્યાયની વૃત્તિ પ્રેરવા એ સમાજે પ્રત્ન કર્યો; અને નબળા મનુષ્યોમાં નૈતિક જીવન ને તેમની નિરુત્સાહી દૈનિક પ્રવૃત્તિમાં હોઈ શકે તેના કરતાં ઉચ્ચતર ભાવનાઓ ને ઇચ્છાઓ એણે જાળવી રાખ્યાં, તેમ છતાં મનુષ્યની, ખાસ કરી સામાન્ય મનુષ્યોની, જે ખરી ઉન્નતિ છે તે સાધવા, ને માણસના આત્મગૌરવની વૃદ્ધિ કરવાને હું નથી ધારતો કે આ સમયે ખ્રિસ્તિ સમાજે ઘણું કર્યું હોય. જે કંઈ એણે કર્યું તે ધાર્મિક સમાજના માણસોને માટેજ હતું. ધર્મગુરુઓની ઉન્નતિ, ને ધર્મપ્રચારકોના શિક્ષણને માટેજ એ મુખ્યત્વે મથતો હતો. એમને માટે શાળાઓ, અને તે ઉપરાંત, સમાજની કંગાલ સ્થિતિમાં તે વખતે બની શકે એવી હતી તેવી સંસ્થાઓ સ્થાપી હતી. પણ તે બધી ધાર્મિક શાળાઓ

હતી ને ધર્મગુરુઓના ઉપદેશને અર્થેજ હતી; સામાન્ય પ્રજા વર્ગના વિચારો ને આચારો ઉન્નત કરવામાં તેમની માત્ર પરોક્ષજ અસર હતી.

ખ્રિસ્તિ સમાજે જનસમાજની સાંસારિક સ્થિતિ સુધારવાને વધારે અસરકારક રીતે કામ કર્યું હતું એમ મારૂં માનવું છે. એમાં જરાએ શક નથી કે સામાજિક સ્થિતિના મોટા દોષો, જેવા કે ગુલામગીરીની પદ્ધતિ, તેની વિરુદ્ધ એણે જબરી લડત ઉઠાવી. વારંવાર ફરી ફરીને કહેવામાં આવ્યું છે કે આધુનિક કાળમાં ગુલામગીરીની પદ્ધતિ નાબુદ થઈ તે માત્ર ખ્રિસ્તિ લોકોના બળને લીધેજ થઈ છે. હું ધારૂં છું આ તો જરા વધારે પડતું કહેવાનું છે; ઘણા લાંબા સમય સુધી ખ્રિસ્તિ લોકોમાંજ ગુલામગીરી રહી હતી ને તે વિષે તેઓ આશ્ચર્ય પામતા કે ક્રોધથી તિરસ્કારવૃત્તિ દર્શાવતા નહોતા. બધા અન્યાયોમાં સૌથી મોટામાં મોટા આ અન્યાયના નાબુદ થવામાં ઘણાં કારણો, ને બીજા વિચારો ને સુધારાના સિદ્ધાન્તોનો ઘણો વિકાસ સહાયભૂત થયાં હતાં. છતાં ગુલામગીરી દબાવવામાં ખ્રિસ્તિ સમાજે પણ મહેનત કરી છે તેનો શક લાવી શકાય તેમ નથી. આની આપણી પાસે સચોટ સાબીતી છે. જુદે જુદે સમયે નાગરિક હક્કો આપવાની જુદી જુદી પદ્ધતિઓમાં મોટે ભાગે ધાર્મિક સિદ્ધાન્તોને અનુસરતી પદ્ધતિઓ હતી; ધાર્મિક વિચારો, ભવિષ્યને વિષે આશાઓ, ને મનુષ્યની ધાર્મિક સમાનતાના નામમાંજ હક્કો ઘણુંખરૂં બક્ષવામાં આવ્યા છે.

તેમજ જંગલી રિવાજો દબાવવા, અને ફોજદારી ને દીવાની કાયદામાં સુધારાઓ કરવાને પણ ખ્રિસ્તિ સમાજે ઘણું કામ કર્યું. સ્વતંત્રતાના કેટલાક સિદ્ધાન્તો સ્વીકારાયા છતાં કાયદો તે વખતે કેવો વિચિત્ર હતો તે તમે જાણો છો. સત્ય શોધી કાઢવાને માટે ન્યાયપુરઃસર દ્વન્દ્વયુદ્ધ ને કેટલાક માણસોના માત્ર સોગન પર કરેલાં વચનો પરજ બધો આધાર રાખવામાં આવતો હતો. એવી હાસ્યજનક રીતના પુરાવાઓ તે વખતે સ્વીકારાતા હતા તે પણ તમે જાણો છો. આ બધાંને ઠેકાણે વધારે વ્યાજબી રીતના પુરાવાઓ સ્વીકારાવવા ખ્રિસ્તિ સમાજે પ્રયત્ન કર્યો. ટોલિડોનો

ધાર્મિક સમાજે મુખ્યત્વે નક્કી કરેલા વિસિગૉથ લોકોના કાયદાઓ અને બીજી વૈદેશિક પ્રજાઓના કાયદાઓમાં જે તફાવત જોવામાં આવે છે તે મેં તમને દર્શાવ્યો હતો. ન્યાય ને સત્યના સંશોધનમાં ખ્રિસ્તિ સમાજનું પદ ઉચ્ચતર છે તેમ લાગ્યા વિના રહેતુંજ નથી. ઉદાહરણ તરીકે વિસિગૉથ પ્રજા સોગનનો કેવો ઉપયોગ કરતી હતી તે તપાસો તો તરત તેમની વિવેકબુદ્ધિ તમને જણાઈ આવશે:

"કેસની સમજણ પડે તેટલા માટે ન્યાયાધીશે સાક્ષીઓને પ્રથમ સવાલો પૂછવા, ને પછી લિખિત પુરાવા તપાસવા, કારણ કે આમ કરવાથી સત્ય વધારે નિશ્ચિતતાથી શોધી કઢાય ને સોગન નાખપનો ન અપાય. સત્યનું અન્વેષણ કરવું હોય તો દરેક પક્ષના લિખિત પુરાવા ચોકસાઈથી તપાસવા જોઈએ, ને ગમે તે વખતે સોગન લેવાની પક્ષકારોની ફરજ તેમના પર અણધારેલે વખતે આવી પડે. જ્યારે કોઈ પણ લિખિત પુરાવા, કે બીજો કંઈ સત્ય શોધાય તેવો ચોક્કસ પુરાવો ન હોય ત્યારેજ ન્યાયાધીશે સોગન ખવડાવવો."

ફોજદારી બાબતોમાં ગુન્હા ને તેમની સજાનો સંબંધ બુદ્ધિ ને નીતિને અનુસરીને રાખવામાં આવ્યો છે. અન્ય સ્થળોએ નુકસાનના પ્રમાણમાં ગુન્હાનું ગામ્ભીર્ય સ્વીકારવામાં આવતું જણાય છે, ને આર્થિક પ્રતિકારના રૂપમાંજ સજા ફરમાવી સંતોષ કરવામાં આવે છે. વિસિગૉથ લોકોમાં ધાર્મિક વિચારોની સત્તાને બળે ગુન્હાનું ખરૂં ને નૈતિક સ્વરૂપ જોવામાં આવે છે, ને ગુન્હાનું બીજ તેના ઇરાદામાં ગણવામાં આવે છે. ગુન્હા ઓછાવત્તાના પ્રમાણના ક્રમો, કેવલ અજ્ઞાનપૂર્વક મનુષ્યહત્યા, સપ્રમાદ મનુષ્યહત્યા, કોપોદ્દીપ્ત મનુષ્યહત્યા, સંકલ્પપૂર્વક કે સંકલ્પરહિત મનુષ્યહત્યા, એમ આધુનિક સમયની પેઠેજ અપરાધના ક્રમો જુદા જુદા પાડવામાં આવે છે, તે સમજાવવામાં આવે છે, ને શિક્ષા પણ આ ક્રમને અનુસરીનેજ ઓછીવત્તી રાખવામાં આવે છે. વળી વૈદેશિક પ્રજાઓમાં માણસોની ઉંચીનીચી પદવી પ્રમાણે ગુન્હાનું ગામ્ભીર્ય ગણાતું તે પણ કાઢી નાખવામાં

આવે છે. માત્ર સ્વતંત્ર માણસો ને ગુલામોની વચ્ચેનુંજ અન્તર જાળવી રાખવામાં આવ્યું છે.

ખ્રિસ્તિ સમાજ વિષે એક બાબત એવી છે કે તેણે જોઈએ તેટલું ધ્યાન ખેંચ્યું નથી; એ પશ્ચાત્તાપની પદ્ધતિ છે. એ સમાજ તરફથી થતી બધી શિક્ષાઓ તમે તપાસો તો તમને માલૂમ પડશે કે તેમાં મુખ્ય ઉદ્દેશ પાપી માણસના મનમાં પશ્ચાત્તાપ ઉત્પન્ન કરવાનો, ને પ્રેક્ષકોના મનમાં નૈતિક ભય ઉત્પન્ન કરવાનો હોય છે. વળી એક બીજો વિચાર પણ આ સાથે મળેલો રહેતો; અને તે પાવનનો. પશ્ચાત્તાપ કરાવવો ને દાખલો બેસાડવો–એ બન્ને સાધનોથી પાપની શુદ્ધિ કરવાનો ખ્રિસ્તિ સમાજનો પ્રયત્ન હતો. આને અનુસરીને રચાતા કાયદાઓ શું ખરેખરા વિચારશીલતાના પરિણામરૂપે નહોતા ? ગુન્હાઓ વિષેના યુરોપના કાયદાઓમાં સુધારા દાખલ કરવાને શું આજ સિદ્ધાન્તો પ્રમાણે કામ નહોતું કરવામાં આવ્યું ?

ખ્રિસ્તિ સમાજ ને લોકો વચ્ચેનો સબંધ આ પ્રકારનો હતો. હવે યુરોપના સુધારા પર એની શી અસર થઈ તેનું સામાન્ય પરીક્ષણ આપણે કરવાનું બાકી રહે છે. આ બધું પણ આપણા જાણવામાં છે. તે બધું સમેટી લેતાં માત્ર બે સામાન્ય વાતો કહેવા જેવી છે.

પહેલી વાત એ છે કે આધુનિક સમયના યુરોપમાં નીતિ ને બુદ્ધિના ક્ષેત્રમાં, પ્રજાકીય વિચારો, ભાવનાઓ, ને આચારોમાં ખ્રિસ્તિ સમાજે ઘણી ભારે અસર કરી હોવી જોઈએ.

આ વાત દેખીતી છે. યુરોપની નીતિ ને બુદ્ધિવિષયક ઉન્નતિ ધાર્મિક વિચારોને અનુસરતીજ થઈ છે. પાંચમાથી બારમા સૈકા સુધીનો ઇતિહાસ તપાસો; મનુષ્યના આન્તર જીવન પર ધર્મનું બળ ને નિયમનજ જોવામાં આવે છે, બધાજ વિચારોને ધર્મનો ઓપ લાગેલો હોય છે, ને તત્ત્વજ્ઞાન, રાજનીતિ, ને ઇતિહાસના બધા વિષયો ધાર્મિક દૃષ્ટિબિન્દુથીજ ચર્ચાતા જોવામાં આવે છે. બુદ્ધિના ક્ષેત્રમાં પણ ધાર્મિક વિચારોનું એટલું બધું બળ છે કે ગણિતવિદ્યા ને પદાર્થવિજ્ઞાનમાં પણ ધર્મશાસ્ત્રના સિદ્ધાન્તોની સત્તા

ચાલે છે. યુરોપમાં બેકન ને ડેકાર્ટના સમય સુધી બધીજ બાબતોને ધર્મ-વિચારોનો રંગ લાગતો હતો. ઇંગ્લંડમાં બેકને ને ફ્રાન્સમાં ડેકાર્ટે પહેલીજ વખત બુદ્ધિને ધર્મના ક્ષેત્રમાંથી છૂટી પાડી, ને વિચારો સ્વતંત્ર રીતે કરવાની આવશ્યક્તા સ્થાપિત કરી.

સાહિત્યનાં સર્વે અંગોમાં પણ આવીજ સ્થિતિ જોવામાં આવે છે; દરેક સ્થળે ધાર્મિક રૂઢિઓ, ભાવનાઓ, ને ભાષા દૃષ્ટિગોચર થાય છે.

સમગ્ર રીતે જોતાં આ પ્રકારની અસર હિતકારક થઈ છે. એણે યુરોપના જ્ઞાનક્ષેત્રમાં ચેતન મુકી તેમાં સારાં ફળ આણ્યાં છે, એટલુંજ નહિ, પણ જે સિદ્ધાન્તો ને ઉપદેશવચનોની પદ્ધતિના નામમાં એ ચેતન ઉત્સાહિત કરવામાં આવ્યું હતું તે પ્રાચીન સમયની પ્રવૃત્તિઓ કરતાં ઘણું ઉંચા પ્રકારનું હતું. એકીજ વખતે ચેતન ને પ્રગતિ સાથે પ્રોત્સાહિત થયાં.

વળી ખ્રિસ્તિ સમાજની વસ્તુસ્થિતિ એવી હતી કે અગાઉ કોઈ પણ દિવસ નહિ થએલો એવો માનસિક વિકાસ આધુનિક યુરોપમાં થવા પામ્યો. પૂર્વમાં બુદ્ધિ તદ્દન ધર્મનિષ્ઠ હોય છે; ગ્રીક લોકોમાં એ તદ્દન લૌકિક હોય છે; એકમાં મનુષ્યત્વ—મનુષ્યસ્વભાવ ને મનુષ્યના ભાવી વિષેની બાબતો બીલકુલ જોવામાં આવતી નથી, ને બીજામાં, માણસ જાતેજ, એના રાગ-દ્વેષો, એની ભાવનાઓ ને એના વિષયોજ બુદ્ધિનું બધું ક્ષેત્ર ભરી દે છે. હાલના સમયોમાં દરેક વસ્તુમાં ધાર્મિક વિચારોનો રંગ લાગેલો હોય છે, છતાં તે કશાનો બહિષ્કાર કરતો નથી. આધુનિક બુદ્ધિ પર લૌકિક ને ધાર્મિક બન્ને બાબતોની છાપ હોય છે. આપણા સાહિત્યમાં માનુષી ભાવનાઓ ને વિષયો અગત્યનું સ્થાન લે છે, ને તેમ છતાં માણસનો ધાર્મિક સ્વભાવ—બીજી દુનિયા સાથે એને જોડી દેનારો એના જીવનનો ભાગ પણ દરેક પગલે જોવામાં આવે છે. તેથી માણસની ઉન્નતિનાં બે મુખ્ય સાધનો, મનુષ્યત્વ ને ધર્મ એકીજ વખતે ને ઘણાંજ પ્રવર્તમાન થયાં છે. અને ખ્રિસ્તિ સમાજની અસર બુદ્ધિના દૃષ્ટિબિન્દુથી જોતાં ઘણાંએ માઠાં ને અનિષ્ટ પરિણામો સાથે મિશ્રિત, ઘણાંએ આપખુદી બળો સાથે એકઠી થઈ હોવા છતાં, ઉન્નતિને વિઘ્ન કરવા

કરતાં વિકાસમય કરવામાં વધારે ફળીભૂત થઈ છે.

રાજકીય દૃષ્ટિબિન્દુથી જુદી રીતનો ભાસ જણાય છે. રાજ્ય ને પ્રજા, સત્તા ને સ્વતંત્રતાના સંબંધની બાબતમાં ખ્રિસ્તિ સમાજની અસર હું નથી ધારતો કે લાભકારક થઈ હોય. આ સંબંધમાં ખ્રિસ્તિ સમાજે ધાર્મિક સત્તા કે રોમન મહારાજ્યની નિરંકુશ સત્તાની પદ્ધતિના રક્ષક તરીકે કામ કર્યું છે, એટલે કે કેટલીક વાર ધર્મના નામમાં ને કેટલીક વાર રાજસત્તાના નામમાં એણે આપખુદી સત્તા ભોગવી છે. એની બધી સંસ્થાઓ, ને એના બધા કાયદાઓ તપાસો; એના નિયમો ને કાર્યપદ્ધતિઓ જુઓ. તમને માલૂમ પડશે કે ક્યાંતો ધાર્મિક સત્તા, કે રાજસત્તાની આપખુદી પદ્ધતિનો સિદ્ધાન્ત એણે આગળ પડતો ગણ્યો છે. જ્યારે નબળો પડતો ત્યારે એ સમાજ શહેન-શાહોની નિરંકુશ સત્તાની સહાયતા લેતો, ને જ્યારે જબરો હોય ત્યારે પોતાની ધાર્મિક સત્તાના નામમાં નિરંકુશ સ્વતંત્રતા ધરાવવાનો એ હક કરતો.

આ પ્રમાણે સામાજિક ને રાજકીય સ્થિતિ પર ખ્રિસ્તિ સમાજે કરેલી અસરની આપણે પરીક્ષા કરી. હવે ધાર્મિક સમાજના બંધારણ વિષે માત્ર તર્કબુદ્ધિથી કરેલા આ વિચારોને બનાવો ને ઇતિહાસથી સાબીતી મળે છે કે નહિ તેની આપણે ખાત્રી કરવાની છે.

આ સિદ્ધાન્તો ને પરિણામો એકજ સમયે દૃષ્ટિગોચર થયાં છે ને મેં ચીતર્યા તેટલાં સ્પષ્ટતાથી દેખાયાં છે એવું નહિ ધારી લેવાની તમે સાવચેતી રાખજો. ઘણા સૈકા પછી ગત સમયને વિષે વિચાર કરતાં વસ્તુઓ ને બના-વોનો આન્તર ક્રમ વિસરવો, ને ઇતિહાસના બનાવો અનુક્રમે થાય છે એ દેખીતી વાત વિસરી જવી એ મોટી ને ઘણી સામાન્ય ભૂલ છે. ક્રૉમ્વેલ, ગસ્ટેવસ એડૉલ્ફસ, કે કાર્ડિનલ રિશેલ્યુ એવા એકાદ માણસનું જીવન તપાસો. એના જીવનમાર્ગ પર એ દાખલ થાય છે, ચાલે છે ને આગળ વધે છે; મોટા બનાવો પર એ અસર કરે છે, ને એના પર પણ મોટા બના-વોની અસર થાય છે; છેવટે એ એનું અન્તિમ કામ સાધે છે ત્યારે આપણે એને બરાબર જાણીએ છીએ, પણ તે, એને સમગ્ર રીતે જોતાં, ઈશ્વરે એને ઘણી

વાર ઘડયા પછી જાણે એના તૈયાર થએલા રૂપમાં આપણે એને જોઈએ ને જાણીએ છીએ. પણ જેવો એ અન્તે થાય છે તેવો શરૂઆતમાં એ નહોતો; એના જીવનની કોઈ પણ એક પળે એ સંપૂર્ણ ને તૈયાર નહોતો; એ ધીમે ધીમે તૈયાર થયો હોય છે. જેવો શારીરિક તેવોજ માણસોનો નૈતિક વિકાસ થાય છે. રોજ તે બદલાય છે. બિલકુલ અટકયા વગર જીવન બદલાતું જાય છે. ઇ. સ. ૧૬૫૦ ની સાલનો ક્રૅામ્વેલ તે ૧૬૪૦ નો ક્રૅામ્વેલ હોતો નથી. હમેશ, સ્થાયી વ્યક્તિત્વનો કંઈ એકજ પાયો હોય છે ખરો, એકજ માણસ ટકી રહે છે, તોપણ એના વિચારો, એની ભાવનાઓ, ને એની ઇચ્છાઓ કેટલાં બદલાઈ ગયાં હોય છે! એણે શું શું ખોયું ને મેળવ્યું હોય છે! મનુષ્યજીવનની કોઈ પણ પળે આપણે તેને જોઈશું, તોએ, એ જીવનની અવધિ પૂરી થયા પછી આપણે તેને જોઈશું તેવું અગાઉ થઈ ગએલું આપણે એકે વાર નહિ જોઈએ.

છતાં ઘણાખરા ઇતિહાસકારોએ અહીંજ ભૂલ કરી છે; કોઈ પણ માણસના આખા જીવન સંબંધી તેમણે અમુક વિચાર બાંધ્યો હોય તો તે પરથી તેના આખા જીવનમાર્ગના જુદા જુદા સમયે પણ તેઓ તેને એવોને એવોજ જોય છે. સંસ્થાઓ ને સામાન્ય પરિણામોને વિષે પણ તેઓ હમેશ તેજ ભૂલ કરે છે. આપણે તેની સામે સંભાળ રાખવી જોઈએ. ખ્રિસ્તિ સમાજના સિદ્ધાન્તો વિષે મેં તમને જે કહ્યું છે તે ઐતિહાસિક દૃષ્ટિથી ખરૂં નથી એમ યાદ રાખજો, કારણ કે તે બધું કકડે કકડે ને અનુક્રમે થયું છે, દિક્ અને કાળમાં અહીંતહીં પથરાયલું છે. પાંચમા ને બારમા સૈકાની વચમાં ઇતિહાસ તપાસતાં ખ્રિસ્તિ સમાજની શી સ્થિતિ હતી તેનું ચિત્ર આપણે જોઈએ.

પાંચમા સૈકામાં પ્રથમ તો ખ્રિસ્તિ સમાજ રોમન મહારાજ્યના સમયના સમાજ તરીકે જોવામાં આવે છે. જ્યારે એ મહારાજ્ય પડતી પર હતું ત્યારે ખ્રિસ્તિ સમાજ પોતે જાણે પોતાના કાર્યની ટોચ પર આવ્યું હોય ને પોતાનો વિજય પરિપૂર્ણતાથી સાધ્યો હોય એમ માનતો હતો. ખરૂં છે કે અશ્રદ્ધા

ને પાખંડમતોને એણે પૂરેપૂરા નાબુદ કર્યા હતા. ખ્રિસ્તિ ધર્મમાં નહિ માનનારાઓના રોમના ધર્માધ્યક્ષની પદવી ધારણ કરનાર છેલ્લો શહેનશાહ ગ્રેશીઅન હતો. એ ચોથા સૈકાને અન્તે મરી ગયો. તેમજ પાખંડમતાનુયાયી એરિયન લોકો જેવાની સામેનું ખ્રિસ્તિ સમાજનું યુદ્ધ પણ જાણે અન્તે આવ્યું હોય એમ લાગતું હતું. તેથી ખ્રિસ્તિ સમાજના બે મોટા વેરીઓ સામે એ ફાવવા પામ્યો. આજ સમયે રોમન મહારાજ્યની પડતી થતી ને વૈદેશિક પ્રજાઓના તાબામાં આવતો એ સમાજ પોતાને જોવા લાગ્યો. પડતી ઘણી જબરી હતી. ખ્રિસ્તિ સમાજના લોકોને એ મહારાજ્યને માટે કેવી પ્રબળ લાગણી હોવી જોઈએ તે તમે સ્હેલથી કલ્પી શકો તેમ છે. આને લીધેજ જે કંઈ એ મહારાજ્યનો નાશ થતાં છતાં પણ ટકી રહેવા પામ્યું—શહેરી રાજ્યપદ્ધતિ અથવા મ્યુનિસિપલ (નગરજનસત્તાક) પદ્ધતિ ને નિરંકુશ સત્તા--એ બેને જબરો વળગી રહેતો એ સમાજ આપણે જોઈએ છીએ. વળી જ્યારે વૈદેશિક પ્રજાઓને ખ્રિસ્તિ ધર્મમાં એ ફેરવી રહ્યો, ત્યારે મહારાજ્યની સત્તા વૈદેશિક રાજાઓને રોમન શહેનશાહો બનવા અને રોમન મહારાજ્યનો ખ્રિસ્તિસમાજ સાથે જે પ્રકારનો સંબંધ હતો તેવો કરવા એણે પ્રયત્ન કર્યા. પાંચમાંથી છઠ્ઠા સૈકાઓની વચમાં ધર્માધ્યક્ષોનું કામ ને ખ્રિસ્તિ સમાજની સામાન્ય સ્થિતિ આ પ્રકારની હતી.

આ પ્રયત્ન ફત્તેહમંદ થઈ શકે તેમ નહોતું; વૈદેશિક લોકોમાંથી ફરીથી રોમન સમાજ ઉભો કરી શકાય તેનાં સાધનો નહોતાં. નાગરિક સમાજની પેઠે ખ્રિસ્તિઓનો ધર્મસમાજ પણ જંગલી સ્થિતિમાં આવી પડયો. આ એની બીજા પ્રકારની સ્થિતિ હતી. આઠમા સૈકાના ધાર્મિક તવારીખકારોનાં લખાણો જો કોઈ પૂર્વના સમયનાં લખાણો સાથે તપાસશે તો તેને ઘણો તફાવત માલૂમ પડશે. રોમન સુધારાનું પડીભાગેલું દરેક ચિહ્ન,–તેની ભાષા પણ–અદૃશ્ય થયું હતું; દરેક વસ્તુ જાણે વૈદેશિક સ્થિતિમાં પડી હોય એમ લાગતું હતું. એક તરફથી વૈદેશિક લોકો ધર્મગુરુઓ ને ધર્માધ્યક્ષો થવા ધર્મસમાજમાં દાખલ થયા, ને બીજી તરફથી ધર્માધ્યક્ષોએ જંગલી

પ્રકારનું જીવન સ્વીકાર્યું, ને પોતાનું સ્થળ છોડ્યા સિવાય દેશ પર લૂટફાટ કરતાં ને લડાઈ કરનારાં વૈદેશિક ટોળાઓના સરદારપણાનું કામ કર્યું.

આવી વૈદેશિક સ્થિતિમાં આવી પડેલા ખ્રિસ્તિ સમાજને વિષે બે અગત્યની બાબતો ધીમે ધીમે વિકાસ પામી. પહેલી ધાર્મિક ને લૌકિક સત્તાઓ છૂટી પડી તે બાબત છે. આ સિદ્ધાન્ત આ સમયેજ ઉદ્‌ભવ્યો. આથી વધારે બીજું કશું સ્વાભાવિક હોઈ શકે તેમ નહોતું. રોમન મહારાજ્યોની સત્તા પુનરુદ્દીપ્ત કરવામાં એ સમાજ નિષ્ફળ જવાથી એની પોતાની સહીસલામતીને અર્થે એણે સ્વતંત્ર બનવું પડ્યું. બધી બાજુ તરફથી એને વારંવાર ભય રહેતો હોવાથી પોતાની બધી બાજુઓનું એણે રક્ષણ કરવું એ એને આવશ્યક હતું. સમાજના પૈસા, જમીન, ને સત્તા પચાવી પાડવા અને તેની બધી બાબતોમાં વચમાં પડવા વૈદેશિક પ્રજાઓ વારંવાર માથું ઘાલવા પ્રયત્ન કરતી તે દરેક ધર્માધ્યક્ષે ને ધર્મપ્રચારકે જોયું. ખ્રિસ્તિસમાજના રક્ષણનું એકજ સાધન માત્ર એમ કહેવાનું હતું કે " ધાર્મિક સમાજ લૌકિક સમાજથી તદ્દન અલાહેદો છે; તેની બાબતોમાં વચમાં પડવાનો તમારે હક નથી. " વૈદેશિક પ્રજાઓ વિરુદ્ધ ખ્રિસ્તિ સમાજનું રક્ષણ કરવામાં બીજા કોઈ પણ સિદ્ધાન્ત કરતાં આ સૌથી વધારે ઉપયોગી થઈ પડ્યો.

પશ્ચિમમાં મઠવાસીઓનો વર્ગ સ્થપાયો એ એક બીજી અગત્યની બાબત છે. એ જાણીતી વાત છે કે સેંટ બેનેડિકટે છઠ્ઠા સૈકામાં પશ્ચિમવાસી સાધુઓમાં એના અનુયાયીઓનો એક નવો વર્ગ સ્થાપ્યો. તે વખતે તે વર્ગ સંખ્યામાં નહિ જેવો હતો પણ પછીથી તે ઘણોજ વધી ગયો છે. આ વખતના મઠમાં રહેનારા સાધુઓ ધર્મગુરુઓના સમાજનાં અંગો ગણાતા નહોતા; હજી તેઓ માત્ર સામાન્ય લૌકિક વર્ગમાંજ ગણાતા હતા. ધર્મપ્રચારકો કે ધર્મગુરુઓ સુદ્ધાં આ વર્ગમાંથી પસંદ કરાતા હતા એ નિઃસંદેહ છે, તોપણ સામાન્ય રીતે આ સાધુઓ ખુદ ધર્મગુરુઓના વર્ગમાં પાંચમા સૈકાના અન્તમાં ને છઠ્ઠાની શરૂઆતમાંથીજ ગણાતા થયા. ધર્મપ્રચારકો ને ધર્માધ્યક્ષો સાધુઓના વર્ગમાં દાખલ થવા માંડ્યા; કારણ કે તેમ કરવાથી

તેઓ ધાર્મિક જીવનમાં એક નવીન પ્રવૃત્તિનો ને પ્રગતિનો માર્ગ લેતા એમ તેઓ માનતા. આમ યુરોપમાં મઠવાસીઓનો વર્ગ વધી ગયો. લૌકિક આચારો પાળનારા ધર્મગુરુઓ વૈદેશિકોની કલ્પના પર જેટલી અસર કરી શકતા તેના કરતાં આ મઠવાસીઓએ ઘણી વધારે કરી. જેમ તેમની જીવનની રીત વિચિત્ર હતી ને તેથી હબદબો ઉત્પન્ન કરતી હતી તેમ ને તેથીએ વધારે તેમની સંખ્યા તેમ કરતી હતી. લૌકિક આચારવાળા ધર્મ-ગુરુઓ, ધર્માધ્યક્ષો, કે સાદા ધર્મપ્રચારકો વૈદેશિકોને જાણીતા હતા ને તેમને તેઓ જોવાને, તેમનું અપમાન કરવાને, ને તેમને લૂટવાને પણ ટેવાઈ ગયલા હતા. એકજ પવિત્ર સ્થળે આટલા બધા પવિત્ર માણસો રહેતા હોય એવા મઠના પર હુમલો કરવો એ ઘણું વધારે ગંભીર કામ હતું. જેમ સામાન્ય પ્રજાવર્ગને ખ્રિસ્તિ ધાર્મિક સમાજમાં આશ્રયસ્થાન મળતું તેમ જંગલી સમયમાં ખ્રિસ્તિ ધાર્મિક સમાજને મઠો આશ્રયસ્થાન હતા. ધર્મનિષ્ઠ મનુ-ષ્યોને તેમાં આરામ મળતો હતો.

વૈદેશિકોની સત્તાના સમયના ખ્રિસ્તિ સમાજના ઇતિહાસમાંની મુખ્ય બે બાબતો આ પ્રમાણેની છે; એક તરફ ધાર્મિક ને લૌકિક સત્તાઓ જુદી પડી તે, ને બીજી તરફ પશ્ચિમમાં આશ્રમવાસની પદ્ધતિ પ્રવર્તમાન થઈ તે.

વૈદેશિકોની સત્તાના સમયને લગભગ અન્તે રોમન મહારાજ્યને પુન-રુજ્જીવિત કરવાને **શાર્લામેન** રાજાએ પ્રયત્ન કર્યો હતો. ધર્મસમાજને લૌકિક સમાજના રાજાની વચ્ચે ફરીથી ગાઢ સંબંધ સ્થપાયો. આ ઘણી નરમાશનો સમય હતો, ને તેથી પોતાની સત્તા ઘણી વધવાને અનુકૂળ હતો. પ્રયાસ ફરીથી નિષ્ફળ ગયો ને **શાર્લામેનની** રાજસત્તા પડી ભાંગી; પણ એની જોડેના ગાઢ સંબંધથી ખ્રિસ્તિ સમાજને જે લાભ મળી ચૂક્યા હતા તે ટકી રહ્યા. ખ્રિસ્તિ સમાજમાં પોપની સત્તા ચોક્કસ ટોચ પર આવી.

**શાર્લામેનના** મોત પછી અવ્યવસ્થાની શરૂઆત થઈ, તેમાં જેમ લૌકિક તેમ ધાર્મિક સમાજ પણ સપડાઈ ગયો ને તેનાથી છૂટો પડ્યો તે માત્ર ફ્યૂડલ પદ્ધતિમાં ભળી જવાને માટેજ. આ એ સમાજની ત્રીજી સ્થિતિ

હતી. **શાર્લામેનની** સત્તા ભાંગી પડવાથી જેમ લૌકિક સમાજમાં તેમ ધાર્મિક સમાજમાં ઐક્યનો નાશ થયો, ને બધું સ્થાનિક, અસમગ્ર, ને વ્યક્તિ-વિષયક થઈ ગયું. ધર્મગુરુઓની સ્થિતિમાં અગાઉ કદાપિ નહિ હતો એવો કલહ ઉત્પન્ન થયો. આ કલહ વતનદારની ભાવનાઓ ને એને લાભની વાતો, અને ધર્મગુરુની ભાવનાઓ ને એને લાભની વાતો વચ્ચેનો હતો. ધર્મના જે અધ્યક્ષો હતા તે આ બેની વચ્ચેની સ્થિતિમાં સંકડાયલા હતા. સભાઓ ને સંધિની પદ્ધતિનો ઉપયોગ કરી પ્રજાકીય ધર્મસમાજો સ્થાપવાને પ્રયત્નો કરવામાં આવ્યા. આજ સમયે ને ફ્યૂડલ પદ્ધતિના બોજા નીચેજ સભાઓ, પરિષદો, ને સ્થાનિક તેમજ પ્રજાકીય મંડળો મોટામાં મોટી સંખ્યામાં બોલાવાતાં આપણે જોઈએ છીએ. ખાસ કરીને આવી રીતે ઐક્ય સાધવાને આ પ્રયત્ન ઘણા ઉત્સાહથી **ફ્રાન્સ**માં આદરવામાં આવ્યો હતો. આ વિચારનો પ્રતિનિધિ કદાચ રહીમ્સના મુખ્ય ધર્માધ્યક્ષ **હિન્કમાર**ને ગણી શકાય. ફ્યૂડલ પદ્ધતિના સમયના ખ્રિસ્તિ સમાજમાં ઐક્ય આણવાનો એનો મુખ્ય પ્રયત્ન હતો એક તરફથી લૌકિક સતાના સંબંધમાં ધાર્મિક સમાજની સ્વતંત્રતા જાળવવા ને બીજી તરફથી **પોપ**ના સંબંધમાં એ સમાજની સ્વતંત્રતા જાળવવાને એ મથતો હતો. પણ જેમ **રોમન** મહારાજ્યના સમયમાં ખ્રિસ્તિ સમાજને સુવ્યવસ્થિત કરવાના પ્રયત્નો નિષ્ફળ ગયા તેમજ આ પ્રયત્ન પણ નિષ્ફળ નીવડયો. ઐક્ય સાધિત કરવાને કોઇ પ્રકારનો રસ્તો નહોતો. ખ્રિસ્તિ સમાજ હમેશ વધારે ને વધારે તૂટી જતો હતો. દરેક ધર્મગુરુ ને ધર્માધ્યક્ષ પોતાની સત્તાના મુલકમાં ને પોતાના મઠમાં ભરાઈ રહી અલગ રહેતો થયો. એજ કારણને લીધે અવ્યવસ્થા વધી પડી. રૂશવત ખાઈને ધર્મગુરુની પસંદગી કરવાના મોટામાં મોટા અપરાધોનો સમય આ હતો; ધાર્મિક વૃત્તિઓ તદ્દન સ્વચ્છંદીપણાથી વહેંચી અપાતી તે આ સમયે; ને ધર્મપ્રચારકોમાં સૌથી વધારે અનીતિમાન્ આચરણો જોવામાં આવતાં તે આ સમયે. આ અવ્યવસ્થાથી લોકો ને ધર્મગુરુઓનો સારો વર્ગ ઘણો દુઃખિત થતો. તેથી કંઈક સુધારાનો પવન દાખલ થતો

આપણે જોઈએ છીએ, તે સંપૂર્ણ રીતે દાખલ કરી શકે એવી સત્તા માત્ર પોપની હતી. તેથી થોડાજ વખતને અન્તરે પોપની સત્તા પ્રવર્તમાન થઈ. અગીઆરમા સૈકામાં ખ્રિસ્તિ સમાજ ચોથી સ્થિતિમાંથી પસાર થયો; તે સ્થિતિ ધર્મગુરુઓના અમલની કે આશ્રમવાસી સાધુઓના અમલની હતી. આ પ્રકારના ધાર્મિક સમાજનો ઉત્પાદક—કોઈ એક માણસ જો તે ઉત્પન્ન કરી શકે તેમ હોય તો—સાતમો ગ્રેગરી હતો.

સાતમા ગ્રેગરીને માટે એવો વિચાર બાંધવાને આપણે ટેવાયલા છીએ કે એ એક એવો માણસ હતો કે તે બધી વસ્તુઓને ચેતનરહિત કરી નાખવા માગતો, બુદ્ધિની ખીલવણી ને નીતિના વિકાસનો શત્રુ હતો, ને દુનિયાને સ્થાયી અથવા જંગલી સ્થિતિમાં રાખવાને પ્રયત્ન કરતો. આવું અસત્ય કંઈ પણ ન હોઈ શકે. શાર્લામેન ને પિટર ધી ગ્રેટની પેઠે આપખુદી પદ્ધતિથી સુધારા કરવાને એ ચાહતો હતો. જેમ લૌકિક બાબતોના સંબંધમાં શાર્લામેન ફ્રાન્સમાં ને પિટર ધી ગ્રેટ રશિઆમાં સુધારકો હતા, તેમ ધાર્મિક બાબતોમાં સાતમો ગ્રેગરી હતો. ખ્રિસ્તિસમાજને સુધારવાની ને તે દ્વારા સમાજને સુધારી તેમાં નીતિ, ન્યાય, ને કાયદાપૂર્વક વર્તનનો વધારો કરવાની એ ઇચ્છા ધરાવતો હતો. આ સુધારો એ ધર્મગુરુની પદવીની મારફતે, ને તેનાજ લાભાર્થે કરવા ઇચ્છતો હતો.

સુધારા ને પ્રગતિની ઇચ્છાથી જ્યારે લૌકિક સમાજ પર ધાર્મિકનો એ અંકુશ સ્થાપવા મથતો હતો તેજ વખતે તેવાજ પ્રકારનો પ્રયાસ મઠોના સુધારા માટે પણ કરવામાં આવ્યો હતો. વ્યવસ્થા, શાસન, નૈતિક અંકુશોની ઇચ્છા ઉત્સાહ સાથે દર્શાવવામાં આવી હતી. મઠોમાં સામાન્ય રીતે ઉથલપાથલ થવા પામી; જૂના સાધુઓ પોતાનું રક્ષણ કરવા મંડયા, પોતાની સ્વતંત્રતા ભયમાં છે એમ કહેવા લાગ્યા, વખતને અનુસરવું જોઈએ ને પૂર્વના સમય પ્રમાણે આચરણ રાખવું અસંભવિત છે તેમ આગ્રહ ધરાવતા થયા, ને બધા સુધારકોને, ગાંડા, સ્વપ્નદર્શીઓ, ને આપખુદી માણસો

તરીકે ગણવા મંડયા. નોર્મન્ડિનો ઇતિહાસ ઉઘાડો, ને તમને આ પ્રકારની ફરિયાદો વારંવાર દૃષ્ટિગોચર થશે.

આમ બધી પાસના સંજોગો ખ્રિસ્તિસમાજનું ઐક્ય ને એની સત્તા વધારી એનો લાભ સાધતા હોય એમ જણાતું હતું. એક પાસથી જ્યારે પોપની સત્તા વધી જતી હતી ને મઠોમાં નૈતિક સુધારા થયા જતા હતા, ત્યારે બીજી પાસથી કેટલાક છૂટાછવાયા પણ શક્તિમાન્ નરો વ્યક્તિઓને લાગતીવળગતી બાબતોમાં ને એના અભિપ્રાયોમાં તર્કશક્તિનો ઉપયોગ થવો જોઈએ એમ માગણી કરતા હવા. તેઓમાંનો મોટો ભાગ પ્રચલિત મતો કે ધાર્મિક પન્થો પર હુમલો કરતા નહોતા; તેઓ માત્ર એટલુંજ કહેતા હતા કે તર્કશક્તિને તેમની પરીક્ષા કરવાનો હક્ક છે ને માત્ર અધિકારને આધારે તેઓ સ્વીકારાવવાં ન જોઈએ. વિચારની સ્વતંત્રતાની આ લડત ઉઠાવનારાઓમાં મુખ્ય આ સમયે જહોન એરિજેના, રોસેલિન, ને ઍબેલાર્ડ હતા.

સ્વાતંત્ર્યના આ પ્રથમ પ્રયત્ન, અન્વેષણ બુદ્ધિને સતેજ કરવાની આ પ્રથમ ઇચ્છાનું અગત્ય તરત માલૂમ પડતું હતું. ખ્રિસ્તિસમાજ પોતે પોતાનું આન્તર જીવન સુધારતો હતો, છતાં આવા મતથી તેને કંઈ ઓછો ભય ઉત્પન્ન થયો નહિ. આ નવા સુધારકોની તે તરત સામે થયો, કારણ કે તેમના મત કરતાં તેમની પદ્ધતિથી તેને વધારે બ્હીવાનું હતું.

અગીઆરમા સૈકાને અન્તે ને બારમાની શરૂઆતમાં આ પ્રકારની સ્થિતિ હતી. ઇતિહાસમાં પ્રથમજ આ વખતે ધર્મગુરુઓ ને સ્વતંત્ર વિચારકોની વચ્ચે કલહ ઉત્પન્ન થયો. ઍબેલાર્ડ ને સેંટ બર્નાર્ડનાં યુદ્ધો, અને સોઇસ્સિન્સ ને સેન્સની સભાઓ કે જેમાં એબેલાર્ડને નિન્દવામાં આવ્યો હતો તે માત્ર આ પ્રમાણેની વસ્તુસ્થિતિનું દર્શન છે; આ બાબત આધુનિક સુધારામાં ઘણું અગત્યનું સ્થળ ભોગવે છે.

તેજ વખતે એક બીજી પ્રવૃત્તિ ને તે તદ્દન જુદી જાતની શરૂ થઈ હતી; નગરોમાંથી રાજ્યસભામાં પ્રતિનિધિઓ મોકલવાનો નગરજનોને અધિકાર આપવાનો હક્ક સ્થાપિત કરવા વિષેની આ પ્રવૃત્તિ હતી. અસંસ્કૃત ને

અસ્ર સમયની આ કેવી વિચિત્ર અસંગતિ! જે નગરજનોએ પોતાની સ્વતંત્રતા આવા ઉત્સાહથી મેળવી આ અધિકાર પ્રાપ્ત કર્યો તેમને જો એમ કહેવામાં આવ્યું હોત કે તર્કબુદ્ધિની સ્વતંત્રતાની લડત ઉઠાવનારા ને ખ્રિસ્તિઓ, જેને પાખંડમતાનુયાયીઓ કહેતા એવા કેટલાક માણસો પણ આ સમયે હતા તો તેઓએ તેમને પથરા મારી કે અગ્નિમાં બાળીને જીવથી મારી નાંખ્યા હોત. એબેલાર્ડ ને એના મિત્રોને એકથી પણ વધારે વાર આવી ધાસ્તી વેઠવી પડી હતી. બીજી તરફથી વિચારસ્વાતંત્ર્યને માટે લડત ઉઠાવનારાઓજ નગરજનોના અધિકારદાનના પ્રયત્નોને તિરસ્કારવા જેવી અવ્યવસ્થા, ને સમાજિક બંધારણની નાશતુલ્ય સ્થિતિ લેખતા હતા. તત્ત્વજ્ઞાન ને સમાજ સંબંધીની પ્રવૃત્તિ, ને રાજકીય ને ન્યાયપુરઃસર થતા અધિકારદાનની પ્રવૃત્તિની વચ્ચે જાણે વિગ્રહ થયો હોય એમ ભાસતું હતું. આ બન્નેનો અન્તિમ હેતુ એકજ છે એવી ખાત્રી થવાને માટે સૈકાઓની જરૂર હતી. બારમા સૈકામાં તે થવા પામી નહોતી.

# વ્યાખ્યાન સાતમું.

વ્યાખ્યાનનો વિષય—બારમા ને અરાઢમા સૈકાઓમાં રાજસભામાં પ્રતિનિધિ મોકલવાના અધિકાર ધરાવનારા નગરોની સ્થિતિની સરખામણીનું ચિત્ર—બેવ પ્રશ્ન—૧ લો નગરોને અધિકારદાન—પાંચમાંથી દશમા સૈકા સુધી ગ્રામોની સ્થિતિ—તેમની પડતી ને ફરીથી ચઢતી—પ્રજાક્ષોભ—નગરજનોને કરવામાં આવેલા અધિકારદાનની સામાજિક ને નૈતિક અસરો—૨ જો પ્રતિનિધિ મોકલતાં નગરોની અન્તર્વ્યવસ્થા—લોકસભાઓ સત્તાધિકારીઓ—ઉચ્ચ ને અનુચ્ચ પૌરત્વ—યુરોપના જુદા જુદા દેશોમાં રાજસભામાં પ્રતિનિધિ મોકલવાનો અધિકાર ધરાવનારા નગરોની સ્થિતિમાં વૈવિધ્ય.

બારમા સૈકાના અંત સુધી સુધારાનાં બે મુખ્ય તત્ત્વો—ફ્યૂડલ પદ્ધતિ ને ખ્રિસ્તસમાજ—એ બેના ઇતિહાસ સુધી આપણે આવ્યા છીએ. હવે ત્રીજું તત્ત્વ—નગરો—તેનો બારમા સૈકાના અન્ત સુધીનો ઇતિહાસ આપણે જોવાનો છે, ને જે દૃષ્ટિથી બીજાં બે તત્ત્વોને વિષે આપણે પરીક્ષણ કર્યું તેજ દૃષ્ટિ અહીં પણ રાખવાની છે.

ખ્રિસ્તિસમાજ ને ફ્યૂડલ પદ્ધતિના કરતાં નગરોની સ્થિતિ આપણે જુદીજ જોઈએ છીએ. પાંચમાથી બારમા સૈકા સુધીના સમયમાં ખ્રિસ્તિસમાજ ને ફ્યૂડલ પદ્ધતિએ સંપૂર્ણતા પ્રાપ્ત કરી હતી; એ બેનો આરમ્ભકાળ, વિકાસ, ને પરિપક્વતા આપણે તપાસ્યાં છે. નગરોને વિષે એવું નથી. માત્ર અગીઆરમા ને બારમાં સૈકામાંજ તેમનું અગત્ય ઇતિહાસમાં માલૂમ પડે છે. આ સમય પહેલાં જાણવા લાયક તેમનો ઇતિહાસ હતો નહિ કે તેમનું અસ્તિત્વ રાજ્યકારભારના સંબંધમાં નહિ જેવું હતું તેમ નહોતું, પણ અગીઆરમા સૈકામાંજ દુનિયાની મોટી રંગભૂમિ પણ સ્પષ્ટ રીતે તે દેખાતાં થયાં, ને

આધુનિક સુધારાનાં અગત્યનાં તત્ત્વ ગણાતાં થયાં. ખ્રિસ્તિસમાજને ફ્યૂડલ પદ્ધતિની ઉત્પત્તિ ક્યાં કારણોમાંથી થવા પામી ને સુધારાના કાર્યમાં તેમણે શો ભાગ લીધો તેનો વિચાર કરી ઇતિહાસમાં તેમ બન્યું હતું કે નહિ તે આપણે જોઈ શકયા હતા. નગરોના સંબંધમાં આપણને આવી અનુકૂળતા નથી, તેમની અગત્ય વધ્યાની વાતજ આપણે જોઇએ છીએ, બીજું કંઈ જોતા નથી. હાલ તરત તો કારણોને ઉત્પત્તિ વિષેજ હું બોલીશ. પ્રતિનિધિ મોકલનારાં નગરોના અસ્તિત્વના પરિણામ વિષે હું જે કહું છું ને યુરોપના સુધારામાં તેમણે કરેલી અસર વિષે જે બોલું છું, તે થોડેક અંશે હું માત્ર કલ્પનાથીજ કહીશ. સહકાલીન ને જાણીતી બીનાઓનો પુરાવો હું રજુ કરી શકું તેમ નથી. નગરોનું અગત્ય વધ્યું, ને પ્રતિનિધિઓ મોકલવામાં એ બધાં એક સંસ્થા તુલ્ય થયાં તે બાબતો પછીથી—બારમાથી પંદરમા સૈકાની વચમાં જોવામાં આવે છે, ને આપણું કહેવાનું જે છે તે તે સમયનો ઇતિહાસ સાબીત કરશે. વસ્તુસ્થિતિમાં આવા પ્રકારનો ફેરફાર છે તે તરફ હું ખાસ ધ્યાન ખેંચું છું. એવો ફેરફાર કરવાનું કારણ, હું જે ચિત્ર તમારા સમક્ષ હજુ કરવા માંગું છું તે અપૂર્ણ ને કાચું હોવાથી તમે તે સામે વાંધો ઉઠાવો તેને અગાઉથી જવાબ આપી દેવાનો હેતુ છે. હું એક એવી કલ્પના કરીશ કે ૧૭૮૯ ની સાલમાં, અર્થાત્ ફ્રાન્સના ભયંકર રાજ્યપરિવર્તનની શરૂઆતમાં, બારમા સૈકાનો એક નગરજન એકદમ ફ્રાન્સમાં અસ્તિત્વમાં આવ્યો હોય, અને જો એને વાંચતા આવડતું હોય તો એને મગજ ફેરવી નાંખે એવું એકાદ પત્ર કે એકાદ ન્યુસપેપર જાણે વાંચવાને આપ્યું હોય; ઉદાહરણ તરીકે, મોં. **સાઈઝ**નું પત્ર—"સમાજનું ત્રીજું અગત્યનું અંગ કયું?" "ત્રીજો વર્ગ કયો?" અર્થાત્ રાજ્યનાં કેટલાંક અગત્યના અંગો કે અગત્યના વર્ગો છે? તેમાં રાજા ને અમીરો મળી પહેલા બે વર્ગ સ્વીકારાય છે. હવે ત્રીજો વર્ગ કયો? આ પ્રશ્નનો ઉત્તર આપણા ધારેલા નગરજન **સાઇઝ**ના પત્રમાં જોશો.

"અમીરો અને ધર્મગુરુઓને બાતલ કરતાં બાકી રહેલી ફ્રેન્ચ પ્રજા,

ત્રીજો વર્ગ છે." એ માણસના મગજ પર આ શબ્દોની અસર શી થશે તે હું તમને પૂછું છું. શું એ આ શબ્દો સમજી શકશે એમ તમે ધારો છો? નહિજ, 'ફ્રેન્ચ પ્રજા' એ શબ્દો એ સમજી શકે તેમ નથી, કારણ કે એ શબ્દો જે સ્થિતિ સૂચવતા હતા તે એને અજ્ઞાત હતી, એના જમાનામાં એક એવી પ્રજા જેવી વાત કશી હતીજ નહિ; અને જો આ શબ્દો એ કદાચ સમજ્યો હશે ને સામાન્ય પ્રજા પણ રાજ્ય ચલાવનારૂં રાજ્યનું એક અગત્યનું અંગ છે એમ તેનો અર્થ એણે ગ્રહણ કર્યો હશે તો તે બધું એને ઉન્મત્ત ને અપવિત્ર પણ ભાસ્યું હશે, કારણ કે એણે જે કંઈ જોયું હોય, તેથી અને એના વિચારો ને ભાવનાઓથી આ બધું તદ્દન વિરુદ્ધ છે.

આવી રીતે અજાયબ પામનાર આ નગરજનને આગળ લઈ જાઓ; આ સમયના એક ફ્રેન્ચ નગર–ર્‌હીમ્સ, બોવે, લેઓન, કે નોયોં–માં એને લઈ જાઓ; એને એક બીજા પ્રકારનું આશ્ચર્ય ઉત્પન્ન થશે; એકાદ ગામમાં એ દાખલ થાય છે તો નહિ બુરજો, કે નહિ કિલ્લાઓ, કે નહિ નગરલોકોનું કામ ચલાઉ લશ્કર એની નજરે પડે; નહિ રક્ષણનું કોઈ પણ સાધન એની નજરે પડે, બધુંજ ખુલ્લું હોય છે, ને જે કોઈ એકદમ હુમલો કરે ને દાખલ થાય તેના હુમલાઓને માટે ખુલ્લું હોય છે, આપણો નગરજન આ નગરની સહીસલામતી વિષે શંકા લાવશે; એ એને નબળું ને સારા રક્ષણ વિનાનું ધારશે. એ અંદર દાખલ થાય છે, ને અંદર શું થાય છે, શાસન કેવી રીતે કરાય છે, ને લોકો શું કરે છે તેની તપાસ કરે છે. તેઓ એને કહે છે કે તેની મરજી લીધા સિવાય દિવાલ પાછળ રહેનારી એક સત્તા અર્થાત્ એક અજ્ઞાત સત્તા તેમની પાસેથી કર લે છે, કામચલાઉ લશ્કર ઉભું કરે છે, ને તેને લડાઈમાં મોકલે છે. ગુન્હા તપાસનાર ન્યાયાધીશ, શહેરના કોટવાળ ને મતાદાર વિષે એ તેમને પૂછે છે ને ઉત્તરમાં એ સાંભળે છે કે નગરજનો તેમને પ્રસંદ કરતા નથી. એને ખબર પડે છે કે નગરની બાબતોનો નિર્ણય નગરજનો કરતા નથી, પણ રાજાનો નીમેલો કોઈ એકાદ માણસ દૂરથી તેમના પર રાજ્ય કરે છે. વળી આગળ તેઓ એને એમ પણ

કહેશે કે તેમને પોતાને લાગતીવળગતી બાબતો પર એકઠા થઈને વિચાર કરવાનો નગરજનોને હક નથી. બારમા સૈકાનો નગરજન આથી ગુંચાઈ જશે. સૌથી પહેલાં રાજ્યના ત્રીજા વર્ગને–પ્રજા વર્ગને, જે પ્રકારનો અગત્યનો ગણવામાં આવતો હતો તેથી એ ચકિત થઈગયો હતો, તે હવે એજ સ્થળે એ દાસત્વ, નિર્બલત્વ, ને નિસ્તેજ એવા પ્રકારનું એના જોવામાં આવે છે કે આગળ અનુભવેલી કોઈ પણ વસ્તુના કરતાં તે ઘણું વધારે ખરાબ છે. એ એક દેખાવમાંથી તદ્દન બીજાજ દેખાવમાં જાય છે–સર્વસત્તાધારી નગરજનત્વમાંથી તદ્દન સત્તારહિત નગરજનત્વના ચિત્રમાં એ જાય છે. આનો ખ્યાલ, આની સમજુતી, તમે એને કેવી રીતે આપી શકશો ?

ઓગણીસમા સૈકામાં વસતા આપણે બારમા સૈકામાં છીએ એમ ધારો. કોઈ પણ દેશની સામાન્ય સ્થિતિ, રાજ્યશાસન, કે સમગ્ર સમાજ વિષે આપણે ચિત્ર ખડું કરીશું તો નગરજનો વિષે આપણે બીલકુલ સાંભળીશું નહિ; તેઓ કોઈ પણ બાબતમાં ભાગ લેતા નથી ને તેઓને તદ્દન ક્ષુદ્ર ગણવામાં આવે છે. રાજ્યમાં તેમનો કંઈ હિસાબ નથી હોતો એટલુંજ નહિ, પણ તેઓ પોતે પોતાની સ્થિતિ વિષે શું વિચાર ધરાવે છે તેનો આપણે ખ્યાલ કરીશું તો તેમના ઉત્તરો અજબ બીકણપણા ને દાસત્વની ભાષામાં અપાતા આપણને માલૂમ પડશે. અમીરો જેમના તેઓ દાસ હતા ને જેમની પાસેથી તેઓએ પોતાના હક જોરથી મેળવ્યા તે લોકો આપણને દિંગમૂઢ બનાવે એવા પ્રકારની ઉદ્ધતાઈભરેલી તેમના તરફ બોલી રાખે છે; પણ તેથી તેઓ આશ્ચર્ય પામતા કે ઉશ્કેરાતા નથી.

નગરમાંજ આપણને દાખલ થવા દો ને ત્યાં શું થાય છે તે જોવા દો. દેખાવ બદલાઈ જાય છે; હથિયારવાળા નગરજનોથી સુરક્ષિત એક જગાનું ચિત્ર આપણા સમક્ષ ખડું થાય છે; આ નગરજનો પોતાના પર કર મૂકે છે. પોતાના મૅજિસ્ટ્રેટો નીમે છે ને વિચાર કરી શિક્ષા ફરમાવે છે, અને પોતાની બધી બાબતો પર વિચાર કરવાને સભા ભરી પોતે એકઠા થાય છે. આ સભાઓમાં બધાજ આવે છે; પોતાનીજ પ્રજાના અમીર

વર્ગની સામે પોતેજ લડત ઉઠાવે છે, ને તેઓ કામને માટે કામચલાઉ લશ્કર પણ જોઈએ ત્યારે ઉભું કરે છે. ટુંકામાં તેઓ પોતાની મેળે પોતાના પર રાજ્ય કરે છે; તેઓ કુલ સત્તા ધરાવનારા છે.

નિઃસંદેહ બારમા ને અઢારમા સૈકાની વચમાં ઘણી વાતો બની ગઈ હોવી જોઈએ; સામાજિક વર્ગની સ્થિતિમાં આવો મોટો ફેરફાર આણવાને માટે ઘણા અસાધારણ બનાવો ને ઘણાં પરિવર્તનો થઈ ચૂક્યાં હોવાં જોઈએ. આ ફેરફાર થયા હોવા છતાં, એમાં જરાએ શક લવાય તેમ નથી કે ૧૭૮૯-ની સાલમાં ગણાતો રાજ્યનો ત્રીજો વર્ગ ઐતિહાસિક બિન્દુથી જોતાં બારમા સૈકાની સભાઓમાંથીજ ઉતરી આવેલો હોવો જોઈએ.

એટલું તો નક્કીજ છે કે આ મોટો ફેરફાર થવા પામ્યો તેની સમજુતી બારમા સૈકાનાં નગરોની સ્થિતિ જોવાથી આપણને નહિ મળે. એ ફેરફારનાં કારણો બારમાથી અઢારમા સૈકાની વચમાં બનેલા બનાવો હતા ને તે બનાવોથીજ એ ફેરફાર થવા પામ્યો હતો. છતાં એ સમયના ઇતિહાસમાં પણ " રાજ્યના ત્રીજા વર્ગ " ની ઉત્પત્તિએ ઘણું અગત્યનું કામ કર્યું છે. બારમા સૈકાનાં નગરોનું ચિત્ર જો કે અપૂર્ણ હશે, તેઓ મારા ધારવા પ્રમાણે તમને આ વાત સાબીત કરી આપશે.

આ સ્થિતિ વધારે સારી રીતે સમજવાને માટે નગરો વિષે બે દૃષ્ટિબિન્દુથી અવલોકન કરવું જોઈએ. બે મોટા સવાલોનો નિર્ણય કરવાનો છે: પહેલો, નગરજનોને કરવામાં આવેલા અધિકારદાનનો સવાલ; પરિવર્તન કેવી રીતે ને શાં કારણોને લીધે થયું તે સવાલ; નગરજનોની સ્થિતિમાં તેથી શો ફેર થવા પામ્યો, સામાન્ય પ્રજા પર, અન્ય વર્ગો પર, ને રાજ્ય પર તેની શી અસર થઈ તે સવાલ; ને બીજો, નગરોની આન્તર વ્યવસ્થા, અધિકાર મેળવનારાં નગરોની અંદરની સ્થિતિ, નગરજનોનો અન્યોન્ય સંબંધ, ને નગરોમાં શા આચારવિચારો અગત્ય ધરાવતા હતા તે વિષેનો સવાલ. આ બે સવાલોનો નિર્ણય કર્યા પછી આખા યુરોપમાં નગરોની જુદી જુદી કેવી સ્થિતિ હતી તે વિષે હું કંઈક કહીશ.

નગરજનોને અધિકારદાન કરવામાં આવ્યું તે બાબત સમજવાને માટે નગરોની પાંચમાથી અગીઆરમા સૈકાની વચમાં સ્થિતિ કેવી હતી તે યાદ કરવી જરૂરની છે. જુદાં જુદાં યુરોપનાં નગરોની સ્થિતિમાં ફેરફાર ઘણો હતો; છતાં હું સામાન્ય રીતે જોવામાં આવતી વાતો પરજ ધ્યાન આપીશ, ને આમાંથી જો જરા ખસીશ તો હું જે કહીશ તે ફ્રાન્સનાં નગરોને લક્ષમાં રાખીને કહીશ.

રોમન મહારાજ્યની પડતી પછી પાંચમાથી બારમા સૈકા સુધી નગરોમાં દાસત્વએ નહોતું ને સ્વાતંત્ર્યએ નહોતું. માણસોને બનાવોનું ચિત્ર આપવામાં જેવા પ્રકારની ભૂલનો ભય રહે છે તેવોજ ભય ભાષાના ઉપયોગમાં પણ રહે છે. જ્યારે કોઈ પણ સમાજને ભાષા ચિરકાળ ટકી રહ્યાં હોય, ત્યારે શબ્દો અમુક ચોક્કસ ને સંકુચિત અર્થ ધરાવતા થઈ ગએલા હોય છે. વખત જતાં દરેક શબ્દમાં જાતજાતના ઘણા વિચારો સમાઈ ગએલા હોય છે, ને જેવો શબ્દ ઉચ્ચારાય કે તે વિચારો તરત ઉત્પન્ન થાય છે, પણ તે એકજ દિવસને લાગુ થતા બનાવથી નહિ હોવાથી બધા સમયોને વિષે સરખી રીતે લાગુ પડતા નથી. ઉદાહરણ તરીકે “ દાસત્વ ” ને “ સ્વાતંત્ર્ય ” એ શબ્દો આઠમા, નવમા, કે દશમા સૈકામાં જે બીનાઓને લાગુ પડતા હતા તેના કરતાં હાલના સમયમાં ઘણા વધારે ચોક્કસ ને સંપૂર્ણ અર્થ સૂચવે છે. આઠમા સૈકામાં નગરોમાં સ્વાતંત્ર્ય હતું એમ જો આપણે કહીએ તો તે ઘણું વધારે પડતું છે; હાલના સમયમાં ‘સ્વાતંત્ર્ય’ એ શબ્દને આપણે એવો બહોળો અર્થવાળો કહીએ છીએ કે તે અર્થ લાગુ પડે એવી આઠમા સૈકાની સ્થિતિ નહોતી. નગરો દાસત્વની સ્થિતિમાં હતાં એમ કહીશું તોએ આપણે એવીજ ભૂલમાં પડીશું, કારણ કે તે સમયના નગરોની સ્થિતિનાથી તદ્દન જુદીજ સ્થિતિ એ શબ્દ અત્યારે સૂચવે છે.

હું ફરીથી કહું છું કે નગરોમાં તે સમયે દાસત્વએ નહોતું કે સ્વાતંત્ર્યએ નહોતું. દુર્બલતાને લીધે જે જે વેઠવું પડયું તે બધું તેમણે વેઠયું; બળવાન્ વ્યક્તિઓ તેમના પર વારંવાર સત્તા વાપરતો ને હુમલાઓ કરતો હતા;

પણ આવી ભયંકર અવ્યવસ્થા હતી ને નગરો દ્રવ્યહીન થતાં હતાં ને વસ્તી ઓછી થતી હતી તેમ છતાં નગરો ટકી રહ્યાં હતાં ને તેમનું કેટલુંક અગત્ય પણ હજી રહ્યું હતું. ઘણાંખરાં નગરોમાં ધર્મગુરુ, ને ધર્માધ્યક્ષ હતા; તેઓ પોતાની સત્તાનો ઉપયોગ કરી રાજા ને પ્રજા વચ્ચે સંબંધ કરાવવામાં કારણરૂપ થતા હતા. અને ધર્મથી તેમનું રક્ષણ કરતા હતા. ઉપરાંત, રોમન સંસ્થાઓના પડી ભાંગેલાં ચિહ્નો પણ તે વખતે જોવામાં આવતાં હતાં. આ સમયેજ સભાઓ વારંવાર બોલવાની જોવામાં આવે છે. આ નાગરિક ચેતન ને સ્વાતંત્ર્ય ધીમે ધીમે અદૃશ્ય થયું એ ખરૂં છે. અશિષ્ટતા, અવ્યવસ્થા, ને હમેશ વધતા જતા દુર્દૈવને લીધે વસ્તી વધારે ને વધારે ઘટતી ગઈ. કૃષિકર્મનું અગત્ય પણ વધતું ગયું તેને લીધે નગરોની પડતીનું કારણ એક વધ્યું. ધર્માધ્યક્ષોજ જ્યારે ફ્યૂડલ સમાજમાં ભળી ગયા ત્યારે તેમણે પોતાના નાગરિક જીવનની અગત્ય ઘટાડી નાંખી. છેવટે જ્યારે ફ્યૂડલ પદ્ધતિનો પૂરેપૂરો જય થયો ત્યારે નગરો જો કે તદ્દન દાસત્વની સ્થિતિમાં નહિ, તોપણ અમુક જમીનદાર અમીરના હાથમાં આવ્યાં, ને અમુક પ્રકારનું પૂર્વે જે સ્વાતંત્ર્ય હતું તે બધું ખોઈ બેઠેલાં થઈ પડયાં. એટલે પાંચમા સૈકાથી શરૂ કરી ફરી ફ્યૂડલ પદ્ધતિનું બંધારણ બરાબર થયું ત્યાં સુધી નગરો હમેશ પડતીજ સ્થિતિમાં હતાં.

એક વાર જ્યારે ફ્યૂડલ પદ્ધતિ બરાબર સ્થપાઈ, દરેક માણસ પોતાની જમીન પર સ્થાયી સ્થળ લઈ નિશ્ચિંત થયો, ને અટનની જીવનપદ્ધતિનો અન્ત આવ્યો ત્યારે કેટલાક વખત પછી નગરોનું અગત્ય પાછું વધવા માડયું ને તેમણે ફરીથી નવી પ્રવૃત્તિ દર્શાવવા માંડી. તમે જાણો છો તેમ જેમ જમીનની ફળ આપવાની શકિત વિષે બને છે તેમ મનુષ્યની પ્રવૃત્તિને વિષે પણ તેવુંજ છે; જ્યાં એકવાર તે બંધ પડી જાય છે કે તે ફરીથી દેખાવ દે છે ને દરેક વસ્તુને ફળદાયી ને આબાદ બનાવે છે. થોડી પણ વ્યવસ્થા ને શાન્તિની ઝાંખી થયેથી માણસ આશાવન્ત બને છે, ને આશાવન્ત થયા પછી કામ કરવા મંડી પડે છે. નગરોને વિષે આમજ

થયું, ફ્યૂડલ પદ્ધતિ જ્યાં જરાએ સ્થપાઈ કે જમીનદારોને નવી જરૂરીઆતો ઉભી થઈ, ને સુધારા ને પ્રગતિને માટે નવો ઉત્સાહ તેમનામાં પ્રેરાયો. આ જરૂરીઆતો પૂરી પાડવાને માટે તેમનાં વતનોમાં થોડો ઘણો વ્યાપારઉદ્યોગ ફરી શરૂ થયો, દ્રવ્ય ને વસ્તીની પાછી વૃદ્ધિ થઈ; તે બધું ધીમું ધીમું થયું પણ પાછું આવ્યું ખરૂં. વળી ગરીબથી માંડી શ્રીમંત પુરુષોને દેવળોમાં તે વખતે આશ્રય મળતો હતો; કોઈ પણ વધારે બળવાન્ માણસ કે રાજા સતાવે તો લોકો પોતાનું સર્વસ્વ લઈ, પોતાની જમીન છોડી દઈ દેવળોને આશ્રયે જતા. જે નગરોની સ્થિતિના સુધારા પર આવા માણસોએ પણ અસર કરી છે; તેઓએ તેમાં દ્રવ્ય ને ઉચ્ચ પ્રકારની વસ્તી દાખલ કરી. તે ઉપરાંત, કોણ નથી જાણતું, કે એક વાર એક મંડળ કેટલેક અંશે સ્થપાયું હોય તો લોકો તેમાં વધારે ને વધારે જોડાય છે? તેનાં કારણ બે છે. તેમ કરવાથી વધારે સહીસલામતી મળે છે, ને થોડો વખત પણ સાથે રહેવાથી અમુક જાતનો સહવાસ એવો પડી જાય છે કે પછી તેનાથી છૂટાતું નથી.

આ બધાં કારણો એકઠાં થવાથી નગરોની આબાદી ને તેમનું બળ પાછાં વધ્યાં. પણ તેટલેજ અંશે સહીસલામતી તેમણે પાછી મેળવી નહિ. ભટકતું જીવન અટક્યું હતું તે ખરૂં છે, પણ એ ભટકતા જીવનથી તો નવા જમીનદારો ને વિજયી યોદ્ધાઓની ઇચ્છાઓ તૃપ્ત થઈ શકતી હતી. જ્યારે તેમની લૂટવાની મરજી થતી ત્યારે તેઓ દૂર દેશ પર્યટન કરતા, ને દૂરના મુલકો પર હુમલા કરતા. દરેક જમીનદાર જ્યારે લગભગ સ્થાયી જીવન ગુજારતો થયો, ને વિજયસહિત અટન કરવાની આ ભટકણની ધૂન તજી દેવાનું જ્યારે આવશ્યક થયું, ત્યારે પણ તૃષ્ણાનો કે તેઓની અપરિમિત આકાંક્ષાઓનો કે તેઓની બળવાન્ ઇચ્છાઓનો પણ કંઈ અન્ત આવ્યો નહોતો. આવી સ્થિતિમાં તેમની દાનત પાસેના લોકો પર પડી. લૂટફાટ દૂર કરવા જવાને બદલે પાસેના લોકો પર કરવા મંડાઈ. સફર મારી આવ્યા પછી ગામમાં દાખલ થતાં વ્યાપારીઓને સહીસલામતી રહેતી નહોતી; રસ્તા-

ઓ પર અમીરો ને તેમના અનુયાયીઓ હમેશ હુમલા કરતા. ઉદ્યોગ જે વખતે ફરીથી શરૂ થતો હતો તેજ વખતે સહીસલાગતી પણ ઓછી થતી હતી. પોતાની મહેનતનું ફળ માણસ ભોગવી ન શકે, તેમાં જે કંઈ અંતરાયરૂપ થઈ પડે તેના કરતાં બીજા કશાથી માણસ વધારે ઉશ્કેરાતો નથી.

દશમા સૈકામાં નગરોની આ પ્રકારની સ્થિતિ હતી. તેમનામાં બળ વધ્યું હતું, તેમનું અગત્ય વધ્યું હતું, તેમનામાં દ્રવ્ય વધ્યું હતું, ને રક્ષણ કરવાની તેમની વસ્તુઓ પણ વધી હતી. તેજ વખતે તેમનું રક્ષણ પણ ઘણું વધારે આવશ્યક થઈ પડયું હતું, કારણ કે એજ બળ, એજ વસ્તુઓ, એજ દ્રવ્ય અમીરોની ઈર્ષ્યાનાં કારણો થઈ પડ્યાં હતાં. ઉપરાંત, સતત વિરોધની સફલતાનો ફ્યૂડલ પદ્ધતિએ ઠીક દૃષ્ટાંત આપ્યો હતો; કારણ કે સુવ્યવસ્થિત રાજ્યપદ્ધતિથી એક માણસ અનેકને તાબામાં રાખે એવું ચિત્ર બીલકુલ એ સંસ્થામાં આવતું નહોતું, એમાં તો દરેક માણસ બીજાના કાબુમાં નહિ રહેવા મથતો તેનું ચિત્ર રજુ થતું હતું. આનો દાખલો લઈ પોતાની દુર્બલતા હોવા છતાં નગરોએ અમીર વર્ગ સામાં બધી દિશાઓમાં બંડ ઉઠાવ્યાં.

આ બનાવ બરાબર ક્યારે થવા પામ્યો તે નક્કી કરવું કઠણ છે, સાધારણ રીતે એમ કહેવાય છે કે સામાન્ય પ્રજાને અગીઆરમા સૈકામાં સ્વતંત્રતા ને અધિકાર બક્ષવામાં આવ્યાં; પણ બધા મોટા બનાવોને વિષે એમ જોવામાં આવે છે કે ફત્તેહ આવતાં પહેલાં ઘણા પ્રયત્નો નિષ્ફળ થાય છે. અગણિત શ્રમોને અન્તેજ, તે માણસ પોતાની જાતનું પણ સ્વાર્પણ કરે છે, ને ત્યારેજ ઈશ્વર એને મદદ કરે છે, ને છેવટે એની ઈપ્સિત વસ્તુ સફળ થાય છે. પ્રજા સ્વાતંત્ર્યની બાબતમાં આમજ બન્યું. આઠમા ને નવમા સૈકામાં અધિકાર ને સ્વાતંત્ર્ય મેળવવાને લોકોએ કરેલા ઘણાએ પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા; તેમ છતાં એટલુંએ ખરૂં છે કે એ બધાઓએ પછીની બીના પર અસર કરી, સ્વાતંત્ર્યને માટેનો લોકોનો જુસ્સો ફરીથી પ્રોત્સાહિત કર્યો, ને અગીઆરમા સૈકાના મોટા બંડનો માર્ગ તૈયાર કર્યો.

**બંડ** એ શબ્દ હું જાણી જોઈને વાપરૂં છું. અગીઆરમા સૈકામાં

સામાન્ય પ્રજાએ અધિકાર પ્રાપ્ત કર્યો તે ખરેખરા બંડનું, ખરેખરા યુદ્ધનું પરિણામ હતું; એ બંડ, એ યુદ્ધ નગરજનોએ અમીર વર્ગની વિરુદ્ધ કર્યું હતું. આ બંડને વિષે શું જોવામાં આવે છે? જો બંડખોરો હાર ખાય છે તો અમીર તેના કિલ્લાઓ તોડી પાડે છે; માત્ર નગરના નહિ પણ દરેક બંડખોરના ઘરની આસપાસનાં રક્ષણો પણ તે તોડી પાડે છે. અન્યોન્યને સહાયતા આપવાને બંધાયા પછી નગરજનોનું પહેલું કામ પોતાના આવાસોમાં મજબુતીથી પોતાનું રક્ષણ કરવાનું છે, ને તે આવાસોને કિલ્લાની પેઠે રક્ષિત બનાવવાનું છે. કેટલાંક નગરો કે જેનાં નામ પણ અત્યારે ભૂલી જવાયાં જેવાં છે તેમણે તેમના પર સત્તા ધરાવનારા અમીર સામે લાંબો વખત સુધી લડત ઝીરવી હતી. અન્તે હાર થવાથી ઘણા નગરજનોનાં સુરક્ષિત ગૃહો તોડી પાડવામાં આવ્યાં હતાં.

આપણા પૂર્વજોના આવાસોની અંદર આપણે દાખલ થઈએ; તેનું બંધારણ કેવું હતું તે, ને તે પરથી તેઓ કેવા પ્રકારનું જીવન ગાળતા હતા એમ સમજાય તેનો આપણે અભ્યાસ કરીએ. યુદ્ધને માટેજ બધું રાખવામાં આવેલું હોય છે, બધી વસ્તુઓમાં યુદ્ધનો ઉદ્દેશ જણાય છે.

આપણે સમજી શકીએ ત્યાંસુધી બારમા સૈકામાં નગરજનનું ઘર આ પ્રમાણે ગોઠવણવાળું હોય છે; સાધારણ રીતે ત્રણ માળો હોય છે, ને દરેક પર એક ઓરડો; ભાંયતળીઆ પરનો ઓરડો સામાન્ય ખંડ હોય છે; કુટુંબનાં માણસો ત્યાં ભોજન લે છે. પહેલો માળ સલામતી ખાતર ઘણો ઉંચો હોય છે; ગોઠવણમાં આ વાત સૌથી વધારે ધ્યાન ખેંચે એવી હોય છે. આ માળના ખંડમાં નગરજન એની પત્ની સાથે આવાસ કરતો. ઘણુંખરૂં હમેશ ઘરને ખુણા પડતો સાધારણ રીતે એક ચોરસ ગઢ હોય છે; યુદ્ધનું આ એક બીજું ચિહ્‌ન ને રક્ષણનું સાધન હોય છે. બીજા માળ પર એક ખંડ હોય છે તેનો ઉપયોગ બરાબર સમજાતો નથી, પણ તે ઘણું કરીને છોકરાંઓને માટે ને ઘરનાં બીજાં માણસોને માટે કામમાં આવતો. તેની ઉપર ઘણુંખરૂં સપાટ જમીન હોય છે, ને તેનો ઉપયોગ દેખીતીજ રીતે

કંઈ દૂરનું જોવું કરવું હોય તે માટેનો હોય છે. ઘરની આખી રચના યુદ્ધનું સૂચન કરે છે. પ્રજાના સામાન્ય વર્ગે અધિકાર ને સ્વતંત્રતા પ્રાપ્ત કરી તેની લડતનું આ દેખીતું સ્વરૂપ હતું.

લડનાર પક્ષો ગમે તે હોય તોપણ લડાઈ અમુક વખત સુધી પહોંચી હોય છે કે પછી અવશ્ય સલાહ થાય છે. સામાન્ય પ્રજાવર્ગ ને તેમના વિરોધી વર્ગની વચ્ચે થતી સલાહના પત્રો તેમના ભવિષ્યના હકોની સનદો બનતા, નગરોના હકોની સનદો નગરજનો ને અમીરોની વચ્ચે થએલી સલાહોના માત્ર કરારપત્રો કે સંધિપત્રો હતી.

બંડ સામાન્ય હતું. 'સામાન્ય' એ શબ્દ હું વાપરૂં છું તેથી એમ ન માનશો કે આખા દેશમાં ઐક્ય કે સંધિ હતી; તેથી ઉલટીજ સ્થિતિ હતી. પ્રજાવર્ગની સ્થિતિ ઘણુંખરૂં બધેજ એક પ્રકારની હતી; એકજ જાતના ભયની તેમને ધાસ્તી હતી, એકજ જાતનું દુઃખ તેમના પર પડતું હતું. વિરોધ ને રક્ષણનાં લગભગ એક સરખાંજ સાધનો પ્રાપ્ત કરીને તેમણે લગભગ એકજ સમયે તેનો ઉપયોગ કર્યો. દાખલાનો પણ ચેપ લાગ્યો હશે; એક કે બે નગરોને મળેલા વિજયની આ અસર હશે. કેટલીક વખતે મળેલી સનદો પણ એકજ જાતની લખાએલી જોવામાં આવે છે. પણ દાખલા ધારવામાં આવે છે એટલી અસર થઈ હશે એ વાતની મને શંકા છે. પત્ર-વ્યવહાર વા અન્ય વ્યવહાર અઘરો ને ક્વચિત્ બને એમ હતું, ને ઊડતી વાતો અચોક્કસ ને છૂટી છવાયી આવતી. વધારે સંભવિત તો એ છે કે બંડો થવાનું કારણ એકજ પ્રકારની સરખી વસ્તુસ્થિતિ હતી, ને તે સામાન્ય ને સ્વતંત્ર રીતે ઉદ્ભવતાં હતાં. *'સામાન્ય' શબ્દ હું વાપરૂં છું તેથી હું* એમ કહેવા માગું છું કે બંડો ઘણુંખરૂં બધે ઊઠતાં, બાકી હું જાણું છું કે તેનાં કારણો ખાસ ને સ્થાનિક હતાં, દરેક નગર તેના અમીરો સામે તેના ખાસ સંજોગોને લીધેજ લડત ઉઠાવતું ને બધું જે બનતું તે અમુક તેના સ્થળમાંજ બનતું.

એ લડાઈમાં હારજીતની વારાફરતી ઉથલપાથલ ઘણી થતી હતી. વિજય

ધારાફરતી થતો હતો એટલુંજ નહિ, પણ સલાહશાન્તિ થઈ ગઈ હોય એમ જણાતું હતું પછીએ, અને કરાર મુજબ એકબીજાના હકોની સનદો સોગનપૂર્વક કબૂલાયા પછી સુદ્ધાં તે તોડવામાં આવતી ને તેનો ઇનકાર કરાતો હતો. આ વિગ્રહમાં થતી ઉથલપાથલોમાં રાજાઓ ઘણો ભાગ લેતા. રાજસત્તા વિષે ખાસ બોલતાં આ બાબત વિષે હું વિશેષમાં બોલીશ. પ્રજાવર્ગે અધિકાર ને સ્વાતંત્ર્ય પ્રાપ્ત કર્યાં તેના સંબંધમાં રાજસત્તાએ કરેલી અસરની ઘણી સ્તુતિ કરવામાં આવે છે; તે સ્તુતિ કદાચ ઘણી અણઘટતી રીતે વધારે છે; અને કેટલીક વખત એ અસરની કિંમત ઓછી આંકવામાં આવે છે, ને કેટલીક વખત તેનો ઇનકાર કરવામાં આવે છે. હાલ તો હું માત્ર એટલુંજ કહીશ કે એ સત્તા વારંવાર વચમાં પડતી હતી, કેટલીક વાર નગરોની વ્હારે ને કેટલીક વાર અમીરોની; ઘણી વાર એણે વિરોધી ભાવ ભજવ્યા છે; કેટલીક વાર એક નિયમ સ્વીકારી તો કેટલીક વાર બીજો સ્વીકારી એણે માથું ઘાલ્યું છે. એના ઉદ્દેશો ને કાર્યો એણે વારંવાર બદલ્યાજ કર્યાં છે. પણ સમગ્ર રીતે જોતાં એણે ઘણી અસર કરી છે, ને તે, નઠારા કરતાં સારી વધારે કરી છે.

આવી રીતની ઉથલપાથલો થતી હતી ને વારંવાર સનદો તોડવામાં આવતી હતી તેમ છતાં નગરો બારમા સૈકામાં અધિકાર ને સ્વાતંત્ર્ય પૂરેપૂરાં પ્રાપ્ત કરી શક્યાં હતાં. એક સૈકા સુધી આખું યુરોપ ને ખાસ કરી ફ્રાન્સ બંડોથી ઉકળેલું રહેતું હતું. તેમાં વધારેઓછી, થોડીવત્તી લાભકારક સનદોથી હવે શાન્તિ પ્રસરી ગઈ. નગરસભાઓએ થોડીવત્તી સહીસલામતી સાથે એ હકો ભોગવ્યા, પણ છેવટે ભોગવ્યા ખરા. આ પ્રમાણે એ હકો સાબીત થયા.

હવે આ મોટા બનાવથી ફેરફાર શું થયા ને નગરોની સ્થિતિમાં તેની શું અસર થઈ તે જોવા આપણે પ્રયત્ન કરીએ.

પ્રથમ તો શરૂઆતમાંની રાજ્યની સ્થિતિ પર અસર કશી ન થઈ. જે બન્યું તે બધું સ્થાનિક હતું.

પણ આમ કહેતાં પહેલાં એક વાત કહેવી જોઈએ. નગરજનો ને રાજાની વચ્ચે હવે એક જાતનો સંબંધ બંધાતો થયો. સનદ અપાઈ ગયા પછી અમીરોની સામે થવું હોય તો કેટલીક વાર નગરજનો રાજાની મદદ માગતા. વળી કેટલીક વાર નગરજનોની વિરુદ્ધ અમીરો રાજાની મદદ માગતા. બન્નેમાંથી દરેક પક્ષની માગણીથી રાજસત્તા પતાવટ માટે વચમાં પણ પડતી, ને તેને લીધે નગરજનો ને રાજાની વચ્ચે ગાઢ સંબંધ ઉત્પન્ન થવા પામ્યો. આ સંબંધને આધારેજ સામાન્ય રાજસત્તાની સાથે પણ નગરજનો સંબંધ ધરાવતા થયા.

તેમ છતાં પણ ફેરફાર બધો સ્થાનિક હતો. અધિકારદાનને લીધે એક નવો સામાન્ય વર્ગ ઉભો થયો. પ્રજાવર્ગમાં ઐક્ય કંઈ થયું નહોતું, તેનામાં કંઈ એક જુદું પ્રજાકીય અસ્તિત્વ ઉદ્ભવ્યું નહોતું. પણ દેશમાં એકસરખી સ્થિતિમાં રહેનારો, એકસરખી બાબતોમાં જેમનું હિતાહિત હોય એવો, ને એકસરખા આચારવિચાર ધરાવનારો એક મધ્યમ વર્ગ અસ્તિત્વમાં આવ્યો. તે વર્ગમાં ધીમે ધીમે ઐક્યની ભાવના સ્વાભાવિક રીતેજ થયા વિના રહે તેમ નહોતું. નગરજનોએ સ્થાનિક સ્વાતંત્ર્ય પ્રાપ્ત કર્યું.–જમીનદાર વર્ગ તરફથી તેમણે અધિકારની સનદો પ્રાપ્ત કરી, તેને પરિણામે અવશ્યેજ એક મધ્યમ વર્ગ અસ્તિત્વમાં આવ્યો.

એમ નહિ ધારવું જોઈએ કે આ વર્ગ ત્યાર પછીથી જેવો થયો છે તેવોજ તે વખતે પણ હતો. એની સ્થિતિ બદલાઈ છે એટલુંજ નહિ, પણ જે વર્ગના માણસોનો એમાં સમાવેશ થતો હતો તેમાં પણ ફેરફાર થઈ ગયો છે. બારમા સૈકામાં એ વર્ગ ઘણુંખરૂં માત્ર થોડો વેપાર કરનારા વ્યાપારીઓનો ને નગરમાં વસતા નાના નાના જમીનદારો કે ઘરધણીઓનો બનેલો હતો. ત્રણ સૈકા પછી આ ઉપરાંત વકીલો, દાક્તરો ને સ્થાનિક મૅજિસ્ટ્રેટોનો મધ્યમ વર્ગમાં સમાવેશ થતો હતો. મધ્યમ વર્ગ ધીમે ધીમે ઉભો થયો હતો ને તેના ભાગો ઘણા જુદા જુદા હતા. અને તેના ઘણા વિભાગ હતા. તેના ઇતિહાસમાં સાધારણ રીતે આ બાબતની હકીકત પૂરી પાડવામાં આવતી

નથી. એ વર્ગે ભવિષ્યમાં જે ભાગ ભજવ્યો તે સમજવાને માટે આ ઇતિહાસ જાણવો આવશ્યક છે. જ્યાંસુધી એ વર્ગમાં મૅજિસ્ટ્રેટો કે સાક્ષરોનો સમાવેશ થયો નહોતો, ત્યાંસુધી જે પ્રકારનું અગત્ય એણે સોળમા સૈકામાં મેળવ્યું તે પ્રાપ્ત કર્યું નહોતું. એ વર્ગની ચઢતીપડતીની બરાબર સમજુતી મેળવવી હોય તો નવા નવા ધંધાઓ, નવી નવી સામાજિક સ્થિતિઓ, ને નવા નવા વિચારો જે ઉદ્દ્ભવ્યાં તેનો બરાબર ખ્યાલ મેળવવો જોઈએ. બારમા સૈકામાં તો મેં કહ્યું તેમ મધ્યમ વર્ગમાં નાના નાના વ્યાપારીઓ, જમીનદારો, ને ઘરધણીઓનોજ સમાવેશ થતો હતો. યુરોપના મધ્યમ વર્ગની અહીં આપણે આરંભક સ્થિતિ જોઈ શકીએ છીએ.

સામાન્ય પ્રજાવર્ગે સ્વાતંત્ર્ય પ્રાપ્ત કર્યું, ને નગરજનોએ અધિકાર મેળવ્યા તેની ત્રીજી મોટી અસર એ થઈ કે જુદા જુદા વર્ગોમાં સ્પર્ધા ને વિગ્રહ ઉત્પન્ન થયાં. આ વાત આધુનિક ઇતિહાસમાં ઘણો અગત્યનો ને મોટો ભાગ લે છે. સમાજના જુદા જુદા વર્ગોની સ્પર્ધાથીજ આધુનિક યુરોપની ઉન્નતિ થવા પામી છે. મેં અગાઉ જેમ કહ્યું છે તે પ્રમાણે અન્ય સ્થળોએ આ સ્પર્ધા ને આ વિગ્રહનું જુદુંજ પરિણામ આવ્યું હતું. દાખલા તરીકે, એશિયામાં એક વર્ગ સંપૂર્ણ રીતે વિજય મેળવતો ને આબાદ થતો. વર્ગોને બદલે જ્ઞાતિઓની વ્યવસ્થા ઉદ્દ્ભવી, ને સમાજનું ચેતન નષ્ટ થયું—એ જડ થઈ ગયો. ઈશ્વરની કૃપાથી યુરોપમાં આમાંનું કશું બન્યું નહિ. એકે વર્ગ અન્ય વર્ગ પર વિજય મેળવવા કે તેને દબાવી દેવા ફત્તેહમાન થયો નથી. એ વિગ્રહ જડતા ને સ્થિરતાનું કારણ ન બનતાં પ્રગતિ આણવાને સાધનરૂપ બન્યો છે; આમ અંદર અંદરની સ્પર્ધાથી કલહ કે યુદ્ધ ન થવા પામતાં ઐક્ય ને પ્રગતિ સાધિત થયાં છે, ને અન્તે યુરોપની ઉન્નતિમાં ને પ્રજાકીય ઐક્ય કરવામાં આ બધું ઘણું ફળદાયી નીવડ્યું છે.

જે પરિવર્તન વિષે આપણે વિચાર કરીએ છીએ તેની દેખીતી ને સામાજિક અસરો આ પ્રમાણેની છે. એની નીતિ પર કેવી અસર થઈ, નાગરિક જનોના આન્તર જીવન પર શી અસર થઈ, ને આ નવી સ્થિતિમાં

તે લોકોનું વર્તન શા પ્રકારનું થયું તેનું હવે આપણે અન્વેષણ કરીએ.

માત્ર બારમાજ સૈકામાં નહિ પણ પછીના સમયમાં પણ નગરજનો, ને રાજ્ય ને રાજ્યસત્તાની વચ્ચેના સંબંધ વિષે વિચાર કરતાં એક વાત આપણું ધ્યાન ખેંચ્યા વિના રહેતી નથી. નગરજનો અતિશય ભીરુત્વ દાખવતા હતા, રાજ્યની બાબતોમાં જે કહેવું હોય તે કહેવાની બાબતમાં તેઓ ઘણોજ વિનય દર્શાવતા, ને થોડેકથી—સહેલથી સંતુષ્ટ થતા હતા. કંઈ કરી બતાવવા, સુધારવા, કે સત્તા વાપરવાનો રાજખટપટનો જે ખરો પવન હોય તેમાંનું એમનામાં કશું જોવામાં આવતું નહોતું, ને વિચારસ્વાતંત્ર્ય કે ઉચ્ચ અભિલાષાઓ સૂચવે એવું પણ કશું નહોતું.

રાજનીતિના ક્ષેત્રમાં ઉચ્ચ અભિલાષાઓ ને વિચારસ્વાતંત્ર્ય બે બાબતોને લીધેજ ઉદ્‌ભવવા પામે છે. એક તો પોતાને વિષે ઘણીજ મોટાઈની લાગણી, બીજાઓનાં ભાવી પર ઘણી સત્તા ભોગવવાની લાગણી હોવી જોઈએ; અથવા તો, બીજું, પોતાના વિચારોની બાબતમાં તદ્દન સ્વતંત્રતા, અન્ય પુરુષથી જરાએ દબાયા વગર કામ કરી શકવાની સ્વતંત્રતા હોવી જોઈએ. આ બેમાંથી એકાદ કારણને લીધેજ કંઈ પણ મોટું કામ કરી શકવાની ઇચ્છા ઉત્પન્ન થવા પામે છે.

મધ્યકાલીન યુગના નગરજનોને વિષે આ બેમાંની એકે સ્થિતિ થવા પામી નહોતી. આ નગરજનો માત્ર પોતાનેજ કામના હતા, પોતાના નગર કે રાજ્યની સ્થિતિ પર તેઓ કંઈ અસર કરી શકતા નહોતા. પોતાના સ્વાતંત્ર્યની પણ કંઈ મોટી ભાવના તેમનામાં હોઈ શકે તેમ નહોતું. તેમને વિજય મળ્યો તે નકામો હતો, તેમને સનદો મળી તે પણ નકામી હતી. નગરજન પોતાની પાસે રહેનાર ને પોતે જેના પર તરતજ જય મેળવ્યો હોય એવા, ઉતરતા દરજ્જાના જમીનદાર સાથે પોતાને સરખાવતાં પણ પોતાના ઘણુજ ઉતરતાપણાનો ખ્યાલ ભૂલતો નહોતો; જમીનદારના મગજમાં સ્વતંત્રતાનો જે અભિમાન ભર્યો પવન જોવામાં આવતો હતો તે એનામાં નહોતો. એની પોતાની સ્વતંત્રતાજ જાણે એ પોતાને બળે નહિ પણ પોતાની

મંડળીના બળે ભોગવતો. આ કારણને લીધેજ માત્ર બારમા સૈકામાં નહિ, પણ પછીના વખતોમાં પણ, નગરજનોના જીવનમાં જો કે દૃઢ ને સ્વતંત્ર વર્તન જોવામાં આવતું હતું, તોએ તેનીજ સાથે સંકોચ, બીકણપણું, નાહિંમત દર્શાવે એવું શરમાળપણું, ને ભાષાની નમ્રતા જોવામાં આવતાં હતાં. તેમને મોટાં કામ કરવાનો શોખ નહોતો ને જ્યારે સંજોગોને લીધે તે તેમને કરવાંજ પડતાં ત્યારે તેઓ ગભરાતા ને ગુંચવાતા, તેમને એમ લાગતું કે તેમને માટે જે કર્મક્ષેત્ર છે તેમાંથી તેઓ બહાર ખસી ગયા છે, ને તેમાં પાછા જવા ચહાતા, ને તેથી તેઓ નમ્રતાથી કામ લેતા. આ પ્રમાણે યુરોપના ઇતિહાસમાં ને ખાસ કરીને ફ્રાન્સમાં માલૂમ પડે છે કે મધ્યમ વર્ગ પ્રતિ -જો કે માન, ઉચ્ચ લાગણી કે ખુશામત સુદ્ધાં રાખવામાં આવ્યાં છે, છતાં એનો ડર કવચિતજ રાખવામાં આવ્યો છે. એના વિરોધીઓ પર એ વર્ગ મહત્ત્વ કે મદની છાપ પાડી શક્યો નથી. મધ્યમ વર્ગની આ પ્રકારની નબળાઇથી નવાઈ પામવા જેવું પણ કશું નથી. આનું મુખ્ય કારણ એ વર્ગની ઉત્પત્તિ, ને એ વર્ગે અધિકાર કેવી રીતે પ્રાપ્ત કર્યો તેમાંજ રહેલું હતું. ગમે તે સંજોગોમાં પણ ઉચ્ચ અભિલાષા રાખવાની વૃત્તિ, રાજકીય વિચારોનો વિકાસ ને તેમાં દૃઢતા, દેશની બાબતોમાં સત્તા વાપરવાની ઇચ્છા, માણસના માણસ તરીકે મહત્ત્વનો સંપૂર્ણ વિશ્વાસ—આ બધી યુરોપની પ્રજાઓની ભાવનાઓ તદ્દન આધુનિક છે

બીજી તરફથી સ્થાનિક કલહોને લીધે પોતાના નાના ક્ષેત્રમાં તેમને એવી તો દૃઢતા, એવો તો અભિનિવેશ, એવી તો ધીરજ રાખવી ને બતાવવી પડતી કે તેનાથી ચઢીઆતી દૃઢતા, અભિનિવેશ, ને ધીરજ જોવામાં આવ્યાં નથી. તેમને કરવાનું કાર્ય એટલું તો કઠણ હતું કે તેમને અનુપમ પરાક્રમ દર્શાવવું પડતું હતું. પણ તેને લીધેજ તેમણે એવી તો મરદામી ને એવી તો આગ્રહની શક્તિ પ્રાપ્ત કરી છે કે તેવી શક્તિ આધુનિક સમયની સહેલી પ્રવૃત્તિઓમાં ઉદ્‌ભવતી નથી.

નગરજનોએ અધિકાર ને સ્વાતંત્ર્ય મેળવ્યાં તેની આ સામાજિક કે

નૈતિક અસરોમાંની એકે અસર બારમા સૈકામાં પૂરેપૂરી ફળીભૂત ને દૃશ્યમાન થઈ નહોતી. તે બધી અસરો માત્ર પછીના સૈકાઓમાંજ જોવામાં આવે છે. છતાં, બીજ, પૂર્વની સ્થિતિમાં ને સ્વાતંત્ર્ય મેળવતી વખતે નંખાયાં હતાં. તે નક્કી છે. હવે બારમા સૈકાના નગરની અંદરની સ્થિતિની હું પરીક્ષા કરીશ. એમાં કેવી રીતની વ્યવસ્થા હતી તે આપણે જોઈએ.

શહેરી સભાઓની સત્તાની પદ્ધતિ, આધુનિક પ્રજાઓને રોમન મહારાજ્યની મ્યુનિસિપલ પદ્ધતિ પરથી મળી છે તે વિષે બોલતાં મેં તમને કહ્યું હતું કે રોમન મહારાજ્ય ઘણી મ્યુનિસિપૅલિટિઓની નગરમંડળોની એકત્રિત સભાથી બનેલું હતું. આ બધાં નગરોમાંનું દરેક નગર મૂળ રોમની પેઠે સ્વતંત્રતા ધરાવતું એક નાનું પ્રજાસત્તાક રાજ્ય હતું; પોતાની મેળેજ તે સલાહ ને લડાઈ કરી શકતું, ને યોગ્ય લાગે તેમ પોતાનું રાજ્ય કરી શકતું હતું. જેમ જેમ દરેક નગરનું સ્થાનિક રાજ્ય રોમન મહારાજ્યમાં સમાતું ગયું તેમ તેમ આવી સ્થાનિક સત્તા દરેક નગરમાંથી જતી ગઈ ને રોમમાં વસતી ગઈ. સર્વોપરિ સત્તા હવે રોમની સભાએ પ્રાપ્ત કરી ને સ્થાનિક સભાઓએ કે મ્યુનિસિપૅલીટીઓએ રાજ્યસત્તા ખોઈ. તે સભાઓ રાજ્યશાસન કરતી બંધ થઈ ને નગરોની અન્તર્વ્યવસ્થા કરવાનાં મંડળો તરીકે ઉપયોગી રહી. રોમન મહારાજ્યમાં આ પ્રમાણેનું મોટું પરિવર્તન થયું જોવામાં આવે છે. શહેરી સભાઓ હવે સ્થાનિક બાબતોનું નિરાકરણ કરનારી, ને નગરનીજ લાગતીવળગતી બાબતોની વ્યવસ્થા કરનારી સભાઓ થઈ ગઈ; અર્થાત્ એ સભાઓ રાજસભાઓ મટી હાલના સમયની મ્યુનિસિપૅલિટિઓ જેવી થઈ ગઈ. નગરો ને તેમાંની સંસ્થાઓની રોમન મહારાજ્યની પડતીને સમયે આ પ્રકારની સ્થિતિ રહી હતી. ત્યાર પછી વૈદેશિક સ્થિતિને લીધે જે અવ્યવસ્થા થઈ તેમાં બધી જાતના વિચારો ને બધી બાબતોનો ગોટાળો થઈ ગયો હતો; રાજ્યસત્તા ને વ્યવસ્થાનાં બધાં લક્ષણો ગુંચવાઈ ગયાં હતાં. માત્ર આવશ્યકતાને લીધે જેમ બનતું તેમ બનતું હતું. દરેક સ્થળે રાજા કે વ્યવસ્થાપક જેમ સંજોગોને અનુકૂળ હોય તેમ જોવામાં આવતો. નગરોએ પોતાની સહી

સલામતી પાછી મેળવવા જ્યારે બંડો ઉઠાવ્યાં, ત્યારે રાજ્યસત્તા પાછી પ્રાપ્ત કરી. આમ થવાનું કારણ કોઈ પણ પ્રકારની રાજ્યનીતિની પદ્ધતિ સંબંધી વિચારો અમલમાં મુકવાનો કંઈ હેતુ કે આત્મગૌરવ દર્શાવવાનો કંઈ હેતુ નહોતો. માત્ર અમીર વર્ગની સામે ટક્કર ઝીલી શકાય એ હેતુથીજ નગરજનોએ કામચલાઉ લશ્કર ઉભું કરવાનો હક, લડાઈને ચલાવવાને માટે કર નાખી શકવાનો હક, ને પોતાના સરદારો ને મૅજિસ્ટ્રેટો પોતેજ પસંદ કરી શકવાનો હક પોતાની મેળેજ ધારણ કરી લીધા હતા. આ પ્રમાણે રોમની પડતી પછી નગરસભાઓએ ખોએલી રાજ્યસત્તા નગરોમાં પાછી આવી. નગરો પાછાં સર્વોપરિ સત્તા ધરાવનાં થયાં. તેમણે પ્રાપ્ત કરેલા સ્વાતંત્ર્યનું રાજ્યસંબંધી વ્યાવહારિક સ્વરૂપ આવું છે.

આ સર્વોપરિ સત્તા સંપૂર્ણ રીતે નગરોને પ્રાપ્ત થઈ હતી એમ માની લેવાનું નથી. કેટલીક વાર અમીર જાતે નગરમાં મૅજિસ્ટ્રેટ નીમવાનો હક ધરાવતો હતો, તો કેટલીક વાર મહેસુલ લેવાનો એનો હક જળવાઈ રહ્યો હતો, ને કેટલીક વાર એને અમુક ચોક્કસ દાણ આપવામાં આવતું હતું. કેટલીક વાર આવી બહારની સત્તા રાજાનાજ હાથમાં રહેલી જોવામાં આવતી હતી.

નગરો ફ્યૂડલ પદ્ધતિની અસર નીચે આવી ગયા પછી તેમાં આશ્રિતો ને અધિકારી વર્ગોના ભાગ જોવામાં આવતા હતા. જમીનદાર અમીરવર્ગ ફ્યૂડલ પદ્ધતિ પ્રમાણે આશ્રિતો પર જે સત્તા ભોગવતો હતો, તે સત્તા કેટલેક અંશે નગરોએ હવે પ્રાપ્ત કરી. ફ્યૂડલ પદ્ધતિ પ્રમાણેના નગરજનોના હકો, ને જમીનદાર અમીરવર્ગ સામે બંડોમાં ફાવી જે અધિકાર ને સ્વાતંત્ર્ય મેળવતો તે હકો જુદી જુદી જાતના હોવાથી ગુંચવણ ઉત્પન્ન થઈ.

નગરોની આન્તર વ્યવસ્થા અગાઉ કેવા પ્રકારની હતી તે આ પ્રમાણે આપણે જોયું. બધા રહેવાસીઓ મળીને નગરની સભા બનતી. નગરમાં વસનારા બધાં લોકોને શપથ લેવો પડતો, ને તેવા બધા માણસોને ઘંટાના નાદથી સામાન્ય સભામાં બોલાવવામાં આવતા. ત્યાંજ તેઓ મૅજિસ્ટ્રેટો પસંદ કરતા.

મૅજિસ્ટ્રેટોની સંખ્યા ને તેમના પ્રકાર ઘણી જાતોનાં હતાં. મૅજિસ્ટ્રેટો એક વાર નીમાયા પછી સભા વિસર્જન કરવામાં આવતી, ને મૅજિસ્ટ્રેટો કંઇક સ્વેચ્છાથી નિરંકુશ શાસન ચલાવતા. નવી પસંદગી અથવા પ્રજાકીય બંડો સિવાય તેમના પર કોઈ જાતનો અંકુશ ન હોવાથી તેમની બીજી રીતે કંઇ જવાબદારી નહોતી.

નગરોની આન્તર વ્યવસ્થામાં બે તત્વો મુખ્ય જોવામાં આવતાં હતાં. તે તમે હવે સમજ્યા હશો. એક, નગરવાસીઓની સામાન્ય સભા, ને બીજી લગભગ નિરંકુશ સત્તા ધરાવનારી મૅજિસ્ટ્રેટોની સત્તા. નિયમિત સત્તા સ્થાપવાનું કામ વસ્તુસ્થિતિમાંજ અસંભવિત હતું. નગરોમાં રહેનાર વર્ગની વસ્તીનો મોટો ભાગ અજ્ઞાન, જંગલી સ્થિતિ, ને ક્રૂરતાવાળો હતો, ને તેથી તેમને અંકુશમાં રાખવાનું કામ અશક્ય હતું. જેમ પૂર્વે નગરજન ને અમીરના સંબંધમાં નહિ જેવી સહીસલામતી જોવામાં આવતી હતી તેમ થોડાજ વખત પછી નગરોની અંદરની સ્થિતિ પણ થઈ. છતાં ઘણો જલદીથી, એક ઉચ્ચ મધ્યમ વર્ગ થવા પામ્યો હતો. તેનાં કારણો તમે સહેલથી સમજી શકશો. કેટલાક પૈસાદાર ને ઉંચી પદવી ધારણ કરનારા મધ્યમ વર્ગના લોકો જોકે મધ્યમ વર્ગના હોવાથી અનુચ્ચ પદ ધારણ કરતા હતા, છતાં સમાજમાં તેઓ ઉપયોગી હોવાને લીધે ને ઉંચા ધંધાઓમાં રોકાયલા હોવાથી નગરની વ્યવસ્થાની બાબતોમાં અગત્યની અસર કરી શકતા. નગરોમાં મધ્યમ વર્ગના તે વખતે બે પેટા ભાગ હતા; એક, ઉચ્ચ મધ્યમ વર્ગ, ને બીજો, બધીજ જાતની ભૂલો ને દુર્ગુણોમાં સપડાતો સામાન્ય પ્રજાનો અનુચ્ચ મધ્યમ વર્ગ. ઉચ્ચ મધ્યમ વર્ગને એક પાસથી સામાન્ય હલકા પ્રજાવર્ગને કાબુમાં રાખવાનું, ને બીજી પાસથી પોતાની સત્તા પાછી સ્થાપવા, નગરોના જૂના શેઠો—અમીરો મથતા હતા. તેમના પ્રયત્નોને કાબુમાં રાખવાનું મુશ્કેલીભરેલું કામ હતું. છેક સોળમા સૈકા સુધી માત્ર ફ્રાન્સમાં નહિ પણ આખા યુરોપમાં એ વર્ગની સ્થિતિ એવી હતી. ઘણીખરી યુરોપની પ્રજાઓમાં ને ખાસ કરી ફ્રાન્સ નગરની સભાઓ રાજકીય બાબતો પર જોઈએ

તેટલી અસર કરી શકતી નહોતી તેનું મુખ્ય કારણ કદાચ આજ હતું. એ બાબતોને લીધે તેમની અંદરજ સુલેહ જળવાતી નહોતી; અનુચ્ચ મધ્યમ વર્ગ અથવા તો હલકા પ્રજાવર્ગમાં પ્રજાસત્તાક રાજ્યનો અન્ન, નિરંકુશ, ને પ્રબળ પવન હતો, ને તેને પરિણામે ઉચ્ચ પ્રજાવર્ગમાં ક્યાં તો રાજાના સંબંધમાં કે જૂના અમીરોના સંબંધમાં કરારો કરતાં કે નગરોની અંદર સુલેહ શાંતિ સ્થાપવાની બાબતમાં ઘણી નબળાઈ જોવામાં આવતી હતી. આ દરેક બાબતને લીધે રાજ્યમાં નગરસભાઓની અસર ઓછી થયા વિના રહે તેમ નહોતું.

હું ભૂલતો ન હોઉં તો નગરોએ અધિકાર ને સ્વાતંત્ર્ય પ્રાપ્ત કર્યાં, ને આન્તર વ્યવસ્થા મેળવી તેનું મુખ્ય સ્વરૂપ, ને તેનાં સામાન્ય પરિણામો આ પ્રકારનાં હતાં.

# વ્યાખ્યાન આઠમું.

**વ્યાખ્યાનનો વિષય**—યુરોપના સુધારાના સામાન્ય ઇતિહાસનું સિંહાવલોકન-એનું ખાસ ને મુખ્ય સ્વરૂપ—કયે સમયે તે જોવામાં આવ્યું—બારમા સોળમા સૈકા સુધીના યુરોપની સ્થિતિ—ધાર્મિક યુદ્ધોનું સ્વરૂપ—તેમનાં નૈતિક ને સામાજિક કારણો—તેરમા સૈકાઓમાં આ કારણો ભાગ્યેજ જોવામાં આવતાં હતાં—ધાર્મિક યુદ્ધોની સુધારા પર અસર.

યુરોપના સુધારાના ઇતિહાસના ત્રણ મોટા યુગો પાડી શકાય તેમ છે. પહેલો, ઉત્પત્તિ યુગ. આ સમયે જુદાં જુદાં તત્ત્વો અવ્યવસ્થામાંથી છૂટાં પડી અસ્તિત્વમાં આવ્યાં. આ યુગ લગભગ બારમા સૈકા સુધી પહોંચ્યો. બીજો, પ્રયત્નનો યુગ. સામાજિક વ્યવસ્થાનાં જુદાં જુદાં તત્ત્વો આ સમયે એકઠાં થવા માંડયાં. ત્રીજો, વિકાસનો યુગ. આ સમયે યુરોપનો સમાજ અમુક સ્વરૂપમાંજ ને અમુક ઉદ્દેશને અનુસરીનેજ આગળ વધતો કે ઉન્નત થતો થયો. આવી સ્થિતિ સોળમા સૈકામાં શરૂ થઈ ને તે હવે પ્રવર્તમાન છે.

યુરોપના સુધારાનું સિંહાવલોકન આ પ્રમાણે જણાય છે. હવે આપણે બીજા યુગ પર આવીએ છીએ.

જે યુગ વિષે આપણે બોલીએ છીએ તેમાં પહેલામાં પહેલો મોટો બનાવ ધાર્મિક યુદ્ધોનો આપણી નજરે પડે છે. એ યુદ્ધો અગીઆરમા સૈકામાં શરૂ થયાં, ને બારમા ને તેરમા સૈકા સુધી પહોંચ્યાં. ખરેખર, એ ઘણો મોટો બનાવ હતો, કારણ કે જ્યારથી એ પૂરો થવા પામ્યો છે, ત્યારથી વિચારશીલ તવારીખકારોનું મગજ એમાં પોરવાયા વિના રહ્યું

નથી. એનો હેવાલ વાંચતાં પહેલાં પણ, બધાઓ અગાઉથી જોઈ શક્યા છે કે મોટા બનાવોમાંનો એ એક એવો બનાવ હતો કે લોકોની સ્થિતિજ તદ્દન બદલી નાંખે. બનાવોનો કાર્યકારણ સંબંધ બરાબર સમજવાને તેનો અભ્યાસ તદ્દન આવશ્યક છે.

ધાર્મિક યુદ્ધોનું પ્રથમ ખાસ લક્ષણ એ છે કે એ સર્વત્ર થવા પામ્યાં હતાં; આખું યુરોપ એ યુદ્ધોમાં સામેલ થયું, એ યુદ્ધો પ્રથમજ યુરોપનો પ્રજાકીય બનાવ હતાં. ધાર્મિક યુદ્ધો પહેલાં આખા યુરોપમાં કોઈ એક ભાવના કે એક પ્રકારના હેતુથી પ્રોત્સાહન કદાપિ થયું નહોતું; એક યુરોપજ નહોતું. ધાર્મિક યુદ્ધોએજ, યુરોપ તે એક દેશ છે એમ પ્રદર્શિત કરી આપ્યું. ધાર્મિક યુદ્ધ કરનારાઓના લશ્કરમાં સૌથી પહેલાં આગળ પડતો ભાગ ફ્રાન્સના લોકોએ લીધો હતો; પણ તોએ જર્મની, ઇટાલી, સ્પેન, ને ઇન્ગ્લંડના લોકો અંદર હતા ખરા. બીજું ને ત્રીજું ધાર્મિક યુદ્ધ તપાસો; બધીજ ખ્રિસ્તિ પ્રજાઓ તેમાં દાખલ થએલી તમને માલૂમ પડશે. અત્યાર સુધી આવું કશું જોવામાં આવ્યું નહોતું.

પણ આટલું બસ નથી. જેમ ધાર્મિક યુદ્ધ યુરોપની બધી પ્રજાઓને લાગતોવળગતો એક બનાવ હતો, તેમ દરેક દેશમાં એ પ્રજાકીય બનાવ હતો. પ્રજાના બધા વર્ગો એકજ ભાવના, એકજ વિચાર, એક પ્રકારના ઉત્સાહથી જાગ્રત્ થયા હતા. ધાર્મિક યુદ્ધોમાં રાજાઓ, અમીરો, ધર્મગુરુઓ, નગરજનો, ગ્રામ્યજનો, એ બધાજ એકસરખી રીતે જોડાતા હતા. જુદી જુદી પ્રજાઓની નૈતિક એકતા આથી જણાઈ આવતી હતી.

જ્યારે કોઈ પણ પ્રજાના આરમ્ભકાળમાં આવો બનાવ બને, અને તે સમયે કોઈ પણ જાતનો પ્રથમથી વિચાર કર્યા વિના, કોઈ પણ જાતના રાજકીય હેતુ વિના કે મંડળમાં એકઠા થયા વિના લોકો તદ્દન સ્વેચ્છા ને સ્વતંત્રતાથી એ કાર્ય કરવા ઉદ્યુક્ત થાય, ત્યારે તેવી રીતે બનેલા બનાવોને આપણે ખરા પરાક્રમી બનાવો જાણીએ છીએ, ને તે સમય પ્રજાનો પરાક્રમનો સમય ગણાય છે. ખરૂં જોતાં ધાર્મિક યુદ્ધો આધુનિક યુરોપના

પરાક્રમી બનાવો હતા, અને તેમને માટેનું પ્રોત્સાહન એકદમ વ્યક્તિઓને પણ ઉશ્કેરે, ને સામાન્ય ને પ્રજાકીય વર્ગને પણ પ્રોત્સાહિત કરે, છતાં કોઈ પણ જાતના નિયમન વગરનું હતું.

ધાર્મિક યુદ્ધોનું આરમ્ભમાં સ્વરૂપ આવું હતું, તે લખાણોથી ને બધા બનાવોથી સાબીત થાય છે. સૌથી પહેલાં ધાર્મિક યુદ્ધો કરવાને કયા લોકો જાગ્રત્ થયા? આશ્રમનિવાસી **પીટ**રથી દોરવાતા, કોઈ પણ પ્રકારની તૈયારી વિનાના, ને સરદારો વિનાના પ્રજાના ટોળેટોળાં. તેઓ **જર્મની** ને **ગ્રીસ**ના રાજ્યપ્રદેશમાં ફરી વળ્યાં, ને **એશિયા માઈનર**માં આથડી મર્યાં કે નાશ પામ્યાં.

ઉચ્ચ વર્ગો ધાર્મિક યુદ્ધોમાં સામેલ થવા ઉત્સાહ રાખતા થયા. **ગૉડ્-ફ્રૅાઈ ડિ બુલન**ની સરદારી હેઠળ અમીરો ને તેમના અનુયાયીઓ પૂર્ણ જોસમાં યુદ્ધમાં જવા નીકળી પડ્યા. **એશિયા માઈનર** સુધી તેઓ ગયા પછી તેમના સરદારોમાં બેદરકારી ને થાક આવ્યાં. તેમને આગળ જવાની દરકાર નહોતી. તેઓ વિજય મેળવવા ને મુલકો જીતવા બધા એકઠા થયા. લશ્કરમાંના સામાન્ય લોકોએ બંડ ઉઠાવ્યો. તેમને **જેરુસલમ** જવું હતું, કારણ કે **જેરુ-સલમ**નો ઉદ્ધાર કરવો તેજ ધાર્મિક યુદ્ધોનો ઉદ્દેશ હતો. સામાન્ય લોકો કંઈ એક કે બીજા સરદારને મુલકો જીતાવી આપવા લશ્કરમાં જોડાયા નહોતા. આ બધા લોકોની પાસે તેમની મરજી વિરુદ્ધ કંઈ કરાવી શકે એવી સરદારોમાં શક્તિ નહોતી. રાજાઓ જે પહેલા ધાર્મિક યુદ્ધ વખતે બિનદરકાર રહ્યા હતા તે હવે લોકમતની તરફેણમાં, એટલે ધાર્મિક યુદ્ધ કરવાની તર-ફેણમાં થયા હતા. બારમા સૈકાનાં મોટાં ધાર્મિક યુદ્ધોમાં રાજાઓજ સેના-પતિઓ થયા હતા.

એકદમ હું તેરમા સૈકાના અન્ત સુધી જતો રહું છું. લોકો હજી યુરોપમાં ધાર્મિક યુદ્ધોની વાતો કરતા હતા, ને હજી ઉત્સાહથી તેની તરફેણમાં પણ બોલતા હતા. **પોપ** લોકો રાજાઓ ને લોકોને ઉશ્કેરતા હતા; **પવિત્ર ક્ષેત્રના** લાભને અર્થે સભાઓ પણ તેઓ ભરતા હતા. છતાં ત્યાં કોઈજ જતું નહોતું, તેને માટે હવે કોઈ દરકાર રાખતું નહોતું. **યુરોપના** પ્રજાજીવનમાં

ને યુરોપના સમાજમાં કંઈક એવો ફેરફાર થઈ ગયો હતો કે તેને લીધે ધાર્મિક યુદ્ધોને અન્ત આવ્યો. હજી કેટલીક ખાનગી રીતે ચઢાઈઓ થતી હતી. કેટલાક અમીરો, કેટલાંક ટોળાંઓ હજી જેરુસલમ જવા નીકળતાં હતાં, પણ સામાન્ય રીતે એવાં યુદ્ધો કરવાનો પવન બંધ થયો હતો. તેમ છતાં તે ચલાવવાની આવશ્યક્તા કે સગવડનો અન્ત આવ્યો હોય એમ જણાતું નથી. મુસલમાન લોકો એશિયામાં વધારે ને વધારે ફાવ્યા. જેરુસલમમાં સ્થપાયલું ખ્રિસ્તિ રાજ્ય તેમના હાથમાં આવ્યું હતું. તેનો ફરીથી જય કરવો આવસ્યક હતો; ધાર્મિક યુદ્ધોની શરૂઆતના સમયમાં હતાં તેના કરતાં વિજય પ્રાપ્ત કરવાનાં સાધનો વધારે હતાં; એશિયા માઈનર, સીરિઆ, ને પૅલેસ્ટિનમાં કેટલાક ખ્રિસ્તિ લોકો મોટી સંખ્યામાં વસ્યા હતા ને તેઓ હજી શક્તિમાન હતા. પ્રવાસ ને યુદ્ધનાં સાધનોથી તેઓ વધારે જાણીતા હતા. તેમ છતાં ધાર્મિક યુદ્ધો ફરીથી લડાયાં નહિ. એટલું નક્કી હતું કે સમાજનાં બે મોટાં બળો, એક તરફથી રાજા ને બીજી તરફથી પ્રજાવર્ગ, એ યુદ્ધોની વિરુદ્ધ હતાં.

વારંવાર એમ કહેવામાં આવ્યું છે કે આનું કારણ શિથિલતા હતું. યુરોપ, એશિયા પર ચઢાઈ કરતાં કંટાળી ગયું હતું. આવા, સરખાજ પ્રસંગોના સંબંધમાં વપરાતો **શિથિલતા** એ શબ્દનો બરાબર અર્થ આપણે સમજવો જોઈએ; એ શબ્દ ઘણો વિચિત્ર રીતે અચોક્કસ છે. શિથિલતા અમુક મનુષ્યોમાં હોઈ શકે, એ કંઈ કોઈ જાતના વારસાની પેઠે વંશપરંપરાથી ઉતરી ન આવે. તેરમા સૈકાના માણસો બારમા સૈકાનાં ધાર્મિક યુદ્ધોથી થાકી ગયા કે શિથિલ થયા નહોતા; બીજા કારણની તેમના પર અસર થઈ હતી. વિચારો, ભાવનાઓ ને સામાજિક સ્થિતિમાં મોટો ફેરફાર થઈ ગયો હતો. એકજ જાતની જરૂરીઆતો ને ઇચ્છાઓ હવે રહેવા પામી નહોતી. પછીના સૈકાના લોકો પહેલાંના લોકોનાજ વિચારો કરતા નહોતા કે તેમનીજ ઇચ્છાઓ પણ રાખતા નહોતા. એક પછીના બીજા યુગમાં જેવામાં આવતો ફેરફાર આવા રાજકીય કે નૈતિક પરિવર્તનથી સમજાય છે, શિથિલતાના કારણથી નહિ. જે ખોટી શિથિલતાનો આરોપ કરવામાં આવ્યો

છે તે માત્ર એક ખોટું રૂપક છે.

એક સામાજિક ને એક નૈતિક, એમ બે મોટાં કારણોને લીધે યુરોપમાં ધાર્મિક યુદ્ધો થતાં હતાં. તમે જાણોજ છો કે નૈતિક કારણમાં, ધાર્મિક ભાવનાઓ ને પન્થોનો ઉત્સાહ હતો. સાતમા સૈકાના અન્તથી ખ્રિસ્તિઓ મુસલમાનો સામે ધાર્મિક યુદ્ધો લડતા હતા, હારવાના ભારે ભયમાં આવ્યા પછી યુરોપમાં તો ખ્રિસ્તિ ધર્મને વિજય મળ્યો હતો ને મુસલમીન ધર્મને સ્પેન દેશમાંજ ગોંધી રાખવામાં એને ફત્તેહ મળી હતી. ત્યાંથી પણ તેને હાંકી કાઢવાને ખ્રિસ્તિઓ વારંવાર મથતા હતા. ધાર્મિક યુદ્ધો એક આકસ્મિક, અણચિંત્યો, ને અગાઉ નહિ સાંભળેલો, જેરુસલમથી પાછા આવતા યાત્રાળુઓની કહેલી વાતોને લીધેજ ને પિટર ધિ હર્મિટના ઉપદેશને આધારેજ જન્મેલો બનાવ હતો એમ એને માટે કહેવામાં આવે છે. આમાંનું કશુંએ નહોતું. ધાર્મિક યુદ્ધો ચાર સૈકા સુધી ખ્રિસ્તિ ધર્મ ને મુસલમીન ધર્મની વચ્ચે થતા કલહોની માત્ર પરિસમાપ્તિ હતી. અત્યાર સુધી આ કલહનું ક્ષેત્ર યુરોપ હતું. હવે તેને એશિયામાં આણવામાં આવ્યું હતું. એ બે ધર્મોમાં રહેલા ધાર્મિક ને સામાજિક ભાવનાઓના ભેદોજ ધાર્મિક યુદ્ધોનાં કારણરૂપ હતા.

એક બીજી પણ બાબત એ યુદ્ધો પ્રચલિત થવામાં સાધનભૂત થઈ હતી. અગીરમા સૈકાની યુરોપની સામાજિક સ્થિતિ. પાંચમાં ને અગીયારમા સૈકામાં યુરોપમાં કંઈ પણ સામાન્ય મોટી વસ્તુ દાખલ થઈ શકે તેમ નહોતું તેનું કારણ મેં તમને અગાઉ સમજાવ્યું છે. રાજ્યો, સંસ્થાઓ, વિચારો વગેરે બધુંજ અમુક મર્યાદામાં સંકુચિત હતું. દરેક વસ્તુ સ્થાનિક હતી તે સમજાવવાને મેં અગાઉ પ્રયત્ન કર્યો હતો. આવીજ રીતે ફ્યૂડલ પદ્ધતિ પ્રવર્તમાન થઈ હતી. કેટલાક સમય પછી આવી સંકુચિત મર્યાદાથી સંતોષ થાય તેમ નહોતું. મનુષ્યના વિચારો ને એની પ્રવૃત્તિને વિસ્તીર્ણ ક્ષેત્રમાં વિહરવાનું મન થયું હતું. ભટકતું જીવન પણ હવે અટકી ગયું હતું, પણ તેને માટે રહેતો મનનો ઉલ્લાસ ને તે જીવનનાં સાહસોને માટેની ઇચ્છા હજી નાશ પામી નહોતી. ધાર્મિક યુદ્ધોમાં લોકો જોસબંધ જોડાયા.

જાણે એક નવું ચેતનજ તેઓ પ્રાપ્ત કરતા હોય તેમ થયું. આ ચેતન વધારે વિસ્તીર્ણ હતું, વધારે વિવિધતામય હતું, ને કેટલીક વાર તેમાં અગાઉના વૈદેશિક જીવનનું સ્વાતંત્ર્ય સાંભરી આવતું, અને કેટલીક વાર એક ભવ્ય ભવિષ્યનું રેખાદર્શન થઈ આવતું. એ પ્રકારનો યુરોપના લોકોને તેનો અનુભવ થતો હતો.

બારમા સૈકાનાં ધાર્મિક યુદ્ધોનાં ખરાં કારણો મારા ધારવા પ્રમાણે આ મુજબ છે. તેરમા સૈકાને છેડે આમાંનું એકે કારણ રહ્યું નહોતું. લોકો ને જનસમાજ એવાં બદલાઈ ગયાં હતાં કે હવે એશિયા પર યુરોપના લોકોને ચઢાઈ કરવાનું નૈતિક કે સામાજિક કારણ રહ્યું નહોતું. શરૂઆતના તવારીખકારો ને બારમા સૈકાના અન્તના ને તેરમા સૈકાના તવારીખકારોનાં લખાણો સરખાવો. પહેલાંના લેખકોને ધાર્મિક યુદ્ધોને માટે જોસ્સો હતો, ને તેથી તેમનાં લખાણમાં તેમનો ઝોમ જોવામાં આવશે. તેનીજ સાથે તેઓ સંકુચિત મનના હતા એમ પણ માલૂમ પડશે. પાછલા લેખકોનાં પુસ્તકો ઉઘાડો. તેમનાં લખાણ તમને આધુનિક લખાણોની પેઠે વિશાળ દૃષ્ટિબિન્દુથી લખાએલાં માલૂમ પડશે. પહેલાંના તવારીખકારો મુસલમાન લોકોને માત્ર તિરસ્કારનેજ પાત્ર ગણાવે છે. ખુલ્લુંજ છે કે તેઓ એ લોકોને વિષે કંઈજ જાણતા નહોતા; માત્ર ધાર્મિક વૈર સિવાય તેમને વિષે અન્ય કોઈ રીતનો વિચાર એ લેખકો રાખતા નહોતા. કોઈ પણ જાતના સામાજિક સંબંધનાં પણ ચિહ્ન આપણને જડતાં નથી. એ લેખકો માત્ર તેમને ધિક્કારતા ને લડાઈ કરતા; એટલોજ તેમનો સંબંધ હતો. પછીના તવારીખકારો મુસલમાન લોકોને માટે તદ્દન જુદીજ રીતે બોલે છે. કોઈ પણ જોઈ શકે છે કે જોકે તેઓ તેમની સાથે લઢે છે છતાં તેમને રાક્ષસ જેવા ગણતા નથી, કેટલેક દરજ્જે તે લેખકો તેમના વિચારો સાથે સમભાવ રાખે છે, ને તેમની સાથે અમુક સંબંધ ને સમભાવ પણ સ્વીકારે છે. મુસલમાન ને ખ્રિસ્તિ લોકોના આચારવિચાર સરખાવવા સુધી પણ તેઓ જાય છે, ને મુસલમાન લોકોનો દાખલો લઈ ખ્રિસ્તિઓ પર

ટીકા સુદ્ધાં કરે છે. તેથી એ બે સમયો વચ્ચે વિચારોમાં કેટલો બધો ફેર હશે તે તમે જોઈ શકો તેમ છે.

ધાર્મિક યુદ્ધોની પહેલીજ ને મુખ્ય અસર આમ વિચારસ્વાતંત્ર્ય આણવાની, વિચારો વિસ્તીર્ણ ને ઉદાર થાય તેમ કરવાની હતી. ધર્મપન્થોના નામે ને બળથી શરૂ થએલાં ધાર્મિક યુદ્ધોએ ધાર્મિક વિચારોની યોગ્ય ને કામની અસર કાઢી નાંખી એમ તો હું નહિ કહું, પણ એ વિચારોની મનુષ્યના મન પર સંપૂર્ણ—અન્ય વિચારોની પ્રતિબંધક ને સર્વોપરિ સત્તા જે હતી તે કાઢી નંખાવી. નિઃસંદેહ, તદ્દન નહિ ધારેલી એવી આ અસર ઘણાં કારણોને લીધે થઈ હતી. પહેલું કારણ તો ધાર્મિક યુદ્ધમાં લડવા જનારાઓની નજરે પડેલા દેખાવની નૂતનતા, વિશાલતા, ને વિવિધતા—એ બધાંમાં વસેલું હતું. જેમ પ્રવાસીઓને બને છે તેમ તેમને પણ થયું. સામાન્ય રીતે એમ કહેવામાં આવે છે કે પ્રવાસ કરનારાઓનું મન વિકસિત થાય છે. ભિન્ન ભિન્ન પ્રજાઓ, આચારો, ને ભિન્ન ભિન્ન અભિપ્રાયો જોવાની ટેવથી વિચારો વિસ્તીર્ણ થાય છે, ને બુદ્ધિ જૂના દુરાગ્રહો, એકપક્ષી વિચારોના બંધનમાંથી વિમુક્ત થાય છે. ધાર્મિક યુદ્ધ કરવાને નીકળી પડેલા પ્રવાસીઓને વિષે પણ એવુંજ બન્યું. જાત જાતની જુદી જુદી ઘણી વસ્તુઓ ને પોતાનાથી જુદા આચારવિચારો જોવાથી તેમનાં મનો પણ બંધનમુક્ત ને ઉન્નત થયાં. તેઓ પણ પોતાનાથી માત્ર જુદાજ નહિ, પણ વધારે આગળ વધેલા, બે સુધરેલા દેશના સંબંધમાં આવ્યા; એક ગ્રીક લોકોના, ને બીજો મુસલમાન લોકોના. ગ્રીક લોકો જો કે નબળા થઈ ગએલા, અગાઉના કરતાં બગડેલા, ને પડતી દશામાં આવેલા હતા છતાં આ પ્રવાસીઓના મન પર તેમણે એક વધારે સુધરેલી, શિષ્ટ, ને જ્ઞાનવાળી પ્રજા તરીકે પોતાની છાપ પાડી એમાં કંઈ શક નથી. મુસલમાન પ્રજાને વિષે પણ એવુંજ હતું. ધાર્મિક યુદ્ધમાં ગએલા લોકોએ પોતાને વિષે મુસલમાનો પર કેવી છાપ પાડી તે બાબતમાં જૂના તવારીખોમાં જોતાં આશ્ચર્ય ઉત્પન્ન થાય છે. મુસલમાન લોકો પહેલાં તેમને જંગલી, તદ્દન અશિષ્ટ, અતીવ ક્રૂર, ને ઘણીજ અજ્ઞ પ્રજા જેવા

ગણતા હતા; અને એ લોકો મુસલમાનોની આબાદી ને તેમની રીતભાતની શિષ્ટતા જોઈને છક થઈ ગયા હતા. પહેલાંની પડેલી આ છાપ પછી, એ બંને પ્રજાઓ વારંવાર એકબીજાના સંબંધમાં આવી. સાધારણ રીતે ધારવામાં આવે છે તેના કરતાં આ સંબંધો ઘણા વધી ગયા ને અગત્યના થયા. પૂર્વ તરફના ખ્રિસ્તિ લોકો મુસલમાન લોકો સાથે વારંવારના સંબંધમાં આવ્યા, એટલુંજ નહિ પણ પશ્ચિમ ને પૂર્વ એ બે દેશો એકબીજાને જાણીતા થયા, તેમાં વારંવાર જાઆવ થઈ ને લોકો એકબીજામાં મળી જતા થયા.

આ કારણને લીધે તેરમા ને ચૌદમા સૈકામાં યુરોપની પ્રજાઓ એક નવી ને વિસ્તીર્ણ દુનિયાના સંબંધમાં આવી ને તેમનાં મગજ ખીલ્યાં. ધાર્મિક યુદ્ધો થઈ ગયા પછી યુરોપની ઉન્નતિ ને સ્વાતંત્ર્ય ઝળકી ઉઠયાં તેનાં કારણોમાંનું મોટામાં મોટું આ એક હતું એમાં કંઈજ શક નથી.

એક બીજું કારણ પણ જોવા જેવું છે. છેક ધાર્મિક યુદ્ધો થયાં તે સમય સુધી, સામાન્ય પ્રજાવર્ગ રોમથી આવેલા દૂતો કે ધર્માધ્યક્ષો ને ધર્મગુરુઓની સાથે સંબંધમાં આવ્યો તે સિવાય ખ્રિસ્તિ ધર્મસમાજના મધ્ય સ્થળ–રોમની કચેરીની સાથે બીજી કોઈ રીતે સંબંધમાં આવ્યો નહોતો. હમેશાં સામાન્ય પ્રજાવર્ગના કેટલાક લોકો રોમની સાથે બારોબાર સંબંધમાં આવતા હતા; પણ સમગ્ર રીતે વિચાર કરતાં એમ જણાય છે કે ધર્મગુરુઓની મારફતેજ રોમ સામાન્ય પ્રજાવર્ગ સાથે સંબંધમાં આવતું. તેથી ઉલટું ધાર્મિક યુદ્ધો ચાલતાં હતાં તે વખતે જતાં ને આવતાં બન્ને વખતે યુદ્ધ કરવા જનારાઓને રોમ પ્રવાસમાર્ગ થતું હતું. સંખ્યાબંધ સામાન્ય લોકો એ શહેરની પદ્ધતિ ને આચારવિચારોનું નિરીક્ષણ કરતા, ને ધાર્મિક વાદવિવાદોમાં વ્યક્તિગત બાબતો કેટલી બધી અસર કરતી તે તેઓ જોઈ શકતા. આ નવા જ્ઞાનથી અગાઉ કદાપિ નહિ જોવામાં આવેલું ઘણા માણસોમાં ધૈર્ય આવ્યું.

ખાસ કરીને ધાર્મિક બાબતોમાં, ને સામાન્ય બાબતો વિષે પણ, ધાર્મિક યુદ્ધો થઈ ગયા પછીના સમયમાં લોકોનાં મનની સામાન્ય રીતે કેવી સ્થિતિ

હતી તેનો જ્યારે આપણે વિચાર કરીએ છીએ ત્યારે એક વાત આપણું ધ્યાન ખેંચ્યા વિના રહેતી નથી. ધાર્મિક વિચારોમાં કંઈ ફેરફાર થયો નહિ, છતાં લોકોનાં મન ઘણાંજ વધારે સ્વતંત્ર રીતે વિચાર કરતાં થયાં હતાં. ધાર્મિક પન્થોજ માત્ર મનના વિચારનું ક્ષેત્ર રહ્યા નહોતા. ધાર્મિક પન્થો ને વિચારોને તદ્દન તજી દીધા વિના લોકોનાં મન તેમાંથી છૂટાં પડ્યાં ને અન્ય ક્ષેત્રોમાં રોકાતાં થયાં. આમ તેરમા સૈકાને અન્તે યુરોપની નૈતિક સ્થિતિમાં ઘણો ફેરફાર થઈ ગયો હતો.

સામાજિક સ્થિતિમાં પણ આને મળતોજ ફેરફાર થયો હતો. ધાર્મિક યુદ્ધોની આ બાબતમાં કેવી અસર થઈ હતી તેની ઘણી તપાસ થઈ છે. ધાર્મિક યુદ્ધોમાં જવાને જોઈતાં સાધનો પૂરાં પાડવાને માટે ઘણા જમીનદારોને પોતાની જમીનો રાજાઓને વેચવી પડી, કે નગરજનોને સનદો પૈસાના બદલામાં આપવી પડી એમ બતાવી આપવામાં આવ્યું છે. ઘણાખરા અમીરોએ માત્ર પોતાની ગેરહાજરીને લીધે પોતાની સત્તાનો મોટો ભાગ ખોયો હોવો જોઈએ એમ પણ બતાવવામાં આવ્યું છે. આ બાબતની પરીક્ષામાં વધારે ઉંડા ન ઉતરતાં ધાર્મિક યુદ્ધોની સામાજિક સ્થિતિ પરની અસરનું થોડીકજ બીનામાં આપણે પૃથક્કરણ કરી શકીએ તેમ છે.

નાના જમીનદારોની સંખ્યા એ યુદ્ધોને લીધે ઘણી ઓછી થઈ ગઈ, ને મિલ્કત ને સત્તા થોડાજ માણસોના હાથમાં એકઠાં થયાં. ધાર્મિક યુદ્ધોની પહેલાંની ને પછીની ફ્રાન્સની સ્થિતિ આપણે સરખાવીશું તો આપણને જણાશે કે ઘણા જમીનદારોનાં વતનો જતાં રહ્યાં હતાં, ને મોટા ને સાધારણ જમીનદારોનાં વતનોમાં ઘણી વૃદ્ધિ થઈ હતી. ધાર્મિક યુદ્ધોને પરિણામે આ એક મોટામાં મોટી બીના થવા પામી.

જ્યાં નાના જમીનદારોનાં વતનો રહ્યાં હતાં ત્યાંપણ અગાઉની પેઠે એ લોકો અલાહેદા રહેતા નહોતા, મોટા જમીનદારોની આસપાસ તેઓ આશ્રયમાં રહેતા, ને તેમના પાડોશમાંજ તેમનું જીવન ગુજારતા હતા. ધાર્મિક યુદ્ધોને વખતે મોટા જમીનદારોને પૈસાદાર અમીરોના અનુયાયીઓ તરીકે

જવું ને તેમની મદદ લેવી એ આવશ્યક હતું; એ મોટા અમીરો સાથેજ નાના જમીનદારોને પ્રવાસમાં રહેવું પડતું, એના ભાગ્યમાંજ ભાગ લેવો પડતો, ને એનીજ સાથે સાહસિક કામો કરવાં પડતાં હતાં. એ ધાર્મિક યુદ્ધ લડનારાઓ બધા જ્યારે ઘેર પાછા આવતા, ત્યારે આ સહવાસ, અને ઉંચી પદવીના અમીરો સાથે રહેવાની આ ટેવ તેમની રીતભાતોમાં ઠસી જતી. આ પ્રમાણે ધાર્મિક યુદ્ધો શરૂ થયા પછી જેમ મોટા જમીનદારોનાં વતનોમાં વૃદ્ધિ થએલી આપણે જોઈએ છીએ, તેમજ એ વતનવાળાઓને તેમના કિલ્લાઓમાં વધારે મોટી કચેરી ભરતા જોઈએ છીએ, ને પોતાનાં નાનાં વતનો હોય તેમ છતાં તેમાં નહિ ભરાઈ બેસતાં આ મોટા જમીનદારોની આસપાસ વીટળાતા નાના વતનદારોને આપણે જોઈએ છીએ.

નગરજનોના સંબંધમાં, એવાજ પ્રકારનું પરિણામ સહેલાઈથી જોવામાં આવે છે. ધાર્મિક યુદ્ધોને પરિણામે મોટાં નગરો અસ્તિત્વમાં આવ્યાં. ઈટાલી અને ફ્લાંડર્સનાં મોટાં શહેરો જેવાં શહેરોને અસ્તિત્વમાં આણવા માટે નાનો સુનો વેપારઉદ્યોગ ચાલે તેમ નહોતું. એ શહેરો મોટા પાયા પર ચાલતા વેપાર, દરિયાઈ વપાર, ખાસ કરી પૂર્વ તરફના વેપારને લીધે થવા પામ્યાં હતાં; અને દરિયાઈ વેપારને સૌથી વધારે બળવાન્ ઉત્તેજન ધાર્મિક યુદ્ધોએ આપ્યું હતું.

તેરમા ને ચૌદમા સૈકાના લગભગ છેવટના સમયથી લોકો કે રાજા એમાંથી એકેને ધાર્મિક યુદ્ધો તરફનો ઉત્સાહ હવે રહ્યો નહોતો. તેનું કારણ તમે સમજી શકશો. તેમને હવે તે વિષેની આવશ્યક્તા કે સ્પૃહા નહોતી. માત્ર ધાર્મિક આવેશને લીધેજ તેઓ એ યુદ્ધોમાં દોરવાયા હતા; આ આવેશની શક્તિ હવે નાશ પામી હતી. ધાર્મિક યુદ્ધોમાં તેમને વળી એક નવું ચેતન—વધારે વિસ્તીર્ણ ને ભિન્નતાવાળું ચેતન ભોગવવાનું ક્ષેત્ર મળતું હતું. એ ચેતન તેમને હવે યુરોપનાજ સામાજિક વ્યવસાયોમાં મળે તેમ હતું. આજ સમયે નૃપતિઓને રાજ્યવિવૃદ્ધિ કરવાના માર્ગ ખુલ્લા થયા. જ્યારે ઘરને આંગણે રાજ્યો મેળવી શકાય તેમ હોય ત્યારે તે મેળવવા એશિ-

ત્રામાં શા માટે જવું? ફિલિપ ઑગસ્ટસ ઇચ્છા વિરુદ્ધ ધાર્મિક યુદ્ધોમાં જોડાયો; બીજું શું વધારે સ્વાભાવિક હોઈ શકે તેમ હતું? એને ફ્રાન્સના રાજા બનવું હતું. લોકોને વિષે પણ તેમજ હતું. દ્રવ્ય પ્રાપ્ત કરવાના જીવનમાર્ગ તેમની નજર આગળ ખુલ્લા થયા; સાહસો કરવાનું છોડી દઈ કામ કરવામાં તેઓ ગુંથાયા. રાજાઓને માટે સાહસની જગ્યા રાજનીતિ કે યુક્તિપ્રયુક્તિઓ પૂરી પાડતી હતી; લોકોને માટે તે જગ્યા મોટાં મોટાં કામો પૂરાં પાડતાં હતાં. સમાજના એકજ વર્ગને હજી સાહસ ખેડવાનો શોખ રહ્યો હતો. આ વર્ગ ફ્યૂડલ સમયના અમીરી કુટુંબોના વંશજોનો હતો, કારણ કે તેઓ રાજ્યવિવૃદ્ધિનો વિચાર કરી શકે એવી સ્થિતિમાં નહોતા, ને કામ કે મહેનતને માટે તેમને અભિરુચિ નહોતી. તેથી તેઓ તેમની જૂની સ્થિતિ ને રીતિને વળગી રહેતા હતા. તેથી તેઓ ધાર્મિક યુદ્ધોમાં જતા હતા તેમ જવાનું તેમણે ચાલુ રાખ્યું, ને એ યુદ્ધો ફરીથી જીવન્ત થાય તેને માટે તેમણે પ્રયત્ન કર્યા.

ધાર્મિક યુદ્ધોની મોટી ને ખરી અસરો મારા માનવા પ્રમાણે આ પ્રમાણેની છે. એક બાજુ તરફથી વિચારો વિસ્તીર્ણ થયા, મન બન્ધનમુક્ત થયું ને સ્વાતંત્ર્ય આવ્યું; ને બીજી બાજુ તરફથી બધી જાતની પ્રવૃત્તિઓને માટે વધારે વિસ્તીર્ણ ક્ષેત્ર ખુલ્લું મુકાયું, મનના વ્યાપારની વસ્તુઓની વિવૃદ્ધિ થઈ. આ બેને લીધે સ્વતંત્રતા ને રાજકીય ઐક્ય વધારે પ્રમાણમાં ઉત્પન્ન થયાં. માણસની સ્વતંત્રતા ને સમાજના એકીકરણને તેમણે સહાયતા આપી. પૂર્વમાંથી તેમણે આણેલાં સુધારાનાં સાધનો વિષે ઘણું પૂછવામાં આવે છે. એમ કહેવાય છે કે હોકાયંત્ર (અથવા કંપાસ), મુદ્રણ ને દારૂગોળો—ચૌદમા ને પંદરમા સૈકાની યુરોપની ઉન્નતિ સાધનારી શોધોમાંની મુખ્ય શોધો પૂર્વમાં જાણીતી હતી, ને તેથી ધાર્મિક યુદ્ધો લડવા જનારાઓએ એ વસ્તુઓ ત્યાંથી આણી હોય તેમ છે. કેટલેક દરજ્જે આ ખરૂં છે. પણ આમાંનું કેટલુંક વિવાદગ્રસ્ત છે. જેને માટે મતભેદ નથી તે ધાર્મિક યુદ્ધોની એક તરફથી લોકોનાં મન પર અસર, ને બીજી તરફથી

સમાજ પર અસર છે. એ યુદ્ધોએ યુરોપના સમાજને એકના એક ચુંથા-ચલા ચીલામાંથી આઘો ખસેડ્યો, ને નવા ને વધારે વિસ્તીર્ણ માર્ગમાં ચઢાવી આપ્યો. લગભગ તેજ સમયે આ મોટા પરિણામમાં મદદ કરનાર એક તત્ત્વ—નૃપતંત્રપદ્ધતિ—તે પણ ધીમે ધીમે વિકાસ પામ્યું. આધુનિક રાજ્યોના ઉત્પત્તિસમયથી તેરમા સૈકાના અન્ત સુધી એ પદ્ધતિનો ઇતિહાસ મારા આવતા વ્યાખ્યાનનો વિષય થશે.

# વ્યાખ્યાન નવમું.

**વ્યાખ્યાનનો વિષય**—યુરોપના ને આખી દુનિયાના ઇતિહાસમાં રાજાઓએ લીધેલો અગત્યનો ભાગ–આનાં ખરાં કારણો–નૃપતંત્ર વિષેનાં અગત્યનાં બે દૃષ્ટિબિન્દુઓ–(૧) ન્યાયના સામ્રાજ્યનું એ સાક્ષાત્કરણ છે–શી હદોમાં? (૨) જેમ વાળવું હોય તેમ વળાય ને ભિન્ન કરવું હોય તેમ ભિન્ન કરાય એવા એના ગુણો–યુરોપનું નૃપતંત્ર જુદી જુદી જાતનાં નૃપતંત્રના પરિણામ રૂપે છે–રોમન નૃપતંત્ર–ધાર્મિક રાજપદ–ફ્યૂડલ પદ્ધતિ પ્રમાણેનું રાજપદ–આધુનિક ખરેખરૂં નૃપતંત્ર ને તેનું ખરૂં સ્વરૂપ.

મારા ગયા વ્યાખ્યાનમાં આધુનિક યુરોપીઅન સમાજને આરમ્ભના સમયના યુરોપીઅન સમાજની સાથે સરખાવી તેનાં મુખ્ય ને ખાસ લક્ષણો નક્કી કરવા મેં પ્રયત્ન કર્યો હતો. હું ધારૂં છું આપણે શોધી કાઢયું હતું કે સામાજિક બંધારણનાં પ્રથમ જે ઘણાં ને જુદાં જુદાં તત્ત્વો હતાં તે બધાંનાં હવે માત્ર બેજ મુખ્ય તત્ત્વો થઈ ગયાં છે; એક તરફથી રાજ્ય, ને બીજી તરફથી પ્રજા. ફ્યૂડલ અમીરીવર્ગ, ધર્મગુરુઓ, રાજાઓ, નગરજનો, ને આશ્રિતવર્ગોને બદલે આધુનિક યુરોપની ઐતિહાસિક રંગભૂમિ પર માત્ર બેજ મોટાં પાત્રો–એક, રાજા, ને બીજું, પ્રજા–રાજ્ય ને દેશ–હવે અગત્યનો ભાગ લે છે.

જે સમયે ધાર્મિક યુદ્ધો શરૂ થયાં તેજ સમયે આધુનિક સમાજના બંધારણમાં મોટો હિસ્સો આપનાર, ને રાજા ને પ્રજા એવા બે ભાગમાંજ બધાં જુદાં જુદાં સામાજિક તત્ત્વોનું એકીકરણ કરનાર એક પદ્ધતિની વિવૃદ્ધિ થવા માંડી; આ પદ્ધતિ નૃપતંત્રની હતી.

યુરોપના સુધારાના ઇતિહાસમાં નૃપતંત્રનો ઘણો મોટો ભાગ છે તે દેખીતું છે. ઐતિહાસિક બનાવોના સહજ નિરીક્ષણથી આ બાબતની ખાત્રી

થાય તેમ છે. ઘણા લાંબા વખત સુધી જેટલી ત્વરાથી સમાજની [illegible] થતી ગઈ તેટલીજ ત્વરાથી રાજમહિમા પણ વધતો ગયો. એ પ્રગતિ અરસપરસ સંબંધ ધરાવે છે. એટલુંજ નહિ પણ જ્યારે જ્યારે સમાજ તેની આધુનિક ને નિશ્ચિત સ્થિતિ તરફ પ્રયાણ કરતો જોવામાં આવે છે, ત્યારે ત્યારે રાજપદની સત્તા પણ વિસ્તીર્ણ થતી ને વિજય પામતી જાય છે. તે કારણને લીધે યુરોપનાં મોટાં રાજ્યોમાં રાજ્ય ને પ્રજા એ બેજ તત્ત્વો જ્યારે ઉપયોગી અસર કરી શકતાં માલૂમ પડે છે, ત્યારે રાજ્ય એટલે રાજપદ જોવામાં આવે છે, અર્થાત્ રાજાજ રાજ્ય હોય છે, ને રાજ્યમાં એનીજ સત્તા સર્વોપરિ જોવામાં આવે છે.

આવી સ્થિતિ માત્ર ફ્રાન્સમાં નહિ–ત્યાં તો એ દેખીતીજ છે–પણ યુરોપના દેશોમાંના મોટા ભાગમાં થઈ છે. કંઈક વહેલી કે કંઈક મોડી ને કંઈક જુદા જુદા સ્વરૂપમાં ઈંગ્લંડ, સ્પેન ને જર્મનીના સમાજોના ઇતિહાસમાં એવુંજ પરિણામ આપણા જોવામાં આવે છે. ઉદાહરણ તરીકે ઈંગ્લંડમાં ટ્યૂડર રાજાઓના સમયમાં અંગ્રેજી પ્રજાનાં જૂનાં ને સ્થાનિક તત્ત્વોનો નાશ થયો હતો, ને તેને બદલે પ્રજાકીય સત્તા કે બળોની પદ્ધતિ અસ્તિત્વમાં આવી હતી; રાજપદે, રાજાઓએ સૌથી વધારે સત્તા પણ આજ સમયે વાપરી હતી. જર્મની, સ્પેન, ને યુરોપનાં બધાં મોટાં રાજ્યોમાં પણ એવુંજ હતું.

યુરોપ છોડી બાકીની દુનિયા તરફ આપણે નજર કરીશું તોએ આના જેવીજ વસ્તુસ્થિતિ જોઈશું. દરેક સ્થળે આપણે જોઈશું કે રાજપદ ઘણું અગત્યનું સ્થાન લે છે. નૃપતંત્રની પદ્ધતિ સૌથી વધારે સાધારણ ને સ્થાયી સંસ્થા હતી, ને જ્યાં એની પૂર્વે સત્તા નહોતી ત્યાં તે થતી હતી, ને જ્યાં હતી ત્યાંથી કાઢવી સૌથી વધારે અઘરી હતી. છેક પ્રાચીન કાળથી એશિયામાં એ સર્વત્ર પ્રચલિત છે. અમેરિકાની શોધ થઈ ત્યારે ત્યાં પણ રાજપદ જોવામાં આવતું હતું. આફ્રિકાના મધ્ય પ્રદેશમાં દાખલ થઈશું, જ્યાં જ્યાં કોઈ પણ રીતે વિસ્તીર્ણ પ્રજાઓ આપણે જોઈશું ત્યાં

આપણને એનીજ સત્તા પ્રવર્તેલી માલૂમ પડશે. રાજપદ સર્વત્ર દાખલ થયું છે, એટલુંજ નહિ, પણ ઘણી જુદી જુદી ને ભિન્ન ભિન્ન પ્રકારની સ્થિતિઓ સાથે પણ એને અનુકૂળતા જોવામાં આવે છે. સુધરેલ તેમજ જંગલી, અને શાન્ત તેમજ ઉદ્ધત પ્રજાઓમાં એ એકસરખી રીતે સ્થપાયું છે. જ્યાં જ્ઞાતિબંધનોની પદ્ધતિ છે ત્યાં, તેમજ જ્યાં પ્રજાના સર્વે અંગો એકસરખા ગણવામાં આવે છે ત્યાં પણ એ સ્થપાયું છે. કોઇક સ્થળે આપખુદી ને જુલમી તો કોઇક સ્થળે સુધારાને ને સ્વતંત્રતાને સુદ્ધાં અનુકૂળ, એ જાણે જુદાં જુદાં ઘણાં શરીરો પર મુકી શકાય તેવા એક શીર્ષ જેવું જણાય છે, ને ઘણાં જુદી જુદી જાતનાં બીજોમાંથી ફળી શકે એવાં એક ફળ જેવું છે.

આ બાબતમાં ઘણાં વિચિત્ર ને ઉપયોગી પરિણામો આપણે શોધી શકીએ તેમ છે. હું માત્ર એનેજ વિષે બોલીશ. પહેલું તો એ છે કે આવું પરિણામ માત્ર અકસ્માત્, બળ, કે અધિકાર વિના પ્રાપ્ત કરી શકાય. નિઃસંદેહ નૃપતંત્રની પદ્ધતિની સાથેજ બળ તો જોડાયલું હોય છેજ. બળે એની ઉન્નતિમાં અગત્યનો ભાગ પણ લીધો છે. પણ જ્યારે એક સરખો મોટો બનાવ ઘણા સૈકાઓમાં ને જુદી જુદી ઘણી સ્થિતિઓમાં આપણે જોઈએ છીએ ત્યારે તેનું કારણ માત્ર બળ હતું એમ આપણે આપી શકતા નથી. મનુષ્યની બાબતોમાં બળ ઘણો મોટો ભાગ લે છે ને સતત કામ કરે છે, પણ તે કંઈ તેમનું આદિકારણ નથી, કારણ કે બળ જે કંઈ કરી શકે છે તે બધાંના પર નૈતિક કારણ પણ હમેશાં કામ કરતુંજ હોય છે, ને તે વસ્તુમાત્રને અમુક રીતે નિર્ણીત કરે છે. જેમ માણસના જીવનના ઇતિહાસમાં શરીરને વિષે છે તેમ સમાજના ઇતિહાસમાં બળને વિષે છે. માણસના જીવનમાં શરીર ખરેખર ઘણું અગત્યનું સ્થાન લે છે, તો પણ જીવનનું એ કંઈ કારણ નથી. જીવન એમાં બધે ફરે છે, પણ એમાંથી ઉદ્‌ભવતું કંઈ નથી. તેવીજ રીતે સમાજોને વિષે છે. બળ તેમાં ગમે તે કામ કરે તોએ એ કંઈ તેમાં રાજ્ય ચલાવતું કે તેનું ભાવી નક્કી કરી શકતું નથી. બળની આકસ્મિક અસર પાછળ છુપાયલી નૈતિક ને બુદ્ધિની અસરો સમાજને અમુક દિશામાં વાળી

શકે છે. બળ નહિ પણ આવી જાતનું કારણ રાજપદ્દને વિજય મેળવી આપવામાં સહાયભૂત થયું હતું.

એક બીજી એટલીજ અગત્યની બાબત, સુધારા સાથે જુદી જુદી પરિસ્થિતિઓને અનુકૂળ પડે તે પ્રમાણે સત્તાને વાળવાની એ પદ્ધતિની ખુબી છે. આ ભેદ કેટલો બધો છે તે તપાસો. એ પદ્ધતિ અનેક જાતની, સ્થાયી, ને સરળ છે; બીજી પદ્ધતિઓમાં જે ભિન્ન ભિન્ન જાતનાં સંમિશ્રણો જોવામાં આવે છે તેવાં એમાં નથી, તેમ છતાં જે સમાજો સાથે સૌથી ઓછી એની સરખામણી હોય છે તેને પણ એ લાગુ પડી શકે છે ને અનુકૂળ થાય છે.

નૈતિક બળ એજ તેનું ખરૂં કારણ છે. નૃપતંત્રનું એવું ખરૂં બળ, કંઈ માત્ર અમુક સમયે જે માણુસ રાજાનું પદ ધારણ કરે છે તેની સ્વેચ્છામાં રહેલું નથી એટલું નિઃસંદેહ છે. લોકો રાજાની સત્તા સ્વીકારે છે ને ફિલસુફો તેનું પ્રતિપાદન કરે છે તે વખતે તેઓ અમુક એક માણસની સંકુચિત, નિરંકુશ, તુરંગી, હે અજ્ઞ સ્વેચ્છાનું સામ્રાજ્ય સ્વીકારવા ધારતા કે રાજી હોતા નથી.

નૃપતંત્ર અમુક એક માણસની ઇચ્છાથી જુદીજ વસ્તુ છે, જોકે તેદ્વારાજ એને આપણે જોઈએ છીએ. રાજા એ તો ન્યાયના સામ્રાજ્યનું, ને વ્યક્તિઓની જુદી જુદી ઇચ્છાઓથી તદ્દન જુદીજ ને ચઢીઆતી, યોગ્ય, સંસ્કારવાળી, ન્યાય્ય, ને પક્ષપાતરહિત ઇચ્છાનું મૂર્તિમાન્ સ્વરૂપ છે, ને આનેજ લીધે વ્યક્તિઓની ભિન્ન ભિન્ન ઇચ્છાઓ પર શાસન કરવાનો તેને હક છે લોકોના મનમાં નૃપતંત્રનો આવો અર્થ હોય છે, ને નૃપતંત્રને તેઓ વળગી રહે છે તેનો હેતુ પણ આવો હોય છે.

કોઈ પણ પ્રકારની નૃપતંત્રની શાસનપદ્ધતિ જોશો તોએ નક્કીજ છે કે રાજા, એ ન્યાયના સામ્રાજ્યની મૂર્તિ તરીકે દૃષ્ટિગોચર થાય છે. ધાર્મિક પદ્ધતિ તપાસો; એ પ્રમાણે રાજાઓ પૃથ્વી પર ઈશ્વરના અવતાર છે. આનો અર્થ એજ કે તેઓ ઉત્તમ ન્યાય, સત્ય, ને સાધુતાની મૂર્તિઓ છે. ધર્મ-

શાસ્ત્રમાં પ્રવીણ પુરુષોને પૂછો; તેઓ તમને કહેશે કે રાજા ન્યાયના સામ્રાજ્યની ને ન્યાય્ય ધર્મશાસ્ત્રની મૂર્તિ છે, ને સમાજ પર શાસન કરવાનો તેનો હક છે. નૃપતંત્રશાસનપદ્ધતિમાં રાજાનેજ પૂછો; એ તમને કહેશે કે રાજ્યનાં ઉત્તમ શ્રેયસ્નું એ મૂર્તિમાન્ સ્વરૂપ છે. ગમે તે સ્થિતિમાં ને ગમે તે પ્રકારનું નૃપતંત્ર તમે જોશો તોએ તમને માલૂમ પડશે કે રાજા ન્યાયના સામ્રાજ્યના પ્રતિનિધિ તરીકે શાસન કરતો જણાય છે.

વળી નૃપતંત્રને ખાસ અનુકૂળ કેટલાક સમયો હોય છે. કેટલાક સમયો એવા હોય છે કે વ્યક્તિઓનાં આત્મબળો દુનિયામાં ભિન્ન ભિન્ન આપત્તિઓ ને વૈમનસ્ય સાથે પ્રકાશમાં આવે છે, ને અજ્ઞાન, ક્રૂરતા, કે દુષ્ટતાને લીધે લોકોમાં મમત્વ બળવાન્ હોય છે. આ સમયે લોકોની સ્વેચ્છાઓના ઝગડાને લીધે સમાજમાં સર્વેનું હિત સાધે એવી એક સામાન્ય સર્વોપરિ ઇચ્છાના તાબામાં સ્વતંત્ર રીતે ઐક્ય થઈ શકતું નથી, ને તેથી, લોકો બધા જેના કાબુમાં રહી શકે એવા એક રાજાની સત્તા સ્થપાય તેને માટે અતીવ ઉત્સુક બને છે; અને જે ક્ષણે ન્યાયનું સામ્રાજ્ય સ્થાપન કરે એવી એકાદ સંસ્થા લોકોના જોવામાં આવે છે કે તરત સમાજ તેને ઉત્સાહથી વધાવી લે છે. પ્રજાઓની અવ્યવસ્થિત તરુણાવસ્થામાં આવુંજ જોવામાં આવ્યું હોય છે. અરાજકતા પૂર્ણ જોસમાં હોય એવે સમયે નૃપતંત્ર ઘણુંજ અનુકૂળ હોય છે; કારણ કે સમાજ તે વખતે નિયમન ને શાસનની ઇચ્છા રાખે છે, પણ લોકોની સ્વતંત્ર ઇચ્છાથી તે કેમ કરવું તે તે જાણતો નથી. અન્ય સમયો એવા પણ હોય છે કે તદ્દન વિરુદ્ધજ કારણોને લીધે, નૃપતંત્ર, તેમાં તેટલુંજ અનુકૂળ હોય છે. પ્રજાસત્તાક રાજ્યતંત્રને અન્તે લગભગ નાશવંત સ્થિતિમાં આવેલું રોમન મહારાજ્ય, ત્યાર પછી લગભગ પંદર સૈકા સુધી હમેશ અવનત થતું ને દુર્દશા ભોગવતું, છતાં મહારાજ્યનું નામ ધારણ કરતું ટકી રહ્યું, એનું કારણ શું હતું? નૃપતંત્રને લીધેજ આવું પરિણામ સંભવિત હતું; જેને હમેશ નાશવંત બનાવવા પ્રયત્ન કરતો હતો એવા સ્વાર્થવાળા સમાજને

નૃપતંત્રજ ટકાવી શકે. રોમન પ્રજાનો નાશ પંદર સૈકા સુધી થતો અટકાવવા નૃપસત્તા મથી રહી હતી.

આમ કેટલાક સમયો એવા હોય છે કે તેનો નાશ થતો અટકાવવાનું, ને તેનું બંધારણ જલદીથી સ્થાયી કરવાનું કામ, નૃપતંત્રજ કરી શકે. આ બન્ને બાબતોમાં નૃપતિઓ સત્તા ભોગવે છે તેનું કારણ એ છે કે બીજી કોઈ પણ પદ્ધતિ કરતાં નૃપતંત્રની શાસનપદ્ધતિ વધારે સ્પષ્ટતાથી ને વધારે દૃઢતાથી ન્યાયના સામ્રાજ્યનું સ્વરૂપ ધારણ કરે છે.

કોઈ પણ દૃષ્ટિબિન્દુથી ને કોઈ પણ સમય વિષે તમે આ પદ્ધતિનો વિચાર કરશો તો તમે કબૂલ કરશો કે એનું મુખ્ય લક્ષણ, એનું નૈતિક બંધારણ, એનો ખરો ને ગૂઢ અર્થ એ છે કે સમાજ પર શાસન કરવાની એકજ, ઉચ્ચ, ને ન્યાય્ય ઇચ્છાનું પ્રતિબિંબ, એની મૂર્તિ, ને એનો પ્રતિનિધિ માત્ર રાજાજ છે.

હવે નૃપતંત્રની પદ્ધતિ જુદી જુદી પરિસ્થિતિમાં વાળવી હોય તેમ વળે ને અનુકૂળ થાય એમ અગાઉ આપણે કહ્યું હતું તે દૃષ્ટિબિન્દુ લઈએ.

અહીં આપણને એક લાભ છે; આપણે એકદમ ઇતિહાસ ને તે પણ ફ્રાન્સના ઇતિહાસ વિષે બોલી શકીશું. આધુનિક યુરોપમાં દુનિયાના ઇતિહાસમાં જે જે ભિન્ન સ્વરૂપમાં નૃપતંત્ર જોવામાં આવ્યું છે તે ઘણાં કારણોને લીધે ધારણ થયું છે. જો ગણિતની ભાષા વાપરવાની મને છૂટ હોય તો કહી શકું તેમ છે કે યુરોપમાં અસ્તિત્વમાં આવેલી નૃપતંત્રની પદ્ધતિ દુનિયાની ભિન્ન ભિન્ન બધા પ્રકારની નૃપતંત્રની પદ્ધતિના સરવાળા જેવી છે. પાંચમાથી બારમા સૈકાનો એનો ઇતિહાસ હું સારાંશમાં બતાવીશ ને તે પરથી મારૂં કહેવું તમને સમજાશે.

પાંચમા સૈકામાં મોટા જર્મન હુમલાને સમયે બે નૃપતંત્રની પદ્ધતિઓ જોવામાં આવે છે; એક વૈદેશિક નૃપતંત્ર, ને બીજું, રોમન નૃપતંત્ર, એક ક્લોવિસનું ને બીજું કૉન્સ્ટૅન્ટિનનું. બન્નેની પદ્ધતિ ને પરિણામો જુદાં છે. વૈદેશિક નૃપતંત્રો મુખ્યત્વે જનનિયુક્ત છે. જો કે તેમની ચુંટણી હાલની

ચુંટણીના જેવી નહોતી, તોએ જર્મન નૃપતિઓ ચુંટી કાઢવામાં આવતા હતા. એ નૃપતિઓ સેનાધિપતિઓ હતા ને તેમના પોતાના વર્ગમાં તેમને સૌથી વધારે બહાદુર ને કુશળ ગણી આજ્ઞાધીન રહેનારા તેમના ગોઠીઆઓ તેમની સત્તા પોતાની મરજીથી સ્વીકારે એવી રીતે તેમને વર્તવું પડતું હતું. આમ વૈદેશિક નૃપતંત્ર મુખ્યત્વે કરીને જનનિયુક્તજ હતું.

હું એમ નથી કહેવા માંગતો કે નૃપતંત્રના આ સ્વરૂપમાં કંઈ ફેરફાર થયો નહોતો કે બીજાં તત્ત્વો એમાં દાખલ કરવામાં આવ્યાં નહોતાં. જુદી જુદી ટોળીઓ પર થોડો સમય સુધી તેના સરદારો હતા. પણ કેટલાંક કુટુંબો બીજાંઓના કરતાં વધારે વિશ્વસનીય, આદરણીય, ને દ્રવ્યવાન્ થયાં હતાં. આ કારણોને લીધે વારસાથી મળતા હકોની શરૂઆત થઈ. હવેથી સરદાર આ કુટુંબોમાંથીજ ઘણે ભાગે ચુંટી કઢાતો હતો. ચુંટણીના મુખ્ય નિયમ સાથે તેનાથી જુદો પડતો આ નિયમ સૌથી પહેલો જોડાતો થયો.

વૈદેશિક નૃપતંત્રમાં એક બીજો વિચાર, એક બીજું તત્ત્વ પણ દાખલ થયું હતું. કેટલીક વૈદેશિક પ્રજાઓમાં, જેમકે ગૉથ લોકોમાં, રાજાઓનાં કુટુંબો ઇશ્વરમાંથી ઉતરી આવતાં, અથવા તો ઓડિન જેવા જે વીર પુરુષોને તેમણે ઇશ્વરના અવતાર જેવા ગણ્યા હોય તેમાંથી ઉતરી આવતાં હતાં. હોમરે વર્ણવેલા રાજાઓ, ઇશ્વર કે ઇશ્વરી અવતારોમાંથી ઉતરી આવતા, ને આ પ્રકારનાજ હતા, ને તેમનો આવો હક હોવાને લીધે એ રાજાઓની સત્તા સંકુચિત હોવા છતાં તેમના તરફ ધાર્મિક દૃષ્ટિનો પૂજ્યભાવ રાખવામાં આવતો હતો.

વૈદેશિક નૃપતંત્ર પાંચમા સૈકામાં આવું ને આ પ્રમાણે અત્યારથી જુદા જુદા સ્વરૂપમાં બદલાતું જતું હતું, જો કે એનું આરમ્ભનું સ્વરૂપ હજી કાયમ રહ્યું હતું.

હવે રોમન નૃપતંત્ર તપાસીએ. આ તદ્દન જુદુંજ છે; એમાં રાજા તે રાજ્યનું મૂર્તિમાન્ સ્વરૂપ, રોમન પ્રજાના સામ્રાજ્ય ને ગૌરવનો જાણે વારસ છે. ઑગસ્ટસ ને ટાઇબેરિયસનાં નૃપતંત્ર તપાસો. શહેનશાહ રાજ્યની જુદી

જુદી સભાઓ ને પ્રજાનો પ્રતિનિધિ માલૂમ છે; એ તેમની પછીથી આવ્યો ને આ બધાંઓનું અસ્તિત્વ જાણે એનામાંજ સમાઈ જાય છે. પહેલા શહેનશાહો જે વિનીત ભાષાનો ઉપયોગ કરતા તે પરથીજ આ બાબત કોણ સમજ્યા વિના રહેશે? છેલ્લાં સામ્રાજ્ય ભોગવતા ને પોતાની તરફેણમાં અધિકાર ત્યાગ કરનાર પ્રજાવર્ગ સમક્ષ એ શહેનશાહો પ્રજાના માત્ર પ્રતિનિધિ ને મંત્રિઓ પેઠે પોતાને ગણતા ને પ્રજા સમક્ષ બોલતા. પરંતુ વસ્તુતઃ પ્રજાની બધી સત્તા તેઓજ વાપરતા, ને તે પણ ઘણી દૃઢતાથી. આવો ફેરફાર કેવી રીતે થયો તે આપણાથી સહેલથી સમજી શકાય તેમ છે. આપણે જાતેજ એવો ફેરફાર જોયો છે. લોકોનું સામ્રાજ્ય એક માણસના હાથમાં જતું આપણે જોયું છે; એજ નેપોલિઅનનો ઇતિહાસ છે. એ પણ સામ્રાજ્ય ભોગવનાર એક પ્રજાનો પ્રતિનિધિ હતો. એ હમેશ કહ્યા કરતોઃ "એક કરોડ એંશી લાખ લોકોથી ચુંટી કઢાયલો મારા જેવો કોણ છે? ફ્રાન્સના પ્રજાસત્તાક રાજ્યના લોકોનો મારા જેવો પ્રતિનિધિ કોણ છે?" અને જ્યારે એના સિક્કાની એક બાજુ તરફ "પ્રજાસત્તાક ફ્રાન્સ", ને બીજી બાજુ તરફ "શહેનશાહ નેપોલીઅન" એવા શબ્દો આપણે વાંચીએ છીએ, ત્યારે પ્રજાજ રાજા થાય છે એમ મેં આગળ વર્ણવેલા બનાવ સિવાય બીજું શું સમજી શકાય તેમ છે?

રોમન નૃપતંત્રનું મુખ્ય લક્ષણ આ પ્રકારનું હતું. ડાયોક્લિશિઅનના સમય પછી તેમાં ફેરફાર થવાનો પ્રસંગ આવ્યા હતો; એક નવા પ્રકારનું નૃપતંત્ર લગભગ પ્રકાશમાં આવ્યું હતું. ત્રણ સૈકા સુધી સમાજમાં ધાર્મિક તત્ત્વો દાખલ કરવા ખ્રિસ્તિ ધર્મ મથી રહ્યો હતો. કૉન્સ્ટૅન્ટિનના રાજ્યમાં એને ફત્તેહ મળી ને ધાર્મિક તત્ત્વો સર્વગ્રાહી તો નહિ પણ અગત્યનો ભાગ લેતાં થયાં. આ સમયે નૃપતંત્ર એક જુદાજ સ્વરૂપમાં દૃષ્ટિગોચર થાય છે; એની ઉત્પત્તિ પાર્થિવ નથી, ને રાજા પ્રજાસામ્રાજ્યનો પ્રતિનિધિ પણ નથી, પણ ઇશ્વરનો એ અવતાર ને ઇશ્વરનો પ્રતિનિધિ છે. હવેથી રાજાની સત્તા ઉંચેથી મળતી ગણાઈ; રોમન નૃપતંત્રમાં એ નીચેથી આવતી હતી. આ

બે તદ્દન જુદીજ વસ્તુસ્થિતિઓ છે ને તેનાં પરિણામો પણ તદ્દન જુદાંજ છે. ધાર્મિક નૃપતંત્ર સાથે સ્વતંત્રતાના હકો ને તેથી મળતું રાજકીય રક્ષણ જોડી શકવાં મુશ્કેલ છે, તેમ છતાં આ પદ્ધતિજ ઉન્નત, નીતિવાળી, ને લાભકારક છે. ધાર્મિક નૃપતંત્રને સમયે—સાતમા સૈકામાં રાજાને વિષે શો આદર્શ કલ્પવામાં આવતો હતો તે આપણે જોઈએ. ટૅાલિડોની સભાના નિયમો-માંથી હું ઉતારા લઉં છું.

"રાજા ન્યાયથી શાસન કરે છે તેટલા માટેજ રાજા કહેવાય છે. એ ન્યાયથી વર્તે છે તો એ યોગ્ય રીતે રાજા નામ ધારણ કરે છે; જો એ અન્યાયથી વર્તે છે તો શોચનીય રીતે એ એ નામ ખોય છે...ન્યાય ને સત્ય એ બે મુખ્ય રાજસદ્ગુણો છે."

પણ ધાર્મિક નૃપતંત્રની પદ્ધતિમાં નૃપતંત્રથી એક તદ્દન જુદુંજ તત્ત્વ ઘણુંખરૂં દાખલ થઈ જતું હતું. નૃપતંત્રના કરતાં પણ ઇશ્વરની વધારે નજીકની એક નવી સત્તા નૃપતંત્રની સાથે સાથે સ્થપાવવા પામી; આ ધર્મગુરુઓની સત્તા હતી, ને તે ઇશ્વર ને રાજાઓની ને રાજાઓને પ્રજાની વચમાં આવતી હતી. એટલે નૃપતંત્ર ઇશ્વરી ઇચ્છાનો માનુષી દુભાષિયાઓ અર્થાત્ ધર્મગુરુ-ઓના જાણે સાધનરૂપ બન્યું. નૃપતંત્રની પદ્ધતિના ભાવી ને તેના પરિણામોમાં ભિન્નતા જોવામાં આવે છે તેનું આ વળી એક નવુંજ કારણ હતું.

રોમન મહારાજ્યની પડતી પછી પાંચમા સૈકામાં કેવાં કેવાં ભિન્ન પ્રકારનાં નૃપતંત્રો જોવામાં આવતાં હતાં તે આપણને આ પ્રમાણે માલૂમ પડે છે:–વૈદેશિક નૃપતંત્ર, રોમન નૃપતંત્ર, ને નવું થતું ધાર્મિક નૃપતંત્ર. જેવાં તેમનાં બંધારણો જુદાં હતાં તેવાંજ તેમનાં ભવિષ્ય પણ જુદાં હતાં.

પાંચમાથી બારમા સૈકાની વચમાં સામાન્ય રીતે ત્રણ જાતનાં નૃપ-તંત્રો સાથે પ્રવર્ત્યાં. યુરોપનાં જુદાં જુદાં રાજ્યોમાં દરેકમાં દરેક કે વધારે પ્રકારનાં નૃપતંત્ર સ્થિતિને અનુસરીને પ્રચારમાં આવ્યાં.

અવ્યવસ્થા આ સમયે એવી હતી કે કંઈજ સાર્વત્રિક કે સ્થાયી સ્થાપી શકાય તેમ નહોતું; ને એક ફેરમાંથી બીજે ફેરફાર એ પ્રમાણે આઠમા સૈકા

સુધી સ્થિતિઓ બદલાતાં બદલાતાં આપણે આઠમા સૈકામાં આવીએ છીએ ત્યારેજ નૃપતંત્રની પદ્ધતિએ કંઈક સ્થાયી સ્વરૂપ ધારણ કર્યું જોઈએ છીએ.

ફ્રાન્સના મેરોવિન્જિઅન રાજાઓ પછી કાર્લોવિન્જિઅન રાજાઓ જ્યારે રાજ્ય કરે છે ત્યારે વૈદેશિક નૃપતંત્રની પદ્ધતિ પાછી દાખલ થએલી માલૂમ પડે છે; ચુંટણી ફરીથી જોવામાં આવે છે. પેપિન રાજા સોઇસ્સન્સમાં પોતે ચુંટણીથી ગાદીએ આવે છે. જ્યારે પહેલા કાર્લોવિન્જિઅન રાજાઓ પોતાના છોકરાઓને રાજ્ય સોંપે છે ત્યારે રાજ્યના મુખ્ય પુરુષોની પાસે તેમનો સ્વીકાર કરાવ્યા પછી તેમ કરે છે. જ્યારે કોઈ પણ વિભાગ કરવો હોય છે ત્યારે પણ પ્રજાકીય સભાઓમાં તેની મંજૂરી મેળવવા તેઓ ઇચ્છે છે. પ્રજાકીય સ્વીકારના સ્વરૂપમાં ચુંટણીની પદ્ધતિ કંઈક ખરૂં સ્વરૂપ ફરીથી ધારણ કરે છે. ધ્યાનમાં રાખજો કે રાજાઓની વંશાવલિમાં થએલો આ ફેર યુરોપની પશ્ચિમમાં જર્મનોએ કરેલા નવા હુમલા જેવો હતો, ને તેથી તેમની જૂની પદ્ધતિઓ ને જૂના આચારવિચારોની કંઈક છાયા પાછાં દાખલ થયાં.

તેજ સમયે નૃપતંત્રમાં ધાર્મિક પદ્ધતિ પણ વધારે સ્પષ્ટતાથી દાખલ થએલી ને ત્યાં વધારે અગત્યનો ભાગ લેતી આપણે જોઈએ છીએ. પેપિનને પોપે સ્વિકાર્યો હતો ને પોપે એનો રાજ્યાભિષેક કર્યો હતો. ધાર્મિક અનુમતિની એને આવશ્યક્તા હતી; ધર્મની સત્તા અત્યાર સુધીમાં ઘણીજ થઈ ચૂકી હતી ને તેની એણે મદદ માગી. શાર્લામેને પણ એજ સાવચેતી લીધી. ધાર્મિક નૃપતંત્રની પદ્ધતિ ધીમે ધીમે વિકસિત થતી હતી. છતાં શાર્લામેનનાં વખતમાં આ પદ્ધતિ મુખ્ય ન થઈ; એણે રોમન નૃપતંત્રની પદ્ધતિ પુનર્જીવિત કરવા પ્રયત્ન કર્યો હતો. જો કે ધર્મગુરુઓ સાથે એ ગાઢ સંબંધ રાખતો ને તેમનો ઉપયોગ કરતો હતો, તોપણ તેમના માત્ર સાધન જેવો એ બન્યો નહોતો. શાર્લામેનના રાજ્યની મહેચ્છા એક મહાન્ રાજ્ય, એક મહાન્ રાજકીય ઐક્ય, રોમન મહારાજ્યનું પુનઃસ્થાપન કરવાની હતી. એ મરી ગયો ને એની પછી લુઈ લિ દેબોનેર આવ્યો. તરતજ નૃપસત્તાએ

કેવું સ્વરૂપ પકડયું તે બધાજ જાણે છે; રાજા ધર્મગુરુઓની સત્તામાં આવી પડ્યો, ને તેઓ એનો તિરસ્કાર કરતા, ગાદીએથી ઉતારતા, ફરી બેસાડતા, ને એના પર નિયમન ચલાવતા હતા. થોડોક વખત પહેલાં દબાઈ ગએલી ધાર્મિક નૃપતંત્રની પદ્ધતિ ફરીથી સ્થાપિત થવાની અણીએ આવેલી જણાઈ.

આમ આઠમા સૈકાના મધ્ય કાળથી નવમાના મધ્ય કાળ સુધી ત્રણે પ્રકારનાં નૃપતંત્રોની પદ્ધતિઓની વિવિધતા, અગત્યના, પરસ્પર સંબંદ્ધ, ને દેખીતા બનાવોમાં દૃષ્ટિગોચર થઈ.

લુઈ લિ દેબોનેરના મૃત્યુ પછી યુરોપમાં અવ્યવસ્થા થઈ તે સમયે નૃપતંત્રની ત્રણે પદ્ધતિઓ લગભગ એક્કી વખતે નાશ પામી. બધીજ અવ્યવસ્થા થઈ ગઈ. કેટલાક સમય પછી જ્યારે ફ્યૂડલ પદ્ધતિ દાખલ થઈ ત્યારે એક ચોથીજ ને અગાઉ આપણે કદાપિ જોઈ હોય તેનાથી જુદાજ પ્રકારની નૃપતંત્રની પદ્ધતિ જોવામાં આવી; આ ફ્યૂડલ નૃપતંત્રની પદ્ધતિ હતી. આ ગુંચવણવાળી છે ને એનું લક્ષણ આપવું ઘણું કઠણ છે. એમ કહેવાય છે કે ફ્યૂડલ પદ્ધતિ પ્રમાણે રાજા તો રાજાઓનો રાજા, અમીરોનો અમીર હતો, ને તેથી આખા સમાજનાં જુદાં જુદાં અંગોને એ બરાબર સંબંધમાં રાખી શકતો હતો. એની આસપાસ એના પોતાના આશ્રિતજનોનું ને આશ્રિતોના આશ્રિતોનું પણ નમન માટે આવ્હાન કરી આખી પ્રજાને એ પોતાની પાસે બોલાવી શકતો, ને તેથી પોતાની નૃપસત્તા ખરેખરી દાખવી આપતો હતો. ફ્યૂડલ નૃપતંત્રની પદ્ધતિ આ પ્રકારની હતી તેની હું ના પાડતો નથી; પણ એ માત્ર એક પદ્ધતિજ હતી, વસ્તુસ્થિતિ તેવા પ્રકારની નહોતી. ક્રમશઃ પ્રજાના બધા વર્ગો સાથે રાજા સંબંધમાં આવતો, ને તેથી સામાન્ય અસર કરી શકતો એમ જે આ પદ્ધતિ પ્રમાણે કહેવામાં આવે છે તે રાજકીય વિષયોમાં અગ્રેસર ભાગ લેનારાઓનું માત્ર સ્વપ્નદર્શન છે. ખરૂં જોતાં ફ્યૂડલ અમીરોનો મોટો ભાગ આ સમયે નૃપતંત્રથી તદ્દન સ્વતંત્ર હતો; મોટી સંખ્યા તો રાજાનું નામ પણ ભાગ્યેજ જાણતી, ને તેની સાથે બહુ થોડો

સંબંધ ધરાવતી કે બીલકુલ નએ ધરાવતી. બધાજ રાજાઓ સ્થાનિક ને સ્વતંત્ર હતા.

દશમા ને અગીઆરમા સૈકામાં નૃપતંત્રની આ પ્રકારની સ્થિતિ હતી. બારમા સૈકામાં લુઈ લિ ગ્રોસના રાજ્યની શરૂઆત થતાં દેખાવ બદલાવવા માંડ્યો. રાજા વિષે બોલાતું આપણે ઘણું વધારે વાર સાંભળીએ છીએ; જ્યાં અત્યાર સુધી એ પહોંચી શક્યો નહોતો, ત્યાં પણ એની સત્તાની અસર પહોંચી શકી; સમાજમાં એનો ભાગ વધારે અગત્યનો થયો. શા હકથી રાજા આવી સત્તા ભોગવવા માંડયો તે આપણે શોધીએ છીએ તો અત્યાર સુધીના એના જાણીતા હકોમાંનો એકે આપણા જોવામાં આવતો નથી. રોમન નૃપતંત્ર તરફથી એને એ હક મળ્યો નહોતો; તેમજ ચુંટણીથી કે ધાર્મિક સત્તાના પ્રતિનિધિના રૂપમાં પણ મળ્યો નહોતો. અત્યાર સુધી નહિ જોવામાં આવેલું એક નવુંજ સ્વરૂપ નૃપતંત્રમાં જોવામાં આવ્યું; એક નવી જાતનું નૃપતંત્ર શરૂ થયું.

મારે કહેવાની જરૂર નથી કે આ સમયે સમાજમાં ઘણીજ અવ્યવસ્થા હતી; મારફાડનો એ સતત ભક્ષ્ય થતો હતો. આવી શોચનીય સ્થિતિની સામે થવાને, કે કોઈ જાતની વ્યવસ્થા કે એકતા ફરી સ્થાપિત કરવાને સમાજની અંદર કંઈ સાધનો નહોતાં. ફ્યૂડલ પદ્ધતિનાં બધાં સાધનો નામમાત્રમાંજ રહ્યાં હતાં. વ્યવસ્થા કે ન્યાયનું પુનઃસ્થાપન કરે એવું કશું સમાજમાં નહોતું જોવામાં આવતું. આવી સ્થિતિમાં અન્યાય થતો અટકાવવા કે કોઈ પણ જાતનું રાજકીય બંધારણ સ્થાપવા કોની પાસે જવું તેની કોઈને સૂઝ પડતી નહોતી. રાજાનું નામ રહ્યું હતું; એકાદ અમીર એ નામને ધારણ કરતો હતો, ને કેટલાકો વળી તેને પોતાનું દુઃખનિવેદન કરતા હતા. અત્યાર સુધી જુદાં જુદાં સ્વરૂપોમાં નૃપતંત્રો થઈ ગયાં હતાં. તે હજી લોકોના મનમાં તાજાં હતાં, ને કેટલાક સંજોગોમાં લોકો તે કબૂલ પણ કરતા હતા. કોઈપણ જાતની ભારે મારફાડ દબાવવા, કે રાજાના આવાસ પાસે કંઈક વ્યવસ્થા સ્થાપિત કરવા, કે ઘણા વખતની થએલી કંઈ લડાઈ પતાવવા

લોકો રાજાની પાસે જતા; કેટલીક વાર એની સત્તાની બહારની વાતોમાં પણ વચમાં પડવાને એની મદદ માગવામાં આવતી; એ પ્રજાકીય વ્યવસ્થાના રક્ષક તરીકે, કે લોકોને થતી ઈજા દૂર કરવા લવાદ તરીકે વચમાં પડતો. એના નામની સાથે જે નૈતિક સત્તા રહી હતી તે ધીમે ધીમે આ પ્રકારની સત્તા એને મેળવી આપતી હતી.

લુઈ લિ ગ્રોસના રાજ્ય નીચે ને સુગરની સત્તા નીચે આ પ્રમાણેનું નૃપતંત્ર થવા માંડયું હતું. જેમને રાજ્યનાં સામાન્ય સાધનો દ્વારા ન્યાય ન મળતો હોય તેમને ન્યાય આપવાનું ને અવ્યવસ્થાને સમયે વ્યવસ્થા સ્થાપવાનું કામ હવેથી નૃપતંત્ર સાથે જોડાયું. સલાહ જાળવવી કે ફરીથી કરવી, ને જે કોઈ ન પતાવી શકે એવી લડાઈઓ હોય તે પતાવવી એવું એક મોટા મૅજિસ્ટ્રેટ તરીકેનું નવું કામ આ રાજાઓને શિરે લોકોએ અર્પ્યું હતું. યુરોપમાં ને ખાસ કરી ફ્રાન્સમાં બારમા સૈકાથી શરૂ થતું નૃપતંત્રનું આ તદ્દન નવુંજ સ્વરૂપ હતું. એ વૈદેશિક નૃપતંત્રએ નહોતું, ધાર્મિક નૃપતંત્રએ નહોતું, કે રોમન નૃપતંત્ર પણ નહોતું. એની સત્તા તદ્દન જુદીજ રીતે વપરાતી હતી. એની માત્ર થોડી, અપૂર્ણ ને અકસ્માતથી પ્રાપ્ત થએલી જાણે આખી પ્રજાની શાન્તિના રક્ષક તરીકેની સત્તા હતી.

આધુનિક નૃપતંત્રની ખરી ઉત્પત્તિ આ છે; ખરૂં જોતાં આ એનું ખરૂ કારણ છે; આગળ જતાં એનોજ વિકાસ થયો છે ને એને લીધેજ આધુનિક નૃપતંત્ર વિજયવાન્ નીવડયું છે એમ સંકોચ વિના આપણે કહી શકીશું. ઇતિહાસના જુદા જુદા યુગોમાં નૃપતંત્રનાં જુદાં જુદાં સ્વરૂપો ફરીથી જોવામાં આવે છે. આમ ધર્મગુરુઓએ હમેશાં ધાર્મિક નૃપતંત્રનો ઉપદેશ કર્યો છે; ધર્મશાસ્ત્રમાં કોવિદ પુરુષોએ રોમન નૃપતંત્રને પુનર્જીવિત કરવા પ્રયત્ન કર્યો છે; અને અમીરોએ કેટલીક વખતે પ્રજાનિયુક્ત નૃપતંત્ર કે ફયૂડલ નૃપતંત્ર ફરીથી સ્થાપવા પ્રયત્ન કર્યો છે. આ પ્રમાણે જુદા જુદા લોકોએ જુદાં જુદાં નૃપતંત્રો સ્થાપવા પ્રયત્ન કર્યા છે એટલુંજ નહિ પણ રાજાઓએ જુદાં જુદાં નૃપતંત્રો પ્રમાણે તે તે વર્ગોને પોતાની સત્તા વધારવામાં સાધનભૂત કર્યા છે.

પણ આધુનિક નૃપતંત્ર જુદીજ જાતનું છે ને એની સત્તાનું કારણ પણ જુદુંજ છે. આધુનિક રાજાઓ મારા કહેવા પ્રમાણે પ્રજાકીય વ્યવસ્થા, ન્યાય, ને લોકહિતના રક્ષકો છે, ને આધુનિક નૃપતંત્ર આ સ્વરૂપનું છે.

જેમ જેમ આપણે આગળ વધીશું તેમ તેમ તમે જોશો કે આધુનિક યુરોપીઅન નૃપતંત્રનું આ સ્વરૂપ દઢીભૂત થતું જાય છે ને આગળ જતાં એજ એનું રાજકીય સ્વરૂપ થયું હતું. યુરોપના સમાજના જે બે મોટા ભાગ રાજા ને પ્રજા—રાજ્ય ને દેશ, આધુનિક યુરોપમાં થવા પામ્યા હતા, તે એજ નૃપતંત્રનાં પરિણામરૂપ હતા.

આમ ધાર્મિક યુદ્ધોના અન્તસમયે યુરોપ એની આધુનિક સ્થિતિને માર્ગે પ્રયાણ કરતું થયું હતું; ને એ મોટા ફેરફારમાં નૃપતંત્રએ એનો યોગ્ય ભાગ લીધો હતો. આપણા આવતા વ્યાખ્યાનમાં આપણે બારમાથી સોળમા સૈકા સુધી રાજકીય વ્યવસ્થા સ્થાપિત કરવાને થએલા જુદા જુદા પ્રયત્નોનો અભ્યાસ કરીશું. સમાજને જૂની પદ્ધતિઓ પ્રમાણે વ્યવસ્થિત સ્થિતિમાં આણવાને ને શરૂ થએલા સામાન્ય ફેરફાર સામે ટકાવી રાખવાને કરેલા ફ્યુડલ પદ્ધતિના, ખ્રિસ્તિ સમાજના, ને નગરોના પ્રયત્નો સુદ્ધાં કેવા પ્રકારના હતા તે આપણે જોઈશું.

# વ્યાખ્યાન દસમું

વ્યાખ્યાનનો વિષય—સમાજનાં જુદાં જુદાં તત્ત્વોના એકીકરણ માટે આધુનિક યુરોપમાં પ્રયત્નો—૧ લો, ધાર્મિક બંધારણ કરવાનો પ્રયત્ન—શા માટે એ નિષ્ફળ થયો—ચાર મુખ્ય વિઘ્નો—સાતમા ગ્રેગરિના દોષો—ખ્રિસ્તિસમાજ બળવાન થાય તે સામે પ્રતિધ્વનિ—લોકોએ કરેલો—રાજાઓએ કરેલો—૨ જો, પ્રજાસત્તાક બંધારણ કરવાનો પ્રયત્ન—ઈટાલિની પ્રજાસત્તાક સંસ્થાઓ—તેના દોષો—૩ જો, મિશ્રિત બંધારણ કરવાનો પ્રયત્ન ફ્રાન્સની રાજ્યસભા—સ્પેન ને પોર્ચુગાલની સભાઓ—અંગ્રેજી પાર્લ્યામેન્ટ—જર્મનિની વિચિત્ર સ્થિતિ—બધાના પ્રયત્નોની નિષ્ફળતા—તેનાં કારણો—યુરોપનું સામાન્ય વળણ.

બરાબર, ને શરૂઆતમાંજ મારે વ્યાખ્યાનનો વિષય નક્કી કરવાની ઇચ્છા છે.

તમને યાદ હશે કે યુરોપના પ્રાચીન સમાજનાં તત્ત્વોમાં એક બાબત આપણું ધ્યાન ખેંચે એવી હતી તે એ કે સમાજનાં તત્ત્વો ભિન્ન ભિન્ન, જુદાં જુદાં ને સ્વતંત્ર હતાં. ફ્યૂડલ અમીરો, ધર્મગુરુઓ, ને નગરો એ દરેકની સ્થિતિ, દરેકના કાયદાઓ, ને દરેકની રીતભાતો તદ્દન જુદાં જુદાં હતાં; એ બધાં જાણે જુદા જુદા સમાજ જેવાં હતાં, બધાંનાં બંધારણો જુદાં હતાં, ને બધાંની પદ્ધતિઓ જુદી હતી. એ બધાં એકબીજાના સંબંધમાં આવતાં, છતાં તેમાં ખરૂં ઐક્ય થયું નહોતું. એક સમાજ કે એક પ્રજાનાં એ બધાં અંગો થઈ શક્યાં નહોતાં.

આ બધા સમાજોનું એકીકરણ થઈ ચૂક્યું છે. સમાજનાં બધાં જૂનાં તત્ત્વોનાં હવે માત્ર બેજ થઈ ગયાં છે.–રાજા ને પ્રજા. વિવિધતાનો અન્ત આવ્યો છે ને સરખામણીને લીધે એકતા થવા પામી છે. પણ આ પ્રકારનું

પરિણામ આવતાં પહેલાં, ને તેને અટકાવવાને સુદ્ધાં, જુદાં જુદાં સમાજોની ભિન્નતા સચવાઈ રહે તે માટે ઘણા પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

આ બધા પ્રયત્નો નિષ્ફળ નીવડયા. આધુનિક સમાજની એકતા આ પ્રયત્નોની નિષ્ફળતા સાબીત કરે છે. જે યુરોપીઅન દેશોમાં સામાજિક તત્ત્વોનું જૂનું વૈવિધ્ય જોવામાં આવે છે, જેમકે જર્મનીમાં ફ્યૂડલ અમીરો ને મધ્યમ વર્ગો એ બન્ને સામાજિક તત્ત્વોનું વિવિધ બળ ચાલુ રહ્યું છે ત્યાં, અને ઈંગ્લંડમાં પ્રજાકીય ધર્મસમાજને અમુક અમુક સત્તાઓ છે ત્યાં પણ તે માત્ર નામનુંજ છે; આ જુદાં તત્ત્વોનું બળ છેવટે રાજ્યસત્તાના વિશાળ બળમાં સમાઈ ગએલું માલૂમ પડે છે. પ્રાચીન સામાજિક તત્ત્વો જ્યાં નામમાં પણ રહ્યાં હોય છે ત્યાં તેમનું સ્વતંત્ર બળ રહી શક્યું નથી.

છતાં એ જૂનાં સામાજિક તત્ત્વો કાઢી નાખ્યા સિવાય કે તેમને બદલી નાખ્યા સિવાય, તે બધાં સાથે સાથે પ્રજાકીય હિત સાધે તેમ કરવાને આદરેલા પ્રયત્નો યુરોપના ઇતિહાસમાં અગત્યનું સ્થાન લે છે. જે સમય વિષે આપણું હાલમાં ધ્યાન રોકાયલું છે, જે સમય પ્રાચીનમાંથી અર્વાચીન યુરોપને જુદું પાડે છે, ને જે સમયમાં યુરોપના સમાજમાં આ પ્રકારનું રૂપાન્તર થયું, તે સમયમાંનો કેટલોક ભાગ આ પ્રયત્નોથી ભરાઈ જાય છે. પછીના બનાવો ને સમાજનાં ભિન્ન ભિન્ન તત્ત્વોનાં હાલમાં જે બેજ તત્ત્વો રાજા ને પ્રજા—અગત્યનું સ્થાન ભોગવે છે, તે બધાં પર એની ઘણી અસર થઈ છે. તેટલા માટે બારમાથી સોળમા સૈકાની વચમાં રાજકીય બંધારણો સ્થાપવા ને ગૌણ સમાજોનાં વિવિધ બળોનો નાશ કર્યા સિવાય પ્રજા ને રાજ્ય એ બે સમાજનાં તત્ત્વો અસ્તિત્વમાં આણવા જે જે પ્રયત્નો થયા તેની બરાબર તપાસ કરવી ને સમજુતી મેળવવી અગત્યની છે. આ વ્યાખ્યાનમાં આપણે એજ કરીશું.

એ અઘરૂં ને કંટાળાભરેલું પણ કામ છે. રાજકીય બંધારણના આ બધા પ્રયત્નો સારા ઇરાદાથી ધારેલા ને કરાયલા નથી; તેમાંના ઘણા પ્રયત્નો સ્વાર્થ ને જોરજુલમના ઇરાદાથી કરાયા હતા. છતાં એકથી વધારે પ્રયત્ન

સરળ ને નિઃસ્વાર્થ વૃત્તિથી પણ કરવામાં આવ્યો હતો; એકથી વધારે પ્રયત્નનો ખરો ઉદ્દેશ સમાજનું નૈતિક ને સામાન્ય હિત સાધવાનો હતો. સમાજમાં તે વખતે અવ્યવસ્થા, ક્રૂરતા, ને અન્યાય પ્રવર્તમાન હતાં તેથી ઉચ્ચ ને ઉદારવૃત્તિના કેટલાક સાધુ પુરુષો દુઃખિત થતા હતા, ને તે સ્થિતિમાંથી વિમુક્ત થવા તેઓ સતત પ્રયત્ન કરતા હતા. છતાં આવા ઉત્તમ પ્રયત્નોમાંના સારામાં સારા પ્રયત્નો પણ ફાવી શકયા નથી; અને કેટલા બધા સદ્‌ગુણ, વીરત્વ, ને આત્મભોગના પ્રયત્નો નકામા ગયા છે;—શું આ આપણને પીગળાવી નાખે એવો દેખાવ નથી? એક વાત હજી પણ વધારે દુઃખજનક ને કડવો અનુભવ ચખાડે એવી છે; સામાજિક સુધારાના આ પ્રયત્નો નિષ્ફળ ગયા છે એટલુંજ નહિ, પણ તેમાં ભૂલો ને અનિષ્ટ પરિણામો ઘણાંજ ઘુસી ગયાં છે. સારા ઇરાદા હોવા છતાં ઘણાખરા પ્રયત્નો અર્થહીન હતા, ને બુદ્ધિ, ન્યાય, મનુષ્યના હકો, ને સામાજિક સ્થિતિનાં પોષક તત્ત્વોનું ગંભીર અજ્ઞાન સૂચવતા હતા; એટલે લોકોને તેમના પ્રયત્નોમાં ફત્તેહ મળી નથી એટલુંજ નહિ પણ તેઓ નિષ્ફળતા પ્રાપ્ત કરવાનેજ લાયક હતા. આ બાબતમાં આપણે મનુષ્યનું નિષ્ઠુર ભવિષ્ય જોઈએ છીએ એટલુંજ નહિ પણ એની નિર્બલતાનો પણ ચિતાર જોઈ શકીએ છીએ. માત્ર સત્યનું દર્શન થતાં મોટા માણસો તેમાં કેવા તલ્લીન થઇ જાય છે, બીજું બધું ભૂલી જાય છે, ને તેમના વિચારોના કર્તવ્યક્ષેત્રની બહારની વસ્તુઓ જાણે જોઈજ શકતા નથી તેનું આપણને આ બાબતથી ઉદાહરણ મળે તેમ છેઃ ન્યાયની માત્ર ઝાંખીજ થતાં તદર્થે કરવો પડતો બધો અન્યાયનો ખ્યાલ તેઓ કેવો તદ્દન ભૂલી જાય છે! માણસની કોઈ પણ સ્થિતિનાં દુઃખો કરતાં એની દુષ્ટતા ને અપૂર્ણતાનો આવિર્ભાવ વધારે શોકજનક વિચારો ઉત્પન્ન કરે છે; માણસનાં દુઃખો કરતાં એના દોષોને માટે મને વધારે લાગે છે. મારે જે પ્રયત્નોનું વર્ણન કરવાનું છે તે બધા આમાંની દરેક વાતનો ચિતાર આપશે. આવી રીતે ભૂલો જેમણે કરી છે તે માણસો તરફ સમભાવ રાખી તેમના અનુભવો જોવા, તેમના તરફ, તેમના સમય તરફ ન્યાયબુદ્ધિથી જોવું, તેમની ભૂલો સમજવી,

ને ભૂલો હોવા છતાં તેઓ ઘણા ઉચ્ચ સદ્ગુણો ધરાવતા હતા ને ઉમદા પ્રયત્નો કરતા હતા ને તેને માટે ઘણા યશને લાયક હતા તે બધી બાબતો સમજવી આવશ્યક છે.

રાજકીય વ્યવસ્થા સ્થાપવાને બારમાથી સોળમા સૈકા સુધીમાં થએલા પ્રયત્નો બે પ્રકારના છે. એક પ્રકારના પ્રયત્નનો ઉદ્દેશ એકાદ ખાસ સામાજિક તત્ત્વ–જેવું કે ધર્મગુરુઓ, કે ફ્યૂડલ અમીરીવર્ગ, કે નગરજનોના વર્ગ --ને બળવાન્ કરવાનો હતો; અને બીજાનો ઉદ્દેશ આ બધાં સામાજિક તત્ત્વોમાંથી એકેને સર્વોપરિ ન બનવા દેતાં બધાં સાથે સાથે કામ કરે તેવી રીતે કરવાનો હતો, અર્થાત્ સામાજિક તત્ત્વોનું ઐક્ય સ્થાપવાનો હતો. બીજા પ્રકારના પ્રયત્નો કરતાં પહેલા પ્રકારના પ્રયત્નોમાં સ્વાર્થ ને જોરજુલમ હતાં એવો શક રહે તેમ છે. વસ્તુતઃ આ દોષો તેમાં વધારે જોવામાં આવ્યા છે; ને કુદરતી રીતેજ એ પ્રયત્નો જોરજુલમની પદ્ધતિથીજ કરી શકાય તેવા છે. છતાં તેમાંના કેટલાક પ્રયત્નો સમાજનું હિત ને ઉન્નતિ સાધવાના શુદ્ધ ઉદ્દેશથી ધારેલા ને કરેલા હોઈ શકે તેમ છે.

સૌથી પહેલો પ્રયત્ન ધાર્મિક બંધારણ સ્થાપવાનો, અર્થાત્ સમાજનાં જુદાં જુદાં અંગો પર ધાર્મિક સમાજનું બળ સર્વોપરિ કરવાનો હતો. ધાર્મિક સમાજના ઇતિહાસ વિષે મેં તમને જે કહ્યું છે તે તમને યાદ આવશે. એ સમાજમાં શા શા સિદ્ધાન્તો ફેલાયા ને તે દરેકનો યોગ્ય ભાગ શો હતો, તે બધા સ્વાભાવિક રીતેજ બનાવોમાંથી કેવી રીતે ઉત્પન્ન થયા હતા, તેમણે શી સેવા બજાવી છે, ને તેમણે શાં અનિષ્ટ પરિણામો ઉત્પન્ન કર્યાં છે એ બધું તમને બતાવવા મેં પ્રયત્ન કર્યા હતા. આઠમાથી બારમા સૈકા સુધીમાં ખ્રિસ્તિ સમાજ કેવી કેવી સ્થિતિમાંથી પસાર થયો તેનું સ્વરૂપ મેં ચીતર્યું છે; રોમન ખ્રિસ્તિસમાજ, વૈદેશિક ખ્રિસ્તિસમાજ, ફ્યૂડલ ખ્રિસ્તિસમાજ, ને છેવટે ધાર્મિક ખ્રિસ્તિસમાજની સ્થિતિ દર્શાવી છે. આ બધાંની સ્મૃતિ તમારા મગજમાં તાજી હશે એમ હું ધારૂં છું; ધર્મગુરુઓએ

યુરોપમાં પોતાનું બળ વધારવા શું કર્યું ને શા માટે તેઓ નિષ્ફળ નીવડયા તે દર્શાવવા હવે હું પ્રયત્ન કરીશ.

ધાર્મિક બંધારણ સ્થાપવા રોમની રાજ્યસભાના કે સામાન્ય રીતે ધર્મગુરુઓના પ્રયત્નો ઘણા આરમ્ભના સમયમાં થયા હતા. આ પ્રયત્નો ખ્રિસ્તિસમાજની રાજકીય ને નૈતિક ઉચ્ચતાને લીધેજ સ્વાભાવિક રીતે ઉત્પન્ન થયા હતા, પણ આપણે જોઈશું કે છેક શરૂઆતથીજ એને એવાં વિઘ્નો નડયાં હતાં કે એ ઘણા બળવાળા હોવા છતાં પણ એ વિઘ્નો ખસેડી શકયા નહોતા.

પહેલી બાબત તો ખ્રિસ્તિ ધર્મનું સ્વરૂપજ હતું. ધાર્મિક પંથોમાંના મોટા ભાગથી તદ્દન જુદીજ રીતે ખ્રિસ્તિ ધર્મ માત્ર અનુનય–સમજાવટ–થી, કે નૈતિક ઉપદેશથીજ સ્થપાયો હતો; એના જન્મસમયથી શરૂ કરી કદાપિ એ ધર્મ બળની સાથે જોડાયો નહોતો. આરમ્ભના યુગોમાં માત્ર શબ્દના ઉપયોગથીજ એણે વિજય મેળવ્યો હતો, ને તે વિજય મનુષ્યના આત્મા પર પ્રાપ્ત કર્યો હતો. તેથીજ એવું બન્યું કે જય મેળવ્યા પછી, ને ખ્રિસ્તિ સમાજ પાસે જ્યારે ઘણું દ્રવ્ય હતું ત્યારે પણ સમાજ પર પ્રત્યક્ષ રીતે શાસન કરતો એને આપણે કદાપિ જોયો નથી. જેવી એ સમાજની ઉત્પત્તિ માત્ર નૈતિક, માત્ર અનુનયને આધારે હતી, તેવીજ એની સ્થિતિ પર પણ નૈતિક છાપ હતી. ખ્રિસ્તિસમાજની અસર–પ્રતિષ્ઠા ઘણી હતી પણ એની સત્તા કંઈ નહોતી. શહેરના મૅજિસ્ટ્રેટોની સત્તામાં એ સમાજ માથું ઘાલતો હતો, રાજાઓ ને તેમના કાર્યકારકોના પર ઘણી અસર કરતો હતો, તોપણ જેને રાજ્યનો ખરો વહીવટ કહેવાય એ એના હાથમાં બીલકુલ નહોતો. હવે ધાર્મિક કે અન્ય કોઈ પણ પ્રકારનું રાજ્યશાસન પરોક્ષ રીતે માત્ર અસર કરવાથી સ્થાપિત થઈ શકતું નથી; રાજ્યનો વહીવટ કરવો, આજ્ઞાઓ કરવી, કર લેવા, આવકની વહેંચણી કરવી, શાસન કરવું, ને ટુંકામાં પ્રજા પર સંપૂર્ણ રાજ્યની સત્તા ચલાવવી તે બધું આ માટે આવશ્યક છે. જ્યારે પ્રજાઓને રાજ્યો પર અનુનયની અસર થઈ શકે છે ત્યારે

ઘણું કરી શકાય છે, ને મોટી રાજ્યસત્તા પણ વાપરી શકાય છે; પણ તેથી કંઈ રાજ્ય સ્થપાતું નથી. ખ્રિસ્તિસમાજની આરમ્ભથીજ આ પ્રકારની સ્થિતિ હતી.

એ સમાજને એક બીજું પણ વિઘ્ન નડયું હતું. રોમન મહારાજ્યોની એક વાર પડતી થઈ ને વૈદેશિક રાજ્યો સ્થપાયાં કે ખ્રિસ્તિસમાજનો હારેલી પ્રજામાં સમાવેશ થઈ ગયો. પહેલી બાબત જરૂરની હતી તે આ સ્થિતિમાંથી છૂટવાની હતી; એ સમાજને સૌથી પહેલું કામ જીત મેળવનારાઓનો ધર્મ ફેરવી નાંખી પોતે તેમનું સમાન પદ પ્રાપ્ત કરવાનું હતું. જ્યાં આ કાર્ય પૂરૂં થયું ને ખ્રિસ્તિસમાજે બળવાન્ થવાની ઉમેદ રાખી કે ફ્યૂડલ અમીરી વર્ગની મગરૂબીનો એને વિરોધ નડયો. ધાર્મિક સમાજની સત્તામાં નહિ આવેલા ફ્યૂડલ અમીરીવર્ગોએ યુરોપની આ એક મોટી સેવા કરી હતી. અગીઆરમા સૈકામાં પ્રજાઓ ઘણુંખરૂં તદ્દન પરાધીન બની ખ્રિસ્તિસમાજને પરવશ બની ગઈ હતી, ને રાજાઓ પણ પોતાનું રક્ષણ કરવાને જવલ્લે શક્તિમાન્ નીવડતા હતા; માત્ર ફ્યૂડલ અમીરીવર્ગજ ધર્મગુરુની ધુરામાં જોડાયો નહોતો, ને તેજ તદ્દન સ્વતંત્ર રહી શકયો હતો. મધ્યકાલીન યુગોમાં અમીરવર્ગ ને ધર્મગુરુઓના સંબંધમાં ઉદ્ધતાઈ ને અધીનતા, અન્ધશ્રદ્ધા, ને સ્વતંત્રતાનું વિચિત્ર સંમિશ્રણ કેવું થતું હતું તે જોવું હોય તો આપણે માત્ર તે સમયનું ચિત્ર આપણી નજર આગળ ખડું કરવું; તેની આરમ્ભક :સ્થિતિનાં ભાગ્યાંતૂટયાં ચિહ્નો આપણને માલૂમ પડશે. ફ્યૂડલ પદ્ધતિની ઉત્પત્તિ, એનાં શરૂઆતનાં તત્ત્વો, ને જમીનદારની આસપાસ નાનો સરખો સમાજ કેવી રીતે પ્રથમ સ્થપાયો તે બધું મેં તમને સમજાવવા કેવા પ્રયત્ન કર્યા હતા તે તમે યાદ કરશો. ધર્મગુરુનું પદ એ સમાજમાં અમીરના પદથી કેવું હલકું હતું એમ મેં કહ્યું હતું. ઠીક, ફ્યુડલ અમીરીવર્ગના મનમાં હમેશ આ સ્થિતિની સ્મૃતિ રહી હતી; હમેશ એ ધર્મ સમાજથી પોતે તદ્દન સ્વતંત્ર છે એટલુંજ નહિ પણ તેનાથી ચઢીઆતો છે ને દેશ પર રાજ્ય કરવાને લાયક છે એમ ગણતો; હમેશ એ ધર્મગુરુ-

ઓની સાથે એકમત થઈ કામ કરવા રાજી હતો, પણ તે પોતાની સ્વતંત્રતા ને પોતાનું હિત જાળવીનેજ, ધર્મગુરુઓના દબાણ નીચે રહીને નહિ. ઘણા સૈકાઓ સુધી અમીરીવર્ગજ ધર્મસમાજના સંબંધમાં સામાજિક સ્વસ્તંત્રતા જાળવી રાખી શકતો હતો. જ્યારે રાજાઓ ને લોકો એ સમાજના તાબામાં રહેતા ત્યારે એ વર્ગજ ઉદ્ધતાઈથી પોતાના સ્વાતંત્ર્યનું રક્ષણ કરતો હતો. સમાજ પર ધાર્મિક બંધારણ સ્થાપિત કરવાના પ્રયત્નને વિરોધ આપનાર સૌથી પહેલો વર્ગ એજ હતો, ને એ પ્રયત્ન નિષ્ફળ નીવડયો તે પણ કદાચ એ વર્ગનીજ મદદથી નીવડયો હતો.

એક ત્રીજું પણ વિઘ્ન નડતું હતું. તે વિષે બહુ થોડી નોંધ લેવાઈ છે ને ઘણી વાર તો એનાં પરિણામો વિષે ગેરસમજુતી થઈ છે.

જ્યાં જ્યાં ધર્મગુરુઓ સમાજ પર સર્વોપરિ સત્તા મેળવવા સબળ નીવડયા છે, ને સમાજનું બંધારણ ધાર્મિક કરવા સમર્થ થયા છે, ત્યાં ત્યાં આ સત્તા ગૃહસ્થાવસ્થામાં રહેનારાઓના હાથમાં ગએલી છે. તેઓ પોતાની સંતતિને પોતાનાજ ધંધાને માટે ઉછેરી પોતાના વર્ગને માટે જોઈતા માણસો પોતાનામાંથીજ પૂરા પાડતા માલૂમ પડે છે. ઇતિહાસ તપાસો. એશિયા ને ઇજીપ્ટ તરફ નજર કરો. ત્યાં જે જે મોટાં ધાર્મિક બંધારણો થએલાં જોવામાં આવે છે તેના ધર્મગુરુઓ ગૃહસ્થાવસ્થામાં રહેતાજ માલૂમ પડશે, ને ત્યાંના ધાર્મિક સમાજોને બીજા સમાજની મદદ લેવી પડેલી નથી.

પરંતુ ખ્રિસ્તિ ધર્મગુરુઓ બ્રહ્મચર્ય પાળતા હોવાથી ખ્રિસ્તિ ધર્મસમાજ તદ્દન જુદીજ સ્થિતિમાં હતો. પોતાના ટકાવ માટે એ સમાજને લૌકિક સમાજમાંથી માણસો લેવાની જરૂર પડતી હતી, અને તેથી જુદી જુદી સામાજિક સ્થિતિના ને જુદા જુદા ધંધાના માણસોને બહારથી દાખલ કરવા પડતા હતા. આ બાહ્ય તત્ત્વોને એકસરખાં કરવા એ સમાજની એકત્રબુદ્ધિ સમર્થ ન નીવડી, કારણ કે એ સમાજમાં જે નવા વર્ગો દાખલ થતા તેના માણસો પોતાની પૂર્વની અવસ્થાની ઉચ્ચનીચતાની ભેદબુદ્ધિ વીસરતા નહોતા. ખરૂં છે કે બ્રહ્મચર્યને લીધે

એ વર્ગ સમાજના અન્ય વર્ગોથી જુદો રહી શકતો હતો, તોપણ તેજ કારણને લીધે પોતાના વર્ગમાં ઉમેરો કરવાને તેને લૌકિક વર્ગના માણસોને દાખલ કરવા પડતા હતા, અને હું અચકાયા વગર કહું છું કે બધાજ બ્રહ્મચર્ય પાળતા હોવાથી એ વર્ગના મનુષ્યોમાં એકત્રબુદ્ધિ ઉત્પન્ન થતી હતી તેનાથી જે લાભ થતો તેના કરતાં બહારના વર્ગના માણસોને દાખલ કરવા પડતા તે બાબતની આવશ્યકતાને લીધે સમાજમાં ધાર્મિક બંધારણ દાખલ કરવાના પ્રયત્નની ફત્તેહમાં વધારે હાનિ ઉત્પન્ન થતી હતી.

છેવટે, આ પ્રયત્નનાં વિરોધી બીજો, ખ્રિસ્તિસમાજની અંદરજ કેટલાંક હતાં. એ સમાજની એકત્રતા ઘણી વખણાઈ ગઈ છે, અને એ ખઈએ છે કે તે હમેશાં એકત્રતા સાધવા મથતો હતો, ને કેટલીક બાબતોમાં સારે નસીબે એ પ્રાપ્ત પણ કરી શક્યો છે. તેમ છતાં શબ્દોના આડંબરથી કે એકતરફી હકીકતથી આપણે છેતરાવવું ન જોઈએ. ધર્મગુરુઓમાં જેટલા અંદર અંદરના કલહો જોવામાં આવ્યા છે તેટલા બીજા કોનામાં જોવામાં આવ્યા છે ? ધાર્મિક સમાજના બળ નીચે રહેનારી પ્રજામાં જેટલી અવ્યવસ્થા ને તૂટ જોવામાં આવે છે તેટલાં બીજી કઈ પ્રજામાં જોવામાં આવે છે ?

ધાર્મિક બંધારણની ફત્તેહની વિરુદ્ધ આ બધાં વિઘ્નોની ઉપરાંત એક બીજું વિઘ્ન નડ્યું હતું. એ બંધારણનો ઉત્તમમાં ઉત્તમ ને પ્રબળ સમય સાતમા ગ્રેગરિના રાજ્યનો હતો. સાતમા ગ્રેગરિનો મુખ્ય વિચાર દુનિયા પર ધર્મગુરુઓની સત્તા સર્વોપરિ કરવાની, ને ધર્મગુરુઓ પર પોપની સત્તા બળવાન્ કરવાનો હતો.આ વિચારમાં મારા ધારવા પ્રમાણે એ મહાન્ પુરુષે બે ભૂલો કરી હતી, એક તો માત્ર અવ્યાવહારિક વિચારક તરીકેની, બીજી ઉચ્છેદક વિચારક તરીકેની. આ કારણોને લીધે એનો મુખ્ય ઉદ્દેશ સાધવાને બદલે ગ્રેગરિને તે ઘણે અંશે કદાચ મૂકી દેવો પડતો હતો.

સમાજમાં પ્રજાસત્તાક બંધારણ સર્વોપરિ કરવાનો પ્રયાસ ઈટાલિમાં થએલો જોવામાં આવે છે. ત્યાં પ્રજાસત્તાક રાજ્યને લીધે ફ્યૂડલ પદ્ધતિ

જલદીથી નાબૂદ થઈ તેમ છતાં એ બંધારણ જાતેજ ટકી શકે કે ફેલાઈ શકે એવાં એમાં તત્ત્વો નહોતાં.

અગીઆર ને પંદરમા સૈકાની વચ્ચેનાં ઈટાલિનાં પ્રજાસત્તાક રાજ્યોનો ઇતિહાસ આપણે તપાસીએ છીએ ત્યારે તેમાં રહેલી વિરોધી છતાં સ્પષ્ટ જણાતી બે બાબતોથી આપણે ચક્તિ થઈએ છીએ. હીંમત, ઉત્સાહ, ને બુદ્ધિનો આપણે ઘણોજ વિકાસ જોઈએ છીએ, ને તેને પરિણામે સુખ-સંપત્તિ પણ ઘણી જોઈએ છીએ. બાકીના યુરોપમાં જે પ્રકારનું ચેતન ને જે પ્રકારની સ્વતંત્રતા ન જોવામાં આવે તેવાં ઇટાલિમાં આપણે જોઈએ છીએ, પણ ત્યાંની પ્રજાની સ્થિતિ વસ્તુતઃ કેવી હતી, તે જીવન કેવા પ્રકારનું ગુજારતી હતી, ને સુખ કેટલું ભોગવતી હતી તેનો આપણે સવાલ કરીએ. આ બાબતો વિષે દેખાવ બદલાઈ જાય છે. બીજી કોઈ પણ પ્રજાનો ઇતિહાસ આવો દુઃખદાયક, આવો શોકજનક ભાસતો નથી. કદાચ એ પ્રજાના જીવનમાં જોવામાં આવે છે તેના કરતાં વધારે શોકજનક કમનસીબના બનાવો, કે કલહો કે ગુન્હાઓ બીજી કોઈ પ્રજામાં જોવામાં આવતા હોય એમ લાગતું નથી. એક બીજી પણ બાબત સ્પષ્ટ છે; પ્રજાસત્તાક રાજકીય બંધારણોના મોટા ભાગમાં, સ્વતંત્રતા ઘટતીજ ચાલી ગઈ. સ્વતંત્રતા વધવાને બદલે સત્તા નાના નાના જથાઓ કે તડોના હાથમાં ગઈ. ઈટાલિના આ પ્રજાસત્તાક રાજ્યોમાં બે બાબતોની ખામી જોવામાં આવતી હતીઃ જિંદગીની સુરક્ષિતતા, ને સંસ્થાઓની ફત્તેહ.

પ્રજાસત્તાક બંધારણમાં એક બીજું આમાંથી દુઃખ ઉત્પન્ન થતું હતું. ઈટાલિને મોટામાં મોટો ભય બહારનાં રાજ્યો તરફથી હતો. છતાં આ ભય પણ એ દેશનાં પ્રજાસત્તાક રાજ્યોની માંહ્ય અંદર અંદરનું ઐકય સધાવવા સફળ નીવડયો નહોતો, એ રાજ્યો બહારથી થતા સામાન્ય હુમલાની સામે થવાની બાબતમાં પણ ઐકય સાધી શકતાં નહોતાં. આ કારણને લીધે આધુનિક દેશહિતૈષી, ને ઘણા બુદ્ધિશાળી ઇટાલિઅનોમાંના ઘણાનું એવું માનવું છે કે માધ્યમિક યુગોમાં ઈટાલિમાં પ્રજાસત્તાક રાજ્યપદ્ધતિ

હતી તેને લીધેજ એ દેશના લોકો એક પ્રજા થઈ શકયા નથી. એમનું એવું કહેવું છે કે થોડા થોડા લોકોના જથાઓમાં એ દેશના ટુકડા પડી ગયા હતા, ને તેઓ આવેશથી એટલા બધા દોરવાતા હતા કે તેમનું એકીકરણ અશકય હતું. એ લોકો ખેદ કરે છે કે યુરોપના બીજા ભાગોની પેઠે ઇટાલિમાં જોહુકમીની રાજ્યપદ્ધતિ થઈ નહોતી, કારણ કે તે થઈ હોત તો તેને બળે તેઓ ઐકયભાવવાળી એક પ્રજા બનત, ને બાહ્ય પ્રજાઓથી તદ્દન સ્વતંત્ર બનત. આ પરથી જણાય છે કે સૌથી સારામાં સારા સંજોગોમાં પણ પ્રજાસત્તાક રાજ્યબંધારણ ઉન્નતિ, ટકાવ, કે વૃદ્ધિના અંશોથી રહિત હતું અને પ્રજાસત્તાક સામાજિક બંધારણ ઇટાલિમાં આટલું ઓછું અલ્પાયુષી નીવડયું, તો પછી યુરોપના બીજા ભાગોમાં એ નિષ્ફળ ગયું તે સ્હેજે સમજી શકાય તેવું છે, કારણ કે ઇટાલિમાં તો એ સૌથી વધારે બળવાન્ હતું.

હવે મિશ્રિત બંધારણો કરવાના પ્રયત્નો તપાસીએ. તમે બધા યુરોપના જુદા જુદા દેશોની કેટલીક રાજસભાઓના નામથી વાકેફ છો; ફ્રાન્સની સ્ટેટ–જનરલ, સ્પેન ને પોર્ચુગાલની કોર્ટ, ઇંગ્લંડની પાર્લ્યામેન્ટ, ને જર્મનિની ડાએટ આ જુદી જુદી સભાઓ કેવી રીતે બનેલી છે ને તેમાં કયાં કયાં તત્ત્વો સત્તા ભોગવે છે તે પણ તમે જાણો છો. એ બધી સભાઓ મિશ્રિત બંધારણોના નમુનારૂપ છે; તેમાં ફ્યૂડલ અમીરી વર્ગ, ધર્મગુરુઓ, ને મધ્યમ વર્ગના લોકો એકત્રિત થવાના ઉદ્દેશથી એકઠા થતા ને રાજ્ય ચલાવવા પ્રયત્નો કરતા હતા. એ બધી સભાઓનાં નામ જુદાં જુદાં છે, તોએ વલણ ને ઉદ્દેશ એકજ છે.

આ પ્રયત્નના નમુના તરીકે આપણને બધાને સૌથી વધારે રસ ઉત્પન્ન કરે ને જાણીતી એવી આપણી સ્ટેટ–જનરલને હું તપાસીશ. આપણને સૌથી વધારે જાણીતી એમ હું કહું છું ખરો, પણ મને ખાત્રી છે કે સ્ટેટ-જનરલ, એ શબ્દ તમારા મનમાં કેટલાક માત્ર ઝાંખા ને અપૂર્ણ વિચારો ઉત્પન્ન કરતો હશે. ફ્રાન્સની સ્ટેટ–જનરલમાં નિયમિત કે નિશ્ચિત શું હતું,

તે સભાના સભાસદોની સંખ્યા કેટલી હતી, તેમાં વિષયો કયા કયા ચર્ચાતા હતા, તે સભાઓ મળતી કેટલા કેટલા સમયને અંતરે ને બેઠક કેટલો સમય પહોંચતી તે પ્રશ્નોના ઉત્તર તમારામાંથી એકકે કહી શકે તેમ નથી. આ બાબતો વિષે કશું જાણવામાં આવ્યું નથી. આ વિષય પર ઇતિહાસમાંથી કંઈ પણ સ્પષ્ટ, સાધારણ, કે સામાન્ય અસરો જાણી શકાય તેમ નથી. ફ્રાન્સના ઇતિહાસમાં આ સભાઓએ કેવું સ્થાન લીધું તેની આપણે બરાબર પરીક્ષા કરીએ છીએ ત્યારે તેમનું અસ્તિત્વ માત્ર અચાનક, નહિ જેવી અગત્યનું જણાય છે. રાજાઓની પાસે જ્યારે નાણું ખૂટતાં, ને તે ભીડમાંથી કેમ છૂટા થવું તેની મુસ્કેલીમાં આવતા ત્યારે તેઓ એ સભાઓની મદદ માગતા, અને મુસ્કેલીઓ ઘણી વધતી જતી ને બીજો કંઈ પણ રસ્તો સૂઝતો નહિ ત્યારે પ્રજા પણ એનીજ મદદ માગતી. સ્ટેટ જનરલોમાં અમીરવર્ગ ને ધર્મગુરુઓ બધા ભાગ લેતા, તે છતાં તેઓ બિન પરવાથી તેમ કરતા, કારણ કે તેઓ જાણતા કે પોતાનાં ધારેલાં કાર્ય કરવામાં એ સભા મોટે ભાગે સાધનરૂપ નહોતી, ને રાજ્યકારભારમાં તેઓ જે કંઈ ભાગ લઈ શકતા તે બાબતમાં એ સભા એમને ખાસ લાભકારક નહોતી. મધ્યમ વર્ગના લોકો પણ એ સભા માટે ભાગ્યેજ વધારે ઉત્સાહ રાખતા હતા; એ સભામાં ભાગ લેવો, તે ખપજોગ ; એક હક તરીકે નહિ, પણ વાંધો નહિ લેવા લાયક ને વેઠી લેવા લાયક એક જરૂરીઆત તરીકે તેઓ ગણતા. આ સભાઓના રાજકીય ચેતનનું ખરૂં સ્વરૂપ આ પ્રમાણે સમજી શકાશે. કેટલીક વાર તે તદ્દન નિર્બળ નીવડતી, ને કેટલીક વાર ભયંકર. જો રાજા સૌથી બળવાન્ હોય તો એ સભાઓની નિર્બળતા હદ ઉપરાંત વધી જતી, ને જો રાજા કમનસીબે મુસ્કેલીમાં હોય ને એને એ સભાની મદદની જરૂર પડતી, તો એના વિભાગ પડી જતા, ને અમીરવર્ગના કે રાજ્યના કોઈ મોટા નેતાના કાવાદાવાનું સાધન બનતી. ટુંકામાં, એ સભાઓ કેટલીક વાર માત્ર અમીરોની સભાઓ બનતી ને કેટલીક વાર જાણે નિયમસર મળતી સભાઓ બનતી.

આમ તેનાં કરેલા કામો ટુંકો વખત અસર કરી શકતાં હતાં. ઉદ્દેશો મોટા દર્શાવી, પ્રયત્નો મોટા કરી, એ સભાઓ કરતી કંઈ નહિ. એ સભાઓનું અસ્તિત્વ બિલકુલ નિરર્થક હતું એમ કહી શકાય નહિ, કારણ કે વખતોવખત પ્રજાકીય દાસત્વની વિરુદ્ધ ઝુંબેશનો પવને એની મારફતેજ દેશમાં વાયા કર્યો છે. તોપણ દેશના જુદા જુદા સમાજોને એકત્રિક કરવાના કાર્યમાં એ સભાને ફત્તેહ મળી નથી ને તેથી, રાજ્ય સારી રીતે ચાલવામાં તે સાધનભૂત થઈ નથી.

સ્પેન ને પોર્ચુગાલની કોર્ટોને વિષે પણ એવુંજ પરિણામ જોવામાં આવે છે, છતાં હજાર દરજ્જે તે જુદા પ્રકારની છે. સ્થળ ને સમયને અનુસરીને કોર્ટોનું અગત્ય બદલાય છે. ઍરેગૉન ને બિસ્કેમાં રાજ્યના વારસસંબંધી ને મૂર લોકો સામે લડાઈઓ કરવા વિષેની તકરારો થતી તે સબબથી એ સભાઓ વધારે વારંવાર બોલાવાતી ને વધારે બળવાન્ હતી. કેટલીક કોર્ટોમાં, દાખલા તરીકે ૧૩૭૦, ૧૩૭૩ ના વર્ષની કૅસ્ટાઈલની કોર્ટોમાં, અમીરો ને ધર્મગુરુઓને બોલાવવામાંજ નહોતા આવતા. બનાવો સૂક્ષ્મ દૃષ્ટિથી તપાસીશું તો આપણને નાની નાની ઘણી વીગતો માલૂમ પડશે. પણ જે સામાન્ય દૃષ્ટિબિન્દુથી મારે જોવું પડે છે તે પ્રમાણે જોતાં કહી શકાય કે ફ્રાન્સની સ્ટેટ–જનરલની પેઠે આ કોર્ટો પણ નિરર્થકજ હતી, તેમનું અસ્તિત્વ પણ આકસ્મિક ને નિષ્પ્રયોજન હતું, ને તે રાજ્યના કાર્યવહનમાં નિયમિત કે વ્યવસ્થિત સેવા બજાવવામાં સાધનરૂપ નહોતી.

ઇંગ્લંડનું ભવિષ્ય જુદા પ્રકારનું હતું. આ વિષયની બધી વીગતોમાં હું ઉતરવા નથી માગતો. ઇંગ્લંડના રાજકીય ચેતન વિષે હું જુદુંજ એક વ્યાખ્યાન કરીશ; હાલમાં તો એ ચેતન યુરોપખંડના બીજા બધા દેશોનાં ચેતનથી જુદીજ દિશામા વહ્યું છે તેનાં કારણો વિષે થોડાક શબ્દો કહીશ.

પ્રથમ તો ઇંગ્લંડમાં દાસત્વની સ્થિતિમાં હોય એવો મોટો વર્ગ નહોતો. હલકા ને ઉંચા વર્ગના અમીર લોકોને રાજની સામે થવું પડતું ત્યારે એકત્રિત બનવું પડતું હતું. ઉપલા વર્ગના લોકોમાં આથી ઐક્ય જળવાતું. લે

ઉપરાંત, નાના જમીનદારો ને મધ્યમ વર્ગના નગરજનોને પણ ઐક્યમાંજ રહેવું પડતું, ને આમની સભામાં સાથે બેસવું પડતું હતું, અને તેથીજ ઇંગ્લંડની પાર્લ્યામેંટ યુરોપની તેવી સભાઓ કરતાં રાજ્યના વહીવટમાં વધારે બળ ધરાવતી હતી. ચૌદમાં સૈકામાં બ્રિટિશ પાર્લ્યામેંટની શી સ્થિતિ હતી તે આપણે તપાસીએ. ઉમરાવોની સભા તેજ રાજાનું મોટામાં મોટું સલાહકારક મંડળ હતું ને રાજ્યસત્તામાં એજ સભા ઘણો ભાગ લેતી. આમની સભા નાના જમીનદારો ને મધ્યમ વર્ગના લોકોની બનેલી હોવાથી ભાગ્યેજ ખરા રાજ્યકારભારમાં કંઈ ભાગ લેતી, પણ એણે પ્રજાને હકો મેળવી આપ્યા, ને ખાનગી ને સ્થાનિક હિતની બાબતોનું ઘણા ઉત્સાહથી રક્ષણ કર્યું. એકંદરે, હજી પાર્લ્યામેંટ દેશમાં રાજ્ય કરતી નહોતી, પણ તેમ છતાં એ એક નિયમિત સંસ્થા તરીકે થઈ ગઈ હતી, ને રાજ્યકારભારમાં એનું સ્થાન અગત્યનું ગણાતું હતું. સમાજનાં જુદાં જુદાં અંગોનું એકીકરણ કરવાનો પ્રયત્ન યુરોપમાં જ્યારે અન્ય સ્થળોમાં નિષ્ફળ નીવડયો હતો, ત્યારે એ આ પ્રમાણે ઇંગ્લંડમાં ફત્તેહવંત થયો હતો.

જર્મનિને વિષે માત્ર થોડાજ શબ્દો હું કહીશ, અને તે પણ એના ઇતિહાસનું મુખ્ય સ્વરૂપ બતાવવાના હેતુથી. ત્યાં આગળ સમાજને એક-ત્રિત કરવાને અને રાજ્યનું બંધારણ બરાબર સ્થાપવાને પ્રયત્નો ઉત્સાહથી થતા નહોતા, સમાજનાં જુદાં જુદાં અંગો યુરોપના બાકીના દેશો કરતાં ત્યાં વધારે છિન્નભિન્ન ને સ્વતંત્ર રહ્યાં.

ચૌદમા સૈકાના અન્ત સુધી ને પંદરમાની શરૂઆતના સમય સુધી યુરોપમાં અમુક અમુક રાજકીય બંધારણો સ્થાપવાના પ્રયત્નો મેં હવે તમારા આગળ રજુ કર્યા છે. તમે એ બધા નિષ્ફળ ગએલા જોયા છે. આ નિષ્ફળતાનાં કારણો મેં ઠેકાણે ઠેકાણે દર્શાવ્યાં છે. ખરૂં જોતાં એ બધાં કારણો એકજ કારણનાં જુદાં જુદાં સ્વરૂપ છે. સમાજ એકત્ર થવાને જોઈએ તેટલો ઉન્નત થયો નહોતો. બધી વસ્તુઓ હજી ઘણી સ્થાનિક,

સંકુચિત, ને ભેદમય હતી. દરેકનાં જુદાં જુદાં હિતો ને વિચારોને અંકુશમાં આણી શકે એવી સામાન્ય હિતની બાબતોજ હજી સુધી આસ્તિત્વમાં નહોતી. ઘણા કેળવાયલા ને પ્રબળ વિચારના માણસોને પણ હજી રાજ્યવહીવટ ને ખરો રાજકીય ન્યાયનો વિચાર નહોતો. આવા અવ્યવસ્થિત બનાવો માટે વધારે જબરો સુધારો થવો જોઈએ એ દેખીતુંજ છે. પ્રથમ તો લોકમત ને લોકસત્તા સ્થપાવવાની આવશ્યક્તા હતી. આ સંબંધીનો વિષય હવે પછીના વ્યાખ્યાનમાં આપણે તપાસીશું.

# વ્યાખ્યાન અગીઆરમું.

વ્યાખ્યાનનો વિષય--પંદરમા સૈકાનું ખાસ લક્ષણ—પ્રજાઓ ને રાજ્યોનું ધીમે ધીમે થતું એકીકરણ--૧લું, ફ્રાન્સનું, પ્રજાકીય ભાવનાઓનો સમુદ્ભવ--અગીઆરમા લુઈનું રાજ્ય--૨જું, સ્પેનનું--૩જું, જર્મનિનું--૪થું, ઇંગ્લંડનું--૫મું, ઇટાલિનું--રાજ્યોના એકબીજા તરફના બહારના સંબંધ ને રાજનીતિની કળાની ઉત્પત્તિ--ધાર્મિક વિચારોમાં ચેતન--ઉચ્ચ વર્ગના સુધારાના પ્રયત્નો--કૉન્સ્ટન્સ ને બેલની સભાઓ--લોકપ્રિય સુધારા કરવાનો પ્રયત્ન—જોન હસ્સ--સાહિત્યનું પુવરુજ્જીવન--જૂનાને ચહાનારા કે સ્વતંત્ર મતના માણસો--સાધારણ પ્રવૃત્તિઓ--દરિયાની મુસાફરીઓ, શોધો, નવીન શોધો--અન્તે અનુમાન.

ચૌદમો સૈકો પૂરો થયો. પંદરમા સૈકાનું ખાસ લક્ષણ એ છે કે તેમાં ખાસ એકીકરણ થતું જોવામાં આવે છે. એ સૈકામાં સંકુચિત વિચારો ને ભાવનાઓ દૂર કરી સર્વેના સામાન્ય હિતની બાબતોની વૃદ્ધિ કરવાને પ્રયત્નો વધારે જોવામાં આવે છે. અત્યાર સુધી જે નહોતાં—પ્રજા ને રાજ્ય, તે એની ભાવનાઓ ઉત્પન્ન કરવાના પ્રયત્નો એ સૈકામાં થયા હતા; અને તે પ્રયત્નો જે તે વખતે બીજરૂપ હતા તે પ્રકાશમાં આવ્યા. સોળમા ને સત્તરમા સૈકામાં તો માત્ર તૈયારીઓજ થતી હતી ને તે આપણે અત્યારે તપાસવાની છે.

આમ પોતે નહિ કલ્પેલી, કે કદાચ સમજી પણ ન શકે એવી યોજનાઓ ફળીભૂત કરવા મનુષ્ય પ્રયત્નશીલ બને છે. અન્તે પાછળથી જ્યારે તે પ્રકાશમાં આવે છે ને ખરી જણાય છે ત્યાર પહેલાં માણસ તે વિષે કશું સમજતો નથી કે અજ્ઞાનજ હોય છે, અને પછી પણ તે વિષે એને ઘણું અપૂર્ણ જ્ઞાન થાય છે. છતાં એ યોજનાઓને પાર પાડનાર અજાણતાં

પણ એ પોતેજ હોય છે; એની પોતાની બુદ્ધિ ને સ્વતંત્રતા જેમ જેમ ખીલે છે તેમ તેમ એ ફળીભૂત થાય છે. એક મોટા સંચાની કલ્પના કરો. ધારો કે એની કુંચી—એને બરાબર ચલાવનાર મુખ્ય વિચાર એકજ જણની પાસે, એકજ જણના મગજમાં છે. વળી ધારો કે એ સંચાના જુદા જુદા ભાગો જુદા જુદા કામદારોના કાબુમાં છે, તે બધા એક બીજાથી છૂટા ને અજ્ઞાન છે, ને એકંદરે કામ શું કરવાનું છે કે જુદા જુદા કામદારોનાં કામોનો ચોક્કસ સરવાળો છેવટે શું છે તેનાથી તેઓ અજાણ્યા છે, તેમ છતાં દરેક પોતાનું એકલાનું કામ કુશળતાથી ને સ્વતંત્રતાથી કરે છે. દૈવની યોજના પણ એવીજ છે; માણસની મારફતે તેનું કાર્ય પણ તે એવીજ રીતે કરાવે છે. સુધારાના ઇતિહાસમાં બે મુખ્ય બાબતો જે જોવામાં આવે છે તે આજ પ્રમાણે સાથે રહે છે; એક તરફથી એ ઇતિહાસ દૈવનિર્ણીત છે ને વિદ્યા ને મનુષ્યની બુદ્ધિને આધીન નથી તે બાબત, ને બીજી તરફથી માનુષી બુદ્ધિ ને સ્વતંત્ર વિચારોએ એમાં જે હિસ્સો આપ્યો છે તે બાબત.

પંદરમા સૈકાના ઇતિહાસનો બરાબર ખ્યાલ આણવા માટે આપણે બનાવોનું વર્ગીકરણ કરીશું. પ્રથમ આપણે રાજકીય બાબતો તપાસીશું. પછી નીતિસંબંધી બાબતો જોઈશું. રાજકીય બાબતોનો ખ્યાલ આણવા માટે યુરોપનાં મોટા મોટા દેશોના આ સૈકાના ઇતિહાસનું હું જલદીથી અવલોકન કરી જઈશ.

હું **ફ્રાન્સ**થી શરૂઆત કરીશ. ચૌદમા સૈકાનો છેલ્લો અડધો ને પંદરમાનો પહેલો અડધો ભાગ **ફ્રાન્સ**ના લોકો ઈંગ્લંડ વિરુદ્ધ પ્રજાકીય યુદ્ધોમાં રોકાયા. ઇતિહાસ તરફ સ્હેજ નજર કરતાં જણાશે કે **ફ્રાન્સ**ના જુદા જુદા લોકો આ યુદ્ધોને લીધે એક થઈ જતા હતા. **જૉન ઑાફ્ આર્ક**ના ઇતિહાસથીજ આ યુદ્ધોને સમયે થએલી પ્રજાની એકતા સાબીત થાય છે. **જૉન ઑાફ્ આર્ક**નું અસ્તિત્વ પ્રજાકીય ઐક્ય ને ઉત્સાહનાજ પરિણામરૂપે હતું. લોકોની ભાવનાઓ, વિચારો, ને ઇચ્છાઓથીજ એની વીરતા ઉત્સાહિત થઈ ટકી રહેતી હતી. રાજ્યના અમલદારો ને લશ્કરના સરદારો એના

તરફ વ્હેમ, તિરસ્કાર, ને શત્રુતાની નજરથી સુદ્ધાં જોતા હતા; પણ લોકો ને લશ્કરના સિપાઇઓ એની તરફમાં હતા. એના દાખલાથી જેટલી ફ્રાન્સના આ યુદ્ધોની લોકપ્રિયતા જણાઈ આવે છે તેટલી બીજા કશાથી દેખાતી નથી.

ફ્રાન્સના લોકોમાં પ્રજાત્વના અંકુરો આ પ્રમાણે સ્ફુરવા માંડયા. વેલોઈના રાજ્યના સમય સુધી ફ્રાન્સમાં ફ્યૂડલ પદ્ધતિ બળવાન્ હતી; ફ્રેંચ પ્રજા, ફ્રેંચ વિચારો ફ્રેંચ દેશાભિમાન એવું કશું હજુ સુધી હતુંજ નહિ. વેલોઇના સમયથીજ ફ્રાન્સના લોકોની એક પ્રજા અસ્તિત્વમાં આવી ફ્રેંચ લોકોને પોતાના શત્રુ સામે લડાઈઓ કરવી પડતી હોવાથી તે લડાઈઓનેજ સમયે તેમનામાં ઐક્યનો ભાવ સ્ફુર્યો; પણ હાલમાં તેમનામાં જોવામાં આવે છે તેવા રાજકીય પવનની હજી આશા રાખવાનો સમય આવ્યો નહોતો. એ સમયે ફ્રાન્સ દેશમાં ઐક્ય માત્ર નામનુંજ હતું, પ્રજાનું નાક જાળવી રાખવા પૂરતુંજ હતું, ને પ્રજાકીય સંમતિ પ્રમાણેના પોતાના રાજા પ્રતિ પ્રેમભાવને આધારેજ રહ્યું હતું, અને તે બધું બહારના શત્રુને દેશમાં દાખલ ન થવા દેવાના હેતુથીજ હતું. આ પ્રમાણે નૈતિક ઉન્નતિના દૃષ્ટિબિન્દુથી ફ્રાન્સ ચઢતું જતું હતું તેજ વખતે એની રાજકીય ઉન્નતિ પણ વધતી હતી, રાજ્ય વ્યવસ્થિત થતું, વિસ્તીર્ણ થતું, ને બળવત્તર થતું હતું. અત્યાર સુધી જે જુદાં જુદાં પરગણાં ગણાતાં હતાં તે હવે ફ્રાન્સ એવા એક નામ નીચે આવવા માંડયાં હતાં, સાતમા ચાર્લ્સના વખતમાં અંગ્રેજ લોકોને હાંકી કાઢવામાં આવ્યા ત્યાર પછી અગાઉના એમનાથી વસાયલાં બધાં પરગણાં, નૉર્મન્ડિ, ઍન્ગોમૅાઇ, ટુરેન, પોઇટુ, સેન્ટૉન્જ વગેરે ફ્રાન્સના તાબા નીચેજ ચોક્કસ આવ્યાં. દસમા લુઇના રાજ્યમાં દસ પરગણાં ફ્રાન્સમાં જોડાયાં; રૂસિલોન, ડરડેન, બર્ગન્ડિ, ફ્રાન્ચ, કોંત, પિકાર્ડિ, આર્ટોઇ, પ્રોવેન્સ, મેન, અન્જુ, ને પર્ચે. આઠમા ચાર્લ્સ ને બારમા લુઇના રાજ્યમાં, ઍનનાં એક પછી બીજા આ રાજાઓ સાથે થએલાં લગ્નને લીધે, આપણા હાથમાં બ્રિટનિ આવ્યું આમ એકેકે સમેયે, એકજ જાતના સંજોગોમાં ફ્રાન્સની નૈતિક ને રાજકીય ઉન્નતિ થતી હતી.

પ્રજાને મૂકી દઈ રાજ્ય વિષે હવે આપણે વિચાર કરીએ. એવાજ પ્રકારનું પરિણામ અહીં પણ સધાતું આપણે જોઈશું. છઠ્ઠા ચાર્લ્સના રાજ્યમાં ને સાતમા ચાર્લ્સના રાજ્યની શરૂઆતમાં ફ્રાન્સમાં જેટલી ઐક્યની ને રાજ્યના બળની ખામી હતી તેટલી અગાઉ કોઈ સમયે નહોતી. આમાંના પાછલા રાજ્યને અન્તે બધી વસ્તુઓની સ્થિતિ બદલાઈ ગઈ. દેખીતીજ રીતે સત્તા બળવાન્, વિસ્તૃત, ને વ્યવસ્થિત થતી હતી; રાજ્યવ્યવહારનાં બધાંજ મુખ્ય સાધનો—કરો, લશ્કર, કાયદો—મોટા પાયા પર ઉત્પન્ન કરવામાં આવ્યાં હતાં, ને તેમાં એક પ્રકારની વ્યવસ્થા જાળવવામાં આવી હતી. જાથુકનાં લશ્કરો રાખવાનું શરૂ પણ આ સમયથીજ થયું. એજ સમયથી માથાવેરો, કે જે રાજ્યની મુખ્ય આવક પૂરી પાડતો, તે હમેશને માટે લાગુ થયો. લોકોની સ્વતંત્રતાને એ વેરો મોટા ઘા જેવો હતો, પણ રાજ્યમાં વ્યવસ્થિતતા ને બળ આણવામાં એ ઘણો કામમાં આવ્યો. આજ વખતે સત્તાનું મોટું સાધન, ન્યાયની વ્યવસ્થા, વધારે બહોળા ને સારા પાયા પર કરવામાં આવી; પાર્લ્યામેંટો વધી. ઘણી ટુંકી મુદતમાં પાંચ નવી પાર્લ્યામેંટોનું બંધારણ બંધાયું; અગીઆરમા લુઈના વખતમાં (૧૪૫૧માં) ગ્રેનોબલની પાર્લ્યામેંટ, (૧૪૬૨માં) બોર્ડોની, ને (૧૪૭૭માં) ડિજોની; બારમા લુઈના વખતમાં (૧૪૯૯માં) રૂઍની ને (૧૫૦૧માં) ઍક્સની પાર્લ્યામેંટ. ન્યાયની વ્યવસ્થા કરવામાં ને તેની પદ્ધતિ યોજી કાઢવાની બાબતમાં પેરિસની પાર્લ્યામેંટ પણ આ સમયે મહત્ત્વ ને દૃઢતામાં ઘણી આગળ વધી.

આજ સમયે એક બીજો મોટો ફેરફાર થતો જોવામાં આવે છે. આ ફેરફાર અગીઆરમા લુઈએ રાજ્યશાસનપદ્ધતિમાં જે ફેર કર્યો તે છે.

અગીઆરમા લુઈને થએલા રાજ્યના ઉમરાવો સાથે કલહો, તેમની અવનતિ, ને એણે દર્શાવેલી સામાન્ય ને અધમ વર્ગો તરફ રહેમ વિષે ઇતિહાસમાં ઘણું વિવેચન કરવામાં આવે છે. આમાં સત્ય પણ છે, જોકે ઘણે ભાગે અતિશયોક્તિ છે. વળી એ પણ ખરૂં છે કે રાજ્યના જુદા જુદા

વર્ગો તરફની લુઈની વર્તણુક રાજ્યને ઘણીવાર કંઈ પણ સેવા ન કરતાં વધારે તો મુસ્કેલીમાં આણતી. પણ લુઇએ કંઇક બીજું ઘણું વધારે અગત્યનું કાર્ય કર્યું હતું. અત્યાર સુધી રાજ્યનું શાસન ઘણુંખરૂં માત્ર બળથીજ ચલાવવામાં આવતું હતું. કળ વાપરવી, સલાહ આપવી, લોકોના મનમાં કંઈ વાત ઉતારીને કામ લેવું, ટુંકામાં યુક્તિ પર અત્યાર સુધી નહિ જેવું લક્ષ અપાતું હતું. અલબત લુઈની યુક્તિ અસત્ય ને પ્રપંચમયી હતી તોએ તે બળ નહિ પણ કળજ હતી. રાજકીય યુક્તિઓમાં સાધન ને સાધ્ય બન્ને બાબતોમાં સ્વાર્થનો ઉપયોગ ન કરતાં ન્યાયનો ઉપયોગ કરવાનું કામ આધુનિક સમયને માટે બાકી રહ્યું હતું, તેમ છતાં બળનો ઉપયોગ તજી દઇને માનસિક યુક્તિથી સત્તા વાપરવાની પદ્ધતિ વાપરવાનું અગીઆરમા લુઈથી શરૂ થયું.

ફ્રાન્સને પડતું મૂકી હવે હું સ્પેન વિષે બોલીશ. ત્યાં હું એવાજ પ્રકારના બનાવો જોઉં છું. પંદરમા સૈકામાં સ્પેનનું પ્રજાકીય ઐક્ય પણ એવીજ રીતે સધાયું હતું. સત્તાનું એકીકરણ પણ ત્યાં થયું હતું; ફર્ડિનેન્ડ (કૅથોલિક) ને ઇસાબેલ્લાના લગ્નથી કૅસ્ટાઇલ ને ઍરેગોનનાં બે મુખ્ય રાજ્યો સંધાયાં હતાં. ફ્રાન્સમાં બન્યું હતું તેમ અહીં પણ રાજ્યની સત્તા વિસ્તૃત પ્રદેશમાં વધી હતી ને બળવાળી થઈ હતી, તે સત્તાનાં ચાલક યંત્રો તરીકે વધારે મજબુત, ને વધારે ત્રાસ ઉત્પન્ન કરે એવાં નામોવાળી પદ્ધતિ કામમાં લેવામાં આવી હતી. પ્રાર્લ્યામેંટને બદલે, ત્યાં પ્રથમ રાજકીય ને પછી ધાર્મિક મતભિન્નતાને દબાવવાના હેતુથી ખાનગી જીવન વિષે તપાસ કરનારાં ન્યાયમંદિરો—ઇન્ક્વિઝિશનો અસ્તિત્વમાં આવ્યાં. આ ન્યાયમંદિરો તે વખતે માત્ર રાજકીયજ કામોને માટે સ્થપાયાં હતાં, ધાર્મિક નહિ; તે વખતે વ્યવસ્થા જાળવવા ખાતરજ સ્થપાયાં હતાં, ધાર્મિક મતો જાળવી રાખવાના ને નાસ્તિકતાવિરુદ્ધના હેતુથી નહિ. ફ્રાન્સ સાથેની આ સરખામણી માત્ર સંસ્થાઓમાંજ નહિ પણ માણસોની પણ હતી. કેટલેક અંશે ફર્ડિનેન્ડ રાજાનું રાજ્ય અગીઆરમા લુઈના રાજ્ય સાથે મળતું આવે છે.

તાણીતૂસીને આણેલી સરખામણીઓને હું અગત્યની ગણતો નથી; પણ આ બાબતોમાં સરખામણી ઘણી છે, ને સાધારણ બાબતોમાં તેમજ નાની વીગતોમાં પણ તે દેખાઈ આવે છે.

જર્મનિમાં પણ આપણે એજ સ્થિતિ જોઈએ છીએ. પંદરમા સૈકાને અન્તે પહેલા મેકિસમિલિઅને રાજસત્તા એકહથ્થી ને મજબુત કરી; સાત્તમા ચાર્લ્સે ફ્રાન્સમાં પ્રથમજ જાથુકનું લશ્કર ઉભું કર્યું, તેમજ મેક્સિમિલિઅને પણ એને વારસામાં મળેલાં રાજ્યો વિષે પણ તેમ પ્રથમ કર્યું. અગીઆરમા લુઈએ ફ્રાન્સમાં પોસ્ટ—ઑફિસ સ્થાપી, ને મેકિસમિલિઅને તે જર્મનિમાં દાખલ કરી.

પંદરમા સૈકામાં ઇંગ્લંડનો ઇતિહાસમાં બે મોટા બનાવો જોવામાં આવે છેઃ દેશની બહાર, ફ્રેંચ લોકો સાથે યુદ્ધ, ને દેશની અંદર, **વોર્સ ઓફ્ ધિ રોઝિઝ**, એક દેશની બહાર યુદ્ધ ને બીજું માંહોમાંહ, આ બન્ને જુદી જુદી લડાઈઓનું પરિણામ એકજ આવ્યું. ફ્રેંચ લોકોની સામેના યુદ્ધ માટે પ્રજાનો ઉત્સાહ એટલો બધો હતો કે તે જાળવી રાખતાં ફાયદો રાજાની સત્તાને થયો. બીજી કોઈ પણ પ્રજાના કરતાં લશ્કર પરનો કાબુ પોતાના હાથમાં રાખવાની બાબતમાં આ પ્રજા વધારે કુશળ હતીજ તોએ, એણે આ સમયે, તે કાબુ બિલકુલ ભવિષ્યના વિચાર વગર કે અંકુશ રાખ્યા વગર, રાજાના હાથમાં સોંપી દીધો. પાંચમા હેન્રિના રાજ્યમાં કસ્ટમના મોટા વેરાથી જે આવક થાય તે બધી રાજાને સ્વાધીન કરી દેવામાં આવી. ફ્રાન્સ સાથેના યુદ્ધનો અન્ત આવ્યો ત્યારે દેશની માંહોમાંહ બે મોટા વર્ગોમાં યુદ્ધ ઝામ્યું ને તેને પરિણામે અમીરવર્ગ અન્તે તદ્દન નિર્બળ ને સત્તા હાથમાં રાખવાને અશક્ત થઈ ગયો. ટ્યુડર વંશના રાજાઓ ગાદીએ આવ્યા, ને ૧૪૮૫ માં સાતમો હેન્રિ રાજ્યારૂઢ થયો તેના વખતથી રાજકીય સત્તા વધારે ને વધારે એકહથ્થી થવા માંડી, ને રાજા બળવત્તર થવા માંડયો.

ઈટાલિમાં રાજાની સત્તા સ્થપાઈજ નહોતી, પણ પરિણામ તપા

સવામાં આ બાબત કંઈ અગત્યની નથી. પંદરમા સૈકામાંજ પ્રજાસત્તાક રાજ્યોની પડતી થઈ, તેવી સત્તા નામમાં પણ જ્યાં રહી હતી ત્યાં તે એક કે વધારે કુટુંબોના હાથમાં ગઈ હતી. પ્રજાસત્તાક રાજ્યપદ્ધતિનું જીવન નાશ પામ્યું હતું.

યુરોપના કોઈપણ દેશ તરફ આપણે જોઈશું તો આપણને સમાજનાં જૂનાં તત્ત્વો ને સ્વરૂપો નાશ પામતાં દૃષ્ટિગોચર થશે. પ્રચલિત સ્વતંત્રતા જતી રહે છે, ને નવી ને એકહથ્થી સત્તા અસ્તિત્વમાં આવે છે. યુરોપની જૂની સ્વતંત્રતા આમ નાશ પામે છે તે વિષે કેટલુંક ભારે ખેદ ઉત્પન્ન કરે તેવું છે; તે વખતે, એનાથી કડવામાં કડવી લાગણીઓ ઉત્પન્ન થઈ હતી. ફ્રાન્સ, જર્મનિ, ને ઇટાલિમાં તે વખતના દેશભક્તો આ પરિવર્તન-જેની અસર વ્યાજબી રીતે જોહુકમી આણવાની ગણી શકાય-તેના પ્રતિ વિરોધ દર્શાવતા હતા, ને નિરાશા સાથે દિલગીર થતા. તેમની હિંમતને વખાણ્યા વિના, ને શોકને માટે દયા આણ્યા વિના કોઈનાથી પણ રહેવાય તેમ નથી; પણ તેનીજ સાથે એટલું પણ સમજવું જોઈએ કે આ પરિવર્તન માત્ર અનિવાર્ય હતું એટલુંજ નહિ પણ લાભકારક પણ હતું. ફ્યૂડલ ને સામાજિક સ્વતંત્રતાની યુરોપની આરમ્ભક પદ્ધતિ સમાજને વ્યવસ્થિત બંધારણમાં આણી શકી નહોતી. સામાજિક જીવનનો મુખ્ય અધાર નિર્ભયતા ને ઉન્નતિ પર છે. જે કોઈ પદ્ધતિ તરત વ્યવસ્થા ને ભવિષ્યમાં ઉન્નતિ આણી શકવા સમર્થ નથી, તે નઠારી છે, ને તરત તજાય છે. યુરોપની પ્રાચીન રાજકીય પદ્ધતિઓનું પંદરમા સૈકામાં એવું સ્વરૂપ હતું. એ પદ્ધતિથી સમાજને નિર્ભયતા ( વ્યવસ્થા ) કે ઉન્નતિ એમાંથી એકે સાધ્ય નહોતાં; એ બાબતો બીજી રીતે સાધવી પડતી હતી. મેં તમારી પાસે જે બધી હકીકતો રજુ કરી છે તેનો આજ ભાવાર્થ છે.

એજ સમયથી એક બીજી પણ બાબતની નોંધ લેવાય છે, ને આ બાબત યુરોપના ઇતિહાસમાં અગત્યની છે. પંદરમા સૈકામાંજ રાજ્યોના પરસ્પરના સંબંધો વધ્યા, નિયમિત થયા, ને સ્થાયી બન્યા. શાન્તિ કે યુદ્ધને

અર્થે જે મોટી સંધિઓને કરવામાં આવી હતી ને પાછળથી રાજ્યોની સત્તાઓને વિષે સમતા જાળવી રાખવામાં જે સાધનભૂત થઈ તે સંધિઓ પણ તેજ વખતે પ્રથમ થઈ હતી. એલચી કે સંધિકારક તરીકેની રાજનીતિની શરૂઆત પણ તેજ વખતથી થાય છે. આ બાબત રાજની સત્તાની વૃદ્ધિને લાભ કરનારી હતી. એક રીતે જોતાં રાજ્યોના બાહ્ય સંબંધો જાળવવાની બાબતનું સ્વરૂપજ એવું છે કે તે બાબત પર એકજ માણસ કે થોડાકજ માણસો સારી રીતે ધ્યાન આપી શકે, તે કામ છૂપી રીતે ને બરાબર કરી શકે. બીજી રીતે જોતાં લોકો એવા તો ઓછા દૂરંદર્શી હતા કે આવા પ્રકારની સંધિનાં પરિણામો શાં આવશે તે કળી શકતા નહોતા. તેમને પોતાને એ સંધિ રાજ્યની અંદરની વ્યવસ્થામાં કામની કે હિતકર નહોતી; તેઓ જાતે તે માટે ભાગ્યેજ દરકાર રાખતા, ને એ બાબતો એકહથ્થી સત્તાનેજ સ્વાધીન રાખતા. આ પ્રમાણે આરમ્ભથીજ એલચી ને સંધિકારક તરીકેની રાજનીતિ રાજાઓનાજ હાથમાં આવી, અને એ બાબત તેમના કુલ અધિકારની છે, દેશના લોકોને પોતા પર નંખાતા કર ને આન્તર વ્યવસ્થા વિષે બોલવાની સ્વતંત્રતા હોય છતાં બાહ્ય સંબંધોની બાબતમાં તેમણે માથું મારવાનું નથી એવો વિચાર લગભગ બધોજ યુરોપની પ્રજાઓમાં એક ચોક્કસ નિયમ, જાણે એક પ્રચલિત કાયદાના સૂત્ર માફક સ્વીકારાઈ ગયો હતો. સોળમા ને સત્તરમા સૈકાનો ઇંગ્લંડનો ઇતિહાસ ઉઘાડશો, તો આ વિચાર કેટલો બળવાન્ હતો તેનો તમને ખ્યાલ આવશે, અને ઇલિઝાબેથ, પહેલા જેમ્સ, ને પહેલા ચાર્લ્સના રાજ્યમાં અંગ્રેજી પ્રજાની સ્વતંત્રતાની વિરુદ્ધ આ વિચાર કેવી જબરી અસર કરતો હતો તે તમને માલૂમ પડશે. આજ નિયમને આધારે સલાહ ને લડાઈ, વ્યાપારના સંબંધો, ને બહાર દેશની બીજી બધી બાબતો હમેશાં રાજાનાજ કુલ અધિકારની ગણાતી, અને આનેજ લીધે દેશના હકોની વિરુદ્ધ અનિયન્ત્રિત સત્તા પોતાને ટકવી શકતી. આ કુલ અધિકાર વિષે વિરોધ દર્શાવવામ પ્રજાઓ ઘણીજ બીરુ બની ગઈ હતી, અને આ બીરુતા પરિણામમાં

તેમને ઘણી હાનિકારક નીવડી છે, કારણ કે સોળમા સૈકાથી શરૂ થતો યુરોપનો ઇતિહાસ રાજ્યોના પરસ્પરના સંબંધો જાળવવા વિષેની બાબતોથી ભરપૂર છે. લગભગ ત્રણ સૈકા સુધી આ પરસ્પરના સંબંધો ઇતિહાસમાં અગત્યનું સ્થાન લે છે.

ખરેખર આમ ન બને ને બીજું કંઈ બને તે ભાગ્યેજ સંભવિત હતું. આ પ્રકારની બાબતોમાં પ્રજાવર્ગ માથું મારી શકે તે પહેલાં સુધારામાં ઘણો વધારો થવો જોઈએ અને સામાન્ય બુદ્ધિ ને રાજકીય બાબતોમાં કુશલતામાં ઘણી અભિવૃદ્ધિ આવશ્યક છે. સોળમાથી અઢારમા સૈકા સુધી આ પ્રકારની લાયકાતથી લોકો હજી ઘણાજ પછાત છે. ઇંગ્લંડમાં પહેલા જેમ્સના રાજ્યમાં, સત્તરમા સૈકામાં શું થયું તે જુઓ; એનો જમાઈ–બોહીમીઆનો લોકપસંદગીથી નીમાયલો રાજા, પોતાનું રાજ્ય ખોઈ બેઠો ને એને વંશપરંપરાથી મળેલા રાજ્યને પણ એણે ખોયું. સમગ્ર પ્રોટેસ્ટન્ટ પ્રજા એનામાં હિત લેતી હતી, ને તે કારણને લીધે ઇંગ્લંડના લોકો એને માટે લાગણી ધરાવવા લાગ્યા. જેમ્સની પાસે એના જમાઈની મદદ લેવડાવવા ને તેને તેનું રાજ્ય પાછું મેળવી અપાવવા પ્રજામતનો જબરો ઉભરો માલૂમ પડ્યો હતો. આવેશમાં પાર્લ્યામેંટે પણ લડાઈને માટે માગણી કરી ને તેને માટે જોઈતાં સાધનો પૂરાં પાડવા વચન આપ્યું. જેમ્સ જાતે ખુશી નહોતો, એણે એ બાબતમાંથી છટકી જવા પ્રયાસ કર્યો, કેટલુંક લશ્કર જર્મનિમાં મોકલ્યું, ને પોતે પાર્લ્યામેંટને કહેવા આવ્યો કે ફત્તેહની કંઇપણ ઉમેદ રાખવી હોય તો ૯૦૦,૦૦૦ પૌંડની જરૂર છે. એની ગણત્રીથી પણ પાર્લ્યામેંટ આભી બની ગઈ, ને નાખુશીથી એણે ૭૭,૦૦૦ પૌંડ–એક પદભ્રષ્ટ થએલા રાજાને ગાદીએ આણવા, ને ઇંગ્લંડથી ઘણે દૂર આવેલા એક દેશને જીતવા–મંજુર કર્યા. રાજકીય બાબતોમાં પ્રજાનું આ પ્રકારનું અજ્ઞાન ને આવી નિર્બળતા હતી. ખરી હકીકતોની ખબર વગર, ને પોતાની જુમેદારીની બાબતની દરકાર કર્યા વિનાજ એ કામ કરતી; અને બહાર દેશના સંબંધો વિષે સત્તા એક-

હથી થવાનું ને તે રાજા પાસે જવાનું મુખ્ય કારણ આજ હતું.

હવે હું નીતિ ને વિચારો સંબંધી હકીકતો તમારી આગળ રજુ કરીશ. તેમાં પણ આપણે એજ અનુમાન પર આવીશું; સત્તા એકહથ્થી થવા તરફ વલણ, સમાજનું એકીકરણ, સામાન્ય રીતે જનહિતની બાબતે-માં વધારો થવો.

ખ્રિસ્તિસમાજસંબંધી હકીકતો આપણે સૌથી પહેલી તપાસીશું. છેક પંદરમાં સૈકા સુધી જનસમાજના જુદા જુદા અંગો પર એક સરખી રીતે અસર કરી શકે એવા સામાન્ય રસના વિષયો ધાર્મિક સિવાય અન્ય જોવામાં આવતા નથી. ખ્રિસ્તિસમાજ લોકોનું જીવન નિયમિત, વ્યવસ્થિત, ને અમુક દિશામાં અંકુશિત રાખતો હતો. આની વિરુદ્ધ સ્વતંત્રતાના પ્રયત્નો થયા પણ હતા, ને તે દબાવવાને ખ્રિસ્તિસમાજને ઘણો શ્રમ લેવો પડયો હતો. પણ અત્યાર સુધી તે દબાવી શકવા એ સમાજ ફત્તેહમંદ નીવડયો નહોતો; ને જે મતપંથોનો એ સમાજે અસ્વીકાર કર્યો હોય તેવા લોકોના મત પર પણ નહિ જેવી અસર કરી શકયો હતો. ખરૂં છે કે એ સમાજમાંજ મતભેદ ને કલહ થતા હતા. પણ તેની ચોક્કસ અસર કંઈ થતી નહોતી. પંદરમા સૈકાની શરૂઆતમાં એક નવોજ બનાવ દેખાવવામાં આવ્યો; એજ સમાજમાં નવા વિચારો, ફેરફાર, ને સુધારાની જરૂરીઆતની માન્ય રીતે માગણી થવા માંડી. ચૌદમા સૈકાના અન્ત પંદરમા સૈકાના પ્રારંભના સમયમાં પશ્ચિમ તરફ એક મોટી ફાટ પડી હતી–ઍવિગ્નૉન ને રૉમના બે પોપની વચ્ચે કલહ. ૧૩૭૮માં એની શરૂઆત થઈ. ૧૪૦૯માં **પીસાના** સભામંડળે એ કલહનો અન્ત આણવાના હેતુથી બન્ને પોપોને પદભ્રષ્ટ કર્યા, ને પાંચમા ઍલેકઝાન્ડરની નીમણુક કરી. પણ ફાટ પૂરાવવાને બદલે, કલહ શાન્ત થવાને બદલે તેમાં વૃદ્ધિ થઈ; એને બદલે ત્રણ પોપ થયા. અવ્યવસ્થા ને અનાચાર વધતાં ગયાં. ૧૪૧૪ માં કૉન્સ્ટન્સની સભા મળી. એ સભામાં પોપની નીમણુકનું કામ હાથ ન ધરતાં ખ્રિસ્તિસમાજમાંજ સુધારો કરવાનું કામ માથે લેવામાં

આવ્યું. આ હેતુથી એ સભાએ એક સુધારક મંડળની નીમણુક કરી. એ મંડળમાં જુદી જુદી પ્રજાઓના પ્રતિનિધિઓ બોલાવવામાં આવ્યા હતા, અને એનું કામ ખ્રિસ્તિસમાજને શા શા અનાચારો દૂષિત કરતા હતા, તેમાં સુધારો કેવી રીતે ઉત્તમતાથી કરી શકાય તે બાબતનું ટિપ્પણ કરવાનું હતું, આ પરથી સભા સુધારા પાર પાડવાનાં પગલાં યોજી કાઢવાનું કામ કરી શકે એ ઉદ્દેશ હતો. પણ સભા જ્યારે આ કામમાં રોકાઈ હતી ત્યારે એવો સવાલ ઉઠાવવામાં આવ્યો હતો કે અનાચારના સુધારાનું કામ પોતાના ધર્માધ્યક્ષ–પોપની દેખીતી રીતેજ મદદ વગર એ કરી શકે ખરી ? આનો ઉત્તર કેટલાક નકારમાં ભણ્યા ને તેમને ભીરુ પુરુષોએ ટેકો આપ્યો. સભાએ નવો પોપ ચુંટણીથી પસંદ કર્યો–પાંચમો માર્ટિન. એ પોપે ખ્રિસ્તિસમાજમાં સુધારાની યોજના પોતેજ કરવી એવી સભા તરફની એને ઇચ્છા દર્શાવવામાં આવી હતી. આ યોજના પસંદ નહિ પડવાથી, સભા વિસર્જન થઈ. ૧૪૩૧માં એજ ઉદ્દેશ સાધવા બેલમાં એક નવી સભા મળી. આગલી સભાનું કાર્ય કરવાના હેતુથીજ એ પણ મળી, પણ એને પણ એવીજ ફત્તેહ મળી. જેમ ખ્રિસ્તિસમાજમાં ફાટ પડી હતી તેમ આ સભામાંજ ફાટ પડી. પોપે આ સભા બેલથી કાઢી ફેરેરા મેળવવા ફરમાવ્યું, ને છેવટે ફ્લૉરેન્સમાં ધર્મગુરુઓમાંના કેટલાકોએ પોપનું કહેવું માનવા ના કહી ને તેઓ બેલમાંજ રહ્યા; ને અગાઉ જેમ બે પોપ હતા, તેમ હવે બે સભા થઈ. પરિણામ આનું કંઈ આવ્યું નહિ.

પોપની સત્તા વિજયવાન્ નીવડી, ને ધર્મસમાજ પર એનીજ સત્તા ચાલુ રહી. સભાએ માથે લીધેલું કાર્ય તે કરી શકી નહિ; પણ તેણે નહિ માથે લીધેલું એણે કેટલુંક સાધ્યું ,ને તે અન્તે ટકી રહ્યું. જે વખતે બેલની સભા સુધારા કરવાને અસમર્થ નીવડી તે વખતે, રાજાઓએ એ વિચારો પકડી લીધા, ને સભા જે કાર્યમાં નિષ્ફળ નીવડી હતી તેમાં તેઓ ફત્તેહ મેળવી શક્યા. જે કાર્ય ધાર્મિક સત્તા નિષ્ફળતા સાથે કરવા મથી રહી હતી, તે કાર્ય લૌકિક સત્તા પૂરૂં કરવાને જાણે દૈવનિર્માણ હતું.

પ્રજા તરફથી ધાર્મિક સુધારાના પહેલા પ્રયાસો પણ લગભગ આજ સમયે શરૂ થયા હતા. જૉન હુસ્સની પ્રવૃત્તિ ૧૪૦૪થી શરૂ થાય છે, તેજ વર્ષથી એણે પ્રેગમાં વ્યાખ્યાનદ્વારા શિક્ષણ આપવા માંડયું. આમ બે દિશાના સુધારા સાથે સાથે વધતા હતા; એક તો ખ્રિસ્તિસમાજનાજ ઉપલા વર્ગના ધર્મગુરુઓમાં-સુશીલ, પણ ગુંચવણ ભરેલો ને બાયલો સુધારો, અને બીજો ખ્રિસ્તિસમાજની બહાર ને વિરુદ્ધનો, જબરો ને જોસ્સાદાર સુધારો. આ બન્નેની વચ્ચે લડાઈ શરૂ થઈ. ખ્રિસ્તિઓની સભાએ જૉન હુસ્સ ને જેરોમને કૉન્સ્ટેન્સ બોલાવ્યા, તે તેમને નાસ્તિક ને ઉચ્છેદક તરીકે શિક્ષાપાત્ર જાહેર કર્યા. આજે આપણને આ બનાવો બરાબર સમજી શકાય તેવા છે. આ જુદા જુદા છતાં અન્તે એકજ ઉદ્દેશ સાધવા મથતા સુધારા વિષે આપણે અત્યારે બરાબર સમજી શકીએ તેમ છીએ. આ સુધારાના પ્રયત્નો એક બીજાની વિરુદ્ધ કરવામાં આવતા હતા, તોએ બન્નેનો ઉદ્દેશ છેવટે એકજ હતો.

પંદરમા સૈકાને અન્તે ધાર્મિક બાબતોમાં ત્યારે આ પ્રમાણે યુરોપની સ્થિતિ હતી—ઉપલા વર્ગના ધર્મગુરુઓ સુધારાને માટે નિષ્ફળ મથતા હતા, ને પ્રજાકીય સુધારો શરૂ થયો હતો, તેને ધર્મગુરુઓ દબાવવા મથતા, છતાં તે હમેશ ફરી ફરીને જાગ્રત્ થતો. પણ માત્ર ધાર્મિક બાબતોમાંજ તે વખતના લોકોનાં મન પ્રવૃત્ત થયાં નહોતાં. તમે જાણો છો તે પ્રમાણે ચૌદમા સૈકાના મધ્યમાંજ ગ્રીસ ને રોમના પ્રાચીન પુસ્તકોનો અભ્યાસ યુરોપમાં શરૂ થયો હતો. ડૅન્ટે, પેટ્રાર્ક, ને બોકકેશીઓ, અને તેમના સમકાલીન પુરુષો ગ્રીક ને લૅટિન હસ્તલિખિત પુસ્તકો માટે કેટલા ઉત્સાહથી શોધ કરતા, તે પછી તે છપાવતા, ને પ્રસિદ્ધિમાં આણતા, અને નજીવી પણ પુસ્તકશોધથી કેવો ઘોંઘાટ ને હર્ષ જોવામાં આવતો તે તમે જાણોજ છો.

આ ચળવળ ચાલી રહી હતી તે સમયે યુરોપમાં એક નવું મંડળ ઉભું થયું હતું. એ માણસની માનસિક ઉન્નતિ સાધવામાં સાધારણ રીતે

ગણવામાં આવે છે તેના કરતાં એ મંડળે ઘણો વધારે અગત્યનો ભાગ લીધો છે. એ મંડળ તે જૂનું ચહાનારાઓનું મંડળ હતું. હાલમાં આપણે આ શબ્દોનો જે અર્થ કરીએ છીએ તે એનો અર્થ ન કરવો એવી સાવચેતી મારે તમને આપવી જોઈએ; સાહિત્યની પદ્ધતિ કે મતભિન્નતાની બાબતોથી જુદીજ બાબતો પર એ ધ્યાન આપતું હતું. જૂનું ચહાનારૂં તે વખતનું મંડળ માત્ર વર્જિલ ને હોમર જેવા પ્રાચીન લેખકોનાં પુસ્તકો પ્રતિજ માનની લાગણી રાખતું નહોતું, પણ આખા પ્રાચીન સમાજ, તે વખતની સંસ્થાઓ, વિચારો, તત્ત્વજ્ઞાન, ને સાહિત્ય એ બધાંની તરફ માનની નજરથી જોતું. કબૂલ કરવું જોઇએ કે રાજનીતિ, તત્ત્વજ્ઞાન, ને સાહિત્યની બાબતોમાં ચૌદમાપંદરમા સૈકાના યુરોપ કરતાં પ્રાચીન સમય ઘણો ચઢીઆતો હતો. પ્રાચીન વિચારો, ભાવનાઓ, ને સંસ્થાઓ આટલાં બધાં માન્ય થાય, કે કેળવાયલા, સુધરેલા, ને તર્કશક્તિ સારી રીતે વાપરી શકે એવા માણસોમાંથી મોટો ભાગ પોતાના સમયના અસંસ્કૃત, અવ્યવસ્થિત, અશિષ્ટ રીતરિવાજો તરફ તિરસ્કાર દાખવે, અને વધારે વ્યવસ્થિત ને ઉન્નત સમાજના જીવનની બાબતોનો ઉત્સાહથી અભ્યાસ કરે અથવા તે તરફ લગભગ પૂજ્ય ભાવ રાખે તેમાં અજાયબ પમાય એવું કશું નથી. પંદરમા સૈકામાં જે સ્વતંત્ર વિચારકોનું મંડળ જોવામાં આવતું હતું ને જેમાં જુદા જુદા ઉંચા ધંધાના બધા વર્ગના માણસો જોડાતા તે આ પ્રમાણે સ્થપાયું હતું.

આ ચળવળ સાથે ટર્ક લોકોએ કોન્સ્ટેન્ટિનોપલ લીધું, પૂર્વમાંના શહેનશાહતની પડતી થઈ, ને ત્રાસેલા લોકો ઇટાલિમાં નાઠા તે બધું બન્યું. એ લોકો તેમની સાથે પ્રાચીન બાબતોનું વિશેષ જ્ઞાન, ઘણાંજ હસ્તલિખિત પુસ્તકો, ને પ્રાચીન સુધારાના અભ્યાસ કરવાનાં હજાર નવાં સાધનો લેતા આવ્યા. આને પરિણામે જૂનું ચહાનારાઓનું મંડળ દ્વિગુણ ઉત્સાહથી પ્રેરિત થયું તે સહેલથી કલ્પી શકાય તેમ છે. ઉપલા વર્ગના ધર્મગુરુઓમાં મોજશોખ ને આર્થિક અભિવૃદ્ધિનો પણ આજ સમય હતો, સાહિત્ય ને કળા તરફ રસનો પણ આજ સમય હતો.

એટલે, આ સમયે ત્રણ મુખ્ય બાબતો આપણા જોવામાં આવે છે: પ્રથમ, ખ્રિસ્તિ સમાજનો ધાર્મિક સુધારા માટેનો પ્રયત્ન; બીજું, ધાર્મિક સુધારાના પ્રજાકીય પ્રયત્ન; ને છેલ્લું, સ્વતંત્ર વિચારકનું મંડળ વિચારોમાં સુધારો કરવા પ્રયત્નશીલ થતું હતું તે પ્રયત્ન.

આટલેથી બસ નહોતું. માણસની મોટામાં મોટી બાહ્ય પ્રવૃત્તિઓનો પણ આજ સમય હતો. સફરો, સાહસો, ને શોધખોળોનો એજ સમય હતો. **પોર્ચુગીઝ** લોકો **આફ્રિકાને** કિનારે પ્રથમ ગયા, **વાસ્કો ડે ગામ** એ **કેપ ઓફ્** ગુડ હોપ મારફતનો રસ્તો શોધી કાઢયો, ક્રિસ્ટોફર કોલમ્બસે **અમે**-રિકા ખંડ શોધી કાઢયો, ને યુરોપના વ્યાપારમાં અજબ વૃદ્ધિ થઈ તે બધાંનો પણ આજ સમય હતો. હજારો નવી શોધખોળો થઈ; બીજી કેટલીક શોધખોળો જે અગાઉ જોકે જાણીતી હતી છતાં બહુ થોડા માણસોને જાણીતી હતી તે ઘણાના જાણવામાં આવી ને સામાન્ય ઉપયોગમાં આવવા માંડી. દારૂગોળાની શોધે યુદ્ધની પદ્ધતિ બદલી નાખી, ને હોકાયંત્રની શોધે નાવિકકળાની પદ્ધતિ બદલી નાખી. ઑઇલ પેન્ટિંગની કળા ધીમે ધીમે વધી, ને આખા યુરોપમાં ચિત્રકળાના ઉત્તમ નમુનાઓ ઠેકાણે ઠેકાણે જોવામાં આવવા માંડ્યા: તાંબા પર કોતરકામની કળા ૧૪૬૦માં શોધી કઢાઈ હતી તે પણ વધી ને ચિત્રકળાને ઉત્તેજક બની. ચીથરાંમાંથી બનાવાતો કાગળ સાધારણ ઉપયોગનો થઈ ગયો; અને છેવટે, ૧૪૩૬થી ૧૪૫૨ની વચ્ચેના સમયમાં મુદ્રણકળા શોધવામાં આવી.

આ સૈકાનું મહત્ત્વ ને એની પ્રવૃત્તિ કેવા પ્રકારનાં છે તે તમે હવે જોઈ શકશો. આ મહત્ત્વ હજી માત્રજ થોડુંજ દેખાઈ આવે છે, અને આ પ્રવૃત્તિનાં પરિણામ હજી પૂરેપૂરાં વિકાસમાં આવ્યાં નથી. એકદમ કરવા માંડેલા ભારે સુધારા નિષ્ફળ થયા જણાય છે, રાજ્યોની સત્તા વધી જણાય છે, ને પ્રજામાં શાન્તિ જણાય છે. એમ ધારવામાં આવે કે સમાજ કંઈ ઘણી વધારે સારી વસ્તુઓ મેળવવાની તૈયારી કરતો હતો, પણ તેવું નહોતું. સોળમા સૈકાનાં મોટાં રાજ્યપરિવર્તનોનો ભય તે વખતે માથા પર લટકતો હતો; પંદરમા સૈકામાં એ પરિવર્તનોની માત્ર તૈયારીજ થતી હતી. એ પરિવર્તનો મારા આવતા વ્યાખ્યાનના વિષય થશે.

# વ્યાખ્યાન બારમું.

વ્યાખ્યાનનો વિષય-રેફર્મેશન અથવા યુરોપના ધાર્મિક સુધારાનાં જુદાં જુદાં કારણો--એનું મુખ્ય લક્ષણ એ હતું કે એ સમયમાં મનુષ્યના માનસિક બળ પર અનિયમિત સત્તા વાપરવાની ને તેની સ્વતંત્રતા છીનવી લેવાની વિરુદ્ધ બળવો--જુદા જુદા દેશોમાં રેફર્મેશનનું ભવિષ્ય--રેફર્મેશનની નિર્બળતા--ધાર્મિક ને લૌકિક સમાજમાં થતાં પરિવર્તનોની સરખામણી.

યુરોપના સમાજમાં જોવામાં આવતી વ્યવસ્થાને માટે આપણને ઘણીવાર દિલગીરી ઉત્પન્ન થાય છે. આટલા બધા છિનભિન્ન ને અવ્યવસ્થિત સમાજના જીવન વિષે વાકેફ થવાની મુશ્કેલીઓ વિષે આપણે બૂમ પાડીએ છીએ. સામાન્ય હિતના વિષયો જેમાં વધારે હોય, વ્યવસ્થા, ને સામાજિક ઐક્ય જેમાં હોય એવો સમય જોવા આપણે ઉત્સુકતા રાખી છે. હવે આપણે ત્યાં આવી પહોંચ્યા છીએ. જે સમાજમાં સર્વત્ર સામાન્ય હકીકતો ને સામાન્ય વિચારો, અથવા તો વ્યવસ્થા ને ઐક્ય નજરે પડે એવા સમય આગળ હવે આપણે જઈએ છીએ. અહીં આપણને એક બીજા પ્રકારની મુશ્કેલી નડશે. અત્યાર સુધી હકીકતો જુદી જુદી હોય તેને સાંધી દેવાની આપણને ઘણી મુશીબત પડતી હતી. હાલના યુરોપમાં આ સ્થિતિ ઉંધીજ થઈ જાય છે. સામાજિક જીવનનાં બધાં તત્ત્વો ને બનાવો એકબીજાને સુધારે છે, ને અરસપરસ અસર કરે છે; લોકોના પરસ્પરના સંબંધ ઘણા વધારે પ્રકારના થાય છે ને તેમાં ગુંચવણ પણ વધતી જાય છે. જે સમયો વિષે આપણે અવલોકન કરી ગયા તેમાં ઘણા બનાવો છૂટક છૂટક, એક બીજાના સંબંધમાં આવ્યા વગર, માંહોમાંહ* અસર કર્યા વગર ચાલ્યા ગયા. આ પ્રકારની ભિન્નતા હવે આપણે કદાપિ જોવા-

ના નથી; બધી બાબતો સેળભેળ થાય છે—ને એકબીજા પર અસર કરે છે. આવા સંજોગોમાં એક સામાન્ય મુખ્ય બનાવ જુદો પાડવો ને તે વિષે બોલવું તેનાથી વધારે દુષ્કર શું હોઈ શકે ?સોળમા સૈકામાં રેફ્રમૅશન—એ સામાન્ય નામ નીચે જે મોટો ધાર્મિક બનાવ પ્રખ્યાત છે તે હવે આપણે તપાસવાનો છે. આ સ્થળે મને કહેવા દેજો કે રેફ્રરમૅશન એ શબ્દ હું માત્ર **ધાર્મિકપરિવર્તન** સાથેજ એક અર્થનો ગણીશ, ને તેના નામથી ( "સુધારો" ) સૂચિત થતો કોઈ પણ પ્રકારના અભિપ્રાયનો એ અર્થમાં સમાવેશ કરીશ નહિ. સોળમા સૈકાની શરૂઆત ને સત્તરમાના મધ્યના સમયમાં એ બનાવ માટે આપણે અવલોકન કરવાનું છે; કારણ કે સમયજ એ બનાવનું જીવન, ઉત્પત્તિ, ને નાશ એ બધાંનો સમાવેશ કરે છે. એ બનાવની ચોક્કસ તારીખ નહિ જેવું અગત્ય ધરાવે છે. એને શિક્ષાપાત્ર ઠેરવનાર—દસમા લુઇ નામના **પોપ**ની આજ્ઞાપત્રિકા જાહેર રીતે વિટેમ્બર્ગમાં લ્યૂથરે બાળી, ને રોમના ધર્મસમાજથી દેખીતી રીતે એ છૂટો પડ્યો તે ૧૫૨૦ના વર્ષમાં બન્યું હતું. આ સમયને ૧૬૪૮ સુધીના વર્ષની વચ્ચેનો જે સમય તેમાંજ રેફ્રમૅશનનું જીવન સમાઈ જાય છે.

જ્યારે આ મોટા બનાવનાં કારણો શોધી કાઢવામાં આવે છે ત્યારે રેફ્રમૅશનના શત્રુઓ એને અચાનક કારણોથી જન્મેલો બનાવ ગણાવી કાઢે છે, ને સુધારાના ઇતિહાસમાં થએલા એક દુર્દૈવના પરિણામરૂપ બતાવે છે. દાખલા તરીકે પાપ કરનારાઓ પોતાનાં પાપ માટે પાછળથી પસ્તાય તો તેમાંથી મુક્ત કરનારાં ક્ષમાપત્રો **પોપ**ને આપવાનો અધિકાર હતો. આ ક્ષમાપત્રો વેચવાનો અધિકાર ડૉમિનિકન મંડળના માણસોને સોંપવામાં આવેલો હોવાથી **ઑ**ગસ્ટિન મંડળના લોકો ઈર્ષ્યાના આવેશમાં મુકાયા હતા. હવે **લ્યૂ**થર **ઑ**ગસ્ટિન હતો, ને તેજ એના આવેશનું ને એની શત્રુતાનું, અન્તે રેફ્રમૅશનનું કારણ હતું. બીજાઓ એ બનાવ રાજાઓની સ્પર્ધાને લીધે, **પોપ**ની ધાર્મિક સત્તાની અદેખાઈને લીધે, ને અમીરવર્ગના લોકોની ખ્રિસ્તિસમાજની સંપત્તિ પર તરાપ મારવાની ઇચ્છા અને સામાન્ય

લોભને લીધે જન્મ પામ્યો એમ બતાવે છે. આમ એ લોકો આ ધાર્મિક પરિવર્તન માણસોની હલકટ વૃત્તિઓ, તેમના ખાનગી લાભો, ને આવેશોને લીધેજ ઉત્પન્ન થવા પામ્યો એમ સમજાવે છે.

બીજી તરફથી રેફર્મેશનની તરફેણવાળાઓ ને એના મિત્રોએ એ બનાવ ખ્રિસ્તિસમાજમાં પ્રચલિત અનાચારોમાં સુધારો કરવાની આવશ્યક્તા-માંથી પરિણામ પામેલો દર્શાવવા પ્રયત્ન કર્યો છે. ધાર્મિક બાબતોમાં લોકોની ફરિયાદો દૂર કરવા શરૂ કરાયલો, ને ખ્રિસ્તિસમાજની શુદ્ધ પૂર્વ-કાળના જેવી સ્થિતિને પુનઃસ્થાપિત કરવા શરૂ કરાયલો પ્રયત્નજ તેમને તો એ લાગ્યો છે. આ બેમાંથી એક્કે મને તો ખરૂં લાગતું નથી. આ બીજા પ્રકારની સમજુતી પહેલીના કરતાં વધારે સત્યતાથી ભરેલી છે; એમ નહિ તોએ એ મોટા બનાવના વિસ્તાર ને અગત્યને વધારે બંધ-બેસતી તો છેજ; તોએ હું એને ખરી માનતો નથી. મારા વિચાર પ્રમાણે રેફર્મેશન એક અચાનક બનેલો બનાવ પણ નહોતો કે ધાર્મિક સુધારાના અમુક ઉદ્દેશો સાધનાર બનાવ પણ નહોતો, ખાનગી જીવનની બાબતોથી અકસ્માત્ બનેલો નહોતો કે મનુષ્યત્વ ને સત્યની એક મનઃકલ્પિત સૃષ્ટિના કોઈ આદર્શના પરિણામરૂપ પણ નહોતો. આ બધાંના કરતાં એનું કારણ ઘણું વધારે બળવત્તર હતું, અને તે કારણ આ બધાં ખાસ કારણોના કરતાં વધારે બહાર પડી આવતું ને અગત્યનું છે. એ બનાવ મનુષ્યના મનને અત્યાર સુધીનાં બન્ધનોમાંથી વિમોચન કરાવવાનો એક મહાન્ પ્રયાસ હતો, અને ખરા શબ્દો વાપરીએ તો ધાર્મિક સત્તાની અનિયંત્રિતતા સામે એ મનુષ્યના મને ઉઠાવેલો એક બળવો હતો. રેફર્મેશનનું ખરૂં, સામાન્ય, ને અગત્યનું સ્વરૂપ મારા માનવા પ્રમાણે આવું હતું.

આ સમયે એક તરફથી મનુષ્યના મનની સ્થિતિ તપાસીએ છીએ, ને બીજી તરફથી તેના પર હકુમત ચલાવનાર ધર્મસમાજની સ્થિતિ જોઈએ છીએ ત્યારે બે બાબત આપણું ધ્યાન ખેંચે છે; માણસનું મન અગાઉ કોઈ પણ વખતે હતું તેના કરતાં અત્યારે વધારે પ્રવૃત્તિમાં હતું, ને વિકાસ ને સત્તા

મેળવવા તરફ પણ તેનું વધારે વલણ હતું. આ નવી પ્રવૃત્તિ ઘણાં કારણોના પરિણામરૂપ હતી, પણ તે કારણો ઘણા યુગો સુધી એકઠાં થયાં કરતાં હતાં. દાખલા તરીકે, કેટલાક યુગો એવા પણ હતા કે જે વખતે નાસ્તિકમતો અસ્તિત્વમાં આવ્યા હતા, કેટલોક સમય ટક્યા હતા, તૂટી ગયા, ને અન્તે તેને ઠેકાણે બીજા પણ મતો અસ્તિત્વમાં આવ્યા હતા; અને જેમ નાસ્તિક મતોના યુગો હતા તેમ તત્ત્વજ્ઞાનના જુદા જુદા વિચારોના પણ સમયોને વિષે બન્યું હતું. ધર્મ કે તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં મનુષ્યના મને લીધેલો વિચારનો શ્રમ અગીઆરમાથી સોળમા સૈકા સુધી એકઠો થયા કર્યો હતો; અને છેવટે તેનું પરિણામ જણાવવું જોઈએ તે ક્ષણ આવી પહોંચી હતી. તે ઉપરાંત, ખ્રિસ્તિસમાજમાંજ શિક્ષણનાં જે બધાં સાધનો હતાં તેનાં પણ ફળ આવ્યાં હતાં. શાળા સ્થપાઈ હતી, અને તેમાંથી જ્ઞાન ધરાવનારા માણસો શિક્ષણ લઈ લઈને બહાર નીકળ્યા હતા, ને તેમની સંખ્યા દિવસે દિવસે વધતી હતી. આ માણસો છેવટે પોતે સ્વતંત્ર બુદ્ધિથી વિચાર કરવાનું પસંદ કરતા. છેવટે પ્રાચીન બાબતોના પુનઃસ્થાપનથી મનુષ્યના મનને પુનર્જીવન મળતું હતું તે પણ આજ સમયે થયું હતું. એ બાબત વિષે મેં આગળ તમને કહ્યું છે.

સોળમા સૈકાની શરૂઆતમાં આ બધાં કારણો એકઠાં થવાથી માણસના મન પર પ્રગતિની આવશ્યકતાની જબરી છાપ પડી હતી.

આ બધાં વિરુદ્ધની ધાર્મિક સત્તાની સ્થિતિ તદ્દન જુદાજ પ્રકારની હતી; એ આળસ ને જડતામાં સપડાઈ ગઈ હતી. ધાર્મિક સમાજની ને રોમના ધર્મમંડળની રાજકીય શાખ ઘણી ઘટી ગઈ ગતી. યુરોપનો સમાજ ક્યારનોએ એના હાથમાંથી ખસી ગયો હતો ને લૌકિક રાજસત્તાના તાબામાં આવી ગયો હતો. તેમ છતાં ધાર્મિક સત્તા પોતાનો આડંબર, બહારના હકો ને અગત્ય જાળવી રહેતી હતી. એણે જેમ જૂનાં રાજ્યોની સત્તા તોડવાને કર્યું હતું તેમ એને વિષે પણ તેવુંજ બન્યું. એની વિરુદ્ધ ફરિયાદો થતી તેમાંની મોટે ભાગે એને વિષે લાગુ પડે તેવી નહોતી. સોળમા સૈકામાં

રોમનું ધાર્મિક મંડળ ઘણું જોરજુલમી હતું તે ફરિયાદ ખરી નથી, અને બીજા વખતોમાં જેવા અનાચારો થતા તેના કરતાં એના ખરેખરા અનાચારો સંખ્યામાં વધારે, કે વધારે ખરાબ હતા તેમ પણ નથી. એથી ઉલટું ધાર્મિક સત્તા તે વખતે હતી તેટલી અગાઉ કોઈ વખતે બિનદરકાર ને સહિષ્ણુ નહોતી; જો માણસ એને છેડ્યા વગર રહેવા દે તો માણસોની સ્વતંત્રતાને પણ એ છેડ્યા વિના રહેવા દેવા તૈયાર હતી. પણ સત્તા જ્યારે ઓછામાં ઓછી બળવાન્ હોય છે, તેને માટે લોકોને ઓછામાં ઓછું માન હોય છે, ને તે ઓછામાં ઓછું અનર્થ ઉત્પન્ન કરતી હોય છે ત્યારેજ તેના પર હુમલો પણ થાય છે, કારણ કે ત્યારેજ તેના પર હુમલો કરવો શક્ય હોય છે, અગાઉ તો તે અશક્ય હોય છે.

આ પરથી દેખીતુંજ છે કે રેફર્મેશનનો બનાવ મેં દર્શાવ્યા મુજબ સ્વતંત્રતા મેળવવાનોજ મોટો પ્રયાસ હતો. બીજાં જે કારણો ગણાવવામાં આવે છે તે આના પ્રમાણમાં બહુ ઓછી અગત્યનાં હતાં.

હું એક એવી ધારણા કરૂં છું કે રેફર્મેશનનાં શરૂઆતનાં વર્ષો પછી, જ્યારે એણે ધારેલા બધા ઉદ્દેશો જાહેર કરી ચૂક્યું હોય ને બધી ફરિયાદો કરી ચૂક્યું હોય, ત્યારે જાણે ધાર્મિક સત્તા એના મતની થઈ ગઈ હોય, ને એને કહે કે—"ઠીક, એમ ત્યારે. હું બધુંજ સુધારીશ. હું વધારે નિયમિત ને ધાર્મિક વ્યવસ્થા પ્રમાણે વર્તીશ. બધી ઉશ્કેરણી, બધી અવ્યવસ્થા, બધા કરો હું દબાવી દઈશ. ધાર્મિક સિદ્ધાન્તોની બાબતોમાં પણ હું પૂર્વના અર્થો કબૂલ રાખીશ. પણ જ્યારે બધી ફરિયાદો આમ દૂર થાય, ત્યારે, હું મારૂં મહત્ત્વ ચલાવીશ—અગાઉની પેઠે માણસના મન પર મારો કાબુ રહેશે, ને તે અગાઉ જેટલીજ સત્તા ને અગાઉ જેટલાજ હકો સાથે." શું તમે ધારો છો કે આટલી કબૂલાતોથી ધાર્મિક પરિવર્તન કરનારાઓ સંતુષ્ટ થાય, ને તેમની પ્રગતિના કાર્યમાંથી અપ્રવૃત્ત બને? હું નથી ધારતો. હું દઢતાથી માનું છું કે એ કાર્યમાં તેઓ પ્રવૃત્તજ રહત, ને સુધારાની માગણી કર્યા પછી સ્વતંત્રતાની માગણી કરત. સોળમા સૈકાના અણીના સંજોગો માત્ર

સુધારોજ કરાવનારા નહોતા, પણ ઉચ્છેદક હતા, બધું ફેરવી નંખાવે એવા જબરા હતા. એ સમયને આ બાબતના ગુણદોષોથી વિમુક્ત કરવો અશક્ય હતો; અને આવા સ્વરૂપનાં બધાંજ પરિણામો પણ તેમાં જણાયાં હતાં.

સોળમા સૈકાનું ધાર્મિક પરિવર્તન જ્યાં જ્યાં પ્રસર્યું હતું ત્યાં બધેજ મનુષ્યના મનને પરતંત્રતામાંથી જો એ તદ્દન વિમુક્ત નહિ કરી શક્યું હોય તોએ નવી રીતની સ્વતંત્રતા એને ઘણી મેળવી આપી માલૂમ પડશે. માણસનું મન સંજોગો પ્રમાણે, રાજસત્તાથી સ્વતંત્ર કે તેને તદ્દન અધીન એ બનાવને લીધે થવા પામ્યું; તોપણ ધાર્મિક સત્તાને તો એણે તદ્દન નિર્બળ કરી નાખી ને માણસના મન પર એનો નિયમિત કાબુ હતો તે છીનવી લીધો જુદા જુદા દેશોના જુદા જુદા સંજોગોમાં રેફર્મેશને આ પરિણામ બધેજ આણ્યું હતું. જ્યાં જ્યાં રેફર્મેશનનો પવન પેઠો, પછી તે ફાવ્યો કે નહિ, તોએ બધાજ સંજોગોમાં ધાર્મિક સત્તાથી તેણે મનુષ્યના મનને તદ્દન સ્વતંત્ર કર્યું છે. આ પરિણામ અન્તે આવ્યું છે એટલુંજ નહિ, પણ તેટલાથીજ એ હિલચાલ જાણે સફળ થઈ છે. જ્યાં જ્યાં એને એટલું મળ્યું છે ત્યાં એણે વધારેની અપેક્ષા રાખી નથી, અને એથીજ એ બનાવનો અગત્યનો ભાગ માણસને ધાર્મિક સત્તાથી સ્વતંત્ર કરવાનો હતો તે સાબીત થાય છે. તેથી જર્મનિમાં રાજકીય બાબતોમાં દાસત્વ, અથવા એટલું બધું નહિ તોએ અસ્વતંત્રતા એણે સહી લીધી. ઇંગ્લંડમાં ધર્મગુરુઓના ચઢતા ઉતરતી ક્રમો એણે કબૂલ રાખ્યા, ને રોમન ધર્મસમાજના કરતાં પણ વધારે અનાચારવાળો સમાજ સહી લીધો. આમ કેટલીક બાબતોમાં રેફર્મેશન ઘણો જોસ્સો બતાવતું હતું, તે આ બાબતોમાં આટલું બધું નબળું ને નમતું કેમ થતું હતું ? તેનું કારણ એજ હતું કે એને મુખ્ય જે કામ સાધવું હતું તે સધાતું હતું–ધાર્મિક સત્તાનો બહિષ્કાર ને મનુષ્યનું તેમાંથી વિમોચન. હું ફરીથી કહું છું કે જ્યાં જ્યાં આ ઉદ્દેશ સધાતો, ત્યાં એ બધીજ પદ્ધતિઓ ને સ્થિતિઓ નીભાવી લેવાતી.

આ તપાસની ઉલટી તરફથી સાબીતી હવે લઈએ. જે દેશોમાં

ધાર્મિક પરિવર્તનનો પવન દાખલ થવા પામ્યો નહોતો ને જ્યાં શરૂઆતમાં જ તેને દબાવી દેવામાં આવ્યો હતો, ત્યાંનો ઈતિહાસ આપણે જોઈ એ. આપણને માલૂમ પડે છે કે માણસના મન પરનાં બન્ધનોનું ત્યાં વિમોચન થયું નથી. સ્પેન ને ઈટાલિ, એ બે મોટા દેશો આ સાબીત કરશે. જ્યારે યુરોપના જે દેશોના ઇતિહાસમાં રેફ્રમેંશન અગત્યનો ભાગ લેતું હતું, ત્યાં છેલ્લા ત્રણ સૈકામાં માણસની બુદ્ધિએ અગાઉ કદાપિ નહિ અનુભવેલી એવી પ્રવૃત્તિ ને સ્વતંત્રતા અનુભવવા માંડી હતી, ત્યારે તેજ સમયમાં જે દેશોમાં એ સુધારો દાખલ થયો નથી ત્યાં બુદ્ધિ નિર્માલ્ય ને જડ થઈ ગઈ હતી. આમ સીધી ને ઉલટી રીતની સાબીતી એકજ વખતે સાથે સાથેનો ઇતિહાસ તપાસતાં આપણે કરી છે ને, તે બન્ને પરથી એકજ અનુમાન પર આવીએ છીએ.

વિચારનો જોસ્સો, ને ધાર્મિક બાબતોમાં અનિયંત્રિત સત્તાનો બહિષ્કાર એ બે રેફ્રમેંશનનાં મુખ્ય લક્ષણો, એની થએલી અસરનું સામાન્ય પરિણામ, ને એના ભવિષ્યના ઇતિહાસમાં મુખ્ય હકીકત છે.

હકીકત એ શબ્દો હું ખાસ વાપરૂં છું. રેફ્રમેંશનના ઇતિહાસમાં માણસના મન પરનાં બન્ધનોનું વિમોચન તે કંઈ સિદ્ધાન્ત નહોતો પણ એક હકીકત હતી, તે કંઈ ધારણા નહોતી પણ એક પરિણામ હતું. આ બાબતમાં હું ધારૂં છું કે ધાર્યા કરતાં રેફ્રમેંશને વધારે ઉદ્દેશ સાધ્યો હતો. બીજાં ઘણાં પરિવર્તનો જ્યારે પોતે ધારેલા ઉદ્દેશો સાધવામાં પાછળ પડી જાય છે, જ્યારે તેમાં આવતાં પરિણામો ધારણાઓ કરતાં ઘણાં ઉતરતાં હોય છે ત્યારે રેફ્રમેંશનનાં પરિણામો ધારણાઓ કરતાં ચઢી ગયાં. એ પરિવર્તન યોજનામાં હતું તેના કરતાં બનવામાં ચઢીઆતું નીવડયું. એણે જે કાર્ય સાધ્યું તેનો પૂર્વથી એને ખ્યાલ નહોતો, ને તેમ કરવાનું તે કહેતું પણ નહોતું.

એના શત્રુઓ એની સામે વારંવાર શું વાંક કાઢે છે? એનો અવાજ બંધ કરવાને એનાં કયાં પરિણામો તેઓ દાઢમાં લે છે ?

મુખ્ય બે. ૧લું. ધાર્મિક સમાજના ટુકડા થઈ ગયા તે. ૨જું જુલમ ને અસહિષ્ણુતાથી વપરાતું જોર. એ સુધારાના વિરોધીઓ કહે છે; "તમે સ્વેચ્છા ઉશ્કેરો છો; તમે એને ઉત્પન્ન સુદ્ધાં કરો છો; અને તે કરી રહ્યા પછી તમે તેને નિયમમાં લાવવા ને દબાવવા ઇચ્છો છો, અને તમે તેને કેવી રીતે દબાવો છો? સખ્તમાં સખ્ત પગલાં ભરીને તમે જાતેજ નાસ્તિકતાને જોરથી હાંકી કાઢો છો, ને તે હક વગરની સત્તા વાપરીને."

રેફર્મેશનની વિરુદ્ધ કરવામાં આવેલા બધા હુમલાઓ તપાસી જાઓ, ને તેમાં માત્ર ધર્મમત પંથની બાબતો હોય તે જુદી રાખો, તો તમને જણાશે કે આ બેજ મુખ્ય વાંધા લેવામાં આવે છે.

સુધારકપક્ષ તેથી ઘણો ગુંચવાઈ ગયો હતો. એ લોકોએ ધર્મસમાજના ટુકડા કરી નાખ્યા ને ઘણા પંથ સ્થાપ્યા એ વાંધો કબૂલ કરી, તે યોગ્ય રીતે જરૂરનું હતું એમ કહેવાને બદલે સુધારકો તેના અસ્તિત્વ વિષે શાપ ભણતા તે પંથોનો બહિષ્કાર કરતા, દિલગીર થતા, ને તેનો અસ્વીકાર કરતા, કહેતા કે પંથો છેજ નહિ. જોરજુલમ વાપરવા વિષે, વાંધો લેવામાં આવતો, ત્યારે તેના બચાવમાં પણ એટલાજ ગુંચવાતા; તેની આવશ્યક્તા છે એમ કહેતા, અને કહેતા કે સત્ય તેમના હાથમાં આવેલું હોવાથી ભૂલ દબાવવા ને તે માટે શિક્ષા કરવાનો તેમને હક હતો; એમનો પંથ ને એમની સંસ્થાઓજ ખરાં છે એમ કહેતા, અને રોમન ધર્મસમાજ ને સુધારકોને શિક્ષા કરવાનો હક નહોતો, તેનું કારણ તેઓ એમ બતાવતા કે તે સમાજ તેમની વિરુદ્ધ ભૂલમાં હતી.

જ્યારે જોરજુલમથી કામ લેવા વિષેનો વાંધો તેમના શત્રુઓ તરફથી નહિ પણ તેમનામાંનાજ માણસો, તેમનાજ જે પંથના માણસોનો સુધારકો બહિષ્કાર કરતા હતા તેમની તરફથી લેવામાં આવતો અને તેઓ કહેતા: "અમે માત્ર તમે જે કર્યું છે તેજ કરીએ છીએ; જેમ તમે જુદા પડ્યા તેમજ અમે પણ માત્ર જુદાજ પડીએ છીએ," ત્યારે સુધારકો આનો

ઉત્તર દેવામાં તેથીએ વધારે ગુંચવાતા, ને ઘણીવાર તો માત્ર બમણા જોરથી પ્રત્યુત્તર આપતા.

ખરૂં જોતાં ધાર્મિક બાબતોમાં અનિયન્ત્રિત સત્તાનો નાશ કરવાને સુધારકો મથતા હતા તે વખતે તેઓ બુદ્ધિના સ્વાતંત્ર્યના ખરા નિયમો વિષે અજ્ઞાનની સ્થિતિમાં હતા. મનુષ્યના મન પરના બન્ધનમાંથી તેઓએ તેને વિમુક્ત કરાવ્યું, ને તેમ છતાં નિયમિત રીતે તેને અંકુશમાં રાખવાનો તેઓ દાવો કરતા હતા. વ્યાવહારિક રીતે સ્વતંત્ર વિચારશક્તિને તેઓ ઉત્તેજન આપતા હતા, નિયમમાં ખોટી સત્તાને બદલે ખરી સત્તાને તેઓ સ્થાપિત કરતા હતા; પણ આમાંની પહેલી બાબત, પહેલો ઉદ્દેશ બરાબર સાધી શકાયો નહિ, અને પોતે શરૂ કરેલા કાર્યને અન્ત સુધી વળગી રહેવાયું નહિ. આમ બમણા દોષને તેઓ શરણે ગયા; એક તરફથી વિચારશક્તિના સંપૂર્ણ હકો તેઓ જાણતા નહોતા ને તેને માન આપતા નહોતા, ને બીજી તરફથી સત્તાના હક કેવી રીતે જાળવવા ને શા પ્રમાણમાં તે વિષે તેઓ અજ્ઞાનમાં હતા. સુધારકો પોતાનાજ સિદ્ધાન્તો ને તેનાં પરિણામો વિષે બરાબર સમજતા નહોતા ને તે પ્રમાણે વર્તી શકતા નહોતા.

આજ કારણથી સુધારાના વિચારોમાં કંઈક પરસ્પર વિરોધ ને સંકુચિતતા જોવામાં આવતાં હતાં, ને આથી ઘણીવાર તેના વિરોધીઓ ફાવતા ને તેમને છીડાં શોધવાનું જડતું હતું. તેમના વિરોધીઓ તેઓ શું કરતા ને શું કરવા માગતા તે બહુ સારી રીતે સમજતા હતા; તેઓ જે કંઈ કરતા તેનો હેતુ એ વિરોધીઓ શોધી કાઢતા, ને તેનાં બધાં પરિણામો દર્શાવતા. સુધારકો જેટલું ધારતા તેટલું કરી શકતા નહિ, ને તેને લીધે તેમના કામોમાં કંઈક અપૂર્ણતા, કંઈક વિરોધ, કંઈક સંકોચ જોવામાં આવતાં. આને લીધે તેઓ વિજયી નીવડતા તોએ બુદ્ધિની નજરે જોતાં કંઈક અધર્મ પ્રાપ્ત કરતા, ને તેનું પરિણામ પણ વસ્તુતઃ કેટલીક વાર જોવામાં આવતું હતું. રેફર્મેશન પક્ષનું નબળું પાસું આજ હતું, એજ

સુધારાની ફત્તેહની આડે આવતું, ને એજ તેને પોતાનો બચાવ પણ બરાબર કરવા દઈ શકતું નહોતું.

સોળમા સૈકામાં થએલો આ ધાર્મિક સુધારો બીજાં ઘણાં દષ્ટિબિન્દુઓથી જોઈ શકાય. પણ સમાજ પર તેણે કેવી અસર કરી તે અગત્યની બાબત હું ચર્ચીશ. એ સુધારાથી સામાન્ય લોકોમાં ધર્મની લાગણીઓ જાગ્રત્ થઈ. પૂર્વે ધર્મ જાણે માત્ર ધર્મગુરુઓનેજ માટેજ હતો ને તે લોકોનેજ જાણે ધાર્મિક વિષયો પર બોલવાની સત્તા હતી. રેફ્રમેશનથી ધાર્મિક મતપંથોનો સામાન્ય પ્રચાર પ્રસરી ગયો; આસ્તિક લોકોને માટે એણે શ્રદ્ધાનાં ક્ષેત્રો ખુલ્લાં કરી આપ્યાં, જે અત્યાર સુધી તેમને માટે બંધ હતાં. વળી એ સુધારાનું બીજું પણ એક પરિણામ આવ્યું હતું. રાજકીય બાબતોમાંથી ધર્મનો એણે સમૂળગો અથવા લગભગ સમૂળગો બહિષ્કાર કરાવ્યો; લૌકિક સત્તાનું સ્વાતંત્ર્ય એણે પાછું મેળવી આપ્યું.

બીજાં ઘણાં પરિણામો દર્શાવી શકાય તેમ છે. પણ હું આટલેથીજ સંતોષ પામું છું. રેફ્રમેશન વિષે આપણે જોયું તે પ્રમાણે મુખ્ય એકજ બાબત છે—ધાર્મિક બાબતોમાંથી અનિયંત્રિત સત્તાનો બહિષ્કાર.

આધુનિક યુરોપના ઇતિહાસના આ બનાવ અને લૌકિક બનાવોની સરખામણી જોવા લાયક છે અને તે વિષે હું થોડુંક બોલીશ ને પછી આ વ્યાખ્યાન સમાપ્ત કરીશ.

ખ્રિસ્તિસમાજના ઇતિહાસ વિષે જ્યારે હુ બોલ્યો હતો ત્યારે આપણે જોયું હતું કે એ સમાજ શરૂઆતમાં એક સ્વતંત્ર સમાજ હતો, ને તેના પર શરૂઆતમાં કોઈ પણ પદ્ધતિ કે નિયમોના અંકુશ નહોતા, માત્ર જરૂર પડતી તે પ્રમાણે નીતિના નિયમોનો અંકુશજ તે પર રાખવામાં આવતો હતો. યુરોપમાં લૌકિક સમાજનો પણ આરમ્ભ એવીજ રીતનો હતો—એ પણ તદ્દન સ્વતંત્ર સમાજ હતો, તેમાં પણ કોઈ પ્રકારના નિયમો કે કાયદાઓના અંકુશ નહોતા, ને દરેક માણસ પોતાને ઠીક લાગતું તેટલા માટે ને તેવી રીતે એ સમાજના અંગ તરીકે રહેતો ને વર્તતો. એ આરમ્ભની

સ્થિતિને અન્તે ધાર્મિક સમાજમાં ઉપલા વર્ગના ધર્મગુરુઓની નિરંકુશ સત્તાનું બળ વધ્યું હતું ને એ સમાજ તેમનાથીજ દોરવાતો હતો. લૌકિક સમાજમાં પણ તેવુંજ હતું; તેમાંએ ફ્યૂડલ અમીરો, ને ઉચ્ચ વર્ગના લોકોના હાથમાંજ સર્વ સત્તા હતી. ધાર્મિક સમાજમાં ઉપલા વર્ગના ધર્મ-ગુરુઓના હાથમાંથી એકજ માણસના હાથમાં બધી સત્તા ગઈ—પોપના લૌકિક સમાજમાં પણ એવોજ ફેરફાર થયો હતો, અમીર ને ઉચ્ચ વર્ગના લોકોની સત્તાનો નાશ કરીનેજ નૃપસત્તાનું બળ વધ્યું હતું. સોળમા સૈકામાં ધાર્મિક સમાજમાં અનિયન્ત્રિત સત્તા વધી ગઈ હતી તેની વિરુદ્ધનો પવન વાવા મંડ્યો, ને તેને પરિણામે યુરોપમાં સ્વતંત્ર વિચારો થવા માંડ્યા, સ્વતંત્ર વિચારો માનનીય ગણાવવા માંડ્યા, ને સ્થપાવવા મંડયા. લૌકિક સમાજમાં એવીજ સ્થિતિ આપણા દિવસોમાં આવતી આપણે જોઈ છે. અનિયન્ત્રિત લૌકિક સત્તા—રાજસત્તા પર હુમલા કરવામાં આવ્યા, ને તેને જીતી લેવામાં આવી હતી. આમ તમે જોયું કે એ બન્ને સમાજોમાં એકજ પ્રકારના ફેરફારો થતા ગયા છે, ને તેમાં એકજ જાતનાં પરિવર્તનો થયાં છે; ફેર માત્ર એટલોજ છે કે આવા ઇતિહાસમાં ધાર્મિક સમાજના ફેરફારો સૌથી પહેલા થયા છે.

હવે આપણે આધુનિક સમાજની એક મોટી બાબત સુધી આવી પહોંચ્યા છીએ—એ બાબત તે સ્વતંત્ર વિચાર, મનુષ્યનું મન નિરંકુશ બુદ્ધિનો ઉપયોગ કરે તે છે. તેની સાથે સાથે બધેજ રાજકીય બાબતોમાં સત્તા એકહથ્થી વધારે ને વધારે થઈ હતી તે પણ આપણે જોયું છે. મારા આવતા વ્યાખ્યાનમાં હું ઇંગ્લંડના રાજકીય પરિવર્તન વિષે બોલીશ.

# વ્યાખ્યાન તેરમું.

**વ્યાખ્યાનનો વિષય**—ઈંગ્લંડના રાજકીય પરિવર્તનનું સામાન્ય સ્વરૂપ—એનાં મુખ્ય કારણો—ધાર્મિક કરતાં એ રાજકીય વધારે હતું—એમાંના ત્રણ મુખ્ય પક્ષો: ૧. કાયદા સુધારનારાઓનો પક્ષ; ૨. રાજકીય પરિવર્તન ઇચ્છનારાઓનો પક્ષ; ૩. સામાજિક પરિવર્તન ઇચ્છનારાઓનો પક્ષ—બધા નિષ્ફળ થાય છે—ક્રૉમ્વેલ—સ્ટુઅર્ટ રાજાઓનું ફરી ગાદીએ બેસવું—પ્રધાનમંડળો—ઇંગ્લંડમાં ને યુરોપમાં ૧૬૮૮નું રાજકીય પરિવર્તન.

તમે જોયું કે યુરોપના સમાજના અગાઉ જે બધાં તત્ત્વો ને લક્ષણો હતાં તેના ભેદ જતા રહ્યા ને માત્ર બેજ મુખ્ય તત્ત્વો સોળમા સૈકામાં તે સમાજમાં જોવામાં આવે છે—સ્વતંત્ર વિચાર ને એકહથ્થી સત્તા. પહેલું તત્ત્વ ધર્મગુરુઓમાં ને બીજું લૌકિક સમાજમાં પ્રવર્ત્યું. યુરોપમાં એકી વખતે વિચાર-સ્વાતંત્ર્ય, ને નિરંકુશ નૃપસત્તા, એ બન્ને સ્થપાયાં.

આ બે તત્ત્વો વચ્ચે વિરોધ મોડોવ્હેલો ઊઠયા વિના રહે એમ ભાગ્યેજ ધાર્યા વિના રહેવાય તેમ હતું, કારણ કે એ બે બાબતો પરસ્પર વિરોધી હતી; એક બાબત ધાર્મિક બાબતોમાં અનિયંત્રિત સત્તાના નાશની હતી, ને બીજી એ સત્તાના લૌકિક કે રાજકીય બાબતોમાં જયની હતી; એકે પ્રાચીન મુખ્ય ધાર્મિક સત્તા—પોપની એકહથ્થી સત્તાના નાશનો માર્ગ તૈયાર કર્યો, ને બીજીએ પ્રાચીન ફ્યૂડલ ને સામાજિક સ્વાતંત્ર્યનો સંપૂર્ણ નાશ આણ્યો. આ પ્રકારનાં બે તત્ત્વો એકબીજાના સંઘટ્ટનમાં આવ્યા વિના રહે એ અસંભવિત હતું.

એવો બનાવ, એ સંઘટ્ટન ઇંગ્લંડમાં સૌથી પહેલું થયું. એ દેશના રાજ્યપરિવર્તનનું તેટલાજ માટે યુરોપના સુધારાના ઇતિહાસમાં અગત્ય છે.

પ્રશ્ન એ ઉદ્ભવે છે કે આ વિરોધ અન્ય સ્થળે નહિ ને ઇંગ્લંડમાંજ કેમ સૌથી પહેલો ઉભો થાય છે?

જેમ યુરોપમાં તેમજ ઇંગ્લંડમાં નૃપસત્તામાં એકજ પ્રકારના ફેરફારો થયા છે. એ સત્તા ટ્યૂડર વંશના રાજાઓના વખતમાં જેવી વધી તેવી ત્યાર પછી કદાપિ વધી નથી. તે પરથી એમ નથી અનુમાન કરવાનું કે ટ્યૂડર રાજાઓની અનિયંત્રિત સત્તા તેમના પૂર્વજોના કરતાં વધારે જોરાવર હતી કે તેથી ઇંગ્લંડને કંઈ વધારે વેઠવું પડયું. હું એમ ધારૂં છું કે ટ્યૂડર રાજાઓના રાજ્યોમાં જોરજુલમ ને અન્યાયના જેટલા દાખલાઓ થયા હતા તેટલાજ, કદાચ વધારે પણ દાખલાઓ પ્લૅન્ટેજિનેટ રાજાઓના સમયમાં ઇંગ્લંડમાં થયા હશે. ટ્યૂડર રાજાઓના વખતમાં નવું એ હતું કે એ જોહુકમી વધારે નિયમિત રીતે કરાવવા મંડાઈ; નૃપસત્તાએ છેક શરૂઆતનું ને સ્વતંત્ર સ્વરૂપ ધારણ કર્યું, અત્યાર સુધી નહિ જોવામાં આવેલું સ્વરૂપ ને પદ્ધતિ એણે તે સમયે પ્રથમજ ધારણ કર્યાં. આઠમા હેન્રિ, ઇલિઝાબેથ, પહેલા જેમ્સ, કે પહેલા ચાર્લ્સની રાજ્યપદ્ધતિ પહેલા એડવર્ડ કે ત્રીજા એડવર્ડની પદ્ધતિ કરતાં નિયમમાં તદ્દન જુદાજ પ્રકારની હતી, જોકે આ છેલ્લા બે રાજાઓની સત્તા પણ કંઈ ઓછી નિરંકુશ કે ઓછી વાપરવામાં આવતી નહોતી. હું ફરીથી કહું છું કે સોળમા સૈકામાં ઇંગ્લંડમાં નૃપસત્તાની નિયમિત પદ્ધતિજ બદલાઈ હતી, આચારમાં ભાગ્યેજ ફેર થયો હતો, કારણ કે આચારમાં આગલા રાજાઓ પણ નિરંકુશ બનતા હતા; નૃપસત્તાએ તદ્દન નિરંકુશતા ધારણ કરી, અને બધાજ કાયદાઓ—પોતે જે કાયદાઓને માન આપવું જોઈએ એમ ફરમાવ્યું હોય તે સુદ્ધાં—ની તે હદ બહાર છે એમ તેણે દાવો કર્યો.

વળી જે રીતે યુરોપમાં ધાર્મિક પરિવર્તન થયું હતું તે રીતે તે ઇંગ્લંડમાં થયું નહોતું; અહીં તો તે માત્ર રાજાઓનેજ હાથે અણાયું હતું.

એમ નહિ કે જેમ અન્ય સ્થળે તેમ આ દેશમાં પણ પ્રજા સુધારાને માટે ઘણો સમય થયાં શરૂઆત કરતી નહોતી કે મથતી નહોતી, ને તે ટુંક મુદ્દતમાં પાર ન પડત. પણ આઠમા હેન્રિએ જાતે તે કામમાં અગ્રણીનું કામ કર્યું, પરિણામ એ આવ્યું કે યુરોપમાં રેફર્મેશનનું કાર્ય જેટલી ફતેહ મેળવી શક્યું હતું તેટલું તે ઇંગ્લંડમાં મેળવી શક્યું નહિ. કારણ એ હતું કે એ કાર્યની શરુઆત કરનારાઓ પોતાના સ્વાર્થની ખાસ દરકાર રાખતા હતા. રાજા ને ધર્મગુરુઓએ પૂર્વની પોપની સત્તાને પ્રાપ્ત થએલું દ્રવ્ય ને સત્તાની અંદર અંદર વહેંચણી કરી લીધી. પરિણામ જલદીથીજ જણાયું હતું. એમ કહેવાતું હતું કે રેફર્મેશનનું કામ પૂરું થયું હતું, છતાં તે સાધવાનાં જે કારણો ને જે હેતુઓ હતાં તે હજી જીવતાં હતાં. એણે પ્રજાકીય સ્વરૂપ ધારણ કર્યું ને યુરોપમાં જેમ પોપની સત્તાવિરુદ્ધ ઝુંડો ઉઠાવવામાં આવતો હતો તેમ અહીં ધર્માધ્યક્ષોની વિરુદ્ધ ઉઠાવવામાં આવતો હતો; તેમને જાણે બીજા એટલા પોપની પેડેજ ગણી કાઢી તિરસ્કરણીય ગણવામાં આવ્યા.

લગભગ તેજ સમયે લૌકિક સમાજમાં પણ સ્વતંત્રતા પ્રાપ્ત કરવાને લોકો પ્રવૃત્તિશીલ બન્યા હતા, ને રાજકીય સ્વાતંત્ર્ય મેળવવાના પ્રયત્ન કરતા હતા. તેવા પ્રયત્ન ત્યાં સુધી અગાઉ થયા નહોતા, અથવા તો થયા હોય તોએ નજીવા હતા. સોળમા સૈકામાં ઇંગ્લંડની વ્યાપારિક સંપત્તિ ઘણીજ જલદીથી વધી; તેજ વખતે જમીનની મીલકતની માલીકીની અદલાબદલી ઘણી થઈ. ફ્યૂડલ પદ્ધતિ પ્રમાણે અગાઉ જે વર્ગ અમીરી સ્થિતિમાં હતો તેની પડતી થવાથી આમ જમીનની માલીકી બદલાઈ હતી, ને પરિણામે સત્તરમા સૈકાની શરૂઆતમાં આમની સભાના સભાસદો જેટલા તવંગર હતા તેટલા અમીરવર્ગના લોકો જોવામાં આવતા નહોતા. આમ એકીજ વખતે તે સમયે વ્યાપારિક સંપત્તિની વૃદ્ધિ ને જમીનની માલીકીમાં ઘણી અદલબદલ થવા પામ્યાં હતાં. આ બેની અસર સાથે એક ત્રીજી પણ બાબત આવી—લોકોના વિચારોની નવી પ્રવૃત્તિ. ઇલિઝાબેથનું રાજ્ય, સાહિત્યની ને ફિલસુફીની પ્રવૃત્તિની બાબતમાં કદાચ અંગ્રેજી ઇતિહાસમાં સૌથી અગ્-

ત્યનો ને મોટો સમય છે, ઉચ્ચ ને ફળદ્રુપ કલ્પનાઓનો એ યુગ છે. પ્યુરિટન સુધારકો અચકાયા વિના પોતાના સંકુચિત પણ સારા વિચારો ઠેઠ સુધી આચારમાં મૂકતા; વિરુદ્ધનો વર્ગ નીતિમાન્ ઓછો ને સ્વતંત્ર—સ્વેચ્છાવાન્ વધારે હોવાથી તેને જે જે ગમતું ને તેના કુતૂહલને સંતોષ આપતું તે બધું સ્વીકારતો.

આવી રીતનાં સ્વાતંત્ર્યનાં પ્રેરક વલણો યુરોપમાં પણ કેટલેક ઠેકાણે થયાં હતાં. પણ તે સંતોષાવવાનાં સાધનો ત્યાં હતાં નહિ. તે કેવી રીતે સંતોષાવવાં તે લોકો ત્યાં જાણતા નહોતા. તે દેશોની સંસ્થાઓ કે ત્યાંના રિવાજોમાંથી એકે બાબત તરફથી તેને મદદ મળે તેમ નહોતી. એ વલણો પ્રફુલ્લિત થયા વિનાનાં ને ચોક્કસ રીતે પ્રકાશમાં આવ્યા વિનાનાંજ ત્યાં રહ્યાં. ઇંગ્લંડમાં સ્થિતિ જુદી હતી. ત્યાં રાજકીય સ્વાતંત્ર્યનો પવન જે સોળમા સૈકામાં ફરીથી વાવા માંડ્યો ને જે રેફર્મેશનને પરિણામેજ થયો હતો, તેને પ્રાચીન સંસ્થાઓ ને સામાજિક સ્થિતિઓ પર જોર અજમાવવાનું ઠીક સાધન મળ્યું હતું.

ઇંગ્લંડની સ્વતંત્ર સંસ્થાઓની ઉત્પતિ દરેક જાણે છે. ૧૨૧૫માં મોટા ઉમરાવોએ જૉન રાજા પાસે મેગ્ના કાર્ટા પર કેવી રીતે સહી કરાવી તે બધા જાણે છે સામાન્યતઃ એટલું જે જાણવામાં નથી તે એ છે કે એ મેગ્ના કાર્ટા નામની પ્રજાના હકોની પત્રિકા પછીના રાજાઓના વખતમાં પણ તેમને યાદ કરાવવામાં આવી હતી ને તેમાં અપાયલા હકો ફરીથી મંજુર કરાવવામાં આવ્યા હતા. તેરમા ને સોળમા સૈકાની વચમાં ત્રીસથી વધારે વાર એ પત્રિકા કે સનદ ફરી ફરી બહાલ કરાવવામાં આવી હતી. એ પત્રિકા બહાલ કરાવવામાં આવી હતી એટલુંજ નહિ પણ એને જારૂ રાખવા ને એમાંથીજ નીકળતા વધારે હકોની માગણી કરવા નવા કાયદાઓના ખરડા દાખલ કરવામાં આવ્યા હતા. તેથી જાણે કોઈ પણ પ્રકારના ખાલી વચગાળા વિનાજ એ મેગ્ના કાર્ટા નામની પ્રજાના હકોની પત્રિકા જાણે તાજીજ, જીવતીજ રહી શકી હતી. તેજ વખતે આમની સભાનું બંધારણ

સ્થપાયું, ને દેશની મોટી સંસ્થાઓમાં એનું પણ સ્થાન ગણાતું થયું. પ્લૅન્ટાજિનેટ વંશના રાજાઓના વખતમાં એનાં બી વવાયાં; તે સમયે રાજ્યમાં એ સભાએ મોટો ભાગ કંઈ પણ લીધો એમ હું કહેવા નથી માગતો. ખરૂં જોતાં રાજકીય બાબતો પર બરાબર અસર પણ એ તે વખતે કરી શકતી નહોતી. તે વખતે તો રાજા બોલાવે તોજ એ વચમાં પડી શકતી, ને તે પણ હમેશ નાખુશીથી ને આંચકા સાથે; જાણે કે પોતાની સત્તા વધારવાના કરતાં તે સત્તા વાપરતાં કે તેની આપલે કરતાં તે વધારે બ્હીતી હોય એમ ભાસતું. પણ વિષય જ્યારે ખાનગી હકોના સંરક્ષણોનો હોય ત્યારે આમની સભા પોતાની સેવા ઘણા ઉત્સાહ ને ખંત સાથે બજાવતી, ને તેમ કરતાંજ, તેમ કરવામાંજ તેણે અંગ્રેજી રાજ્યના બંધારણના પાયારૂપ થએલા સિદ્ધાન્તો સ્થાપિત કર્યા છે.

પ્લૅન્ટેજિનેટ વંશના રાજાઓ પછી, ને ખાસ કરીને ટ્યૂડર વંશના રાજાઓ પછી આમની સભા અથવા ખરૂં જોતાં આખી પાર્લ્યામેંટ જુદુંજ સ્વરૂપ ધારણ કરે છે. પ્લૅન્ટેજિનેટના સમયમાં કરતી હતી તેમ ખાનગી હકો કે લોકોની સ્વતંત્રતા જાગવવાનું કાર્ય એણે હવે ચાલુ રાખ્યું નહિ. ખાનગી હકો પરની તરાપો ને સ્વેચ્છાનું વધતું જતું પ્રાબલ્ય—તે વિષે તે શાન્તિથી ગઈ કરે છે. પણ બીજી તરફથી રાજ્યના શાસનની બાબતમાં પાર્લ્યામેંટ વધારે અગત્યનો—આગળ પડતો ભાગ લેવા માંડે છે. ધર્મ બદલવામાં ને વારસોની હાર નક્કી કરવાની બાબતમાં આઠમા હેન્રિને કોઈ સાધક બળની જરૂર હતી, કોઈ પ્રજાકીય સાધનનો ખપ હતો, ને એની આ જરૂરમાં પાર્લ્યામેંટે મદદ કરી, ને ખાસ કરીને આમની સભાએ એ સભા પ્લૅન્ટાજિનેટોના સમયમાં રાજાઓની સાથે થવાનું સાધન હતી ને ખાનગી હકો જાળવવામાં મદદગાર થતી હતી, ટ્યૂડર રાજાઓના સમયમાં એ રાજશાસનનું સાધન બની ને રાજનીતિનું પણ સાધન બની. તેથી સોળમા સૈકાને અન્તે એ સભાની અગત્ય ઘણી વધી ગઈ હતી, ને તે સમયથી એ મુખ્ય સત્તાની શરૂઆત થઈ.

સોળમા સૈકાને અન્તે ઇંગ્લંડની સ્વતંત્ર સંસ્થાઓ તરફ આપણે નજર કરીએ છીએ ત્યારે આપણને આટલી બાબતો માલૂમ પડે છે. (૧) સ્વતંત્રતાના મુખ્ય નિયમો ને સિદ્ધાન્તો. પ્રજાજીવનમાં કે કાયદા-કાનૂનોની બાબતમાં આવું કદાપિ વિસ્મરણ થયું નથી. (૨) દાખલાઓ સ્વતંત્રતાના આગળના ટાંકવા લાયક દાખલાઓ. આમાં વિરુદ્ધ જોવામાં આવે એવા દાખલાઓ પણ હશે, પણ જેટલા હતા તે બધા સ્વતંત્રતાની લડત મચાવનારાઓને, સ્વતંત્રતાનું સંરક્ષણ કરનારાઓને પોતાના હકો ને પોતાની લડત કાયદાપૂર્વક છે એમ બતાવી આપવામાં બસ થાય એવા દાખલાઓ હતા. (૩) સ્વતંત્રતાનાં બીજથી ભરપૂર એવી કેટલીક ખાસ તે સ્થાનિક સંસ્થાઓ; જ્યુરી, સભામાં મળવાનો ને હથિયારબંધ થવાનો હક, મ્યુનિસિપલ સંસ્થાઓ ને તેમની સત્તાનું સ્વાતંત્ર્ય. (૪) પાર્લામેંટ ને એની સત્તા તેની રાજાને અગાઉ કરતાં પણ વધારે જરૂર પડતી હતી, કારણ કે રાજાઓએ પોતાની સ્વતંત્ર આવક, મકાનો, ફ્યૂડલ હકો વગેરેમાંથી મોટા ભાગનો વ્યય કરી નાંખ્યો હતો ને તેથી પોતાની સત્તાને ટકાવી રાખવાનીજ બાબતમાં પ્રજામતને આશરે હતો.

આમ યુરોપની રાજકીય સ્થિતિનાથી ઇંગ્લંડની સ્થિતિ સોળમા સૈકામાં તદ્દન જુદીજ હતી. ટ્યૂડર વંશના રાજાઓની જોહુકમી હતી છતાં સ્વતંત્રતાનો પવન વાઈ શકે ને તે ધાર્યું કામ કરી શકે તેને માટે ચોક્કસ સાધન હતુંજ.

આ સમયે ઇંગ્લંડમાં પ્રજાની બે જરૂરીઆતો હતી. એક તરફ ધાર્મિક પરિવર્તન ને સ્વતંત્રતા શરૂ થઈ ચૂક્યાં હતાં તેની જરૂર હતી, ને બીજી તરફ સ્વતંત્ર નૃપસત્તા તે વખતે વધતી જતી હતી તેની વિરુદ્ધ રાજકીય સ્વતંત્રતાની જરૂર હતી. આ બે જરૂરીઆતો જેમ વધતી ગઈ તેમ તેમ આ દરેકને માટે જે જે પગલાં ભરવામાં આવી ચૂક્યાં હતાં તેની મદદ મળતી ગઈ. એ બન્ને એકઠાં થયાં. ધાર્મિક સુધારા માગનારો પક્ષ રાજા ને ધર્મગુરુઓની વિરુદ્ધ પોતાની સ્વતંત્રતાની લડત માટે રાજ-

કીય સ્વતંત્રતા માગવા મંડયો; અને રાજકીય સ્વાતંત્ર્ય માગનારો પક્ષ પ્રજાકીય સુધારો માગવા મંડયો. લૌકિક ને ધાર્મિક સત્તાઓ, જે હવે રાજાના હાથમાં એકહથ્થી થઈ હતી તેની વિરુદ્ધ લડત મચાવવા બન્ને પક્ષો એકઠા થઈ ગયા. અંગ્રેજી પરિવર્તનનું બી ને તેનો ભાવાર્થ આજ છે.

આમ સ્વતંત્રતાનું સંરક્ષણ કરવા, સ્વતંત્રતા મેળવવાનોજ તેનો ખાસ ઉદ્દેશ હતો. ધાર્મિક સુધારકોને આ એક સાધન હતું, રાજકીય સુધારકોને એ ઉદ્દેશ હતો; પણ બન્નેને સ્વતંત્રતા અગત્યનો સવાલ હતો, ને બન્નેને એક સામાન્ય રીતે તે પ્રાપ્ત કરવાની આવશ્યકતા હતી. નાની નાની મતભેદોની બાબતો દૂર રાખીને સમગ્ર રીતે જોતાં અંગ્રેજી પરિવર્તનનો ઉદ્દેશ રાજકીય હતો એમ સ્પષ્ટ માલૂમ પડે છે. લોકો તે સમયના ધાર્મિક હતા ને ધાર્મિક લડત પણ તે હતી ખરી, પણ તે લડતનું સાધન ને છેવટે અન્તિમ ઉદ્દેશ પ્રજાકીય સ્વાતંત્ર્ય, રાજકીય સ્વાતંત્ર્ય, ને અનિયંત્રિત નૃપસત્તાનો નાશ, એજ હતો.

આ મોટે અણીને સમયે ત્રણ મુખ્ય પક્ષો ઉભા થયા હતા, ત્રણ પરિવર્તનોનો સમાવેશ થતો હતો, ને એક પછી એક એ ત્રણે ક્ષેત્ર પર જોવામાં આવ્યાં હતાં. દરેક પક્ષમાં, ને દરેક પરિવર્તનમાં બે પક્ષ એકઠા કામ કરતા હતા, એક રાજકીય, ને બીજો ધાર્મિક, આમાં પહેલો આગળ પડતો ભાગ લેતો, ને બીજો તેની પાછળનો, છતાં બન્ને એકબીજાને આવશ્યક સહાયભૂત હતા. એટલે એ બનાવનાં બન્ને સ્વરૂપો જેવી રીતે એ બનાવને આપણે જોઈએ છીએ તેવી રીતે જોવામાં આવે છે.

પહેલો પક્ષ જે જોવામાં આવ્યો તે કાયદાના સુધારાઓ માગનારાઓનો પક્ષ હતો. પ્રથમ એ પક્ષની છાયામાંજ બીજા બધા ઉભા રહેતા હતા. અંગ્રેજી પરિવર્તન જ્યારે શરૂ થયું, ને ૧૬૪૦ માં પાર્લ્યમેંટ મળી ત્યારે બધાજ એમ કહેતા હતા, ને ઘણા શ્રદ્ધાપૂર્વક માનતા પણ હતા કે કાયદાનો સુધારો થશે એટલે બધું પતી જશે; દેશના પ્રાચીન કાયદાઓ ને આચારો એવા સારા હતા કે તે આણવામાં આવશે તો બધી ફરિ-

યાદો દૂર થશે, ને પ્રજામતને અનુકૂળ રાજ્યપદ્ધતિ સ્થપાશે. કાયદાવિરુદ્ધ કરો ઉઘરાવતા હતા, મરજીમાં આવે તેમ લોકોને કેદ કરવામાં આવતા હતા, ને ટુંકામાં કહીએ તો દેશના જાણીતા કાયદાની વિરુદ્ધ જે જે આચરણો કરાતાં હતાં તેને વિષે આ પક્ષ બૂમ પાડતો હતો, ને તે દૂર કરવા આગ્રહથી ઇચ્છતો હતો, રાજકીય બાબતોમાં જાણીતી રીતે ને નિયમસર રાજા પોતાની સત્તા વાપરે તેવા પ્રકારની નૃપસત્તાને રાજકીય બાબતોમાં ટેકવવી, ને રાજાની સત્તાના હાથ નીચે રહે તેવી ધર્મગુરુઓની સત્તા ટકાવવાનો આ પક્ષનો બેવડો ઉદ્દેશ હતો, ને એના આગેવાનોમાં ક્લૅરેન્ડન્ લૉર્ડ કેપેલ, ને લૉર્ડ ફૉકલૅન્ડ હતા.

આ પક્ષની પાછળ બીજો પક્ષ હતો, તેને હું રાજકીય પરિવર્તન કરવા માગનારાઓનો પક્ષ એ નામથી ઓળખાવીશ. આ પક્ષનો એવો મત હતો કે રાજ્યની જૂના વખતની શરતો ને હકોની જૂની જે હદો સ્વીકારાઈ હતી તે કામમાં આવે ને પૂરી થાય તેવી અગાઉ નહોતી ને તે વખતે પણ નહોતી. રાજ્યપદ્ધતિના માત્ર સ્વરૂપમાંજ નહિ પણ તેમાં વસ્તુતઃ ફેરફાર થવાની આવશ્યકતા હતી એમ એ પક્ષનું માનવું હતું. વળી રાજા ને એના પ્રધાનમંડળ પાસેથી સત્તાનું સ્વાતંત્ર્ય લઈ લેવું, ને આમની સભાનું રાજકીય અગત્ય વધારવું આવશ્યક હતું. ખરૂં જોતાં જે ખરી રાજસત્તા છે તે આમની સભાના ને તેના આગેવાનોના હાથમાં જોઈએ એમ તેમના વિચારો હતા. મેં જેટલી સ્પષ્ટતાથી આ પક્ષના વિચારોનું ચિત્ર આપ્યું છે એટલી ખુલ્લી રીતે એ પક્ષ પોતાના વિચારો દર્શાવતો નહોતો, પણ તેનો ભાવાર્થ એજ હતો. નૃપસત્તા અથવા તો રાજાની સ્વતંત્ર સત્તાને બદલે આમની સભા, જે દેશના ખરા પ્રતિનિધિ તરીકે ગણાય તેની સત્તા બળવાન્ રહે તે તેમને રુચતું હતું. આ વિચારમાંજ પ્રજાસત્તાક રાજ્યની ઇચ્છાનું બીજ છુપાયલું હતું; જોકે આ પરિણામ પૂરેપૂરૂં તે પક્ષે ધારેલું નહોતું, પણ માત્ર આમની સભાની સત્તા સર્વોપરિ કરવી એ સ્વરૂપમાંજ તેણે સ્વીકારેલું હતું. જેવો આ પક્ષ રાજકીય

બાબતોમાં તેવોજ પ્રેસ્બીટેરીઅનોનો પક્ષ ધાર્મિક સુધારાની બાબતોમાં, સત્તા ધર્મગુરુઓની સભાઓના હાથમાં આપવાની તરફેણમાં હતો.

ત્રીજા એક પક્ષની માગણી ઘણીજ વધારે પડતી હતી. આ પક્ષ એમ કહેતો કે સંપૂર્ણ ફેરફારની જરૂર હતી ને તે પણ રાજ્યપદ્ધતિના સ્વરૂપમાંજ નહિ, પણ રાજ્યની પદ્ધતિમાંજ; રાજકીય પદ્ધતિજ બધી ખરાબ હતી એમ તે માનતો હતો. આ પક્ષ માત્ર સુધારોજ કરવા નહોતો માગતો, એને તો સમાજનું પરિવર્તન, તેમાં ઉથલપાથલ, ને બહુજ નવુંજૂનું કરવું હતું. આ પક્ષ ઉચ્છેદક મતનો હતો. આગલા બે પક્ષો પેઠે એ પણ કેટલેક અંશે રાજકીય ને કેટલેક અંશે ધાર્મિક હતો. ધર્મસંબંધી બાબતોમાં જીસસ ક્રાઇસ્ટની સત્તા સિવાય બીજી કોઈજ સત્તાને તે સ્વીકારતો નહોતો.

બાર વર્ષ પ્રયત્નો અજમાવ્યા પછી ૧૬૫૩માં આ ત્રણે પક્ષો એક પછી એક નિષ્ફળ નીવડયા માલૂમ પડયા; નિષ્ફળ ન નીવડયા તોએ નિષ્ફળ નીવડયા એમ માનવાને તેમને કારણ હતાં, ને પ્રજાને તેમની નિષ્ફળતા વિષે ખાત્રી થઈ હતી. કાયદાના સુધારા ઇચ્છનારાઓનો પક્ષ જે જલદીથી અદૃશ્ય થયો તેણે જોયું કે જૂના કાયદાઓ ને બંધારણને લોકો બીલકુલ લેખવતા નહોતા, અને સર્વત્ર નવીનતાજ જોવામાં આવતી હતી. રાજકીય સુધારા કરનારાઓના પક્ષે જોયું કે પાર્લ્યામેંટની જે પદ્ધતિ ને તેના જે સ્વરૂપનો તેમને ઉપયોગ કરવો હતો તે નાશ પામતાં હતાં; તેમણે જોયું કે બાર વર્ષ સત્તા વાપર્યા પછી છેવટે આમની સભાના સભાસદોની સંખ્યા ઘણી ઘટી ગઈ હતી, ને પ્રજા તેમની તરફ તિરસ્કારની દૃષ્ટિથી જોતી હતી. રાજ્યશાસન માટે તેમને નાલાયક ગણતી હતી. ઉચ્છેદક વર્ગને વધારે ફત્તેહ મળી હોય એમ જણાતું હતું, સત્તાની લડતમાં એ પક્ષ વિજયવાન્ નીવડયો જણાતો હતો; આમની સભામાં ૫૦ થી ૬૦ સભાસદો ગણાતા હતા ને તે બધાજ ઉચ્છેદક વૃત્તિના. દેશ પર રાજ્યની ખરી સત્તા ચલાવનાર વર્ગ તરીકે તે વર્ગ પોતાને યોગ્ય રીતે ગણી શકે

ને જાહેર રીતે કરી શકે તેમ હતું. પણ પ્રજાએ તેમને અસ્વીકાર કર્યો હતો. તેમના ઠરાવો કોઇ પણ સ્થળે તેઓ અમલમાં મૂકી શકે તેમ નહોતું. લશ્કર કે પ્રજા એમાંથી એકકે પર તેઓ દેખીતી અસર કંઈ પણ કરી શકયા નહિ. સામાજિક ઐક્ય કે શાન્તિની ખાત્રી હવે કંઈ રહી નહોતી. ન્યાય અપાતો બંધ થયો હતો, અગર જો તે અપાતો હતો, તો તો તે ન્યાયજ હવેથી રહ્યો નહોતો; તે માત્ર અમુક પક્ષની સ્વેચ્છા ને આવેશથી જે હુકમો કરવામાં આવે તજ સ્વરૂપમાં રહ્યો હતો. આમ સામાજિક શાન્તિનો ભંગ થયો હતો તેટલુંજ નહિ, પણ રાજમાર્ગો પરથી પણ ચોરો ને લુટારાઓએ એ શાન્તિ લઈ લીધી હતી. સર્વત્ર વ્યાવહારિક, લૌકિક, કે રાજકીય દૃષ્ટિબિન્દુથી, તેમજ નૈતિક દૃષ્ટિબન્દુથી અરાજકતા પ્રવર્તમાન હતી. આમની સભા ને ઉચ્છેદક પ્રજાવર્ગ એમાંથી એકકેનું બળ આ અરાજકતા અટકાવવા શક્તિમાન્ નહોતું.

પરિવર્તના સમયના ત્રણ પક્ષો આ પ્રમાણે એક પછી એક તે કાર્ય કરવાને રોકાયા હતા. એ ત્રણે પક્ષો તદ્દન નિષ્ફળ નીવડ્યા હતા. "વિચાર કે પહોંચ વાપરી કિસ્મત પાસેથી જેટલું કામ કઢાવી શકાય તેટલું કિસ્મતને માટે ન મૂકનાર એક માણસ તે સમયે જેવામાં આવ્યો હતો." એમ બૉસ્સુએતનું કહેવું છે. આ શબ્દો ભૂલથી ભરપૂર છે, ને ઇતિહાસ તેમની વિરુદ્ધ જણાયો છે. જે માણસ માટે આ શબ્દો છે તે ક્રૉમ્વેલ હતો, અને ક્રૉમ્વેલ જેટલું કામ કિસ્મતને આધીન રહેવા દેતો તેટલું કોઈ એ રાખ્યું નથી; માત્ર કિસ્મત જ્યાં લઈ જાય ત્યાંજ જનાર, ને કોઈ પણ ઉદ્દેશ વિના બીકણ પગલાં ભરીને મોટું જોખમ ખેડનાર એના જેટલો બીજો કોઈ નીકળ્યો નથી. બિલકુલ હદ વિનાની મહેચ્છાઓ, દરેક દિવસ ને સંજોગ પોતાના આગળ વધવાના કાર્યમાં સાધક બનાવવાની વખાણવા લાયક શક્તિ, અકસ્માતને કાબુમાં રાખ્યા સિવાય, તે પર સત્તા વાપરવાનો દાવો કર્યા વિના તેને લાભકારક બનાવવાની કળા—એ બધું ક્રૉમ્વેલના હાથમાં હતું. એના જેવા સંજોગોમાંજ બીજા કોઈ માણસને ન બને તેવું કદાચ ક્રૉમ્વેલને બન્યું હતું; પરિ-

વર્તનનાં જુદાં જુદાં સ્વરૂપોમાંનાં ઘણાંખરાં બધાંને એ પૂરો પડતો હતો, એના પ્રથમથી તે અન્તના યુગોને માટે એ લાયક હતો. એ બળવાનો અગ્રણી હતો, અરાજકતાનો સહાયભૂત હતો, ને અંગ્રેજી ઉચ્છેદક પક્ષના માણસોમાં સૌથી વધારે તેજદાર એજ હતો. પાછળથી ઉચ્છેદક પક્ષની વિરુદ્ધ, વ્યવસ્થા ફરીથી સ્થાપવાની તરફેણમાં, ને સામાજિક બંધારણ નિયમિત કરવા ઇચ્છનારો પણ એજ હતો. આમ પરિવર્તનસમયે મોટા મોટા અગ્રણીઓનાં કામ એણે પોતાનાજ જીવનના જુદા જુદા સમયોમાં વહેંચી નાખી બજાવ્યાં હતાં. ક્રૉમ્વેલ મિરેબૂ હતો એમ તો ભાગ્યેજ કોઈ કહી શકશે; એનામાં બોલવાની સારી શક્તિ નહોતી, ને એ ઘણો ઉત્સાહ ધરાવતો ને પ્રવૃત્તિશીલ રહેતો, તોપણ ૧૬૪૦ની પાર્લ્યામેંટ જે લાંબા સમય સુધી ચાલુ રહી હતી તેના સમયમાં પોતાની શક્તિનો એણે કોઈ પણ રીતે દેખાવ કર્યો નહોતો. પણ એણે વારાફરતી ડૅન્ટન ને નેપોલીઅન બોનાપાર્ટના ભાગ ભજવ્યા હતા. બીજા કોઈ પણ માણસ કરતાં એણેજ સત્તાનો નાશ કરવા સફળ પ્રયત્ન કર્યા હતા, અને એ સત્તા પાછી એણેજ ઉંચી આણીઃ કારણ કે એના સિવાય બીજું કોઈજ તેને ધારણ કરવાનું ને પોતે ધારી શકે તેમ વાપરવાનું જાણતો નહોતો. કોઈ કે તો સત્તા વાપરવીજ જોઈએ; બધા નિષ્ફળ થયા હતા, એ ફત્તેહ મેળવી શક્યો. એજ એનો હક હતો. એક વાર રાજ્યની સત્તા એના સંપૂર્ણ કાબુમાં આવી એટલે ઘણી ભારે ને અસંતોષી મહેચ્છાઓ રાખનાર, ને કિસ્મતને પોતે ધારતો તે પ્રમાણે નચાવનાર આ માણસે હવે કંઈ સુબુદ્ધિ, ડહાપણ, ને શું સંભવિત છે તેનું જ્ઞાન દર્શાવ્યું. નિઃસંદેહ અનિયંત્રિત સત્તાનો એને ઘણોજ શોખ હતો, ને પોતાનાજ માથા પર રાજ્યનો મુગટ મૂકી દેવાની ને પોતાના વંશમાં તે સ્થાયી કરવાની એને પ્રબળ ઇચ્છા હતી. આ છેલ્લો વિચાર એણે પડતો મૂક્યો, કારણ કે તેમાં રહેલો ભય એણે એની પોતાનીજ જિંદગીમાં જોયો; અને અનિયંત્રિત સત્તાના સંબંધમાં, જોકે તે એણે વાપરી ખરી, તોએ એ હમેશ જાણતો હતો કે એના વખતનું વલણ એની વિરુદ્ધનું હતું. એ જાણતો

હતો કે જે પરિવર્તન આણવાને એણે મદદ કરી હતી તે અનિયંત્રિત સત્તાની વિરુદ્ધ હતું, ને ઇંગ્લંડના લોકોની અવિનાશી ઇચ્છા પાર્લ્યામેંટ ને તેની પદ્ધતિથીજ શાસિત રહેવાની હતી. તેટલા માટે એ જાતે સ્વેચ્છાથી ને વસ્તુતઃ અનિયન્ત્રિત સત્તા વાપરવાની તરફેણનો હતો તોપણ પાર્લ્યામેંટ બોલાવી તેની પદ્ધતિથી રાજ્ય કરવાનું કામ એણે માથે લીધું. બધાજ પક્ષના માણસોની એ હમેશ મદદ લેતો; ધાર્મિક જોસ્સો ધરાવનારા માણસો, ઉચ્છેદક વર્ગના માણસો, પ્રેસ્બીટેરીઅનો, ને લશ્કરના અમલદારો એ બધાની મળેલી પાર્લ્યામેંટ બનાવવા એણે પ્રયત્ન કર્યાં. એની સાથે મદદમાં રહી કામ કરે એવી પાર્લ્યામેંટ બનાવવા એણે બનતા પ્રયત્ન કર્યા. એ પ્રયત્ન નિરર્થક હતા; બધાજ પક્ષો જ્યાં એક વાર તેમને વેસ્ટમિન્સ્ટર હૉલમાં બોલાવવામાં આવતા, રાજ્યસભામાં બોલાવવામાં આવતા કે તરતજ એની પાસેથી સત્તા છીનવી લઈ જાતેજ તે ભોગવવા માગતા. હું એમ નથી કહેતો કે એનું પોતાનું હિત ને એનો પોતાનો સ્વાર્થ એના મનમાં અગ્ર સ્થાને નહોતાં; પણ તેથી એ કંઈ ઓછું નક્કી નથી કે જો એણે સત્તાનો ત્યાગ કર્યો હોત તો બીજેજ દિવસે એને તે પાછી સ્વીકારવાની ફરજ પડત. એના સિવાય બીજું કોઈ સત્તા વાપરવાને સમર્થ નહોતું. એની સ્થિતિ આ પ્રકારની હતી. એનું શાસન હમેશનું છે એમ કોઈજ સ્વીકારતું નહોતું, બધાજ એમ માનતા કે એ માત્ર ટુંકા સમય સુધીજ તેમના પર સત્તા ભોગવનાર હતો. અંદરખાનેથી લોકોના મન પર એણે કદાપિ સત્તા ભોગવી નથી. એની પેઠે એકે પક્ષ રાજ્ય ચલાવી શકે તેમ નહોતું, પણ તેનીજ સાથે એ રાજ્ય ચલાવનાર રહે એ કોઈજ ઇચ્છતું નહોતું; બધાજ પક્ષના માણસો એની વારંવાર વિરુદ્ધ થતા હતા.

ક્રૉમ્વેલના મરણસમયે ઉચ્છેદક પક્ષજ માત્ર સત્તા હાથમાં લઈ શકે તેવી સ્થિતિ હતી; તે પક્ષના લોકોએ તેમ કર્યું, ને અગાઉ તેઓ નિષ્ફળ જતા હતા તેમજ તે સમયે પણ થયું. આમ થવાનું કારણ

કંઈ તેમને પોતાની શક્તિમાં વિશ્વાસ નહોતો. એમ નહોતું. અગાઉ જેમ રાજ્ય ચલાવવાની બાબતમાં તેઓ અસમર્થ નીવડયા હતા તેમજ આ સમયે પણ નીવડયા, અન્તે રાજકીય બાબતોમાં નૃપસત્તાનું પુનરાવર્તન થયું.

ઇંગ્લંડમાં સ્ટુઅર્ટ વંશના રાજાઓનું ફરીથી ગાદીએ આવવું તે એક ઘણોજ પ્રજાકીય લાગણી દર્શાવનારો બનાવ હતો. એ બનાવમાં જૂની રાજ્યપદ્ધતિ, ને નહિ કસાયલી નવી પદ્ધતિ એ બન્ને લાભકારક બાબતોનું સંમિશ્રણ થયું હતું,

બીજો ચાર્લ્સ ફરી ગાદીએ આવ્યો ત્યારે રાજાના પક્ષનો વર્ગ કાયદા સુધારવા ઇચ્છનારા પક્ષનો બનેલો હતો, ને તેનો સબળ આગેવાન ક્લૅરેન્ડન હતો. તમે જાણો છો કે ૧૬૬૦થી ૧૬૬૭ સુધી ક્લૅરેન્ડન મુખ્ય મન્ત્રી હતો, ને ઇંગ્લંડમાં રાજકીય બાબતોમાં સૌથી વધારે અસર એ કરતો હતો. ક્લૅરેન્ડન ને એના મિત્રો તેમની જૂની રાજ્યપદ્ધતિના વિચારો સાથે પાછા સત્તામાં આવ્યા; એ વિચાર પ્રમાણે રાજાને અનિયંત્રિત સત્તા આપવાની હતી, ને માત્ર કરની બાબતમાં તેના પર પાર્લ્યામેંટનો, ને ખાનગી હકો ને ખાનગી બાબતોમાં ન્યાયની અદાલતોનોજ તે અંકુશ રાખવાનો હતો. પણ ખરેખરી રાજશાસનની બાબતમાં તેને લગભગ તદ્દન સ્વતંત્રતા આપવાની હતી, ને પાર્લ્યામેંટ ને ખાસ કરી આમની સભાના મોટા ભાગને વચમાં પડવાનો, કે વિરુદ્ધ હોય છતાં કોઈ જાતનો હક નહોતો. બાકીની બાબતોમાં કાયદાને માટે તેમને પૂરતું માન હતું, દેશહિતને માટે જોઈએ તેટલી કાળજી હતી, પોતાના ગૌરવ વિષે ઉમદા પ્રકારની ભાવના હતી, ને પ્રૌઢ ને માનનીય નીતિ હતી. ક્લૅરેન્ડનની સાત વર્ષ સુધીની વ્યવસ્થાનું આ પ્રકારનું સ્વરૂપ હતું.

પણ આ પક્ષની સત્તા જે મુખ્ય વિચારને બળે ટકતી હતી—રાજાની અનિયંત્રિત સત્તા, ને પાર્લ્યામેંટની સલાહની જેના પર અસર ન હોય એવી રાજ્યપદ્ધતિ—તે પક્ષ હવે પુરાણો થઈ ગયો હતો, ને બળહીન હતો. રાજા ફરીથી ગાદીએ બેઠો તે વખતે થએલો લોકોનો જોસ્સો તાજો હતો,

તે છતાં, છેલ્લાં વીસ વર્ષ પાર્લ્યામેંટની મદદે રાજ્ય થએલું હોવાથી તેમના મતને તેણે તોડી પાડયો, તેમનાજ પક્ષમાં એક નવું તત્ત્વ ઉત્પન્ન થયું. સ્વતંત્ર વિચારકો, અનિયમિતતાના ચહાનારાઓ, ને અનીતિમાન્ પુરુષો જેઓ તે વખતના વિચારોમાં ટાપસી પૂરતા હતા તેમણે એમ વિચાર્યું કે સત્તા આમની સભાનીજ ખરી હતી. ને નિયમ કે રાજાની સત્તાને માટે જરાએ દરકાર રાખ્યા વિના માત્ર પોતાની ફત્તેહ મેળવવાજ માથાફોડ કરતા, ને જ્યારે જ્યારે કંઈ પણ સત્તા પોતાને મળશે એમ ભાસતું હતું ત્યારે ત્યારે તે મેળવવા પ્રયત્ન કરતા હતા. આ લોકોનો એક પક્ષ થયો હતો, ને તે અસંતુષ્ટ પ્રજા પક્ષમાં ભળી ગયો, ને કલૅરેન્ડનની સત્તા પડી ભાગી.

આ પ્રમાણે રાજાની સત્તાની તરફેણનો પક્ષ હતો તેમાંથી એક ભાગ જુદો પડી એક નવી રાજ્યપદ્ધતિની હીમાયતી કરનાર વર્ગ ઉભો થયો. અનીતિમાન્ દુરાચારી પુરુષોનું એક મંત્રિમંડળ થયું ને તે કેબૅાલ મંત્રિમંડળ ને તેની પછીનાં મંડળોથી ઓળખાય છે. એનું સ્વરૂપ આ પ્રકારનું હતું; નિયમો, કાયદાઓ, કે હકોને માટે કંઈજ દરકાર નહિ; ન્યાય ને સત્યને માટે પણ તેટલીજ ઓછી; દરેક પ્રસંગે ફત્તેહ મેળવવાનાં સાધનો શોધવા તેઓ પ્રયાસ કરતા હતા; ફત્તેહ જો આમની સભાના મત સાથે એક થવાની થાય તો તેઓ તેની સાથે હાજીહા કરતા; ને જો આમની સભાના મતને તરછોડી કાઢવાનું તેમને વાસ્તવિક લાગતું તો તે પ્રમાણે કરતા, ને બીજેજ દિવસે તરત પાછી તે માટે તેની ક્ષમા માગતા. એક દિવસ તેઓ લાંચનો ઉપયોગ કરતા તો બીજે દિવસે પ્રજામતની ખુશામદ કરતા. દેશના સામાન્ય હિતને, તેના ગૌરવને, કે તેના માનને માટે જરાએ દરકાર રાખવામાં આવતી નહોતી. ટુંકામાં, તેમની રાજ્યશાસનપદ્ધતિ ઘણીજ સ્વાર્થી ને અનીતિમાન્ હતી, પ્રજામતને બીલકુલ ગણકારતીજ નહિ, પણ અંદરખાનેથી તે વ્યાવહારિક બાબતોમાં ઘણી બુદ્ધિશાળી ને મોકળા મનની હતી. અર્લ ડૅન્બીનું મંત્રિમંડળ આ પ્રકારનું હતું. ( ૧૬૬૭–૧૬૭૯ )

ક્લૅરેન્ડનના મંત્રિમંડળ કરતાં આ ડૅન્બીનું મંત્રિમંડળ અનીતિમાન્ હોવા છતાં ઓછું તિરસ્કારવામાં આવતું હતું. તેનું કારણ શું ? કારણ એ હતું કે એ સમયને અનુકૂળ ને લોકોની લાગણીને રુચે તેવી રીતે તે કામ કરતું હતું. દેશને એણે ઘણું નુકસાન કર્યું તોએ દેશને તે વધારે પસંદ પડ્યું હતું. છતાં અન્તે એવો વખત આવ્યો કે અનીતિ, ખુશામદ, ને લોકોના હકના તિરસ્કાર એટલે દરજ્જે વધી ગયાં કે લોકો વધુ બેદરકાર ન રહી શક્યા. અનીતિમાન્ પુરુષોની રાજ્યપદ્ધતિ વિરુદ્ધ લોકો ઉશ્કેરાયા. પ્રજાકીય ને દેશાભિમાની લોકોનો આમની સભામાં એક પક્ષ નવો થયો હતો. રાજાએ તેના આગેવાનોને મંત્રિમંડળમાં બોલાવવા નિશ્ચય કર્યો. રાજ્યની દોરી તેથી હવે લૉર્ડ ઇસ્સેક્સ, લૉર્ડ રસેલ, ને લૉર્ડ શૅફ્ટ્સબરીના હાથમાં આવી. આ પ્રજાકીય પક્ષ નિર્બળ હતો; પોતાની બુદ્ધિ કે શક્તિની મદદ, એ, નહિ લોકોના કે નહિ રાજાના લાભને અર્થે, વાપરી શક્યો. થોડા વખત સત્તા ભોગવી, તે પક્ષ પડી ભાગ્યો એના આગેવાનોની નીતિને લીધે ઇતિહાસમાં એને ઉચ્ચ સ્થાન અપાય છે, પણ જેવી ઉચ્ચ એની નીતિ હતી તેવી ઉચ્ચ એની રાજ્યશાસનમાં બુદ્ધિ નહોતી, ને સીધે રસ્તે પોતાની સત્તા કેમ વાપરવી તે એ બરાબર જાણતો નહોતો.

આ પ્રયત્ન નિષ્ફળ જવાથી, અંગ્રેજી રાજાઓ ગાદીએ પાછા આવ્યા તે બાબતની સ્થિતિ હવે તમે જોઈ શકો છો. એક પછી એક બધા પક્ષો મંત્રિમંડળ તરીકે કસાઈ ચૂક્યા, એકકેને ફત્તેહ ન મળી. ૧૬૫૩માં ઇંગ્લંડની જે સ્થિતિ હતી તેજ આ સમયે માલૂમ પડી, ને તેમાંથી છૂટકો પણ તેજ રસ્તે જવાથી થયો. જે કામ રાજ્યપરિવર્તનના લાભાર્થે ક્રૉમ્વેલે કર્યું હતું તે બીજા ચાર્લ્સે પોતાના રાજ્યને અર્થે કર્યું; અનિયંત્રિત–જોહુકમીની સત્તા એણે ચલાવવાનું શરૂ કર્યું.

બીજો જેમ્સ એના ભાઈની ગાદીએ આવ્યો. અનિયન્ત્રિત સત્તાના પ્રશ્ન સાથે એક બીજો પ્રશ્ન તે સમયે ઉમેરાયો; આ પ્રશ્ન ધર્મનો હતો. જેમ્સ અનિયન્ત્રિત નૃપસત્તાની સાથે પોપની અનિયન્ત્રિત સત્તા પાછી

જોરમાં આણવા માગતો હતો. પરિવર્તનની શરૂઆતમાં તેમ આ વખતે પણ આપણે રાજ્યની વિરુદ્ધ બે પ્રકારની લડત જોઈએ છીએ, એક રાજકીય ને બીજી ધાર્મિક. ઘણી વાર એમ પૂછવામાં આવ્યું છે કે ત્રીજો વિલ્યમ અસ્તિત્વમાંજ ન આવ્યો હોત, અથવા તો હૉલન્ડના એના લશ્કર સાથે બીજા જેમ્સ ને એની પ્રજા વચ્ચેના કલહનો અન્ત આણવામાં આવ્યોજ ન હોત તો શું થયું હોત? હું દઢતાથી એમ માનું છું કે એજ બનાવ બન્યો હોત. થોડા વર્ગ સિવાય આ વખતે ઇંગ્લંડના બધા લોકો જેમ્સની વિરુદ્ધ હતા. પણ આ સંજોગ બીજાં ને વધારે ગંભીર કારણોથી બનવા પામ્યો હતો. તે આખા યુરોપનો હતો, ઇંગ્લંડનોજ નહિ; અને તે મારફતેજ આ બનાવ યુરોપના સુધારાના ઇતિહાસમાં જોડાઈ જાય છે.

લગભગ આવાજ પ્રકારનું યુદ્ધ યુરોપમાં પણ ચાલતું હતું. ચૌદમા લુઈની સ્વતંત્ર નૃપસત્તા સર્વત્ર યુરોપમાં થશે એમ યુરોપની પ્રજાઓને ભય ઉત્પન્ન થયો હતો. આ પ્રયત્નની સામે થવાને યુરોપમાં એક સંધિ કરવામાં આવી હતી, ને આ પક્ષનો આગેવાન તે યુરોપમાં રાજકીય ને ધાર્મિક સ્વાતંત્ર્યનો હીમાયતી—ઑરેન્જનો પાટવી, વિલ્યમ હતો. વિલ્યમની આગેવાની હેઠળ હૉલન્ડના પ્રૉટેસ્ટંટ પંથના પ્રજાસત્તાક રાજ્યના હીમાયતીઓએ ચૌદમો લુઈ જે અનિયંત્રિત નૃપસત્તાનો પ્રતિનિધિ હતો તેની વિરુદ્ધ થવાનું કામ મનમાં લીધું. રાજ્યોની અંદરજ સ્વાતંત્ર્ય જાળવવાનો સવાલ કંઈ આ નહોતો, પણ તે ઉપરાંત તેમનાં બહારના પરસ્પરના સંબંધમાં તે જાળવવાનો પણ હતો. જે લડાઈ ઇંગ્લંડમાં લડાતી હતી તેજ લડાઈ તેઓ પણ લઢતા હતા એમ ચૌદમો લુઈ ને એના વિરોધીઓ જાણતા નહોતા. તેથી જ્યારે ઇંગ્લંડમાં અનિયન્ત્રિત સત્તા ને સ્વાતંત્ર્યની વચ્ચેની લડત બીજા જેમ્સે ચાલુ કરી ત્યારે એજ લડત ચૌદમા લુઈ ને ઑરેન્જના પાટવી, વિલ્યમ વચ્ચે મોટા સ્વરૂપમાં આખા યુરોપમાં ચાલતી હતી. ચૌદમા લુઈ વિરુદ્ધની સંધિ એવી બળવાન્ હતી કે રાજકીય કે ધાર્મિક સ્વાતંત્ર્યને માટે જે રાજાઓને દેખીતી રીતે નહિ જેવી દરકાર હતી

તેઓ પણ તેમાં તેની સામે સામેલ થયા. જર્મનિનો શ્હેનશાહ ને અગીઆરમો ઇનોસેન્ટ પોપ, એ બે, ચૌદમા લુઈ વિરુદ્ધ, ત્રીજા વિલ્યમની સાથે ભળી ગયા. વિલ્યમ ઇંગ્લંડમાં ગયો તે ત્યાંની દેશની અંદરની સ્થિતિ બચાવવા ખાતરના કરતાં વધારે તો ઇંગ્લંડના લોકોને ચૌદમા લુઈ સામેના યુદ્ધમાં ધસડવાના હેતુથી ગયો હતો. આ રાજ્ય એણે મેળવ્યું તે એક નવી સત્તા મેળવવાને ખાતર મેળવ્યું હતું, ને તે પણ એવી સત્તા કે જે લુઇએ અત્યારસુધી એની વિરુદ્ધ વાપરી શકાવી હતી. જ્યારે બીજો ચાર્લ્સ ને જેમ્સ રાજ્ય કરતા હતા ત્યારે ઇંગ્લંડ ચૌદમા લુઇના હાથમાં હતું; એ દેશના બહારના સંબંધો એના ધાર્યા પ્રમાણે એ રખાવડાવતો, ને હૉલન્ડની વિરુદ્ધ તે હમેશાં સામે થતું. હવે કેવળ સ્વતંત્ર નૃપસત્તાના પક્ષના હીમાયતીઓના હાથમાંથી ઇંગ્લંડ છીનવી લેવામાં આવ્યું હતું, ને તેને ધાર્મિક સ્વાતંત્ર્યના હીમાયતીઓની તરફેણમાં થવાનું હતું. ૧૬૮૮ના રાજ્યપરિવર્તનનો, યુરોપના ઇતિહાસના દૃષ્ટિબિન્દુથી, આ પ્રમાણે દેખાવ છે, ને આખા યુરોપના આ સમયના બનાવમાં એનું આ પ્રમાણે સ્થાન છે.

આમ આ પરિવર્તનનો ખરો ઉદ્દેશ રાજકીય ને ધાર્મિક બાબતોમાંથી અનિયંત્રિત સત્તાને હાંકી કાઢવાનો છે. એ પરિવર્તનના જુદા જુદા પ્રસંગોએ આ બાબત હમેશ જોવામાં આવે છે.

એજ મોટો બનાવ યુરોપમાં કેવી રીતે થવા પામ્યો તે જોવાનું હવે બાકી રહે છે. આ આપણા આવતા વ્યાખ્યાનનો વિષય થશે.

# વ્યાખ્યાન ચૌદમું.

**વ્યાખ્યાનનો વિષય**—ઇંગ્લંડ ને યુરોપમાં સુધારાની પ્રગતિમાં ફેરફાર ને સરખાપણું—ફ્રાન્સનું મહત્ત્વ—સત્તરમા સૈકામાં, ત્યાંની રાજસત્તાને લીધે—અઢારમામાં, તે દેશનાજ ઇતિહાસને લીધે—ચૌદમા લુઈનું રાજ્યશાસન—એની લડાઈઓ—બીજા દેશો સાથેના સંબંધમાં એની રાજનીતિ—એની રાજ્યવ્યવસ્થા—એના કાયદા—એની જલદીથી થતી પડતીનાં કારણો—અઢારમા સૈકામાં ફ્રાન્સ—ફિલસુફોના વિચારોના પરિવર્તનનાં મુખ્ય લક્ષણો—વ્યાખ્યાનમાળાસમાપ્તિ.

મારા વ્યાખ્યાનમાં અંગ્રેજી રાજ્યપરિવર્તનનું ખરૂં સ્વરૂપ કેવું હતું ને તેનું રાજકીય અગત્ય કેવું હતું તે નક્કી કરવાને મેં પ્રયત્ન કર્યો હતો. આપણે જોયું કે સોળમા સૈકામાં, યુરોપના આગલા સુધારાનાં મૂળ તત્ત્વો ઘણાં હતાં તેના ભેદ ભાગી જઈ બે બાબતો મુખ્ય રહી હતી, એક તરફથી સ્વતંત્ર અથવા કેવળ નૃપસત્તા, ને બીજી તરફથી સ્વતંત્ર વિચારનો પવન. એ બે બળો સૌથી પહેલાં ઇંગ્લંડમાં વિરોધમાં આવ્યાં. આટલા પરથી ઈંગ્લંડ ને યુરોપની સામાજિક સ્થિતિમાં મૂલગત ભેદ હતો એમ દર્શાવવાને પ્રયત્નો કરવામાં આવ્યા છે. કેટલાકોએ એમ પણ ધાર્યું છે કે આવી જુદી જુદી સ્થિતિવાળા દેશોની વચ્ચે સરખામણી કરવી શક્ય નથી. તેમણે એમ કહ્યું છે કે જેમ વ્યાવહારિક રીતે ઇંગ્લંડ બધા દેશોથી અલગ હતું તેમજ નૈતિક દૃષ્ટિથી પણ અલગ હતું.

ખરૂં છે કે અંગ્રેજી લોકોના સુધારા ને યુરોપના સુધારામાં અગત્યનો તફાવત હતો, ને તેની ગણતરી આપણે કરવીજ પડે તેમ છે. આની ઝાંખી મારા વ્યાખ્યાન દર્મિયાન તમે કરી શક્યા હશો. સમાજના જુદા જુદા સિદ્ધાન્તો ને તત્ત્વોનો વિકાસ ઇંગ્લંડમાં સામટોજ થવા પામ્યો; યુરોપના

કરતાં ત્યાં તેમ વધારે તો બન્યુંજ હતું. પ્રાચીન ને એશિયા દેશના સુધારા સાથે સરખાવતાં યુરોપના સુધારાનું ખાસ સ્વરૂપ કેવું હતું તેનો નિર્ણય કરવા મેં પ્રયત્ન કર્યો હતો, ત્યારે યુરોપનો સુધારો વિશાળ ભેદવાળો, ને ઘણાં તત્ત્વોથી મિશ્રિત છે એમ મેં તમને દર્શાવ્યું હતું. એકજ નિયમને તાબે રહીને એ સુધારો કદાપિ વધ્યો નથી. સમાજનાં જુદાં જુદાં તત્ત્વો એકબીજા પર અસર કરતાં, એકઠાં થતાં, ને વિરોધમાં આવ્યાં હતાં, ને વારંવાર તેને એકત્ર રહેવું પડતું હતું. યુરોપના સુધારાનું સામાન્ય આ લક્ષણ સૌથી વધારે ઇંગ્લંડના સુધારાને વિષે જોવામાં આવે છે; ઇંગ્લંડમાંજ આ પ્રકારનું સ્વરૂપ અટક્યા વિના ને દેખીતી રીતે વિકાસ પામ્યું હતું. રાજકીય ને ધાર્મિક બાબતો, ઉચ્ચવર્ગસત્તાક રાજ્યપદ્ધતિ, પ્રજાસત્તાક રાજ્યપદ્ધતિ, નૃપસત્તાક રાજ્યપદ્ધતિ, સ્થાનિક ને મુખ્ય સંસ્થાઓ, નૈતિક ને રાજકીય ઉન્નતિ એ બધાનો જાણે ખીચડો સાથે સાથેજ વધતો ગયો હતો, ને તેમાં સુધારો થતો જતો હતો, ને બધામાં એકસરખી ત્વરાથી તેમ નહિ હોય તોએ પાસે પાસેને વખતે તેમ થતું જતું હતું. દાખલા તરીકે ટ્યૂડર રાજાઓના રાજ્યમાં સ્વતંત્ર નૃપસત્તાની સ્પષ્ટ વૃદ્ધિ થતી હતી તેનીજ સાથે પ્રજાસત્તાક રાજ્યપદ્ધતિના વિચારો પણ એકી સમયે ઉદ્ભવતા ને બળવત્તર થતા આપણે જોઈએ છીએ. સત્તરમા સૈકાનું પરિવર્તન એકદમ થયું; તે એકદમ ધાર્મિક ને રાજકીય હતું. ફ્યૂડલ અમીરો અત્યારે ઘણા નબળા પડી ગએલા દેખાતા હતા, ને તેમની પડતીનાં બધાં ચિહ્ન જોવામાં આવતાં હતાં, છતાં આ બનાવમાં અગત્યનો તેને હમેશ ભાગ લેવાનો હતો, ને તેના પરિણામમાં પણ તેનો હિસ્સો હતો. ઇંગ્લંડના આખા ઇતિહાસ વિષે એવુંજ છે; કોઈ પણ પ્રાચીન તત્ત્વ તદ્દન નષ્ટ થયું નથી; કોઈ પણ નવીન તત્ત્વ તદ્દન ફત્તેહવંત થયું નથી, કે કોઈ પણ ખાસ સિદ્ધાન્ત એકલોજ અગત્યનો ગણાયો હોય એવું બન્યું નથી. જુદાં જુદાં બળોનો હમેશાં ત્યાં સાથે સાથેજ વિકાસ થયો છે, ને તેના પ્રયત્નો ને તેને જે હિત સાધવાનાં હોય તે એની વચ્ચે હમેશાં આપલે થઈ છે.

યુરોપમાં સુધારાની પ્રગતિ વધારે વિશાળ ને સંપૂર્ણ થઈ છે. સમાજનાં જુદાં જુદાં તત્ત્વો—ધાર્મિક ને રાજકીય બાબતો. નૃપસત્તાક રાજ્યપદ્ધતિ, ઉચ્ચવર્ગસત્તાક રાજ્યપદ્ધતિ, ને પ્રજાસત્તાક રાજ્યપદ્ધતિ સાથે સાથે નહિ પણ એકની પછી બીજી એ પ્રમાણે વિકાસ પામી છે. દરેક સિદ્ધાન્ત, દરેક તત્ત્વને વારાફરતી આગળ પડતો ભાગ મળ્યો છે.

ફ્રાન્સનો ને ઇંગ્લંડનો મધ્યકાલીન યુગ સરખાવો, એ બેનો અગીઆર, બાર, ને તેરમા સૈકાનો ઇતિહાસ સરખાવો. તમને જણાશે કે આ સમયે ફ્રાન્સમાં ફ્યૂડલ પદ્ધતિ સૌથી વધારે બળવાળી હતી ને નૃપસત્તાક રાજ્યપદ્ધતિ અને પ્રજાસત્તાક રાજ્યપદ્ધતિના સિદ્ધાન્ત જાણે લેખામાંજ નહોતા. ઇંગ્લંડ તરફ જુઓ; ત્યાં ફ્યૂડલ અમીરી વર્ગ બળવાન્ હતો ખરો, તોપણ તેનીજ સાથેજ નૃપસત્તા ને પ્રજાસત્તા પણ બળવાન્ ને અગત્યનાં હતાં.

જેમ ફ્રાન્સમાં ચૌદમા લુઇના વખતમાં તેમ ઇંગ્લંડમાં નૃપસત્તાક ઇલિઝાબેથના વખતમાં ફત્તેહવંત રીતે પ્રવર્તી. પણ તેને કેટલી બધી સાવચેતી લેવી પડતી હતી! એક વાર ઉચ્ચવર્ગના લોકો તરફથી તો બીજી વાર પ્રજાવર્ગ તરફથી એને કેટલા બધા અંકુશમાં રહેવું પડતું હતું! ઇંગ્લંડમાં પણ દરેક પદ્ધતિ ને દરેક સિદ્ધાન્તની સત્તા ને તેના વિજયનો દિવસ જુદો જુદો આવતો હતો, પણ યુરોપમાં જેટલો સંપૂર્ણ રીતે ને એકલો તેનોજ વિજયનો સમય જેમ આવતો તેમ કદાપિ નહિ; જેને વિજય મળતો તેને પોતાના પ્રતિસ્પર્ધીઓની હાજરી પણ સહેવી પડતી, ને તેને તેનો હિસ્સો પણ ભોગવવા દેવો પડતો હતો.

આ બે સુધારાઓની પ્રગતિમાં ફેરફારો જોવામાં આવે છે તેની સાથે તે બે દેશના ઇતિહાસમાં પણ લાભ ને ગેરલાભ પરિણામતા જોવામાં આવે છે. દાખલા તરીકે, એમાં શક નથી કે સમાજનાં જુદાં જુદાં તત્ત્વો સાથે સાથે ઉન્નત થયાં તેને લીધે ઇંગ્લંડ સમાજના સુધારાનો અન્તિમ ઉદ્દેશ યુરોપ કરતાં વધારે જલદીથી પ્રાપ્ત કરી શક્યું; એ ઉદ્દેશ એકદમ

નિયમિત ને સ્વતંત્ર રાજ્યશાસનપદ્ધતિના સ્થાપનનો હતો. રાજ્યશાસનનું લક્ષણજ એ છે કે બધાં જુદાં જુદાં હિતો ને બળોની એકસરખી દરકાર રાખવી, તેને અવિરોધી બનાવવાં, ને તે સાથે સાથે રહી વૃદ્ધિ પામી શકે તેમ અનુકૂલતા કરી આપવી. હવે અનેક કારણો એકઠાં થવાને પરિણામે ઇંગ્લંડના સમાજનાં જુદાં જુદાં તત્ત્વોનાં વલણ ને સંબંધ મૂળથીજ એવા પ્રકારનાં હતાં; તેથી રાજ્યશાસન સામાન્ય સ્વરૂપનું ને કંઈક નિયમિત થવાને ત્યાં ઓછી મુશીબત નડે તેમ હતું. તેમજ, સ્વતંત્રતાનું તત્ત્વ બધાં ભિન્ન ભિન્ન હિતો, હકો, બળો, ને સામાજિક તત્ત્વો સાથે સાથે પ્રાદુર્ભૂત થાય ને રહી શકે તેમાંજ સમાયલું છે. મોટે ભાગે બીજાં રાજ્યોના કરતાં ઇંગ્લંડને આ પ્રાપ્ત કરવાનું વધારે સહેલું હતું. તેજ કારણોને લીધે પ્રજાકીય સુશીલતા ને પ્રજાકીય બાબતો બરાબર સમજવી તે બે અવશ્યે કરીને બીજાં સ્થળ કરતાં ત્યાંજ વધારે જલદીથી પ્રાપ્ત થઈ. રાજકીય પહોંચ એટલે બધી બાબતો વિષે પ્રમાણ ને વિવેકબુદ્ધિ કેમ વાપરવી તેનું જ્ઞાન; અને ઇંગ્લંડમાં આ પહોંચ સામાજિક સ્થિતિનું આવશ્યક પરિણામ, ત્યાંના સુધારાના ઇતિહાસનું સ્વાભાવિક પરિણામ હતું.

બીજી તરફથી બાકીના યુરોપખંડમાં દરેક પદ્ધતિ, દરેક નિયમ સંપૂર્ણ રીતે એકલોજ, થોડો સમય પણ અગત્ય ધરાવતો હોવાથી, એનો વિકાસ વધારે વિશાળ ને મોટા સ્વરૂપમાંજ થયો હતો, ને તેનો દબદબો, ને ઝમક વધારે હતાં. દાખલા તરીકે, ત્યાં આગળ નૃપસત્તા ને ફ્યૂડલ અમીરોની સત્તા વધારે હિંમતવાળી, વિશાળ, ને સ્વતંત્ર હતી. પણ આ પરથી એમ થી અનુમાન થતું કે સુધારાની દિશા ને તેનું સ્વરૂપ બન્ને સ્થળે એકસરખાં નથી.

સત્તરમા સૈકાના યુરોપના ઇતિહાસનું અવલોકન કરતાં એટલું જોવાયા વિના રહેતું નથી કે યુરોપના સુધારામાં ફ્રાન્સ અગ્ર પદ ભોગવે છે. આ બાબત તરફ, તેના કારણ સાથે મેં શરૂઆતમાં ધ્યાન ખેંચ્યું હતું. આગળ

લાગી હશે તેના કરતાં પણ હવે એ આપણને વધારે ધ્યાન ખેંચે એવી લાગશે.

કેવલ નૃપસત્તા, અનિયન્ત્રિત નૃપસત્તાની પદ્ધતિ ચૌદમા લુઈના હાથ નીચે ફ્રાન્સમાં વિકાસ પામતા પહેલાં તે પાંચમા ચાર્લ્સ ને બીજા ફિલિપના હાથ નીચે સ્પેનમાં વિકાસ પામી હતી. તેજ પ્રમાણે સ્વતંત્ર વિચારની પદ્ધતિ અઢારમા સૈકામાં ફ્રાન્સમાં દાખલ થતા પહેલાં સત્તરમા સૈકામાં ઇંગ્લંડમાં દાખલ થઈ હતી. તેમ છતાં દુનિયા પર એ બે પદ્ધતિએ રાજ્ય ચલાવ્યું તે સ્પેન ને ઇંગ્લંડમાંથી નહોતું, ત્યાં તો તે બે પદ્ધતિઓ દેશમાંજ ભરાઈ રહી હતી. એના રાજ્યનો કે એની સત્તાનો વિસ્તાર વધે તે માટે એ બન્ને ફ્રાન્સમાં દાખલ થઈ. ત્યાંથી બીજા દેશો પર તે અસર કરે એ આવશ્યક હતું; અનિયન્ત્રિત નૃપસત્તા ને સ્વતંત્ર વિચાર આખા યુરોપમાં પ્રવર્તે ત્યાર પહેલાં તે ફ્રાન્સમાં પ્રવર્તે તે આવશ્યક હતું. ફ્રાન્સની બાબતોનું આવું ચેપી સ્વરૂપ અગાઉ કરતાં આ સમયે સૌથી વધારે સ્પષ્ટ રીતે માલૂમ પડતું હતું.

સત્તર ને અઢારમા સૈકામાં યુરોપ પર કરેલી ફ્રાન્સની અસર જુદા જુદા સ્વરૂપમાં જોવામાં આવે છે. સત્તરમા સૈકામાં યુરોપ પર ફ્રાન્સની રાજ્યશાસનપદ્ધતિની અસર થઈ હતી, ને સામાન્ય સુધારા પર પણ એની આગળ પડતી અસર કરી હતી. અઢારમા સૈકામાં ફ્રાન્સ દેશજ, ફ્રાન્સની સામાજિક સ્થિતિજ અગત્યની અસર કરતી હતી. પહેલી બાબતમાં ચૌદમો લુઈ ને એની કચેરી, ને પાછળથી ફ્રાન્સ ને ત્યાંનો લોકમત લોકો પર રાજ્ય કરતાં હતાં ને તેમનું ધ્યાન ખેંચતાં હતાં.

આ પ્રકારની અસર બરાબર સમજવાને માટે પહેલાં સત્તરમા સૈકાની ફ્રાન્સની રાજ્યશાસનપદ્ધતિ, ને પછી અઢારમા સૈકાની ત્યાંની સામાજિક સ્થિતિનો બરાબર અભ્યાસ કરવો જોઈએ.

ચૌદમા લુઈના રાજ્ય વિષે આપણે વિચાર કરીએ છીએ, ને યુરોપમાં એની સત્તા ને અસરનો ખ્યાલ આણી તેનાં કારણો શોધીએ છીએ તો

એની ખ્યાતિ, એના વિજયો, એની મોટાઈ, ને એના સમયના સાહિત્યના ગૌરવ સિવાય બીજા કશાનો ભાગ્યેજ આપણને વિચાર આવે છે. ફ્રાન્સના રાજ્યનો આખા યુરોપમાં અગત્યનો ભાગ હતો તેનાં માત્ર બાહ્યજ કારણો આપણે શોધીએ છીએ, પણ મારા ધારવા પ્રમાણે ખરૂં કારણ વધારે ઉંડું ને ગંભીર હતું. લુઇને એના રાજ્યના માત્ર બહારના સ્વરૂપથીજ એ સમયમાં તેણે એટલો બધો ભાગ લીધો એમ આપણે માનવું ન જોઇએ.

કાર્ડિનલ રિશેલ્યુના રાજ્ય પછી ને ચૌદમા લુઇની બાલ્યાવસ્થામાં કેવી સ્થિતિ થઈ ગઈ હતી તેનું ચિત્ર તમારા મગજ આગળ ખડું કરો. સ્પેનનાં લશ્કરો હમેશ સરહદ પર, ને કેટલીક વાર તો આપણા દેશમાં પણ જોવામાં આવતાં હતાં. હુમલાનો હમેશાં ભય રહેતો હતો. દેશની અંદર પણ ફાટફુટ હદ ઉપરાંત ને કલહ ને યુદ્ધ હતાં. રાજ્યની સત્તા બાહ્ય તેમજ આન્તર વ્યવસ્થા આણવાને અસમર્થ હતી. ચૌદમા લુઇએ ફ્રાન્સને આ સ્થિતિમાંથી ઉગાર્યું હતું. એણે જે શરૂઆતમાં યુદ્ધક્ષેત્ર પર વિજયો પ્રાપ્ત કર્યા હતા તેને પરિણામે પ્રજાનું માન ને ગૌરવ વધ્યાં હતાં. એના રાજ્યની મુખ્ય બાબતો વિષે હું તરતજ વિવેચન કરવા માગું છું—લડાઇઓ, બહારના સમ્બન્ધો, આન્તર વ્યવસ્થા, કાયદા, તે પરથી જે સરખામણી વિષે હું કહું છું તે નજીવી નથી એમ તમે કળી શકશો.

પ્રથમ આપણે ચૌદમા લુઈનાં યુદ્ધો વિષે બોલીએ. યુરોપની લડાઈઓનું મૂળ, પ્રજાકીય ચેતન હતું. તેરમા સૈકામાં ધર્મયુદ્ધો થઈ ગયાં ત્યાંસુધી આ પ્રકારનાં યુદ્ધો લડાતાં હતાં. પણ લુઇને વખતે યુદ્ધો લડાતાં હતાં તે હાલનાં આપણાં યુદ્ધોથી ભાગ્યેજ જુદાંજ પડતાં હતાં. એ યુદ્ધો લોકોના હિત ખાતર લડાતાં નહોતાં પણ રાજ્યો પોતાની સત્તા વધારવા લડતાં હતાં. પંદર ને કેટલાક ભાગના સોળમા સૈકાનાં ઘણાંખરાં બધાંજ યુદ્ધો આ પ્રકારનાં હતાં. પણ ચૌદમા લુઇનાં યુદ્ધો આ પ્રકારનાં નહોતાં. એ બધાં કંઈક રાજકીય વિચારોને ખાતર લડાયાં હતાં. તેમાં ન્યાય હોય કે ન હોય, તેથી ફ્રાન્સને ઘણું વેઠવું પડયું હોય, તેમની નીતિ ને હદ પાર વિના તે

લડાતાં તે વિરુદ્ધ હજાર કારણો અપાય, પણ તેમ છતાં અગાઉ જે લડાઈઓ લડાતી તેના કરતાં તેમાં ઘણી વધારે વાસ્તવિકતા જોવામાં આવતી હતી. ધૂન કે માત્ર જીતના હેતુથી તે લડાઈઓ લડાઈ નહોતી, કંઈક ગંભીર હેતુ તેમાં સમાયલો હતો; ક્યાં તો કંઈક સ્વાભાવિક મુલકી હદ પોતાના મુલક સાથે જોડી દેવાના હેતુથી તે લડાતી, કે એકજ ભાષા બોલનારી પ્રજાને એક તાબામાં આણવાને લડાતી, કે પાસેના રાજ્યવિરુદ્ધ પોતાના દેશના બચાવ માટે જોઈએ એવો મુલકનો ભાગ લેવા ખાતર લડાતી હતી. આમ ચૌદમા લુઇની લડાઈઓમાં કંઈક રાજકીય હેતુ સમાયલો માલૂમ પડે છે.

લડાઈઓ મૂકી બીજાં રાજ્યો સાથેના સંબંધની એની રાજ્યનીતિ તપાસીશું તોએ આપણને એમજ માલૂમ પડશે. એક તરફથી ચૌદમો લુઇ નૃપસત્તા સર્વત્ર સ્વતંત્ર કરવા માગતો તે, ને બીજી તરફથી પ્રજા-સ્વાતંત્ર્યના સિદ્ધાન્તને ત્રીજો વિલ્યમ ટેકો આપાતો તે બે વચ્ચે યુદ્ધ ચાલતું હતું તે વિષે હું અગાઉ બોલી ગયો છું. આ બે જણના વાવટા નીચે જુદાં જુદાં રાજ્યોની સત્તાઓ વહેંચાઈ ગઈ હતી તે તમે જોયું છે. પણ આપણે અત્યારે જેમ સમજી શકીએ છીએ તેમ આ હકીકતો તે વખતે સમજાઇ નહોતી. જેઓ તે પ્રવૃત્તિમાં રોકાયા હતા તેનાથી તે છૂપી ને તેમને અજ્ઞાત હતી. હૉલન્ડના રાજ્ય, ને તેના મિત્રો ચાદમા લુઈની વિરુદ્ધ લડતા હતા તેનું ગુપ્ત પરિણામ સ્વતંત્ર નૃપસત્તા હાંકી કઢાવી તેને બદલે રાજકીય ને ધાર્મિક સ્વાતંત્ર્યને સ્થાપિત કરવાનુ હતું. પણ ખુલ્લી રીતે સવાલ આમ અનિયન્ત્રિત સત્તા ને સ્વતંત્રતા વચ્ચોનો વ્યક્ત થયો નહોતો. ઘણી વાર એમ કહેવામાં આવ્યું છે કે અનિયન્ત્રિત સત્તાનો પ્રસાર કરવો એ ચૌદમા લુઇની બીજાં રાજ્યોની સાથેની રાજ્ય-નીતિનો હેતુ હતો; પણ તે હું માનતો નથી. એની રાજ્યનીતિમાં આ બાબતે અગત્યનો ભાગ લીધો નથી, માત્ર એના અન્તના સમયમાં તેમ હતું. ચૌદમા લુઇનો ઉદ્દેશ ફ્રાન્સની સત્તા વધારવી, યુરોપમાં ફ્રાન્સનું અગત્ય વધારવું પ્રતિસ્પર્ધી સત્તાઓને હલકી પાડવી, ને ટુંકામાં કહીએ

તો રાજ્યનુંજ હિત ને બળ વધારવું એ હતો. ઈંગ્લંડમાં નૃપસત્તા વધે નહિ તેની વિરુદ્ધ લડત કરવી એ લુઇનો ઈંગ્લંડના સમ્બન્ધમાં હેતુ હતો. પ્રજાસત્તક રાજ્ય પદ્ધતિવાળા પક્ષને એ જાગ્રત્ કરતો હતો, ને બીજો ચાર્લ્સ પોતાના રાજ્યમા બહુ બળવાન્ થઈ જાય તે એ અટકાવતો હતો. જ્યાં જ્યાં ચાર્લ્સની સત્તા જીતતી જણાતી ને પ્રજાબળ નબળું પડતું ને ચગદાતું જણાતું, ત્યાં ત્યાં ફ્રાન્સનો એલચી પ્રજાબળની મદદે જતો ને અનિયન્ત્રિત નૃપસત્તાની વિરુદ્ધ લડતો. ચૌદમા લુઇની બીજાં રાજ્યો સમ્બન્ધી રાજનીતિમાં તમને આ વાત વધારે ધ્યાન ખેંચતી માલૂમ પડશે.

હવે ચૌદમા લુઇની રાજ્યવ્યવસ્થા તપાસીએ. એનાં રાજ્યના બળ ને ઝમકનાં ત્યાં જુદાંજ કારણો આપણી નજરે પડશે. રાજ્યવ્યવસ્થા શબ્દનો અર્થ આપણે શું સમજવો તે નક્કી કરવું અઘરૂં છે. ટુંકામાં રાજ્યની મુખ્ય સત્તા જે જે સત્તા વાપરી પોતાની સત્તા પ્રમાણે રાજ્યનું બધું કામ ચલાવી શકે તે બધું રાજ્યવ્યવસ્થામાં સમાય છે. જે વખતે સમાજનાં તત્ત્વો છિન્નભિન્ન થઈ ગયાં હોય ને તેને એકત્ર કરવાની આવશ્યકતા હોય તે વખતે તે બધાં રાજ્યે એકત્ર કરવાં એ તેનો ધર્મ છે, ને રાજ્યવ્યવસ્થાનો ઉદ્દેશ પણ તેને માટે યોગ્ય પગલાં ભરવાં તે છે. ચૌદમા લુઇની રાજ્યવ્યવસ્થાનો વસ્તુતઃ ઉદ્દેશ આ પ્રકારનો હતો. અત્યારસુધી જેમ યુરોપના બાકીના ભાગમાં ફ્રાન્સમાં પણ સમાજના બધા ભાગોમાં રાજ્યની મુખ્ય સત્તાનું બળ બરાબર દાખલ કરાવવું એનાથી વધારે અઘરૂં કે વિકટ કામ બીજું કશું નહોતું. લુઇએ આ કાર્ય માટે મહેનત કરી હતી, ને એને કેટલેક દરજ્જે ફત્તેહ મળી. બારીક હકીકતોમાં હું ઊતરી શકતો નથી. પણ તમે લુઇની પ્રજાસેવા કરો, રસ્તાઓ, વ્યાપારઉદ્યોગ, લશ્કરી વ્યવસ્થા, ને રાજ્યવ્યવસ્થાની જુદી જુદી બધી બાબતોનો મનમાં જરા ખ્યાલ કરો, ને તેમાં એક પણ વાત એવી ભાગ્યે નીકળશે કે જેની ઉત્પત્તિ, વૃદ્ધિ, કે સુધારો લુઇના વખતમાં નહિ થયો હોય.

કાયદા તપાસશો તોએ આ રાજ્ય વિષે તમને એવોજ દેખાવ પાક્કો

નજરે પડશે. એણે જે જે મોટી આજ્ઞાપત્રિકાઓ કાઢી હતી, એણે કાઢેલો ગુન્હાઓ સંબંધી નિયમસંગ્રહ, દીવાની કામો ચલાવવાની પદ્ધતિનો નિયમ સંગ્રહ, વ્યાપાર, નૌકા, દરિયા, ને જંગલસંબંધી બાબતોના કાયદાઓ એ ખરા કાયદાઓ છે, ને જેવી રીતે આપણા નિયમસંગ્રહો ને કાયદાઓ તૈયાર કરવામાં આવે છે તેવીજ રીતે એ પણ તૈયાર કરવામાં આવ્યા હતા. એ કાયદાઓ કેવા હતા તે બાબત આપણે વિચારીશું તો લુઇના રાજ્યની વિરુદ્ધ આપણને ઘણું કહેવું પડશે, કારણ કે તેમાં જોઈએ તેટલી અનીતિ માલૂમ પડે છે, ન્યાય ને સ્વતત્રતાને ખાતર તે કરવામાં આવ્યા નહોતા પણ માત્ર નિયમ ને દૃઢ કાયદાઓ સ્થાપવા ખાતરજ હતા. પણ તે પણ સુધારાનું એક મોટું આગળ પગલું હતું, અને આપણને જરાએ શક રહે તેમ નથી કે ચૌદમા લુઇના કાયદાઓએ ફ્રાન્સના સમાજને સુધારામાં ઉન્નત કરવા ઘણી સહાયતા આપી હતી.

ગમે તે દૃષ્ટિથી આ રાજ્યને આપણે જોઈએ છીએ, તોએ એની સત્તા ને એણે કરેલી અસરનું કારણ આપણને તરત જડે છે. ચૌદમા ઇનું રાજ્ય દેશની આન્તર વ્યવસ્થા તરફ લક્ષ આપનાર રાજ્ય તરીકે પહેલુંજ હતું. ચોક્કસ પદ્ધતિ પ્રમાણે ને સુધારાના પાયા પર એની શાસનપદ્ધતિ સ્થાપિત હતી. ભવિષ્યમાં સુધારો થશે એમ ગણી તરત સુધારો કરવામાં લુઇ જરાએ ડરતો કે સંકોચાતો નહોતો. ખરૂં જોતાં નવું નવું અજમાવનારાં રાજ્યો ઘણાંજ ઓછાં થયાં છે. દરેક દિશામાં નવા નવા સુધારાઓ દાખલ કરવામાં લુઇ રોકાયો હતો, ને એના રાજ્યમાં સાહિત્ય, કળા, દ્રવ્ય, ને ટુંકામાં સુધારાની વૃદ્ધિને અનુકૂળતા હતી. એ રાજ્ય આખા યુરોપમાં આગળ પડતો ભાગ છે તેનું કારણ આજ હતું. અને એ આગળ પડતો ભાગ એવો હતો કે આખા સત્તરમા સૈકામાં એ રાજ્ય એક નમુનારૂપ રાજ્ય ગણાતું હતું. તે પણ માત્ર રાજાઓનાજ દૃષ્ટિબિન્દુથી નહિ પણ પ્રજાઓની દૃષ્ટિથી પણ ખરૂં.

હવે આપણે તપાસીશું—ને તેમ કર્યા વિના આપણને ચાલે તેમ

નથી-કે જે સત્તા આવી પ્રબળ હતી તેની આટલી બધી જલદીથી પડતી કેમ થઈ? યુરોપમાં આવો ભાગ ભજાયા પછી, પછીના સૈકામાં એમાં વિરોધ, નિર્બળતા, ને શિથિલતાના અંશ કેમ આવ્યા? એ હકીકત તો બધાને કબૂલ કરવીજ પડે તેવી છે. સત્તરમા સૈકામાં ફ્રાન્સનું રાજ્ય યુરોપના સુધારાને ટોચે હતું; અઢારમામાં એ અદૃશ્ય થયું, અને હવેથી ફ્રાન્સના રાજ્યથી જુદો પડેલો માત્ર ફ્રાન્સનો સમાજ યુરોપના સુધારાની પ્રગતિમાં અગ્ર સ્થળ પર રહ્યો હતો.

અનિયન્ત્રિત સત્તાની ઘણીજ અનિષ્ટતા ને તેનું અનિવાર્ય પરિણામ આજ છે. ચૌદમા લુઇની રાજ્યપદ્ધતિના દોષોની વિગતોમાં હું ઊતરવાનો નથી એના રાજ્યથી થએલો ફાયદો મેં તમને દર્શાવ્યો છે તે હું ગણતરીમાં લઈશ. પણ આ રાજ્યમાં અનિયન્ત્રિત સત્તાના સિદ્ધાન્ત સિવાય બીજો એકકે સિદ્ધાન્ત હતોજ નહિ, ને બીજા કશા પર તેનો આધાર પણ હતોજ નહિ, એટલીજ હકીકતને લીધે એની પડતી વધારે જલદીથી ને થવી જોઈએ તેટલાજ માટે થઈ. ફ્રાન્સની પ્રાચીન સંસ્થાઓ બધી ક્યારનીએ નષ્ટ થઈ ગયા જેવી હતી, ને લુઇએ તેમને પૂરેપૂરી નાશ પમાડી દીધી. નવી સંસ્થાઓ તેમને બદલે સ્થાપવાની એણે દરકાર ન રાખી; તેમ કરવામાં એને અડચણ નડત ને અડચણ એને જોઈતી નહોતી. જે ઘણું ધ્યાન ખેંચે એવું તે વખતે બધું જણાતું હતું તે માત્ર સ્વેચ્છા—એની સ્વેચ્છા હતી, ને એકહથ્થી સત્તા જે જે કામ કરી શકતી હતી તે હતું. ચૌદમા લુઇનું રાજ્ય એક મોટો બનાવ હતો, ઘણો બળવાન્ ને આકર્ષક, પણ તેનાં બી, તેનો પાયો બીલકુલ હતોજ નહિ. સ્વતંત્ર સંસ્થાઓ રાજ્યની કુશળતા સાથે તેના ટકાવને પણ સાધનરૂપ હોય છે. જ્યારે અનિયન્ત્રિત સત્તા ટકી શકી છે, ત્યારે તે દેશની ખરી સંસ્થાઓને બળેજ ટકી શકી છે. લુઇના રાજ્યમાં તે નહોતી. ફ્રાન્સમાં આ સમયે રાજ્યનાં અયોગ્ય પગલાં વિરુદ્ધ દેશને, કે સમયની અનિવાર્ય સત્તા વિરુદ્ધ રાજ્યને બચાવે એવું કશું સાધન નહોતું. આમ લુઇનું રાજ્ય પોતાનોજ અન્ત આણતું આપણે જોઈએ છીએ.

ફ્રાન્સ દેશ ને રાજ્યસત્તાની સ્થિતિ લુઇના રાજ્યને અન્તે આ પ્રકારની હતી; દરેક જાતની પ્રવૃત્તિવાળો સંપત્તિમાં વધતો સમાજ ને તેની સાથે સ્થિર ને અક્કડ થઈ ગએલું–લોકોની પ્રવૃત્તિઓને બંધબેસતું ન થઈ શકે એવું રાજ્ય.

અઢારમા સૈકામાં મુખ્ય બાબત સ્વતંત્ર વિચારની હતી, તે મારે ભાગ્યેજ કહેવાની આવશ્યકતા છે. તે વિષે મારી તરફથી તમે આગળ સાંભળ્યુંજ છે. કેટલીક બાબતો વિષે બહુ ઓછું વિવેચન કરવામાં આવ્યું છે તે વિષે બોલ્યા વિના મારે કહેવાનું હું સમાપ્ત નહિ કરૂં.

પહેલી બાબત એ છે કે અઢારમા સૈકાના સુધારાના ઇતિહાસમાં રાજ્યો વિષે આપણે લગભગ નહિ જેવું સાંભળીએ છીએ, ને મનુષ્યના વિચારસ્વાતંત્ર્ય વિષે આપણે મુખ્યત્વે કરીને સાંભળીએ છીએ. ચૌદમા લુઇનું રાજ્ય ઘણું ઉત્સાહી હતું છતાં બીજી રીતે જોતાં રાજ્યનું શાસન એના વ્યક્તિત્વનો ઉત્સાહ બાતલ કરતાં તદ્દન નિર્માલ્ય જેવું હતું. પ્રવૃત્તિ માત્ર પ્રજાવર્ગમાં જઈને વસી હતી. નૈતિક દૃષ્ટિથી પ્રજાજ સત્તા ધરાવનાર હતી, ને નૈતિક સત્તા તેજ ખરી સત્તા છે.

બીજી બાબત અઢારમા સૈકા વિષે મારૂં લક્ષ ખેંચે છે તે સ્વતંત્ર વિચાર તરફ સર્વત્ર વલણ જોવામાં આવે છે તે છે. સત્તરમાં સૈકામાં સ્વતંત્ર વિચાર સંકુચિત ને નાના ક્ષેત્રમાં પ્રવર્તતા હતા; કેટલીક વાર તે ધાર્મિક વિષયોને વિષે થતા હતા, તો કેટલીક વાર ધાર્મિક ને રાજકીય વિષયોને વિષે સામટા થતા હતા, પણ બધાજ વિષયોમાં તેની સત્તા ઘુસી નહોતી. પણ અઢારમા સૈકામાં સ્વતંત્ર વિચારનું લક્ષણ તેની સાર્વત્રિકતા, કે સર્વદેશીયતા હતું; ધર્મ રાજકીય બાબતો, તત્ત્વજ્ઞાન, મનુષ્ય ને સમાજ, નૈતિક ને લૌકિક બાબતો એ બધીજ બાબતો અભ્યાસ, શંકા, ને નિયમ કે પદ્ધતિની બાબતો કે તેના વિષયો તરીકે ગણાતી હતી. પ્રાચીન વિજ્ઞાન અસ્વીકાર્ય થયું હતું, નવું વિજ્ઞાન અસ્તિત્વમાં આણવામાં આવ્યું હતું.

આ પ્રકારની પ્રવૃત્તિનું એક ખાસ સ્વરૂપ હતું, ને તે કદાચ દુનિયાના

ઇતિહાસમાં પણ અન્ય સ્થળે જોવામાં આવે તેવું નથી; એ પ્રવૃત્તિ તદ્દન બુદ્ધિની પ્રવૃત્તિ કે વિચારની પ્રવૃત્તિ હતી. તે સમય સુધીના માનુષી પરિવર્તનોમાં વિચાર સાથે આચાર કે કર્મ પણ સેળભેળ થતાં હતાં પણ અઢારમા સૈકામાં ફ્રાન્સની પ્રવૃત્તિ તદ્દન જુદાજ પ્રકારની હતી. એ સમયના આગેવાનો વ્યાવહારિક જીવનની બાબતોથી તદ્દન અળગાજ રહેતા—તેઓ માત્ર પ્રેક્ષક તરીકે અવલોકન કરતા, અનુમાન કરતા, ને ઠીક લાગે તે બોલતા હતા, આચારમાં તે પ્રમાણે કરી બતાવતા નહોતા. પણ વિચારો આચારમાં મૂકવાનો, દિવસ આવવોજ જોઈએ, અને જેમ એ બે અત્યારસુધી ભિન્ન હતાં તેમ તેમનો સંયોગ પણ વધારે વિકટ થવોજ જોઈએ, ને તેથી જે પ્રજાજીવનને ધક્કો લાગે તે પણ વધારે ભયંકર લાગવોજ જોઈએ.

આ સમયના મનુષ્યના વિચારની નિર્ભયતાની સ્થિતિથી પણ આપણે હવે આશ્ચર્ય પામીએ તેમ નથી. એ સમય સુધી વિચારોની મોટામાં મોટી પ્રવૃત્તિને કંઈ કંઈ અંકુશો નડતા હતા. અઢારમા સૈકામા કોઈ પણ બાબતને મનુષ્યના મને આદરણીય ગણી હોય કે તેની તે પર સત્તા ચાલવા દીધી હોય એવું મને જડી શકતું નથી; બધી સામાજિક સ્થિતિને તે તિરસ્કારદૃષ્ટિથી જોતું હતું. તેથી એવું અનુમાન એ થતું હતું કે બધીજ બાબતમાં સુધારો કરવો એ તેની ફરજ હતી, એ જાણે એક જાતની ઉત્પાદક શક્તિ ધરાવવાનો હક ધરાવતું હતું. સંસ્થાઓ, અભિપ્રાયો, સમાજ, ને માણસ સુદ્ધાં—એ બધાંમાં સુધારાની જરૂર જણાતી હતી, ને મનુષ્યની બુદ્ધિને તે કામ જાણે સુપરત કરવામાં આવ્યું હતું એવી તે સમયની સ્થિતિનું ખાસ સ્વરૂપ હતું. અગાઉ કદાપિ આના જેવી કંઈ ધૃષ્ટતા કલ્પવામાં આવી હતી!

અઢારમા સૈકાની દર્મિયાનમાં ચૌદમા લુઈના રાજ્યના જે અંશો હજી રહેવા પામ્યા હતા તેને આ પ્રકારની સત્તાની વિરુદ્ધ યુદ્ધ કરવાનું હતું. આ યુદ્ધનાં અસંખ્ય પરિણામો શાં આવ્યાં તે ગણાવવાનો હું દાવો નથી કરતો. આ વ્યાખ્યાનમાળા સમાપ્ત કરવાનો સમય હવે આવી પહોંચ્યો છે; ને મારે વિસ્તાર ન કરવો જોઈએ. આ બનાવથી જે એક ઘણીજ ગંભીર ને બોધદાયક બાબત આપણી નજરે પડી છે તે તરફ તમારૂં ધ્યાન ખેંચવાનીજ

હું ઇચ્છા રાખું છું. આ બાબત, અનિયન્ત્રિત સત્તાની ધાસ્તી, અનિષ્ટતા ને અનિવાર્ય ખરાબ પરિણામ છે, પછી તેનું સ્વરૂપ કે તેનું નામ ગમે તે હોય. તમે જોયું છે કે ચૌદમા લુઇનું રાજ્ય માત્ર આ કારણને લીધેજ નાશ પામ્યું. ઠીક; તેની પછી જે સત્તા પ્રબળ થઈ—વિચારસ્વાતંત્ર્ય, તેની પણ એજ દશા થઈ; એના વારામાં એણે પણ અનિયન્ત્રિત સત્તા હાથ ધરી, ને એણે પણ પોતાની સત્તામાં ઘણીજ શ્રદ્ધા રાખી. એની વૃદ્ધિ સુંદર, સારી, ઉપયોગી હતી, અને તે વિષે મારે ચોક્કસ કે નક્કી અભિપ્રાય આપવાની જરૂર હોય તો હું એમ કહીશ કે અઢારમો સૈકો ઇતિહાસમાં એક મોટામાં મોટો સૈકો થઈ ગયો છે, મનુષ્યહિતની એણે મોટામાં મોટી સેવાઓ બજાવી છે, ને મનુષ્યની ઉન્નતિને એણે ઘણીજ સામાન્ય ને લાભકારક મદદ કરી છે. પ્રજાકીય વ્યવસ્થાના દૃષ્ટિબિન્દુથી મારે કહેવાનું હોય તોએ હું એની તરફેણમાંજ કહીશ. પણ એટલુંએ ખરૂં છે કે મનુષ્યનું મન અનિયન્ત્રિત સત્તા ધારણ કરતું હોવાથી તેનાથી બગડયું ને ખોટે રસ્તે દોરવાયું; પ્રચલિત વિચારો ને જૂની બાબતો તરફ તે અયોગ્ય તિરસ્કારનું વર્તન રાખતું હતું. આ તિરસ્કારથી તે ભૂલ ને નિરંકુશતા તરફ દોરવાયું.

સતા, ભલે તે વિચારની હોય કે રાજ્યસબંધીની હોય, ભલે તે રાજ્યની હોય કે પ્રજાની હોય, ભલે તે એક હેતુ સાધવા મથે કે બીજો તોએ, સત્તામાત્રમાં કંઈક સ્વાભાવિક દોષ વસેલોજ હોય છે, ને તે ખોટી વપરાય એવો પણ તેમાં અંશ હોય છે તે જાણવું તે આપણા સમયની ખાસ ફરજ છે, ને આપણો સમય જાણે છે તે તેનું ખાસ ગૌરવ પણ છે. બધા હકો, બધાં હિતો, બધા અભિપ્રાયો સામાન્યતઃ સ્વતંત્ર હોય તોજ દરેકના જુદા બળની સ્વતંત્રતાને કાબુમાં રાખી શકે, ને સ્વતંત્ર વિચારનું અસ્તિત્વ લાભપ્રદ દિશામાં વળાવી શકે. અઢારમા સૈકામાં અનિયન્ત્રિત રાજ્યસત્તા ને અનિયન્ત્રિત ધાર્મિક કે વિચારસત્તા વચ્ચે જે યુદ્ધ થયું તેનો આજ મોટો બાધ છે.

હવે મેં તમને બતાવી હતી તે અન્તની મુદ્દત આગળ હું આવી પહોંચ્યો છું. તમને યાદ હશે કે આ વ્યાખ્યાનમાળા શરૂ કરવામાં મારો

ઉદ્દેશ રોમન મહારાજ્યની પડતીના વખતથી આપણા વખત સુધી યુરોપની ઉન્નતિનું ચિત્ર કેવું હતું ને તે કેમ વિકસિત થઈ તે દર્શાવવાનો હતો. આ કામ મેં ઘણું જલદીથી આટોપ્યું છે, ને જેટલું બધું અગત્યનું હતું તેથી તમને જાણીતા કરવા, ને જે જે મેં કહ્યું હોય તેના સાબીતી આપવા હું સમર્થ નીવડ્યો નથી. ઘણું મારે મૂકી દેવાની ફરજ પડી છે, ને ઘણી વાર મારા શબ્દ પર ભરોસો રાખવાની મારે તમને યાચના કરવી પડી છે. તેમ છતાં હું ધારૂં છું કે મેં મારો ઉદ્દેશ સાધ્યો છે. એ ઉદ્દેશ આધુનિક સમાજની ઉન્નતિના અણીના બનાવો બતાવી આપવાનો હતો. એક શબ્દ વધારે હજી મને કહેવા દો.

શરૂઆતમાં મેં સુધારો—કે ઉન્નતિ એ શબ્દનું લક્ષણ આપવા ને આ નામવાળા બનાવનું વર્ણન આપવા પ્રયત્ન કર્યો હતો. સુધારો મને બે તત્ત્વોનો બનેલો લાગ્યો હતો: મનુષ્યસમાજની ઉન્નતિ, ને મનુષ્યની અથવા મનુષ્યના વિચારોની ઉન્નતિ: એક તરફ રાજકીય ને સામાજિક ઉન્નતિ, બીજી તરફ આન્તર ને નૈતિક ઉન્નતિ. હજી સુધી સામાજિક ઇતિહાસનેજ હું વળગી રહ્યો છું. સુધારો માત્ર સામાજિક દૃષ્ટિથીજ મેં આલેખ્યો છે, ને મનુષ્યની નીતિ—એના વિચારો—એની પોતાની ઉન્નતિ વિષે હું કંઈજ બોલ્યો નથી. વિચારોના ભેદને મનુષ્યની નીતિની ઉન્નતિના ઇતિહાસ વિષે બોલવા મેં પ્રયત્નજ કર્યો નથી. ફરીથી આપણે મળીશું ત્યારે ફ્રાન્સનેજ વળગી રહી તમારી સાથે ફ્રાન્સની ઉન્નતિના ઇતિહાસનોજ અભ્યાસ કરવા, તેની વીગતો તપાસવા, ને તેનું જુદાં જુદાં દૃષ્ટિબિન્દુથી પરીક્ષણ કરવાનું હું કામ કરીશ. ફ્રાન્સના માત્ર સમાજનાજ નહિ પણ ત્યાંના લોકોના વિચાર ને તેમની નીતિના ઇતિહાસથી હું તમને જાણીતા કરીશ, આપણી સંસ્થાઓ, આપણા મતભેદો, ને આપણાં બધી જાતનાં બુદ્ધિનાં કામોનું હું તમારી સાથે નિરીક્ષણ કરીશ, ને આપણા કીર્તિમંત દેશની ઉન્નતિની સંપૂર્ણ સમજુતી આપીશ. ભૂતમાં તેમજ ભવિષ્યમાં આપણો દેશ આપણી સારામાં સારી પ્રેમની લાગણીઓ ખેંચી શકવા યોગ્ય રહે.

# ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ પ્રસિદ્ધ કરેલાં

# ઐતિહાસિક ગ્રંથો.

## ઇતિહાસનાં પુસ્તકો.

| | |
|---|---|
| ૧ ઇમ્પિરિયલ ગેઝીટીઅર ઇંડિયા વો. ૪ થું. (છપાય છે.) | |
| ૨ **ઇંગ્લાંડની ઉન્નતિનો ઇતિહાસ** | ૨-૦-૦ |
| ૩ ગ્રીસ દેશનો ઇતિહાસ | ૦-૧૪-૦ |
| ૪ **ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ** | ૦-૧૨-૦ |
| ૫ **ગુજરાતનો અર્વાચીન ઇતિહાસ** | ૧-૦-૦ |
| ૬ **જગતનો અર્વાચીન ઇતિહાસ** | ૨-૦-૦ |
| ૭ **દક્ષિણનો પૂર્વ સમયનો ઇતિહાસ** | ૦-૧૦-૦ |
| ૮ **પ્રાચી ભારત** ભા. ૧ | ૦-૧૨-૦ |
| ૯ પ્રાચીન ભરતખંડનો મહિમા | ૦-૮-૦ |
| ૧૦ **ફ્રેન્ચ રેવોલ્યુશન** | ૦-૧૨-૦ |
| ૧૧ બ્રિટિશ રિયાસત | ૧-૮-૦ |
| ૧૨ **મરાઠી સત્તાનો ઉદય** | ૦-૧૦-૦ |
| ૧૩ **મુસલમાનોની ચઢતીનો ઇતિહાસ** | ૦-૨-૦ |
| ૧૪ મુસલમાની રિયાસત (છપાય છે) | |
| ૧૫ મિરાતે સિકંદરી | ( ,, ) |
| ૧૬ લંકાનો ઇતિહાસ | ૦-૩-૦ |
| ૧૭ વિક્રમાંકદેવ ચરિત્ર | ૦-૧૨-૦ |
| ૧૮ **રાસમાળા ભા. ૧-૨** (દરેકની) | ૨-૦-૦ |
| ૧૯ રૂશિયા | ૦-૬-૦ |
| ૨૦ **સુરત માંડવીનું દેસી રાજ્ય** | ૦-૮-૦ |
| ૨૧ **હિંદુસ્તાનમાં ઇંગ્રેજી રાજ્યનો ઉદય** | ૦-૬-૦ |
| ૨૨ હિન્દુસ્તાનમાં રાજ્ય વ્યવસ્થા | ૧-૪-૦ |

બીજાં પુસ્તકો માટે સોસાઇટીયે પ્રસિદ્ધ કરેલાં પુસ્તકોનું મોટું લીસ્ટ મંગાવો.